Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 6805/36

पञ्जिका संख्या......2683 ✓

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

268458

शुभदा

प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial ......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરદ્‌ચંદ્ર ચટ્ટોપાધ્યાય કૃત

શુભદા

(ભાગ ૧-૨ સાથેના લોકપ્રિય સરળ અનુવાદની સામાજીક આવૃત્તિ)

•

અનુવાદકો:

શાંતિલાલ શાહ
હીમાંશુ ચક્રવર્તી

•

[શરદ્‌બાબુની વાર્તા-કલા અને
અભ્યાસપૂર્ણ વસ્તુ-પરિચય સહિત]

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ અને પબ્લીશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ ૧૯૩૮

બીજી આવૃત્તિ ૧૯૪૬

કિંમત રૂા. ૨-૮-૦

पुस्तक सं० ....
आगत सं० ....
तिथि० ....
गुरुकुल ... कांगड़ी.

Printed by Venilal M. Bhagat at Sadbhakti Prakash Ptg. Press, Elphinstone Circle, Fort, Bombay. & Published by Nandlal Mohanlal Thakkar, N. M. Thakkar & Co., 140, Princess St. Bombay-2

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરદ્બાબુની વાર્તાકલા અને વસ્તુપરિચય

હવે તો ગુજરાત, બંગાળના સુપ્રસિદ્ધ વાર્તાલેખક શ્રી. શરદ્ચંદ્ર ચટોપાધ્યાયના નામથી સુપરિચિત થઇ ગયું છે. અત્યાર અગાઉ એમનાં અનેક પુસ્તકોના ગુજરાતી અનુવાદ જુદા જુદા પ્રકાશકો તરફથી પ્રગટ થઇ ચૂક્યા છે અને એ વખણાયા પણ છે. શરદ્બાબુની આટલી લોકપ્રિયતાનું કારણ શું એ પ્રશ્ન ઘણાના મનમાં રમી રહ્યો હોય એ સ્વાભાવિક છે.

શરદ્બાબુની વાર્તાકલા અનન્ય અને અજોડ છે-- એ માટે હવે બે મત છે જ નહિ. બંગાળમાં આજે એમનું સ્થાન કવિવર્ય શ્રી. રવિન્દ્રનાથ ટાગોરથી બીજું આવે છે. કેટલાક વિવેચકો તો શ્રી. ટાગોરના કરતાં પણ એમનું પાત્રવિધાન ઉચ્ચ કોટીનું ગણી એમને પ્રથમ પંક્તિના નવલકથાકાર ગણે છે. રવિન્દ્રનાથ ટાગોર જેવા જગવિખ્યાત વાર્તાલેખક પણ એમનાં પાત્રોની સજાવટ અને વસ્તુવિધાનથી આશ્ચર્ય પામી એમની પ્રશંસા કરે છે. સામાજિક સમસ્યાઓ અને બીજા જટિલ પ્રશ્નો શરદ્બાબુની નવલકથાઓએ—વાર્તાઓએ જે પ્રકારે ઉકેલ્યા છે તે પ્રકારે બંગાળના જ નહિ પરંતુ સારાય હિન્દના કોઈ લેખકે ઉકેલ્યા નથી એ વાત તો દીવા જેવી સ્પષ્ટ છે.

શરદ્બાબુની આવી અપ્રતિમ સફળતા શાને આભારી છે? ઘણા વિવેચકો આ પ્રશ્નનો ઉત્તર જુદી જુદી રીતે આપશે. પરંતુ એ બધા પ્રશ્નો તારવવામાં આવે તો તેનો ઉત્તર એક જ જણાઇ આવશે: શરદ્બાબુની વાર્તા–નવલકથાની વસ્તુ સામાજિક અને ગૃહ-સંસારના પ્રશ્નો સ્પર્શતી હોય છે. આ ઉપરાન્ત એમની રચનામાં ભાઇ-બ્હેન, પતિ–પત્ની, દેરાણી–જેઠાણી કે પછી આવા જ પ્રકારનાં કૌટુમ્બિક પાત્રો એકબીજાં સાથે ઓતપ્રોત થઇ ગયેલાં જણાય છે. તેમની આ વાસ્તવિક વસ્તુરચના વાચકોનાં મન હરી લે છે. એમની વાર્તાનાં પાત્રો વાચકોને રોજનાં પરિચિત અને અનુભવાયલાં હોય એવાં લાગે છે. અને આજથી જ આબાલવૃદ્ધ–શિક્ષિત અશિક્ષિત વગેરે સૌને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની કૃતિઓમાં રસ અને આનંદ ઉત્પન્ન થાય છે. એમની લોકપ્રિયતાનું આ પણ એક સચોટ કારણ કહી શકાય.

, શરદ્‌બાબુનાં પાત્રોની સજાવટ અદ્‌ભુત અને સજીવ હોય છે. એમનું કલાવિધાન અનોખું અને ખુબીદાર હોય છે. સમાજના નીચલા થરમાંથી ઝીણામાં ઝીણી બાબતને સ્પર્શ કરી તેને ભવ્ય અને સજીવ સ્વરૂપ આપવામાં શરદ્‌બાબુ અજોડ છે. ખરું કહીએ તો એમની કલા આવી જીવન્ત વાસ્તવિકતામાં રાચનારી છે. એમનાં પાત્રો અનેક ગૃહોમાંથી, કુટુમ્બોમાંથી મળી આવ્યા વગર રહે એમ નથી. એમની ભાષા કે પાત્રમાં કશું જ કૃત્રિમ નહિ. ભાષા–ભાવના--વર્તન રોષ-સ્નેહ-દર્પ જીવનની તમામ સૂક્ષ્મ અને સ્થૂલ બાજુઓમાં કોઈ પાત્ર આછકલું,-અસ્વાભાવિક ને અમાનુષી નહિ જણાય.

ઘણાંને પ્રશ્ન ઉઠશે કે શરદ્‌બાબુની વાર્તાઓનું–નવલકથાઓનું વિશિષ્ટ લક્ષણ કયું ? આ પ્રશ્નનો જવાબ સહેજે આપી શકાય એવો છે. અને તે એ કે તેમનાં સ્ત્રીપાત્રો ખાસ પ્રભાવશાળી અને અત્યંત સૂક્ષ્મતાપૂર્વક ઘડાયેલાં હોય છે. એમની લગભગ એકે એક વાર્તા પહેલેથી છેલ્લે સુધી આપણું ધ્યાન કેન્દ્રિત કરતાં એક સ્ત્રીપાત્રની આસપાસ ગુંથાએલી હોય છે. આ સ્ત્રી આપણે નક્કી કરેલા ચોક્કસ નિયમોનાં બંધનો સ્વીકારતી સ્ત્રી નહિં પણ કોમળ હૃદયની, નિડર, આજ્ઞાંકિત, પ્રભાવશાળી અને કેટલીક વાર તો પ્રચલિત ધર્મથી ભિન્ન વિચારો ધરાવનારી અને દર્શાવનારી હોય છે. આમ છતાંય આ સ્ત્રી-પાત્રોમાં ઉચ્છૃંખલતા, અવિવેકીપણું કે પછી તોછડાઇ હોતી નથી. દત્તાની 'વિજયા' જુઓ, શેષપ્રશ્નની 'કમલ' જુઓ, બડી દીદીની 'માધવી' જુઓ, અનુરાધાની 'અનુરાધા' જુઓ, નિષ્કૃતિની 'સિદ્ધેશ્વરી' જુઓ, અને આ પુસ્તક શુભદાની 'શુભદા' જુઓ. શું આ એક-એક સ્ત્રીપાત્રની આસપાસ બીજાં પાત્રો ગુંથી લઇ એક-એક નવલ નથી રચાઇ ?

જીવનના અનુભવોએ અને સૂક્ષ્મ નિરીક્ષણશકિતઓએ શરદ્‌બાબુને માનવસ્વભાવ સાંગોપાંગ સમજતાં શીખવ્યું છે. માનવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવનું ઊંડું જ્ઞાન અને જટિલ સમસ્યાઓની પૂરી સમજ બીજાં લેખકોના કરતાં તેમનામાં વધુ હતી. પુરુષ કરતાં તેઓ સ્ત્રીપાત્રોને વધુ ન્યાય અને ઝમક આપતા હતા. તેઓ માનતા હતા કે સ્ત્રીમાં શીલ અને સંકલ્પશક્તિ વધુ તીવ્ર પ્રમાણમાં હોય છે. પુરુષને પણ એમણે ખોટા સ્વરૂપે ચિતર્યો નથી. તેનામાં રહેલી અક્કડતા, મિથ્યાભિમાનીપણું, સ્ત્રીઓને દાસત્વમાં રાખવાની ટેવ, તેમ જ બીજા એવા પ્રકારના પુરુષભાવોને તેમણે અસરકારક રીતે પોતાનાં પાત્રોમાં ગૂંથી લીધાં છે. જીવનના આ વિસ્મયકારક અને વિવિધ અનુભવો એમની પ્રત્યેક કૃતિઓમાંથી મળી આવ્યા વગર રહેશે નહિં. માનવજાતિ પ્રત્યેનો ઊંડો પ્રેમ અને લાગણી પણ તેમની રચનામાંથી મળી આવે છે. એમના આ પ્રેમે જાતિ કે વર્ગનો ભેદભાવ જાણ્યો કે ગણ્યો નથી. આ પ્રેમ એક સરિતા જેવો અખંડ અને વિશુદ્ધ વહેતા પ્રવાહ જેવો છે, કે જે ખાસ કરીને સમાજના ધૂત્કારેલા, દલિત અને નિઃસહાય સ્ત્રીપુરુષ માટેજ વહ્યા કર્યો છે.

શરદબાબુની વાર્તાઓમાં ભેદ, રહસ્યો, સનસનાટી પછી વાચકોને ટટળાવવાની યુક્તિ-પ્રયુક્તિઓ વાપરવામાં આવતી નથી. સીધી અને સાદી જ વસ્તુસંકલનામાં એઓ માને છે. અને આથી જ તેમની વાર્તાઓમાં ચમત્કાર કે પછી રહસ્યો ઘણાં જ ઓછાં હોય છે, બલ્કે એનો અભાવ પણ હોય છે. એમને મન પ્રસંગો અતિ મહત્ત્વના છે. એ પ્રસંગોને બુદ્ધિપૂર્વક યોજી તેઓ પોતાની વાર્તામાં અજબ પલટા આણી શકે છે.

હવે આપણે આ પુસ્તક **શુભદા**નો ટૂંક સાર તેમ જ વસ્તુસંકલના વિચારી જોઈએ.

હળીદપૂરમાં હારાણચંદ્ર મુખોપાધ્યાય કરીને એક ઉચ્ચ કુટુમ્બનો બંગાળી બ્રાહ્મણ રહેતો. સ્થિતિએ એ ગરીબ હતો. કુટુમ્બમાં એક સુશીલ, ઘરરખુ અને સહનશીલ પત્ની-શુભદા, બે પુત્રીઓ-એક લલના અને છલના, એક વિધવા બહેન રાસમણિ અને એ ન્હાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રો. એમાંનો એક તો સદા માંદો જ રહેતો હતો. આ કુટુમ્બ ઘણી જ ગરીબ અવસ્થામાં પોતાનો ગૃહસંસાર ચલાવી રહ્યું હતું. હારાણ એક જમીનદારને ત્યાં નોકરીએ હતો. રૂપિયા ૨૦ પગાર લાવતો. અને એ પગારમાં આ બધાનું ખર્ચ શી રીતે નભતું હતું તે તો ઘરની લક્ષ્મી જ જાણતી હતી. ખર્ચમાં ઘણી જ તંગી પડતી. ઘરની વહુ શુભદાને બબ્બે ત્રણ-ત્રણ અપવાસ પણ ખેંચી કાઢવા પડતા હતા. ગરીબ સ્થિતિથી લાચાર બની હારાણે જમીનદારની રોકડ રકમમાંથી થોડાક પૈસા પોતાના ઘરખર્ચ માટે વાપરવા માંડયા. પ્રથમ તો આ વાતનો ખ્યાલ જમીનદારને ન ગયો. પરન્તુ અંતે એની ચોરી પકડાઇ ગઇ અને એને જેલમાં લઈ જવામાં આવ્યો.

હારાણના આ કામની ખબર ઘરનું કોઇપણ જાણતું નહોતું, બે-ત્રણ દિવસ થયા છતાં જ્યારે હારાણ ઘેર પાછો ન ફર્યો ત્યારે શુભદાથી રહેવાયું નહિ. તેની આંખમાંથી આંસુ ગળવા લાગ્યાં અને તે પતિના અમંગળ માટે શંકાઓ કરવા લાગી. ઘણી વાર હારાણ એક-બે દિવસ સુધી ઘેર આવતો પણ નહિ. ગમે ત્યાં એ પડી રહેતો; પણ જ્યારે ત્રણ-ચાર દિવસ થઈ ગયા ત્યારે ઘરનાં બધાં એને માટે ચિન્તા કરવા લાગ્યાં.

હારાણ જેલમાં હતો એની ખબર કોઇને પણ નહોતી. જો એ ખબર ગામમાં પ્રસરી ગઈ હોત તો આ ગરીબ બ્રાહ્મણ કુટુમ્બની સખ્ત વગોવણી થઇ હોત અને એની ખાનાખરાબી થઈ જાત. માત્ર બિન્દુના પિતા ભવતારણ ગાંગુલી એ વાત જાણતા હતા. પરન્તુ એને અને હારાણને હાડોહાડ વેર હતું, છતાંય આ વાત તેમણે પણ કોઈનેય કહી નહોતી.

ગાંગુલીની પુત્રી બિન્દુ દયાળુ અને સ્નેહાળ હતી. શુભદાની એ બહેનપણી થતી હતી. લપાતી-છુપાતી એ શુભદાને ઘેર આવે છે. શા માટે? હારાણના સમાચાર કહેવા અને તેના છૂટકારાના પ્રયત્ન માટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિના જેલવાસના સમાચાર શુભદા બિન્દુના મુખેથી સાંભળી સડક જ બની જાય છે. એક સાચી આર્ય પત્ની પોતાના પતિનું જરાય અહિત ઇચ્છી શકતી નથી. પતિમાં જ સર્વસ્વ માનનારી શુભદા આ સમાચારથી અકળાઈ જાય છે અને એ બોલી ઉઠે છે-

"હવે શું થશે ?"

"શું થાય ? છોડાવ્યે જ છૂટકો."

"એમ કેમ બને ?"

"કેમ નહિ બને ? હજી તો કસ્ટડીમાં છે. સજા થાય જ એવું કંઈ નથી."

બસો-ત્રણસો રૂપીઆ લાવી પતિને કેવી રીતે મુક્ત કરવા તે ચિન્તામાં શુભદા ડૂબી જાય છે. એક રૂપીઆનો જ્યાં એને પ્રશ્ન થઈ પડે છે ત્યાં તે આટલી બધી રકમ કયાંથી લાવી શકશે ? એ મુંઝાઇ જાય છે, અને બોલે છે-

"આ રૂપિયા કયાંથી ભરવા ? આવડી મોટી રકમ હું લાવું કયાંથી ?"

"એ હું જોઇ લઇશ...વહુ, શરમાવાનો આ સમય નથી, આ મારી એ બંગડીઓ છે-એ લઇ તું પોતે ભગવાન બાબુને ત્યાં જા ને પછી ઠીક લાગે તેમ કર."

શુભદા નછૂટકે એ સ્વીકારી લે છે અને બિન્દુના સૂચન મુજબ પતિને મુક્ત કરવા માટે પ્રયત્ન આરંભે છે.

રાત્રિના એ જમીનદારને ત્યાં પહોંચી જાય છે. માર્ગમાં એને જે મુશ્કેલીઓ પડે છે તેનું વર્ણન અસરકારક શબ્દોમાં અનોખી રીતે જ શરદબાબુ વર્ણવી બતાવે છે.

શુભદા વૃદ્ધ જમીનદારની પાસે પહોંચી જાય છે. જમીનદાર શાન્ત અને નરમ સ્વભાવના ગૃહસ્થ છે. એક સ્ત્રી પોતાની પાસે રાત્રિના સમયે આવે છે, એ જોઇ તેઓ અતિસ્તબ્ધ બની જાય છે પૂછે છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તમે ક્યાંથી આવો છો ? શું કામ છે ? "

" હળુદપુરથી. " ટૂંકો ઉત્તર મળે છે.

" હળુદપુરથી--ને મારી પાસે ?...તમે હારાણનાં પત્ની તો નહિ?"

શુભદા ડોકું હલાવે છે.

" ત્યારે બોલતાં કેમ નથી ? શું કામ છે ?"

" જવાબમાં શુભદા સાડીના છેડેથી બંગડીઓ છોડી જમીનદારના પગ આગળ મૂકે છે અને બોલે છે—

" એમને છોડી દો. "

ચતુર વૃદ્ધ બધું સમજી જાય છે. એના હૃદયમાં કરુણા અને સહાનુભૂતિ પ્રગટે છે. એ બોલે છે—

" આ પાછી લઇ જાઓ. બ્રાહ્મણ કન્યાઓનું ઘરેણું હું લેતો નથી. હારાણને છોડવો હશે તો એમ જ છોડી દઇશ—"

શુભદાને આશ્વાસન મળે છે. આંસુ લૂછતાં એ બોલે છે-"છોડી દેશો ને ? "

" મરજી તો નહોતી જ–પણ હવે તમારે માટે છોડી મૂકીશ. "

અને શુભદા મળસ્કું થતાં જ પોતાને ઘેર પાછી ફરે છે. આ વખતે એના મુખ પર પ્રફુલ્લતા અને હર્ષની આછી રેખાઓ છવાયલી હોય છે.

હારાણ છૂટીને ઘેર આવે છે, બધાં એને પૂછે છે-" આટલો વખત કયાં હતા ? "

એ બધી વાત કહે છે. બોલે છે : " નંદીએ મારા પર ફરિયાદ માંડી હતી. કંઇ પ્રમાણ ન મળ્યું–ને મુકર્દમો જીતીને જ હું પાછો વળ્યો છું. "

કેટલું હાડોહાડ જૂઠું ! શુભદા જાણતી હતી કે એ કેવી રીતે છૂટયા હતા. પણ આર્ય પત્નીએ સાચી વાતનો સ્ફોટ ન કર્યો, પરન્તુ તેનું હૃદય તો અવશ્ય આ બનાવટી વાતથી ડંખાઇ ગયું હતુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે હારાણ નોકરી કરતો નહોતો–નોકરી શોધવા માટે એ પ્રયત્ન કરતો હતો, પણ ગંભીરાઈથી નહિ. ગાંજાની એને બુરી લત વળગી હતી. આ માટે બે–ચાર આનાની એને આવશ્યકતા પડતી, આ આવશ્યકતા એ શુભદા પાસેથી પૂરી કરતો હતો. દિવસોના દિવસ એ ચંડૂલખાનામાં પડી રહેતો. ઘરમાં શું બને છે–ખાવાનું છે કે નહિ, છોકરાં જમે છે કે નહિ વગેરે બાબતોની તેને ચિંતા જ નહોતી. એ સમજતો હતો: ઘરખર્ચ ગમે એમ ચાલે છે, આપણને પણ બે–ત્રણ આના મળે છે. પછી શા માટે એની જંજાળ કરું ?

અહીં એક નવા પાત્રનો પ્રવેશ થાય છે. એ પાત્ર છે સદાનંદ ચક્રવર્તીનું. ગામમાં એ ગાંડો–પાગલ અને ચક્રમ ગણાય છે. સગાં-વહાલાંમાં એક ફોઈ સિવાય એને બીજું કોઈ જ નહોતું. થોડી જમીન હતી–પૈસા હતા. એમાંથી એ પોતાનું ગુજરાન ચલાવતો અને મસ્ત બનીને આનંદથી દિવસો પસાર કરતો હતો.

હારાણના કુટુંબને આ સદાનંદ સાથે સારી પિછાન હતી.

દિવસે દિવસે હારાણ બુરી લતોમાં ફસાતો ગયો. હવે એને જુગારનો નાદ લાગ્યો. પૈસા હોય ત્યારે જુગાર ખેલતો અને ન હોય ત્યારે જુગારખાનામાં જ અડ્ડો જમાવી રમનારાઓની ચલમ વગેરે ભરી આપી એક–બે પૈસા તેમની મહેરબાનીથી મેળવી લેતો. ઘર-નિભાવની ચિન્તા તો એણે મૂકી જ દીધી હતી. શુભદાએ એ ભાર ઉપાડી એનો એ બોજો હળવો કરી નાખ્યો હતો.

એક દિવસ ઘરમાં મુઠ્ઠી ચોખા પણ નહોતા. છોકરાંઓ ભુખ્યાં થઇ ગયાં હતાં. શું થશે ? શુભદા અને લલના વિચારી રહ્યાં હતાં.

લલના હિંમતવાન અને મુશ્કેલીને સમયે રસ્તો કાઢે એવી હતી. પોતાની મા–શુભદા પ્રત્યે એને અસીમ લાગણી હતી. ઘરની સ્થિતિથી એ સારી રીતે માહિતગાર હતી. શુભદાને આવા દુઃખમય દિવસોમાં જો કોઈનું પણ આશ્વાસન હોય તો તે આ લલનાનું જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભદા બોલી–" લલના, એક વાર બિન્દુ ફઈ પાસે તો જઇ આવ."

"કેમ બા ?"

"જો કંઈ આપે તો......"

લલના ચાલી નીકળી. શુભદાની આંખમાં આંસૂ ઉભરાયાં. આમ એ કદી બોલી નહોતી. એની હવે એને શરમ પણ આવી–ગુસ્સોય થયો. કોના પર ?–એમ કોઇ પૂછે તો શુભદા પતિનું સ્મરણ કરતી આકાશ સામે આંગળી ચીંધી બોલત : " **તારા પર !** "

લલના બિન્દુ પાસે જાય છે. પરન્તુ એનું ભાગ્ય ફૂટેલું હતું. બિન્દુ તો સાસરે ચાલી ગઇ હતી. હવે કોની પાસે જવું ? એને તરત જ સદાનંદ–સદાકાકા યાદ આવે છે. આશાભેર એ એને ત્યાં પહોંચી જાય છે.

સદાનંદ એને આવકારે છે. પણ એ કશું જ બોલી શકતી નથી. અન્તે મહામુશ્કેલીએ કહે છે–

" એકાદ રૂપિયો હોય તો આપો. "

સદાનંદને ગામ પાગલ ગણતું, પણ વાસ્તવિક રીતે એ પાગલ નહોતા. એના હૃદયમાં ગરીબો પ્રત્યે અનુકંપા હતી. તરત જ એણે પાંચ રૂપિયા લાવી લલનાના હાથમાં મૂકી દીધા.

અને પછી તો સદાનંદ આ ગરીબ કુટુમ્બ પ્રત્યે અપૂર્વ સહાનુભૂતિ બતાવે છે. લલના પ્રતિ નૈસર્ગિક પ્રેમ થાય છે અને આ શુભદાના કુટુમ્બને અવારનવાર મદદ કરતો રહે છે.

લલના બાલવિધવા હતી. પતિનું ઘર એણે એક જ વાર જોયું હતું, એને પોતાના જ ગામના શારદાચરણ નામના એક યુવાન સાથે બાલ્યાવસ્થાથી જ સ્નેહ બંધાય છે, પરન્તુ આ સ્નેહ લગ્નમાં પરિણમતો નથી. લલના શારદાચરણને મળી એની સાથે પુનર્લગ્ન કરવા આર્જવતાથી કહે છે. આ પુનર્લગ્ન પાછળ એનો એક બીજો હેતુ પણ હતો–ગરીબ કુટુમ્બમાંથી એકની હાજરી ઓછી કરી નાખવાનો. પણ શારદાચરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માનતો નથી. એના પિતાનો, કુળનો એને અને ગામનો ડર લાગે છે. કેમ કરીને એ એક વિધવા સાથે પરણે ?

સદાનંદ પોતાની એકની એક ફોઇને લઇ કાશીએ ચાલી જાય છે. જતી વખતે એ લલનાના હાથમાં ૫૦ રૂપીઆ મૂકી જાય છે. લલના મને કમને એનો સ્વીકાર કરે છે.

આ રૂપિયાથી ગાડું ધીરે ધીરે ચાલવા લાગે છે. હારાણ તો મસ્ત બની પૂરો ગંજેરી બની ગયો છે. જુગાર રમે છે-ભટકે છે અને દિલમાં આવે તો ઘેર-ઘેરથી ભીખ માગી લાવી ચાર-પાંચ મુઠી ચોખા ઘરમાં નાખી જાય છે.

છ દિવસ થઇ ગયા છતાં પણ હારાણે ઘરમાં પગ મૂક્યો નહોતો. ઘરમાં શુભદાને ત્રણ-ત્રણ અપવાસ થઇ ગયા હતા. લલના પણ ભૂખી-તરસી ખોરાકના અભાવે પડી રહી હતી. મા-દીકરી બન્ને જ્યારે ન સહેવાતું ત્યારે ગળે હાથ વિંટાળી રડી લેતાં, રુદન એમના શોકને હળવું બનાવી દેતું હતું.

જ્યારે સાતમે દિવસે હારણ આવ્યો ત્યારે બધાંની પ્રસન્નતાનો પાર ન રહ્યો, શુભદાએ એને ધીરે રહીને પૂછ્યું-" આટલા બધા દિવસ ક્યાં હતા ? "

" એક ઝાડ તળે પડયો રહેતો હતો. "

હવે તો શુભદાને એક બીજી ચિન્તા વળગી, છલના દિવસે દિવસે મોટી થતી જતી હતી. ઉચ્ચ કુટુમ્બની બંગાળી કન્યા મોટી વય સુધી અવિવાહિત રહે તો આખા કુટુમ્બને કલંક લાગે. શુભદા આ ચિન્તામાં ને ચિન્તામાં ગળાઇ જતી હતી.

દરમ્યાન લલના એક નિશ્ચય કરી ચૂકે છે. આ નિશ્ચયને માંદા રહેતા માધુની રસિક સંમતિ મળે છે. શરદબાબુએ માધુ અને લલનાનો પ્રેરક અને રસિક સંવાદ આ પુસ્તકમાં આલેખ્યો છે. જે બાલજિજ્ઞાસા-સૂચક પ્રશ્નો તેમણે માધુના મુખમાં મૂક્યા છે એ એક બાલમાનસનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચ્છો ખ્યાલ આપે છે. લલના માધુની સંમતિ મેળવી એક રાત્રે ઘરમાંથી નાસી જાય છે.

એક દિવસ, બે દિવસ, એમ કરતાં પાંચ દિવસ પસાર થઈ ગયા. છઠ્ઠે દિવસે નદીમાંથી એક સાડી મળી આવે છે. આ સાડી લલનાની છે એમ સૌને ખાતરી થાય છે. શુભદા જ્યારે લલનાના આપઘાતની વાત જાણે છે ત્યારે મૂર્ચ્છિત થઈ ઢળી પડે છે.

હવે વાર્તાનો બીજો ભાગ શરૂ થાય છે. આ ભાગમાં શુભદાનું પાત્ર ગૌણ રહે છે, જ્યારે લલનાનું પાત્ર મુખ્ય રૂપે આગળ તરી આવે છે. આમ છતાંય શુભદા એક કેન્દ્રરૂપે આ ભાગમાં પણ ગુંથાયલી માલમ પડી આવે છે.

નારાયણપુરના જમીનદાર સુરેન્દ્રનાથ ચૌધરીનું શરીર સ્વાસ્થ્ય બગડયું હતું. હવાફેર કરવાની જરૂર જણાઈ અને તેઓ પોતાના થોડાક મિત્રો–ગાયક–વાદક અને ગાયિકા સાથે જલયાત્રાએ ઉપડયા.

યાત્રા દરમ્યાન માર્ગમાં એમને એક સ્થળે એક સ્ત્રીની આકૃતિ પાણીમાં ઊભી રહેલી જણાય છે. નૌકા તે તરફ હંકારવામાં આવે છે. પાણીમાં ઊભી રહેલી સ્ત્રી નૌકામાં આવવા માટે આતુર હોય છે પરન્તુ એ બોલે છે–

"મારી સાડી તણાઇ ગઇ છે."

અને આ જ ક્ષણે એ શા માટે પાણીમાં ઊભી રહી છે તેનું કારણ જણાઇ આવે છે. તરત જ એક નવી સાડી એને આપવામાં આવે છે અને એ સ્ત્રી નૌકામાં પ્રવેશે છે. આ સ્ત્રી બીજી કોઇ જ નહિ પરન્તુ લલના છે.

લલના જમીનદારને પોતાનું ખરૂં નામ આપતી નથી અને પોતાને એ માલતીને નામે ઓળખાવે છે. સુરેન્દ્રનાથના પ્રશ્નોના જવાબ પણ ભળતા જ આપે છે. આ નૌકામાંની ગાયિકા જયાવતી કે જે જમીનદારની પ્રિયપાત્રી છે તેની સાથે એને ગાઢ મૈત્રી થાય છે.

હવે લલનાને આપણે પણ માલતીના નામે જ સંબોધશું. માલતી કલકત્તા જઇ પૈસા કમાવા ઇચ્છે છે. પરન્તુ સુરેન્દ્ર તેને કલક-તે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા દેતાં પોતાની સાથે જ આવવા આગ્રહ કરે છે. આમ કરવામાં એનો એક ગુપ્ત આશય છે. એ માલતીને છૂપો ચ્હાવા લાગ્યો છે. માલતીના સૌન્દર્યે એને મોહિની લગાડી છે. આ દરમ્યાન એક અકસ્માતમાં જયાવતી ડૂબી મરી જાય છે. જમીનદાર અને માલતી હવે બન્ને સ્વતંત્ર બને છે. બન્ને એકબીજાને પ્રેમથી ચાહવા લાગે છે.

હવે આપણું ધ્યાન બીજી તરફ ખેંચાય છે. સદાનંદ પોતાની કોઇના મરણ પછી કાશીથી પાછો ફરે છે. શુભદાના કરુણ સંસારની બધી હકીકતો તે જાણે છે. તેનું હૃદય આ સાંભળી પિગળી જાય છે અને તે શુભદાને કોઇ ને કોઇ પ્રકારે મદદ કર્યા કરે છે. શુભદાના ખાસ આગ્રહથી તે હવે તેમને ત્યાં જ જમવાનું રાખે છે—અને એમના ઘરનો જ માણસ થઇને તે રહે છે.

સદાનંદની સહાય અને તેના જ પ્રયત્નોથી છલનાના વિવાહ શારદાચરણ સાથે નક્કી કરવામાં આવે છે. આ લગ્નની બધી જવાબદારી સદાનંદ જ સંભાળી લે છે. શુભદાનો હર્ષ માતો નથી. એની આંખમાં હર્ષાશ્રુ આવી જાય છે.

પરન્તુ શરદબાબુ આ મંગળ પ્રસંગ પાછળ એક બીજો કરુણ પ્રસંગ આલેખે છે. એ કરુણ પ્રસંગ છે માધવના મૃત્યુનો. એ પ્રસંગ એવી તો અસરકારક અને કરુણ રીતે રજુ કરવામાં આવ્યો છે કે જે વાચકોની આંખમાંથી આંસુ પડાવી દે છે. હારાણ કે જેને હવે ઘરની દરકાર નથી તે પણ રખડતો રખડતો આવી ઘરમાં પ્રવેશે છે. માધુનો મૃતદેહ જુએ છે અને તેના હૃદયમાંથી પ્રેમનો અસીમ ધોધ વહી જાય છે. વેદનાથી એ બીજું કંઈ જ કહી શકતો નથી. માત્ર ચિત્કાર સાથે દીકરાના દેહને ખોળામાં લઇ તુલસી હેઠળ બેસી જાય છે. રડતાં રડતાં એ બોલ્યો : "બેટા !......માધુ......"

સુરેન્દ્રનાથ માલતીને અસીમ પ્રેમથી ચાહવા લાગે છે. એઓ માલતીને લગ્ન માટે સમજાવે છે પરન્તુ માલતી એ કબૂલ કરતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે ધીરે તેમનો પ્રેમ ગાઢ બને છે. હવે માલતી પોતાના જીવનની સત્ય હકીકત સુરેન્દ્રને કહી સંભળાવે છે. સુરેન્દ્ર આ સાંભળી સડક જ બની જાય છે. તેના હૃદયમાં આ ગરીબ કુટુમ્બ પ્રત્યે સહાનુભૂતિ પ્રગટે છે. એ બોલે છે :

" મહિને એમને કેટલો ખર્ચ આવે છે ? "

" વીસેક રૂપિયા. "

" મહિને-મહિને એમને પચાસ રૂપિયા મોકલાવજે. "

અને તેમનો આ પ્રેમ હવે અન્તિમ હદે પહોંચી જાય છે. માલતી-લલના સુરેન્દ્રની ઇચ્છાને વશ થઇ જાય છે અને બન્ને આકસ્મિક રીતે જ ગાંધર્વવિધિથી લગ્ન કરી પરણી જાય છે.

ગરીબ શુભદા દુ:ખ-શોક અને કુટુમ્બજંજાળને લઇને દિને દિને ઘસાતી જાય છે. આખા ઘરની એ ગૃહિણી યોગ્ય વય હોવા છતાં પણ એક વૃદ્ધા જેવી નજરે પડે છે. ગામલોકો એની આ સ્થિતિ જોઈ દયા લાવે છે અને કહે છે-" છોડી હવે નહિ બચે; બિચારી ! અરેરે ! "

એક દિવસે શુભદા બપોરના સમયે જરા આરામ લેતી હતી એટલામાં ટપાલી આવી એક કાગળ આપી જાય છે. આ કાગળ તેના પોતાના નામનો જ છે. શુભદા પોતાના નામનું આ કવર જોતાં આશ્ચર્ય પામે છે. એ ઉઘાડે છે અને જુએ છે તો એમાં રૂા. ૫૦) ની નોટ નીકળે છે. એની અજાયબીનો પાર રહેતો નથી.

શુભદા આ વાત સદાનંદને કહે છે. સદાનંદ બધે તપાસ ચલાવે છે. તપાસમાં એ રકમ કલકત્તેથી આવેલી હોવાનું જણાવે છે.

અને કલકત્તે જઇને એ બધી તપાસ કરી આવે છે. એ તપાસમાં જ્યારે એને લલનાના ઈતિહાસની ખબર પડે છે—એ પૈસા લલનાએજ મોકલ્યા છે એવી જાણ જ્યારે એને થાય છે, ત્યારે એના હૃદયમાં કોઈ અકથ્ય વેદના વ્યાપે છે. એ વારંવાર કહે છે—

" લલના મરી ગઇ છે. એ જીવતી જ નથી. " અને સદાનંદ કલકત્તાથી ભૂખ્યો ને તરસ્યો જ ચાલી નીકળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરન્તુ સદાનંદ લલનાની આ વાત શુભદાથી છુપાવે છે. શુભદાને આ સાંભળીને આઘાત લાગી જાય તો? અન્તે એ નોટ શુભદાને સ્વીકારવી પડે છે અને તે એને એક પેટીમાં મૂકી રાખે છે.

અહિં હારાણને ભૂલવો ન જોઈએ. છેવટે એ ડાકુ બની જાય છે અને અધમ સ્થિતિએ પહોંચી જાય છે. આમ આ ગરીબ કુટુમ્બની આ કથા પૂરી થાય છે.

*

* *

હવે શુભદાની વસ્તુરચના અને પાત્રાલેખનની ચર્ચા કરીએ.

શુભદા એક સળંગ નવલકથા છે અને શરદ્‌બાબુની બીજી નવલકથાઓ કરતાં એક પ્રકારે અનોખી છે. આ વાર્તા બે ભાગમાં વિભક્ત થઇ જાય છે. પ્રથમ ભાગમાં શુભદાનો પરિચય–તેના પરિવારની પિછાન અને તેના પર પડતાં વિતંકાની કથા રજૂ કરવામાં આવે છે; જ્યારે બીજા ભાગમાં લલના મુખ્ય રૂપે આગળ આવે છે. અને તેના નવા જીવનની શરૂઆત રજૂ કરવામાં આવે છે. આમ છતાંય આખી નવલકથાનું કેન્દ્ર તો શુભદા જ રહે છે અને એ રાખવામાં શરદ્‌બાબુએ પોતાની અપ્રતિમ વાર્તાકલાનો આપણને કુશળતાપૂર્વક પરિચય આપ્યો છે.

આખી નવલકથાનું મુખ્ય પાત્ર શુભદા છે. શુભદા એક ગરીબ ઘરની ગૃહિણી છે. એ ગરીબ છે એ વાત તો સમજ્યા પરંતુ સ્વભાવે પણ એ રાંક–નમ્ર અને સહનશીલ છે. કુટુમ્બજંજાળનાં વિતકો સહી સહીને એ રીઢી બની ગઇ છે. દારુણ ગરીબાઇનાં દુ:ખો એને ત્રાસ આપી શકતાં નથી, ક્ષુધાને એણે પચાવી લીધી છે. એ પોતે અન્ન વગર ઉપવાસોના ઉપવાસો કરી ભૂખે રહી શકે છે. પણ માત્ર છોકરાંઓ–પતિને અન્નથી વિમુખ થતાં એ જોઇ શકતી નથી. ભીખ માગીને, મંગાવીને પણ એ પોતાના કુટુમ્બનું પાલન કરે છે. તેને પતિસુખ પણ નથી. અને એ સુખ ન આપવામાં શરદ્‌બાબુએ ક્રૂરતા પણ વાપરી છે, એમ આપણને લાગે છે. પરન્તુ એ ક્રૂરતા જો એમણે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરી હોત તો આ નવલકથા આટલી ઝમકભરી, વેગવાન અને રસીલી ન બની હોત, એ પણ દેખીતું જ હતું. પોતાનો પતિ નોકરીથી બેદરકાર રહે છે. આખો દિવસ એ રખડે છે, ગાંજો પી મસ્ત બની ગમે ત્યાં પડ્યો રહે છે. કુટુમ્બ પ્રત્યે એ જરાય કાળજી બતાવતો નથી છતાંય શુભદા એને એક શબ્દ પણ કહેતી નથી, ઉલટું, જ્યારે રખડી રખડીને એ ઘેર આવે છે ત્યારે શુભદા એના પગ ધોઇ લૂછી નાખે છે. એની થાળી તૈયાર કરે છે અને એને આશ્વાસન આપે છે. આર્ય પત્નીમાં જે પ્રકારના ગુણ જોઇએ તે બધા એનામાં પૂર્ણ રીતે દૃષ્ટિગોચર થાય છે. આમ છતાં એ સ્વમાની છે, કુળનું અભિમાન રાખનારી છે. પતિનું કોઇ ભુંડુ બોલે કે તેનું અહિત ઇચ્છે એ એનાથી સહી શકાતું નથી, પતિ જેલમાં હતો ત્યારે અપૂર્વ સાહસ કરી એ તેને મુક્ત કરાવે છે. હારાણને આ બનાવની ખબર પણ પડતી નથી અને શુભદા આ વિષે કોઇને પણ જણાવતી નથી. એમાં જ એ આર્ય પત્ની પોતાની શોભા માને છે, એમાં જ એનું ગૌરવ સમાયેલું છે.

પણ હારાણ જુદી જ વાત કહે છે. એ બોલે છે–

"ચોરી કરી છે કહી નંદીએ મને...અં...અં...મ્હારા પર ફરિયાદ માંડી હતી."

"ફરિયાદ માંડી હતી!" રાસમણિ અને બધાં આશ્ચર્ય પામી ગયાં.

"હા– ફરિયાદ માંડી હતી, પણ જૂઠ ક્યાં સુધી ચાલે? કંઇ પ્રમાણ જ મળ્યું નહિ--ને મુકદ્દમો જીતીને જ હું પાછો વળ્યો છું."

કેટલું જૂઠું શુભદા આ સાંભળે છે; ત્યારે આંખો લૂછી નાખે છે. અને એ મૌન જ રહે છે. નદીની સૌજન્યતા ન હોત, શુભદા રાત્રે એને ઘેર સાહસ કરીને ન ગઇ હોત તો હારાણ જેલમાં જ જાત એ નક્કી હતુ. પણ કુટુમ્બનું ગૌરવ રાખનારી એ ગૃહિણી આ વાત છુપાવી રાખે છે; એનો લેશ માત્ર પણ ઉચ્ચાર કરતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું જ બસ નથી. હારણને પણ એ પોષે છે. અને હારણ નફ્ફટ બની શુભદા પાસેથી અવારનવાર બે-ચાર આના લઇ જાય છે. આ પૈસાનું એ શું કરે છે, શાના ઉપયોગમાં એ વાપરે છે તેની પણ પૂછપરછ એ કરતી નથી, એ બધું જાણે છે : પતિ જુગારી છે, ગંજેરી છે—પણ એ ન જ જણાવવામાં એ પોતે શોભા લ્યે છે.

પુત્રી લલનાનું વૈધવ્ય જીવન, પુત્ર માધુની લાંબી મૃત્યુ પર્યન્તની માંદગી અને છેલ્લે છેલ્લે લલનાનો વિયોગ એના રહ્યા સહ્યા જીવનને પણ કોરી નાખે છે. તો પણ એક પછી એક પડતાં આ દુઃખોને એ ગંભીરભાવે ઝીલી લ્યે છે, એ ઝીલતાં ઝીલતાં એની જુવાન-સોનેરી કાયા કૃશ થઇ જાય છે. શરીરમાં માત્ર હાડ અને ચામ જ રહે છે છતાંય જીવનના આ ઝંઝાવાતોની સામે એ અડગ અને અણનમ રીતે ઊભી રહે છે.

શુભદાના પાત્રાલેખનમાં શરદ્બાબુએ પોતાની પાત્ર-કલાનું આખુંય તત્ત્વ નિચોવી નાખ્યું હોય એમ જણાઇ આવે છે. જે છટાથી એમણે આ પાત્ર પર આખીય નવલકથાનું નિર્માણ કર્યું છે એ તો એમના જેવો એક સિદ્ધહસ્ત નવલકથાકાર જ કરી શકે.

એ પછી લલનાનું પાત્ર આ નવલકથાનો મુખ્ય ભાગ રોકે છે. લલના બાલ્યવિધવા છે-રૂપવાન છે અને હજુ જીવનની પહેલી વીશીમાં છે. શરૂઆતમાં શરદ્બાબુએ એને શુભદાના એક મદદગાર તરીકે વર્ણવી છે. શુભદાને માત્ર જો કોઇની મદદ અને આશ્વાસન મળતું હોય તો તે માત્ર પોતાની મોટી પુત્રી તરફથી જ મળે છે. લલના બધું સમજે છે. માની સહનશીલવૃત્તિ, પોતાના પિતાની બેદરકારી અને ઘરનાં દારિદ્રથી એ સારી રીતે માહિતગાર છે. માધુના દુઃખથી પણ એ પોતે જ વેદના અનુભવે છે, માધુને આશ્વાસન આપે છે. બાલમાનસથી પૂછાયલા પ્રશ્નોના જવાબો પણ એ એવી તો અજબ રીતે આપે છે કે માધુ પણ એ ઉત્તરોથી શાન્તિ અનુભવે છે. પરન્તુ લલના અને માધુનો વધુપડતો મેળાપ—એ બન્નેનો પરસ્પર પ્રત્યેનો ગાઢ અને

૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂપો પ્રેમ જ શુભદ્રા માટે આફત સમાન નિવડે છે, એની કોણ ના કહી શકે એમ છે ? શરદબાબુએ બાલક માધુના મુખેથી જે પ્રશ્નો પુછાવ્યા છે એ તેમના વિશાળ જ્ઞાનનો અને બાલમાનસના અનુભવનો અચ્છો ખ્યાલ આપે છે. આ નવલકથામાં રજૂ થયેલા ભાઇ–બ્હેનોના વાર્તાલાપો વાંચનારનું સારૂં ધ્યાન ખેંચે છે. એ સંવાદનાં કેટલાંક અવતરણો અહીં આપવાની લાલચ રોકી શકાતી નથીઃ—

" દીદી, મરી ગયા પછી માણસ ક્યાં જાય છે ? "

લલના આકાશ તરફ જોઇ બોલીઃ " ઉપર–આભલાની પેલે પાર. "

વિસ્મિત થઇ માધવે વળી જિજ્ઞાસા દાખવીઃ " આભલાની પેલે પાર ? ત્યાં કોની પાસે રહેવાનું ? "

લલના બીજી તરફ જોઇ બોલીઃ " અમારી પાસે. "

માધવ અતિશય સંતોષ પામ્યો. હસીને એ બોલ્યોઃ " ત્યારે તો સારૂં......આપણું ત્યાં ઘર છે, બ્હેન ? "

" હા. "

" ત્યારે તો બહુજ સારૂં, આપણે બન્નેને બહુ મજા પડશે નહિં ? "

" હા, હા ! "

" મોટી બ્હેન, ત્યાં બધુંય ખાવાનું મળે છે ને ? "

" હા...... "

" દાડમ ખૂબ છે ? "

" હા...... "

*　　　*　　　*

" કોણ નથી સાંભળતું તારૂં કહેવું, કહે ? "

" કોણ સાંભળે છે ? હું કંઇ પૂછું છું તો બા ગુસ્સો કરે છે, બાપુજીયે મોં મચકોડે છે......તો હું શું કામ તમારૂં માનૂ ? "

" હું માનીશ–લે. પછી કંઈ છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો બોલો, હું સારો નહિ થાઉં – તો ચારે આમ ને આમ સૂઇ રહેવું ?"

"કેમ ?"

"ત્યારે શું ? મોટી બ્હેન, આપણો ન્હાનો ભાઇ જાદુ માંદો પડયો હતો–એ પણ સારો થયો નહોતો ને પછી મરી ગયો હતો. બાપુ રડયા હતા–બા યે રડી હતી–ફૂઇયે રડયાં હતાં–તમે યે રડયાં હતાં–બધાંય રડયાં હતાં. બા તો હજુ યે એને સંભારી–સંભારી રડે છે...પણ એ ગયો તે ગયો; પાછો આવ્યો જ નહિ. હું યે એની પેઠે મરી જાઉં તો ?"

લલનાએ પોતાનું મોં ઢાંકી દીધું.

માધવ ફરી બોલ્યો–"મોટી બ્હેન, મરી જાઉં તો શું થાય ?"

"કંઈ નહિ—રડશું, પોક મૂકશું."

અને લલના રડી પડી.

*　　　*　　　*

લલના માધુને કહીને તેની રજા લઇને ઘરનો ત્યાગ કરી જાય છે, શા માટે એ ઘર છોડે છે તે વાતનો સ્ફોટ લેખક કરતા નથી. લલનાનું વસ્ત્ર જ્યારે નદીમાંથી મળી આવે છે ત્યારે જ શુભદા તેના ડૂબી જવાની વાત જાણે છે. વાચકો પર પણ લલનાએ આપઘાત કર્યો છે એવી જ અસર ઉપજે છે. પણ જ્યારે લલના પાણી વચ્ચે ઉભી રહેલી જણાય છે, અને જમીનદાર સુરેન્દ્રબાબુ તેને પોતાની નૌકામાં લાવે છે ત્યારેજ વાચકોનો એ ભ્રમ દૂર થઈ જાય છે, અને લલના જીવે છે એવી ખાતરી તેમને થાય છે. પરન્તુ શુભદા તો વાર્તાના અન્ત સુધી પણ લલના જીવે છે, એ જાણી શકતી નથી. એ તો એને મરી ગયેલી જ જાણે છે. આમ કરવામાં શરદ્‌બાબુનું લાક્ષણિક કલાવિધાન જ જવાબદાર છે.

માતાના ઘરનો ત્યાગ કરવામાં લલનાનો શો હેતુ હતો એ વિચારીએ. ગરીબાઇના દારુણ દુઃખથી એ ત્રાસી ગઇ હતી–માધુનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ એનાથી સહન થતું નહોતું એટલે ઘર છોડી એ કલકત્તે જવા માગતી હતી. પરન્તુ કલકત્તે જવા માટે પૈસા જોઇએ. આથી નિરૂપાયે પાણી તરીતરીને એ કલકત્તાના કિનારે પહોંચવા નદીમાં પડી હતી. પરન્તુ એનું વસ્ત્ર પાણીમાં ખેંચાઈ જતાં એ નદીમાં જ સ્થંભી ગઇ અને પછી તો એક નૌકાએ એને ઉગારી લીધી.

કલકત્તા જવાનો એનો હેતુ દ્રવ્યોપાર્જન કરવાનો હતો. પોતે જે પૈસા મેળવે તે શુભદાને મોકલી દેવાનો એણે નિર્ધાર કર્યો હતો. પૈસા કેવી રીતે કમાવા તેનો વિચાર પણ તેણે નક્કી કરી રાખ્યો હતો, પોતે રૂપવતી હતી-શરીરે એનું રૂપ સમાતું નહોતું તે એ જાણતી હતી. કલકત્તા જેવું મોટું શહેર-ત્યાં એ આવું રૂપ લઈ જાય તો એ વેચવાની બહુ મથામણ ન પડે ! ઊલટું, અગણિત કિમ્મત એને મળે-એટલે જ કલકત્તે જવાનો એણે દૃઢ નિશ્ચય કર્યો-ત્યાં જ એની કદર બૂઝાશે-ગરીબી ટળશે - સંપત્તિ સાંપડશે-કષ્ટનું જીવન સળગી જશે અને સુખની સૃષ્ટિ ઉતરશે......!

શું આ નિર્ધાર કરુણ અને સમાજને શાપરૂપ નહોતો ? કેટલીય સ્ત્રીઓ આજે આવા જ કારાણોને લઇને પતિત બની જાય છે. પતિતાઓનાં જીવન ઉલેચતાં આ વાત દીવા જેવી સ્પષ્ટ લાગશે.

પરંતુ લલના કલકત્તે જતી અટકી પડે છે. આ માટે જાગીદારનો વધુપડતો સ્નેહ જ જવાબદાર છે. જાગીરદાર સુરેન્દ્ર લલના પ્રતિ આકર્ષાય છે. તેને કલકત્તા જતી રોકે છે. લલના તેના આગ્રહને વશ બની તેની સાથે જાય છે. એ પોતે પ્રથમ અજ્ઞાત રીતે અને પછી જ્ઞાત રીતે તેના તરફ આકર્ષાતી જાય છે. બન્નેનો સ્નેહ ગાઢ બને છે. સુરેન્દ્ર જયાવતીને કિનારા પર જ ત્યજીને નાવ હંકારી દેવાનો પોતાનો મનોભાવ લલનાને જણાવે છે ત્યારે કુદરતનો એક ચમત્કાર થાય છે. આ ચમત્કાર તે જયાવતીનો પાણીમાં ડૂબી મરી જવાનો. આ માત્ર એક અકસ્માતથી લલનાનો માર્ગ નિષ્કંટક બની જાય છે. શરદ્‌બાબુના આ સુરેખ અને સળંગ વાર્તાલેખનની ખૂબી નથી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલના બે પ્રેમી કરે છે, એક તો એનો બાલ્ય સાથી શારદાચરણ અને બીજો આ સુરેન્દ્ર. શારદાચરણ એનો અનાદર કરી પુનર્લગ્ન માટે સાફ ના પાડે છે, જ્યારે સુરેન્દ્ર પોતે જ લલના પ્રતિ આકર્ષાઈ તેને પોતાની સાથે પુનર્લગ્ન કરવાની ફરજ પાડે છે. આમ માણસ-જાતના બે ભિન્ન ભિન્ન સ્વભાવ નિરૂપણ કરવામાં શરદ્બાબુ કમાલ કરી જાય છે.

લલના જમીનદારને પરણે છે તોય એનો વૈભવ ભોગવતી નથી. એ પોતાની ગરીબ માતાને તો ભૂલી જ કેમ શકે? પચાસ રૂપિયા એને મોકલાવે છે. પરન્તુ એ મોકલવા માટેનું પોતાનું નામ છુપાવે છે. એને ભય રહે છે કે પોતાની પુત્રીનું આ પતિત જીવન જોઈ એ રૂપિયા સ્વીકારવાની ના પણ પાડી દે અને તેને અપાર શોક થાય.

આમ શુભદામાં લલનાનું પાત્ર પણ મહત્ત્વનો ફાળો આપે છે. સ્ત્રીમાનસની ખાસીઅતો પકડી પાડી તેને યોગ્ય રૂપ આપવામાં કે પછી વાર્તા વિકસાવવામાં શરદ્બાબુ પોતાની વાર્તાકલાની પરાકાષ્ઠા લાવે છે. ગમે એવું લજ્જાળુ, સંયમી અને કુળાભિમાની સ્ત્રીનું હૈયું, દારુણ આપત્તિ સમયે કયો માર્ગ ગ્રહણ કરી લ્યે છે તે લલનાના પાત્ર પરથી સારી રીતે જાણી શકાય છે.

એ પછી સદાનંદનું પાત્ર આવે છે. આ પાત્રનો ફાળો પણ વાર્તા વિકસાવવામાં જેવો તેવો નથી. શુભદામાં સદાનંદના પાત્રનું કુશળતાથી નિરૂપણ કરવામાં આવ્યું છે. ગામમાં એ ગાંડો-પાગલ અને ચક્રમ ગણાય છે. આબાલવૃદ્ધ વનિતાઓ માનતી કે એની ડાગળી કંઈક ચસકેલી છે. જમીન સંભાળે, રામપ્રસાદી પદો લલકારે, શબના અંતિમ સંસ્કાર કરે. આ ઘર-પેલું ઘર કરે-એમ આનંદમાં દિવસો વિતાવતો.

પરન્તુ સદાનંદ વાસ્તવિક રીતે પાગલ નહોતો. એનામાં સહાનુ-ભૂતિ અને માનવ લાગણીનો અંશ હતો. લલના પ્રત્યે એને સ્નેહ ઉપજે છે. એ સ્નેહ એને મદદ કરવા પ્રેરે છે. પોતાના પ્રેમનો ભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતો નથી. એ એના હૃદયમાં અને મનોભાવમાં જ સમાયેલો રહે છે. લલના પણ એ જાણી શકતી નથી.

જ્યારે કાશીએ જતી વખતે સદાનંદ લલનાને પચાસ રૂપિયા આપી જાય છે, ત્યારે શુભદા પોતાની પુત્રીની સામે જોઇ બોલે છે:–

" પૂર્વજન્મમાં સદાનંદને ને આપણે કંઇ સંબંધ હશે ! "

લલના ડોકું હલાવતી બોલી : " એવું જ લાગે છે. "

" નહિ તો આટલા બધા રૂપિયા કોઇ માણસ આપે ? "

લલના કંઇ બોલી નહિ.

" લલના ! સદાનંદ ગાંડો છે ? "

" કેમ ? "

" નહિ તો આમ કેમ કરે ? "

" દુઃખીના દુઃખે દુઃખી થાય તો એ પાગલ ગણાય ? "

" તો પછી લોકો એને શા માટે ગાંડો કહે છે ? "

લલના સહાસ્ય બોલી: " લોકો તો એમ જ બોલે. "

આમ સદાનંદનું પાત્ર લલના અને શુભદાનાં પાત્રો સાથે વણાઇ જાય છે. લલના પ્રતિના સ્નેહને લઇને એ શુભદાના કુટુમ્બને મદદ કરે છે. અને જ્યારે લલના અદૃશ્ય થઇ જાય છે, ત્યારે સદાનંદ એનું સ્થાન સંભાળી લઈ શુભદાને જરાય ઓછપ આવવા દેતો નથી અને તેમના જ કુટુમ્બનો એક માણસ થઇને રહે છે. છલનાને પણ એ પોતાના જ દ્રવ્યથી પરણાવી આનંદ માને છે; પરન્તુ આ પરોપકારની વાત એ શુભદાને કે બીજાં કોઇ ગામજનને જણાવતો પણ નથી.

લલના પ્રતિના સ્નેહને લઇને તેમ જ આ ઉચ્ચ પરન્તુ ગરીબ કુટુમ્બને લાંછન ન લાગે અને ગામલોકો આ વાત ન જાણે એ માટે તે લલનાના હયાત હોવાની, જાગીરદાર સુરેન્દ્રબાબુ સાથેના તેના પુનર્લગ્નની વાત તે જાણી જોઈને છુપાવે છે. પરન્તુ જ્યારે આ વાત સદાનંદ જાણે છે ત્યારે એનું હૃદય કેટલું કલેશ પામે છે તે તો તે વખતની વાતચીત જ કહી આપે છે. શરદબાબુએ સદાનંદના હૃદયના ભાવ એના ઉત્તર દ્વારા જ કુશળતાપૂર્વક પ્રગટ કરાવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સદાનંદ લલનાને છુપાવવામાં ખરેખર વફાદાર નિવડે છે. શુભદાને પણ તે એ વાતથી છેવટ સુધી અજાણ રાખે છે. તેની આ દક્ષતાપૂર્વકની વફાદારીની છાપ જાગીરદાર પર કેવી પડે છે, તે લલના સાથેના તેના વાર્તાલાપમાં સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. એ કહે છેઃ–

" જેને તમે બધાં પાગલ માનો છો, એ લગીરે પાગલ નથી... કદાચ કોઇ દિવસ પાગલ હશે, પણ હવે એ દિવસ ક્યારનોય જતો રહ્યો છે. હળુદપુરમાં એ તેને ફરી જીવતી નહિ કરે...તેં તારી જાતને છુપાવી રાખી છે—તો એ તને કદિયે પ્રગટ નહિ કરે. "

" કેમ જાણ્યું ? " લલના બોલી.

" જાણું છું–જ્યારે મેં એમને 'તું જીવતી છે' એમ તારી બાને કહેવા કહ્યું, ત્યારે એમણે કહ્યું : ' લલના શરમાવા જેવું કંઇ કરે નહિ–પોતાની જાતને કદી છુપાવે નહિં–એ જીવતી નથી–મરી જ ગઇ છે ! ' પછી મેં કહ્યું કે તું સુખી છે–ત્યારે એ બોલ્યા: ' એ સ્વર્ગે સંચરી છે ! ' મેં વળી પાછું કહ્યું–સદાનંદ બાબુ જરા ઉભા રહો. એમણે કહ્યું: ' ના,–હું જઉંછું–કોઇ દિવસ એને મળો તો સદા દાદાના આશીર્વાદ કહેજો ! ' "

'શુભદા' માં આ ત્રણ પાત્રો મુખ્ય છે. તે પછી હારાણ ચટ્ટોપાધ્યાય, સુરેન્દ્ર જાગીરદાર, જયાવતી, તેની મા, બિન્દુ વગેરે પાત્રો પણ ઓછાવત્તા પ્રમાણમાં આ નવલકથામાં ઝળકી પોતપોતાનો પાઠ ભજવી જાય છે. એ દરેક પાત્રને યોગ્ય ન્યાય આપવામાં શરદ્‌બાબુએ પોતાની કલમને કસોટીએ ચઢાવી છે એમ કબૂલવું પડે છે. નિર્દોષ અને દયાળુ બિન્દુ, શોખીન પરન્તુ માનુષી હૃદયભાવ જાણનારો જાગીરદાર, નર્તકી જયાવતી અને શુભદાનો જુગારી પતિ હારાણ ચટ્ટોપાધ્યાય એ બધાંનું પાત્રાલેખન સુરેખ અને યોગ્ય રીતે ગુંથાયું છે. ખાસ કરીને હારાણની મનોદશાનો અચ્છો ખ્યાલ શરદ્‌બાબુ વાચકોને કરાવે છે. હારાણ ગંજેરી છે, જુગારી છે, બેદરકાર છે તો પણ કેટલીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર એના હૃદયમાં કુટુમ્બવાત્સલ્ય ઉભરાઈ જાય છે. અને જ્યારે હદ આવી જાય છે, જ્યારે એને શુભદાની દયા આવી જાય છે ત્યારે એ ખરેખર ફરી દાળ-ચોખા ઉઘરાવી લાવવાનું પણ ચૂકતો નથી. માધુના મૃત્યુ સમયે એના દીલમા પુત્રપ્રેમનો દાવાનળ વ્યાપે છે. એની માનવ લાગણીનાં કુંળાં તત્ત્વો એકદમ પ્રગટ થઇ જાય છે અને એ પોતાના સ્વભાવને ભૂલી જઇ માધુના શબને ખોળામાં લઇ પોકારી ઉઠે છે-" બેટા ! માધુ ! " ખરેખર આ બે શબ્દો જ હારાણના મૂળ સ્વભાવને પ્રગટ કરી નાખે છે.

હારાણના પાત્રાલેખનનો કાર્યપ્રદેશ વ્યવસ્થિત અને એકસરખો નથી, અને આવી જ રીતે એનું ચરિત્ર ચિતરવામાં વાર્તા જોશ પકડે છે અને વાચકને વધુ તન્મય બનાવે છે. ઘડીમાં એ કુટુમ્બ પ્રત્યે બેદરકાર રહે છે તો ઘડીમાં એ માધુને પંપાળે છે તો ઘડીમાં ચાર-પાંચ દિન સુધી મુખ પણ બતાવતો નથી. આમ આવી રીતે એનું સ્વભાવદર્શન કરાવવામાં શરદબાબુની પાત્રાલેખન કલાનો જ વિજય થાય છે એ ભૂલવું ન જોઇએ.

આટલું વર્ણવ્યા પછી શરદ્‌બાબુની વાર્તાકલા અને પાત્રાલેખનની વિવેચનાની જરૂર રહે છે ખરી ? એમની વાર્તાકલાને ભિન્ન ભિન્ન સ્વરૂપે વિસ્તારપૂર્વક અવલોકી શકાય. એમની નવલોનાં દરેક પાત્રાલેખનો પર વિસ્તૃત સમાલોચના લખી શકાય પરન્તુ એ માટે સમય અને સ્થળ એ બન્નેની ખાસ જરૂર રહે છે.

શરદ્‌બાબુના પાત્રાલેખનની ખરી ખૂબી તો ઓછાં પાત્રોને સંડોવવામાં જ સમાયલી છે, એમની કોઈપણ વાર્તા કે નવલકથા જુઓ. એમાં તમને પાત્રોનો ખીચડો જામેલો જણાશે નહિ. થોડાંક જ ગણત્રીનાં પાત્રો, પ્રસંગોની અદ્‌ભુત અને આકર્ષક ગૂંથણી અને તેની આસપાસ વાર્તાની ભવ્ય ઇમારત : શરદ્‌બાબુની આ એક ખાસ ખાસિયત છે. પાત્રોના શંભુમેળામાં તેઓ માનતા નથી. બે ત્રણ મુખ્ય પાત્રો અને તેની આસપાસ ત્રણ ચાર ગૌણ પાત્રો રાખી તેઓ વાર્તાની વસ્તુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંથણી કરે છે. અને એ ગૂંથણી એવી તો આકર્ષક અને એકાગ્રતા જમાવનારી હોય છે કે વાંચનાર તેમાં તલ્લીન બની વાર્તાના પ્રવાહ સાથે જ ઘસડાઈ જાય છે. વાર્તાના પ્રસંગો તેના હૃદયમાં જામી જાય છે અને પ્રસંગોની સાથે જ તે અવનવા ભાવ અનુભવે છે. વાર્તાકારની ખાસ ખૂબી વાર્તાની સાથે જ વાચકને પણ અસર ઉપજાવવાની હોય છે. જેનામાં આ ખૂબીનો અભાવ હોય છે તે સફળ લેખક થઇ શકતો નથી. શરદ્‌બાબુમાં આ ખૂબી અગ્રસ્થાને છે અને તેથી જ તેઓ એક સફળ નવલકથાકાર છે.

પ્રસ્તુત નવલકથા શુભદાનો કાર્યપ્રવાહ જબરો અને વેગવાન છે, અને એટલે જ એને એક બેઠકે પૂરી કરી નાખવાની તત્પરતા જાગે છે. પુસ્તકનો અનુવાદ સુંદર અને સફળ છે. વાર્તાકારના મૂળ ભાવો તે બરાબર જાળવી રાખે છે એટલે વાંચવામાં જરાય ક્ષતિ અનુભવવી પડતી નથી. રસપ્રવાહ અખંડ અને એકધારો જ વહ્યા કરે છે.

અને જીવનના ઝંઝાવાતની સામે ઝઝુમતી શુભદાને એક કરુણ કથા કહેવામાં આવે તો શું તે અયોગ્ય છે?

સ્વ. ઈશ્વરભાઇ લ. પટેલ

*

* *

આ પુસ્તક પ્રગટ થયા બાદ ટૂંક સમયમાંજ ખલાસ થયું હતું ને ગ્રાહકોની કાયમી માગણી અંગે આ બીજી આવૃત્તિ પ્રગટ કરાય છે.

પ્રકાશક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભદા

ભાગ ૧ લો.

૧

આંખ મિંચી, કાન દાબી, કૃષ્ણપ્રિયા ઠાકુરાણીએ ગંગામાં ત્રણવાર ડૂબકી મારી, અને પિત્તળની કળશી ભરતાં ભરતાં બોલી, "જેનું કપાળ ફૂટયું તેનું બધુંય ફૂટયું."

ઘાટ પર બીજી ત્રણ ચાર સ્ત્રીઓ સ્નાન કરી રહી હતી. એ બધી આ સાંભળી અવાક્ બની એની સ્હામું જોઈ રહી. ગામ આખા સાથે ઝગડો—ટંટો કરતી આ સ્ત્રીને કંઈ પણ પૂછવું કે કંઇ પણ સામો ઉત્તર આપવો એ જેવાતેવાની હિમ્મતનું કામ નહોતું–ખાસ કરીને અહીં જ-કારણ, અહીં બધી સ્ત્રીઓ ઉમ્મરે ન્હાની હતી.

"એટલે જ કહું છું બિન્દુ, કે જેનું કપાળ ફુટયું તેનું બધુંય ફૂટયું."

જેને ઉદ્દેશી આ બોલાયું હતું એનું નામ હતું બિન્દુવાસિની. બિન્દુ મોટા ઘરની દીકરી – મોટા ઘરની વહુ, –હમણાં જ પિયર આવી હતી. એણે જોયું કે શબ્દો પોતાને માટે ઉચ્ચારાયા હતા — એટલે હિંમત એકઠી કરી બોલી: "કેમ ફઇબા ?"

"આ જોને, પેલો હારાણ મુખરજી – ભગવાન જાણે કે એમને બિચારાને મારવા જ બેઠો છે."

બિન્દુ સમજી ગઇ કે હારાણ મુખરજીની કમનસીબીની કથા ચાલી રહી છેઃ તેને પણ દુઃખ થયુંઃ લગભગ એક મહિના પર હારાણનો પાંચ–છ વર્ષનો દીકરો ગુજરી ગયો હતો –એ એને યાદ આવતાં બોલી : "ભગવાન આગળ માણસનું શું ગજું ? જનમ–મરણ કોને ત્યાં નથી ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો કૃષ્ણપ્રિયા, બિન્દુ શું કહેવા માગે છે તે બરાબર સમજી શકી નહિ – પણ તરત જ એ બોલી ઉઠી :

"હા–હા, એ તો છે જ ને વળી !–પણ એ વાત નથી બિન્દુ— એ વાત નથી. જીવવું–મરવું તો ભગવાનના હાથમાં છે બ્હેન, પણ કહે તો, તું નથી જાણતી ?"

બિન્દુ કશું બોલી નહિં – એના સામું જોઇ જ રહી. એટલે કૃષ્ણપ્રિયા ફરી બોલી : "હારાણની કઇ વાત તેં સાંભળી નથી ?"

બિન્દુએ જિજ્ઞાસા દર્શાવી : "બીજી વળી શી વાત ?"

"એટલે જ કહું છું બ્હેન, કે ભગવાન રૂઠે ત્યારે કંઇ સામુંયે જોતા નથી – મને તો એ કાળમુખાની જરાય દયા નથી આવતી – દયા તો પેલી દેવી જેવી એની બૈરીની આવે છે—બિચારી એક દહાડો ય એના ઘેર સુખી નથી."

બિન્દુ જેમ એના મ્હોં રહામું જોઇ રહી હતી એમ જ જોઇ રહી – એને તો કંઈ જ સમજાયું નહિ.

પણ કૃષ્ણપ્રિયા કંઈ અર્થ વગરનો બબડાટ કરતી નહોતી : માત્ર મૂળ વાત સંતાડી એ જરા આડે માર્ગે ઊતરી હતી, એટલે જ શ્રોતાવર્ગના વિસ્મય અને કુતૂહલનો પાર રહ્યો નહિં. બધી સ્ત્રીઓ વિચાર કરવા લાગી કે હારાણ મુખરજીની એવી તે વળી કયી વાત છે—જે આખું ગામ જાણે છે–ને પોતે નથી જાણતી ?

બિન્દુ ક્ષણ બે ક્ષણ વિચારી રહી અને પછી બોલી:

"ફૂઇબા, કહોને–શી વાત છે ? અમને ન કહેવાય ?"

"કેમ ન કહેવાય ? – પણ એ કંઇ આનંદની વાત નથી – એટલે તો મારાથી બોલાતું નથી – એ યાદ આવે છે ને મને કૈં ને કૈં થઇ જાય છે – અરેરે, બિચારીને નસીબે કેટલું બધું દુઃખ લખ્યું છે !"

"શું દુઃખ ?"

"દુઃખ કંઇ એક જાતનું છે બ્હેન ? – તને શું કહું ?"

"તો પણ કહો ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના–ના, હમણાં તો નહિ – એમ કંઇ છાનું રહેવાનું છે? આખું ગામ જાણશે—અરે ઘણા જાણે છે. કોઈ વહેલું તો કોઈ મોડું – પણ બધાં જાણશે ખરાં."

"ત્યારે કેમ બોલતાં નથી?–બોલોને!"

"ના–ના, હું તો નહિ કહું–મારે વળી બીજાની શી પંચાત?" બિન્દુ હસીને બોલી: "તમે ને અમે કંઇ જૂદા છીએ — તમારે તો કહેવું જ પડશે."

"બિન્દુ, આ ગંગાજલમાં હું કંઇ જૂઠું બોલું?"

"કેમ જૂઠું? તમને જૂઠું બોલવાનું કહે છે કોણ?"

"ત્યારે કેમ કહું—આ ગંગાજલમાં બેઠાં બેઠાં મેં તો કહી નાખ્યું હતું–કે બીજાની વળી મારે શું પંચાત? તો હમણાં જ પાછી ફરી જાઉં?"

કલહપ્રિય કૃષ્ણપ્રિયા ચાલી ગઇ – બધી સ્ત્રીઓ એકબીજાના સામું જોઇ રહી: કોઇને કંઇ સમજાયું નહિ. કારણ, કૃષ્ણપ્રિયાને તેઓએ કદી એકેય વાત અધુરી મૂકતી જોઇ નહોતી.: સ્નાન કરી સૌ પોતપોતાને ઘેર વિદાય થયાં. બિન્દુ કપડાં બદલી પોતાની બા પાસે આવી.

"બિન્દુ, નાહવા ગઇ હતી તે આટલી બધી વાર? ક્યાંક માંદી પડીશ તો?" બિન્દુની બાએ કહ્યું.

"શું થવાનું છે? બે દિવસ માંદી; બીજું શું?"

બિન્દુની બા હસી અને બોલી: "ઠીક – ચોખ્ખી વાત કેમ?"

"–પણ બા, હારાણ મુખરજીને પાછું કંઇ થયું?"

"શું થાય વળી?"

"આજે ઘાટ ઉપર કૃષ્ણા ફઇ બોલ્યાં તે પરથી લાગે છે કે કંઇ થયું હોવું જોઇએ – તો કંઇ સાંભળ્યું નથી?"

"ના–મેં તો કંઇ સાંભળ્યું નથી–શું બોલ્યાં હતાં?"

"કહેતાં હતાં કે ભગવાન તો હારાણ મુખરજીને મારવા બેઠો છે – ને એમને એની બૈરીની બહુ દયા આવે છે – એટલું જ બોલ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં – પછી કંઇ બોલ્યાં નહિ–કહે છે કે બીજાની વળી મારે શી પંચાત ?"

"ફઇને હવે જ્ઞાન આવ્યું લાગે છે."

"બા, સાચે તું કંઇ જાણતી નથી ?"

"ના – ના – મને તો કંઇ ખબર નથી.."

"ત્યારે હું બપોરના એમને ઘેર જઇ આવું—"

"કેમ ?–શું થયું છે તે જાણવા?"

"હા જ તો."

"અરે, તું કંઇ ગાંડી થઇ ગઇ છે–એમને ય કહેવાનું દિલ ન થયું એ જ વાત તું પૂછવા જવાની ?"

"એમને એટલે કોને ?"

બિન્દુની બા કંઇક અચકાતી બોલી "આ તારાં ફઇ–બીજું કોણ ?"

"કૃષ્ણા ફઈ તે કોણ ? એ કંઇ ના કહે તો તે આપણે ય ન કરવું."

"નહિ જ તો. આવી બાબતોમાં એ જ મોટાં – ને શાણાં !"

"ભલે. હું તો જવાની."

"પારકી પંચાતમાં આપણે માથું મારવાની જરૂર શી ?"

"કેમ નહિ ? કોઇ મરતું હોય તો એની વ્હારે ન જવું ?"

"તું કંઇ એમને બચાવવાની છું ?"

"કેમ નહિ ?"

"બિન્દુની બા થોડીક ક્ષણ શાંત રહી – પછી બોલી:

"બિન્દુ, એના ઘેર જવાની તારે જરૂર નથી – હારાણ મુખરજી સારો માણસ નથી – વળી તારા બાપુજી સાથે એને અદાવત છે—તું જાય એ સારૂં ન દેખાય."

"એ સારો માણસ નથી એ હું જાણું છું – પણ હું એને ત્યાં નથી જવાની–હું તો જવાની છું–એની વહુ પાસે – એમાં શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંધો છે? આપણા પાડોશીને આવા વખતે ન જોવા જઈએ તો મારાં સાસરીયાં મ્હારા સ્હામું જુવે ય નહિ–"

"એમ?–અઘોરનાથે તને એવું કહ્યું છે કે બધાને ઘેર જવું–શું થાય છે–શું નહિ એ બધું જોવું–નહિ તો તારૂં મ્હોંયે નહિં જોઉં?–એવું કંઇ કહ્યું છે?...હું તારી જનેતા છું–ને તું શું મારૂં કહ્યું નહિ માને?"

"ના–બા, એવું કંઇ ન સમજતી–પણ મારે જવું જ જોઇએ."

"ત્યાં જઈને શું કરીશ? તને શું ખબર પડવાની? એને શું થયું છે એ તો કોઇ જાણતું ય નથી."

"તેં કયાંથી જાણ્યું?"

"તારા બાપુજીએ કહ્યું?–"

"શું કહ્યું–"

"આનંદીને ત્યાં એણે પૈસાનો કંઈ ઘોટાળો કર્યો છે અને જેલમાં ગયો છે."

"આનંદી કોણ છે?"

"બામણવાડાનો જમીનદાર–હારાણ એને ત્યાં નોકરી કરતો હતો–"

"કેટલાકનો ઘોટાળો?"

"લગભગ બસોનો."

"કોઇ જામિન થયું?"

"કોણ થાય? ગામમાં તારા બાપુ સિવાય કોઇ થાય એમ નથી; પણ એને વળી આપણી સાથે અદાવત એટલે તારા બાપુજીએ તો ના જ પાડી દીધી."

અનેક ક્ષણ બિન્દુ મૌન રહી–વિચાર કર્યો અને પછી બોલી: "બપોરે આંટો મારી આવીશ. એની વહુને ય જોઇ નથી--તે જોઈ આવીશ."

બિન્દુની બા વિસ્મય પામી, ગુસ્સે થઇને બોલી: "આટલું કહ્યું છતાં ય જઇશ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિન્દુએ ડોકું હલાવી "હા" કહ્યું.

કેટલીક પળની ચૂપકીદી પછી એ બોલી: "હું જાઉં તો કંઇ ખોટું નહિં ગણાય, હું તો કહું છું કે પુરુષ-પુરુષ વચ્ચેના ઝઘડામાં સ્ત્રીઓને શું ?"

વખત થયો હોવાથી બિન્દુની મા જવા નીકળી--જતાં જતાં બોલી: "તારા બાપુ જાણશે તો ગુસ્સે થશે – હું કંઇ ન જાણું."

"– પણ એમને હું ખબર જ નહિ પડવા દઉં."

"કેમ નહિ ખબર પડે ?–જરૂર ખબર પડશે."

"તું જણાવે તો પડે."

"પણ જાણશે તો એવા ગુસ્સે થશે કે....."

"પોતાના બાળક પર માબાપ તો ગુસ્સે થાય એમાં નવાઈ નથી ; પણ પછી એ ભૂલી જાય છે – એની તું ચિન્તા કરતી નહિં." બિન્દુએ હસીને કહ્યું.

૨

એ ગામનું નામ હળદપુર. જિલ્લાનું નામ આપી અમે વાચકવૃંદને કષ્ટ આપવા ઇચ્છતા નથી ; કારણ, એ ગામમાં જોવા જેવું કે સાંભળવા જેવું કશુંય નથી. છતાંય વાચકને એ વિષે અતિ કુતૂહલ જ થતું હોય તો આ રહ્યું એનું વર્ણન :

સાંભળવા મુજબ આ ગામમાં પૂર્વે અનેક ધનિકો વસતા હતા – એ શકય છે. કારણ, એક તો એ ગામ ગંગાકિનારે સ્થપાયું છે: બીજું જુના કાળમાં બે-ચાર જીર્ણ શિવમંદિર – વનનમાં અર્ધદશ્યમાન સ્થિતિમાં મૌનવ્રતધારી યોગીની જેમ હજૂ ય ખડાં છે. વળી એકાદ – બે તળાવ હોઇ એની પાળો સારી રીતે સીમેન્ટથી બાંધવામાં આવી છે – એની આસપાસ છૂટી ફરતી ગાયો ચરતી દેખાતી : આ બધું જોતાં એટલું જ અવશ્ય અનુમાની શકાય કે ગામની આજના જેવી સ્થિતિ નહોતી : કિન્તુ હાલમાં દશ વીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર બ્રાહ્મણ અને કાયસ્થનાં – પચાસ સાઠ કણબી વગેરેનાં – અને બીજું જંગલ – જંગલ :

આ ગામમાં શ્રીયુત હારાણચંદ્ર મુખોપાધ્યાયનું પણ ઘર હતું : એ જૂના વખતમાં ઇંટથી બે માળ સુધી બંધાયું હતું : ઉપરના માળમાં બે ખંડ હતા – ને નીચે ચાર પાંચ : ચારે બાજુ પુષ્કળ વાંસનાં ઝાડ, બે – ચાર કેળનાં, એકાદ બે બિલીનાં, બે – ત્રણ આંબા. -- આટલી જ મુખોપાધ્યાયની વડીલોપાર્જિત વસ્તુઓ – એ જ એમની પાર્થિવ સંપત્તિ :

હલુદપુરથી અડધો ગાઉ દૂર બ્રાહ્મણવાડામાં જમીનદાર નંદિનીને ત્યાં હારાણચંદ્ર નોકરીમાં હતા. પગાર હતો વીસ રૂપિયાનો – એમાં તેઓ સુખેથી રહેતા હતા; પણ હમણાં હમણાં એમને તંગાશ આવતી હતી — **સદાય ખેંચતાણ** અનુભવતા હતા.

ઘરમાં ભાણાં મંડાતાં ધણાનાં -- પત્ની, બે દીકરા, બે દીકરીઓ. અને વિધવા મોટી બ્હેન : અર્થાત બંગાલી કુટુંબની સચરાચર સ્થિતિ અહિં પણ પ્રવર્તતી હતી : પહેલાં, મહિનાને અંતે જ્યારે વીસ રૂપિયા પત્નીના હાથમાં પડતા, ત્યારે અત્યારના જેવું દૈન્ય – કે તંગાશ કહિ દેખાતી ય નહિ--પત્ની અને મોટી બ્હેન બન્ને મળી સંપૂર્ણ આસાનીથી પોતાનો આ સંસાર ચલાવતાં હતાં -- પરંતુ હાલમાં તેઓથી એ થતું પણ નહોતું -- અને તંગી હટતી યે નહોતી : આજે ચોખા નથી -- કાલે દાળ નથી -- તો પરમ દિવસે બળતણ વિના રસોઇ થાય એમ નથી અને આમ દરરોજ આ નથી -- ફલાણું નથી -- એ અવસ્થામાં મુખરજીએ એક અપ્રામાણિક માર્ગ શોધી કાઢ્યો અને તેઓ જમીનદારની રોકડમાંથી થોડોક અંશ પોતાના ઘરખર્ચના ઉપયોગમાં લેવા માંડયા. વિશ્વાસુ હારાણબાબુની પ્રથમ તો કોઇએ શંકાય ન ઉઠાવી. આ રીત વધુ દિવસ ન ચાલી : ક્રમશ: જમીનદારને સંદેહ થવા માંડયો : પરંતુ સંદેહ જ્યારે ગાઢ રૂપ પામ્યો ત્યારે તેમણે બધા ય ચોપડા જોવા માંગ્યા. ખાતાઓમાં અનેક ભૂલો અને ગોલમાલ માલૂમ પડી અને સાથે સાથે ચોરી પણ પકડાઇ, હારાણબાબુ આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીમાં મોટી રકમ હજમ કરી ગયા હતા. જમીનદાર શ્રી ભગવાનનંદી દયાળુ ધર્મનિષ્ઠ હતા. તેમણે હારાણબાબુને બોલાવી પૂછ્યું : "કેમ, કેટલા રૂપિયા ઉચાપત કર્યા ?"

"ખબર નથી."

"ખબર નથી ? ત્રણ હજારનો ગોટાળો દેખાય છે -- એટલા બધાનું શું કર્યું ?"

"ખર્ચી કર્યા."

"ખર્ચી કર્યા એ ખરું— ચોરી કરવી પડી ?"

"વીસ રૂપિયામાં ન ચાલ્યું એટલે ચોરી કરવી પડી."

"આટલા દિવસ ચાલ્યું ને હવે ન ચાલે ? ઠીક; તો પછી મને કહ્યું કેમ નહિ ?"

"બોલ્યો હોત તો આપ મને શું પગાર વધારી આપત ?"

"કદાચ આપત, -- પણ રહેવા દે હવે – જેટલા લીધા છે તેના અડધા પણ પાછા આપે તો હું તને છોડી દઉં."

"શી રીતે આપું ? મારી પાસે તો કંઈ નથી."

"જમીન-બમીન કંઇ લીધું હોય તો વેચી નાખ."

"જમીનમાં તો ઘર છે; એ વેચી આપું."

"તો પછી તારાં બાળ-બચ્ચાં ક્યાં રહેશે ?"

"રસ્તામાં-ઝાડ હેઠળ."

ભગવાનબાબુ થોડી વાર હારાણ સામું જોઇ રહ્યા અને પછી બોલ્યા : "તારી આંખ આટલી લાલ કેમ ?"

"હું શું જાણું ?"

એ પછી હારાણ મુખરજીને વિદાય આપી, બીજા મુનીમને બોલાવી ભગવાનબાબુએ કહ્યું : "તમે જરા હારાણને ઘેર જઈ આવો તો-જુઓ, કંઈ ખબર પડે છે !"

"શી ખબર કાઢું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જરા જોઇ આવો કે એમનું કેમ ચાલે છે? માલ-મિલકત કંઈ છે કે કેમ? કંઇ દેવું છે કે કેમ?"

આ મુનિમ હારાણબાબુની બધી હકીકત જાણતો હતો: એ બોલ્યો: "હું જાણું છું ત્યાં સુધી એમની સ્થિતિ સારી નથી. મિલકતમાં કશુંય નથી—કંઇ કરજ હોય તો ખબર નથી."

"પણ પૂરી તપાસ તો કરી આવો; પછી બધું જણાવો."

બે દિવસ બાદ આ મુનિમે જણાવ્યું કે, હારાણની સ્થિતિ એકદમ નરમ છે--અને પહેલાં જે કહ્યું હતું તે સર્વાંશે સત્ય છે.

"હારાણ કંઇ નશો કરે છે?"

"જી હા, ગાંજો પીએ છે."

"એટલે જ એની આંખો લાલ ધૂમ દેખાય છે. હં. ઠીક--એ સાથે બીજી યે કંઇ લત વળગી છે કે?"

મુનીમ નીચે મોંએ બોલ્યો: "સાંભળ્યું છે તો ખરૂં કે બીજી યે કુટેવ છે."

"ત્યારે એક કામ કરો, કચેરીમાં જઇ સુખરજી પર ચોરીની ફરિયાદ નોંધાવો અને પોલિસને પણ બોલાવો."

પરિણામ એ આવ્યું કે, સુખરજીને ગિરફતાર કરી જેલમાં લઇ જવામાં આવ્યા. નજીક હોવા છતાં હરિદપુરના માણસોને એની ખબરે ન પડી, બિન્દુના પિતા ભવતારણ ગાંગુલી માત્ર જાણતા હતા--કદાચ નંદીએ જ એમને જણાવ્યું હોય. ભવતારણ સંભ્રાંત વ્યકિત હતા--શ્રીમંત હતા. એમણે ધાર્યું હોત તો હારાણને અનાયાસે મુકિત અપાવી શકયા હોત;-પણ એવું કશુંયે એમણે કર્યું નહિ; એટલે સહાયહીન હારાણ જેલમાં જ પડી રહ્યા. કલહપ્રિય કૃષ્ણપ્રિયાને આની કયાંથી ખબર પડી એ તો એ જ જાણે.

*
* *

વૈશાખનો બીજો પ્રહર—કાળાં વાદળાં આકાશમાં કૂચ કરી રહ્યાં હતાં. ચારેકોર અંધારૂં થયું હતું. એ સમયે હારાણબાબુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોડામાં એમની પત્ની અને મોટી દીકરી બાળવિધવા લલના સામસામે બેઠાં હતાં. બન્નેનાં મોઢાં ઊતરી ગયાં હતાં--બન્ને મા–દીકરીએ હજી સુધી કંઈ ખાધું નહોતું.

લલના બોલી : " બા, આજે પણ બાપુજી આવ્યા નહિં. વરસાદ આવશે તો રસોડામાં ઊભા રહેવાની ય જગ્યા નહિ રહે; માટે તું ખાઈ લે."

" જરા વાટ જોઈએ--ત્રણ દિવસ થયા–આજ આવે ય ખરા."

" પણ બા, બાપુએ આવું તો કદી કર્યું નથી. આજે પણ જો નહિ આવે........"

" તો શું કરશું ?....ભગવાન તો છે."

આજે એકાદશી હતી -- રાસમણિ (હારાણની મોટી બહેન) આજે સ્નાન--પૂજા કરી જરા મોડાં ઊઠયાં હતાં. માળા ફેરવતાં—ફેરવતાં તેઓ ત્યાં આવી ચીત્કાર કરી બોલ્યાં: " વહુ, હજુ સુધી ખાધું નથી ?"

વહુ ખિન્ન કંઠે બોલી: "ફોઈ હજી જરી રાહ જોઉં."

" કરપાળ! રાહ જોવાથી કશુંય વળવાનું નથી. આટલા દહાડા થયા–હવે એ આવે ? આશા ન રાખતી–ગાંજો પીને કોણ જાણે કયાંય પડી રહ્યો હશે."

ઉપવાસ કર્યો હોય તે દિવસે રાસમણિનો સ્વભાવ કંઇક ગરમ રહેતો. મા–દીકરીમાંથી કોઇ યે બોલ્યું નહિં એટલે એ વધુ ગુસ્સે થઇ બોલ્યાં:

" મૂઓ મરે તો નિરાંત થાય હવે તો."

લલનાને એ અસહ્ય થઇ પડયું. એ દુઃખી હૃદયે બોલી :

" એકાદશીના દહાડે આવું કેમ બોલો છો ફઈ ?"

રાસમણિના હૃદયમાં પણ એ વાત ખૂંચી. અંતરમાં વ્યથા થઈ અને કંઇક શરમાયાં પણ ખરાં; કિન્તુ નાની લલના આમ સમજાવે એ તેમને પસંદ ન પડયું. તેઓ વળી વધુ ગુસ્સે થયાં અને બોલ્યાં : " તું તો આજકાલની છોકરી ! તે વળી મને અગિયારશ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારશ શિખવાડવા આવે છે! એ તારો બાપ થાય છે – ને મારે કંઇ સગો થતો નથી?" બોલતાં – બોલતાં રાસમણિની આંખમાં આંસું આવ્યાં. "ત્રણ દિવસથી એ આવ્યો નથી -- મારે હૈયે શું થાય છે એ તો ભગવાન જાણે છે."

પાલવથી આંસુ લૂછી તેઓ આગળ બોલ્યાં: "હું તો હવે ઘરડી થઈ – એક વાત બોલું તો તમે મારી આંખમાં આંગળી ઘોંચી પાંચ વાત સંભળાવો એવાં છો. કંઈ નહિ બા, હું તો હવે તમારી આડે નહિં આવું. આ તો ઘરમાં વહુ ખાધા વગર બેસે તે સહેવાયું નહિ -- નહિં તો મારે શું કામ બોલવું પડે -- હું તો દૂર જ સારી."

લલનાને બહુ ખોટું લાગ્યું. એની એક વાતનો આટલો ગંભીર અર્થ ઘટાવાય અને આમ ક્રંદનમાં પરિણમે એ એને સમજાયું નહિ. એ બોલી "મારી ભૂલ થઇ ફઈ, ફરી આવું નહિ બોલું,"

લલનાની બા પણ બોલી: "બા, તમે તો હવે ઘરડાં થયાં–જરા સમજો તો સારૂં."

ઘણું ઘણું કહેવાથી લલનાની બાએ પછી થોડું ખાધું. ત્યાં તો બિન્દુવાસિની પોતાની પાંચ વર્ષની પુત્રી પ્રમિલાને આંગળીએ વળગાડી આવી પહોંચી. સામે જ રાસમણિ ઊભી હતી. એને જોતાં જ રાસમણિ બોલી ઉઠી:–"બિન્દુ તો હવે દેખાતી જ નથી, હોં."

બિન્દુ પણ ટપી જાય તેવી હતી. હસીને એ બોલી: "દિદી, તમે પણ પાછાં બહુ આવો એવાં ને!"

શું આવે બહેન! આ જો ને ન્હાનલો વારે ઘડીએ માંદો રહે છે–તેથી કયાંય જવું આવવું થતું નથી."

"શું થયું છે?"

"તાવ આવે છે–ગોળો ચડે છે–પેટમાં દુ:ખે છે–કશું એ બાકી નથી."

"વહુરાણી કયાં ગયાં?"

"હમણાં જ ખાઇને માધુ પાસે બેઠી છે."

"આટલાં મોડાં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હારાણની રાહ જોતી હતી. ત્રણ દિવસથી એનો પત્તો જ નથી, આવશે – આવશેમાં જ મોડું થઇ ગયું."

બિન્દુ ત્યાંથી વહુ પાસે ગઇ – એ પોતાના સૌથી ન્હાના પુત્ર માધવ પાસે વાતો કરતી બેઠી હતી: માધવ હારાણનો કનિષ્ઠ પુત્ર. ઉમ્મર એની લગભગ આઠ વર્ષની. લગભગ વરસથી તાવ ને પેટના દુખાવાથી પીડાતો હતો. રોગ એટલો કંઇ ભયંકર નહોતો – સારી રીતે એની ચિકિત્સા થાય તો એની બિમારી ક્યારની યે મટી ગઈ હોત, પણ પૈસાના અભાવે એની બરાબર દવાદારૂ થઈ શકી નહોતી.

સાધારણ ઓસડ, કંઇક મૂળિયાંનો ઉકાળો ને ક્વિનાઇન એટલું એને આપવામાં આવતું હતું. શાંત ને સ્નિગ્ધ સ્વરે એણે પોતાની બાને પૂછ્યું:

"બા, મારા બાપુજી કેમ ત્રણ ચાર દિવસથી દેખાતા નથી!"

"અહીં નથી ને ભાઇ."

"ક્યાં ગયા છે?"

બા જેમ તેમ બોલી: "તારા માટે દવા લેવા."

બાળક ખુશ થઇ બોલ્યો: "મિઠી દવા લાવશે ને બા? – મને તો કડવી દવા નથી ભાવતી. હવે તો નથી ગમતું બા,સારા થઇ જઇને ફરવાનું મન થાય છે."

કેટલીક ક્ષણ ચૂપ રહ્યા પછી બાળક ઉત્સુકતાથી ફરી બોલ્યો: "બા, હું સાજો થઇશ ને?"

જનનીની આંખમાં આંસુ આવ્યાં – તે મનમાં જ બોલી: "જગદીશ્વરના મનમાં હશે તે થશે." પણ એ પ્રકટ બોલવા જતી હતી ત્યાં બિન્દુ આવી પહોંચી ને બોલી: "કેમ સાજો નહિ થાય? હું તને સાજો કરીશ."

માધવની બાને બિન્દુના આગમનની ખબર નહોતી. એને જોતાં જ બન્ને મા–દીકરો ચમક્યાં. બિન્દુ એની પથારીમાં બેસી બોલી:

"શુભદા, જમી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હારાણ બાબુની પત્નીનું નામ શુભદ્રા. બિન્દુ એના કરતાં બે - ચાર વર્ષે ન્હાની હતી, પણ એ એને નામથી જ બોલવતી હતી.

" કેમ, લલના કયાં ગઇ છે ? "

" ઉપર હશે. "

" તો બોલાવને " - પણ પોતે જ બોલી :

" લલના - ઓ લલના ! "

લલનાનો ઉપરથી અવાજ આવ્યો :

" કેમ ? - કેમ છો ? "

" જરા નીચે તો આવ " બિન્દુ બોલી.

લલના આવી પહોંચી.

" લે, જરા પ્રમીલાને રમાડ-હું ને તારી બા ઘણે દિવસે મળીએ છીએ તો જરા વાતો કરીએ...લે બેસ. "

પ્રમિલાને મૂકી બિન્દુ શુભદ્રાનો હાથ પકડી ઉપર લઈ ગઇ... કમાડ બંધ કરી એ બોલી : " વહુરાણી, હારાણભાઈ કેટલા દિવસથી નથી આવ્યા ? "

" ત્રણ દિવસ થયા. "

" કેમ નથી આવ્યા એ જાણે છે ? "

" ના - કંઇ ખબર નથી. "

બિન્દુના પ્રશ્નોથી શુભદ્રાને બહુ જ બીક લાગતી હતી. બિન્દુ તો મૌન સેવી વિચારી રહી હતી : શુભદ્રાના આખા અંગ પર પરસેવો વ્યાપી ગયો હતો. થોડીક ક્ષણો બાદ બિન્દુ બોલી : " શુભદ્રા, એવી કેટલીક વાતો છે કે એને ઘણી યે મીઠી કરવા જઇએ તો પણ કંઇ વળે નહિ - એ તું જાણે છે ? "

" હા, કેમ ? "

" હારાણભાઇ આજ ત્રણ દિવસથી ઘેર આવ્યા નથી - એટલે એ બાબત કંઇક અશુભ સમાચાર આપું તો ? "

શુભદ્રાના આખા શરીરમાં જાણે કે વિજળીનો ઝટકો લાગ્યો — " શું તેમને કંઇ થયું છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ આમ કંપે છે ? એમ તો તેમને કંઇ થયું નથી."

"સારા તો છે ને ?"

"કેમ નહિ ?"

"હારાણ જીવતા છે – ને સારાય છે એ જાણ્યા છતાં ય શુભદા એક શબ્દ સુદ્ધાં ઉચ્ચારી ન શકી.

અનેક ક્ષણ પછી મ્લાન મુખે શુભદાએ જિજ્ઞાસા દાખવી : "ત્યારે શું થયું છે ?"

"એ તો હું કહેવા આવી છું; પણ તું આમ કરે તે નહિ ચાલે."

શુભદા દીર્ઘ શ્વાસ લેતાં બોલી : "ચાલ નહિ કરું, બોલ ત્યારે હવે."

"ચોરીના આરોપસર નંદીએ જેલમાં બેસાડયા છે."

"જેલમાં ગયા છે ?" શુભદાનું મોં એકદમ ફિક્કું પડી ગયું.

"હવે શું થશે ?"

"–શું થાય ? છોડાવ્યે જ છૂટકો."

"એ શી રીતે બને ?"

"કેમ નહિ બને ? હજુ તો કસ્ટડીમાં છે, સજા થાય જ એવું કંઇ નથી."

થોડી વાર પછી શુભદા બોલી :

"તારા બાપુજી પાસે મારે જવું પડશે."

બિન્દુએ નકારમાં ડોકું હલાવ્યું. તે જાણતી હતી કે શુભદાનું મોં જોઇ પથ્થર પણ પીગળે તેમ હતો, પણ ભવતારણ ગાંગુલી એમ પીગળે એવા નહોતા.

એ બોલી : "જવાથી ફાયદો શું ?"

"કેમ નહિ ? – અમારું તો કોઇ છે નહિ; એટલે તેઓ પર જ બધો આધાર. દયા ખાઇ તેઓ કંઇ કરે."

"જેનું કોઈ નથી એનો ભગવાન તો છે. હારાણભાઈ અને બાપુજીને તો જાણે ચિરકાળની અદાવત છે–એટલે એમની પાસે ગયે શું વળે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ત્યારે કંઇ રસ્તો ? "

" રસ્તો હું કાઢી આપીશ; નહિ તો શું તું એમ સમજી'તી કે હું ખાલી ખબર આપવા જ આવી હતી ?...હું કહું તે તું કરીશ ? "

" જરૂર કરીશ ".

" અઘરૂં હશે તો ચે ? "

" શુભદા દૃઢતાથી બોલી : " હા. "

" ત્યારે સાંભળ, બસો – ત્રણસો રૂપિયા ચોર્યા બદલ નંદીએ ફરિયાદ માંડી છે. "

બસો–ત્રણસો રૂપિયા ! શુભદાને ધ્રાસ્કો પડયો. આટલી બધી રકમની સામટી ચોરી થઇ શકે !–અને ચોરી કરીને ય સૂકે કયાં ?

" ના – ના, બિન્દુ ! આવડી મોટી ચોરી તેઓ ન કરે. "

" ન કરે તો તો સારૂં જ ને ! પણ એ વાત જવા દે હવે...આટલી રકમ નંદીને ભરી દઇએ ને આજીજી કરીએ તો કદાચ હારાણભાઇને છોડી મૂકે. "

" પણ કયાંથી ભરવા ? આવડી મોટી રકમ હું લાવું કયાંથી ? "

" એ હું જોઈ લઇશ...વહુ, શરમાવાનો આ સમય નથી. આ મારી બે બંગડીઓ છે એ લઇને તું પોતે ભગવાનબાબુને ત્યાં જા, ને પછી ઠીક લાગે તે કર. "

શુભદા વિસ્મય પામી બોલી :

" તારી બંગડીઓ ? "

" હા, હા. એની કિમ્મત ત્રણસો–ચારસો રૂપિયા હશે. એ આપી એમને વિનવીશ તો એ દયા ખાઇને છોડી પણ મૂકે. "

" પણ બિન્દુ... "

" પણ શું ? પહેલાં પતિને છોડાવ; પછી પણ – બણ કર. આ કંઇ શરમાવાનો વખત છે ? પૈસા પાછા આપવાની ચિન્તા ન કર–તારો દીકરો છે તે કાલે મોટો થશે – ને ભરી દેશે. "

" આજે જાઉં ? "

" હા – આજે જ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોની સાથે જાઉં ?"

"કોઇ ભરોસાવાળું માણસ છે ?"

"ના, કોઈ નથી."

"તો એકલી જ જા. હું તો કહું છું એકલા જવું જ સારું, કારણ, બે–પાંચ માણસ જાણે તો વળી કૈં કૈં વાતો થાય."

"ત્યારે આજે જ જઇ આવું."

"હા, હા વળી. આજે જ...સાંજે, જરા મેલી સાડી પહેરીને જજે. કાલે આ વખતે જ હું પાછી આવીશ;"

શુભદાની આંખમાંથી આંસુ વહેવા માંડયાં. બિન્દુએ પ્રેમપૂર્વક એ લૂછી નાખ્યાં અને બોલી : "ભગવાન કરે ને બધું સીધું ઊતરે. આથી કંઇ નહિ બને તો બીજો પણ ઉપાય છે ; પણ તું જરીયે ગભરાઇશ નહિ."

જતાં પહેલાં બિન્દુએ છેડે બાંધેલા પાંચ રૂપિયા શુભદાના હાથમાં મૂકી દીધા, અને કહ્યું : "વહુ, તું તો મારી બહેન જેવી – મને શરમાવ મા. પૈસા આપું છું તે માધવને વાપરવા."

નીચે આવી બિન્દુ પ્રમિલાનો હાથ ઝાલી બોલી : "વખત થઇ ગયો–ચાલ ઘેર જઇએ."

અને વિધવા લલના પર એક સ્નેહ ભરી કરુણ દૃષ્ટિ ફેંકીને ચાલી ગઇ.

૩

બપોરના જે બધાં કાળાં વાદળાં પવનના અત્યાચારથી છિન્ન-ભિન્ન થઇ ક્યાંય અદૃશ્ય થયાં હતાં તે બધાં સંધ્યા સમયે એક પછી એક મહાસમારોહે એકઠાં થયાં. સૌએ માની લીધું કે આજે જરૂર વરસાદ થશે–ગરમી ઓછી થશે ને હેરાનગતિ મટશે. સૌના મંગલ માટે જ જાણે એ વૃષ્ટિ હતી – ફક્ત શુભદા વિચારી રહી: એના જ કરમના દોષે આ દુર્યોગ થયો. એક તો હળદપરનો રસ્તો જંગલમાં–ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું આ અંધારૂં. તથાપિ, શુભદાએ બંગડીઓ સાડીના છેડાએ બાંધી અને અંગ પર ચાદર ઓઢી ઘર બહાર નીકળી. આ પહેલાં એ બ્રાહ્મણવાડે કદી ગઈ નહોતી. માત્ર એણે એટલું સાંભળ્યું હતું કે ઉત્તર દિશાએ સીધી જાય તો પાકો રસ્તો આવે અને ત્યાંથી થોડે જ બ્રાહ્મણવાડો દેખાય. ત્યાં એક વખત પહોંચી જાય તો ભગવાન બાબુનું ઘર શોધતાં વાર ન લાગે. કારણ, એ પણ એણે સાંભળ્યુ હતું કે એમનું ઘર મોટું હોઈ દૂરથી દેખાઇ આવે છે.

પરંતુ હળદપુરનો રસ્તો વટાવી પાકી સડક પર જવાનું પણ કઠિન થઇ પડયું. ધીરે ધીરે અંધકાર પણ ગાઢતર થતો ગયો અને વરસાદના છૂટા છવાયા છાંટા પડવા શરૂ થયા. એક છાંટો–બે છાંટા કરતાં કરતાં મૂશળધાર વરસાદ વર્ષવા માંડયો. શુભદાએ એક ઝાડ તળે આશરો લીધો. આગળ જવું અશકય થઇ પડયું. અંધકાર પૂરો વ્યાપી ગયો હતો. એક હાથ દૂરની વસ્તુ પણ કંઇ દેખાય તેમ નહોતી. પ્રબળ વૃષ્ટિ અને ભયંકર ગાજવીજથી શુભદા કંપી ઊઠી. ચારે બાજુથી જંગલી જનાવરો દોડતાં એ જ ઝાડ તળે આશ્રય લેવા આવતાં હતાં, પણ મનુષ્યમૂર્તિ જોઇ ચિત્કાર નાખી જતાં રહ્યાં. સહસા શુભદાએ વિચાર્યું : કોઇ ચોર-ડાકુ પણ અહીં આશરો લેવા આવે તો ? જીવની એને પડી નહોતી–એથીય મૂલ્યવાન બંગડીઓ બદલ એને ચિન્તા થઇ. સ્વામીની મુકિતની આજ માત્ર આશા હતી. ત્રાસી ઉઠી હોય તેમ એ ઝાડ તળેથી સરકી–આખા શરીર પર કાદવના છાંટા ઉડયા હતા. ઝાડ-ઝાંખરાં અને કાંટા હાથપગ પર ઉઝરડાયા હતા, છતાં પણ શુભદા આગળ ને આગળ ચાલવા મંડી. ગાજવીજ હજુય ચાલુ હતી–પોતે કયાં જઇ રહી છે એનું પણ એને ભાન નહોતું; છતાંય આડે આવતાં ઝાંખરાંમાંથી માર્ગ કરતી એ જઇ રહી. થોડી વાર પછી એને જણાયું કે સામે મોટો રસ્તો દેખાય છે. દ્વિગુણ ઉત્સાહે એણે પગલાં ઉપાડયાં. એ પાકો રસ્તો જ હતો. હવે એક જ ચિન્તા રહી. જ્યાં સુધી રસ્તો જોયો નહોતો ત્યાં સુધી એની જ ચિન્તા હતી. [illegible] સ્વામીને કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળાય ? અને મળે તો પણ કામ શી રીતે પાર પડે ? – કામ પાર પડે કે ન પડે, પણ આવા વરસાદમાં—આવી રીતે ઘેર પાછા કેમ જવું ?

જેમ તેમ શુભદાએ ગામમાં પ્રવેશ કર્યો. થોડે જ દૂર આવી ત્યાં તો એક મોટું મકાન દેખાયું. એની ચારે બાજુ બાગ ફેલાયેલો હતો. શુભદા સમજી ગઈ કે આ જ નંદીનું ઘર હશે. પણ અંદર શી રીતે જવું ? – અને ગયા પછીયે નંદીને મળવું કેમ ? – શુભદા રડવા જેવી થઈ ગઈ; હવે શું થાય ? ઘેર પણ કેમ જવાય ? શ્રમ, અનાહાર અને દુર્ભાવનાએ તે મૃતપ્રાય થઇ ગઇ. સામે શિવમંદિર દેખાયું. એના ઓટલા પર જઇ એ બેઠી. વરસાદ તો હજુયે વરસતો હતો. પણ જરા ઓછો થયો હતો.

વૈશાખનાં વાદળાં એક પળમાં એકઠાં થઈ ગગન આચ્છાદિત કરી દે છે અને એક પળમાં ક્યાંય પાછાં અદશ્ય થઇ જાય છે. એટલે આ વખતે પણ તેમ જ બન્યું. વાદળાં પાછાં ક્યાંય અદશ્ય થઇ ગયાં. ચંદ્રમાના પ્રકાશમાં પૃથ્વીએ શુભશ્રી ધારણ કરી. શુભદાએ વિચાર્યું : હવે પાછી વળું. કપડાં નીચોવી – સંકોરતી હતી ત્યાં એને જણાયું કે એક વૃદ્ધ ફાટક ઉઘાડી મંદિર ભણી આવી રહ્યા છે. એમની પાછળ કોઇ નોકર જેવું પણ ફાનસ પકડી ચાલી રહ્યું છે, એમની પાસેથી કંઇ સમાચાર જાણવા મળશે; એ આશામાં એ પ્રસ્થાન કર્યા વિના ત્યાં જ ઊભી રહી. વૃદ્ધને મંદિર નજદીક અવતાં જ જણાયું કે એક સ્ત્રી લાજ કાઢી ઊભી છે. કંઇ પણ બોલ્યા વિના તેઓ મંદિરમાં પ્રવેશ્યા. થોડી વાર પછી બહાર નીકળતાં જોયું કે એ સ્ત્રી હજી પણ એમ જ ઊભી છે. પહેલાં તો એમણે ધાર્યું હતું કે વરસાદને કારણે એ ઉભી હશે, પણ હવે વરસાદ બંધ રહ્યો હોવા છતાં તેને ઉભેલી જોઇ તેમને કુતૂહલ ઉપજ્યું અને તેમણે પૂછ્યું : "કોણ છો ?"

સ્ત્રી કંઇ જ બોલી નહિ.

"ક્યાં જવું છે ?" ફરી વૃદ્ધે પૂછ્યું.

શુભદાને બોલતાં શરમ લાગતી હતી, પણ મૃદુ કંઠે એ બોલી : "જમીનદાર બાબુને ત્યાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જમીનદારનું ઘર તો આ સામે રહ્યું–તો પછી અહીં શું કામ ઉભાં છો?"

શુભદા નિરુત્તર રહી. વૃદ્ધે ફરી જિજ્ઞાસા દાખવી.

"જમીનદારને ત્યાં જવું છે?–કોને મળવું છે?"

"બાબુજી ને."

"કયા બાબુજી ને?"

"ભગવાનબાબુજીને."

વૃદ્ધ આશ્ચર્ય પામી બોલ્યા: "ભગવાન બાબુ પાસે જવું છે?"

"હા."

"તો ચાલો મારી સાથે."

વૃદ્ધે આગળ ચાલવા માંડયું. ચંદ્રના પ્રકાશમાં વૃદ્ધના સફેદ વાળ, એમની સૌમ્ય મૂર્તિ જોતી જોતી એ નિઃસંકોચ વૃદ્ધની પાછળ પાછળ ચાલવા લાગી.

ફાટક વટાવી, બાગ વટાવી, ઓરડાનો દરવાજો ખોલી નાખતાં વૃદ્ધ બોલ્યા: "અહીં આવો."

લાજ કાઢેલી શુભદાએ અંદર પ્રવેશતાં જોયું કે, ઓરડો સારી રીતે શણગારાયો હતો. જમીન પર કિમ્મતી જાજમ બિછાવી હતી. સામે ગાદી પાથરી હતી. વૃદ્ધ એના પર બેઠો અને શુભદાએ પગથી માથા સુધી જોવાય તેટલી નીરખી લીધી. શુભદા એક સમયે રૂપવંતી હતી–વય અને દુઃખથી; પૂર્વની જ્યોત એનામાં અત્યારે નહોતી, તથાપિ ઓસરતા રૂપનાં તેજ પર એ વૃદ્ધ મોહિત થયા. અનેક ક્ષણો જોયા બાદ તેઓ બોલ્યા:

"તમારી ભૂલ તો થતી નથી ને?–તમે વિનોદબાબુને તો મળવા માગતાં નથી ને?"

"વિનોદબાબુ–"

"ભગવાનબાબુના એ નાના ભાઈ–એમને નથી ઓળખતાં?"

"ના–ના. એમને હું મળવા નથી આવી."

"તો ભગવાનબાબુને શા માટે મળવું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હા. "

" હું પોતે જ ભગવાન નંદી, પણ મેં તો તમને કદી જોયાં નથી."

શુભદ્રાએ ડોકું હલાવી " ના " કહ્યું,

" મારું શું કામ છે ? "

શુભદ્રા કંઇ બોલી નહિ. ભગવાનબાબુ ફરી બોલ્યા: " હું તો માનતો હતો કે રાત્રે અહીં કોઇ સ્ત્રી આવે તો વિનોદ પાસે જ આવે – પણ આટલી મોડી રાતે મારું શું કામ હશે તે હું સમજી શકતો નથી. "

તથાપિ શુભદ્રા નિરુત્તર જ રહી.

" તમે ક્યાંથી આવો છો ? "

" હળુદપુરથી. "

"હળુદપુરથી ?–ને મારી પાસે ?...તમે હારાણનાં પત્ની તો નહિ ?"

શુભદ્રાએ લાજમાંથી ડોકું હલાવ્યું.

" ત્યારે બોલતાં કેમ નથી ? શું કામ છે ? "

શુભદ્રાએ સાડીના છેડેથી બંગડીઓ કાઢી ધીમેથી ભગવાનબાબુના પગ આગળ મૂકી દીધી અને બોલી : " એમને છોડી દો. "

વૃદ્ધને હવે બધું સમજાયું. બંગડીઓ હાથમાં લઇ તીવ્ર દૃષ્ટિથી જોઇ બોલ્યા :

" એટલું એણે સારું કર્યું – આ બંગડીઓ તને અપાવી. " અને બંગડીઓ નીચે મૂકતાં બોલ્યા : " આ પાછી લઇ જાઓ. બ્રાહ્મણકન્યાનું ઘરેણું હું લેતો નથી. હારાણને છોડવો હશે તો એમ જ છોડી દઇશ – એ જે લઈ ગયો તેના બદલામાં આ તમારા દાગીના લઉં કે ના લઉં બધું સરખું જ છે."

આંસુ લૂછી શુભદ્રા બોલી : " એમને છોડી દેશો ને ? "

" મરજી તો નહોતી–એવું એણે હલકટ કામ કર્યું છે ; પણ હવે તમારે માટે છોડી મૂકીશ. "

શુભદ્રાની આંખો જાણે ફાટી ગઇ અને એમાંથી આંસુઓ સરવા મંડયાં. બ્રાહ્મણકન્યા હોવા છતાં મોટા સ્વરે એ વૃદ્ધને આશીર્વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન આપી શકી. મનમાં ને મનમાં એને ધન્યવાદ આપી, પ્રભુ પાસે મંગળ પ્રાર્થી, એ જવા નીકળી.

ભગવાનબાબુ મોં જરા ઊંચું કરી બોલ્યા: "અત્યારે ઘેર જશો ?"

"હા."

"સાથે કોઇ બીજું છે ?"

"કોઇ નથી."

"કોઇ યે નથી ? તો આટલી રાતે એકલાં ન જાવ. કોઇને સાથે લેતાં જાવ."

શુભદાએ એ વાત સ્વીકારી નહિ. જંગલને રસ્તે એ એકાકી ચાલી.

ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે પ્હો ફાટતું હતું. લલના ઊઠી હતી અને ઘરકામમાં રોકાઇ ગઇ હતી. ભીંજાયલાં કપડાંમાં બાને જોતાં એ બોલી : "બા, આટલી વહેલી નાહી આવી ?"

"હા."

૪

હારાણની દીકરીઓનાં નામ રાસમણિ અને દુર્ગામણિ રાખવા ને બદલે લલના અને છલના રાખ્યું, એ એની બહેન રાસમણિને રૂચ્યું જ નહોતું.

બજારની વેશ્યા જેવા લલના–છલના નામ એમના કાનને જાણે કે વિંધી રહ્યા હતા. 'લલના' નામ તો કંઈક ચાલે તેવું, પણ છલના—છટ્, એ તે કંઇ નામ છે ? એટલે જ છલના રાસમણિની એટલી માનીતી નહોતી. એનું અડધું કારણ તો એ નામ જ હતું. લોકો દીકરા–દીકરીનાં નામ દેવ પરથી પાડે, એ રીતે ભગવાનનું નામ તો મોંએ આવે ! પણ આ દીકરીઓનાં નામ બોલવામાં ય જાણે પાપનો બોજો વધવા જ માંડે !

લલના મોટી – છલના ન્હાની, એકનું વય સત્તર વર્ષનું બીજીનું અગિયારનું. એક વિધવા–બીજી કુંવારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ એમની પરિચયકથા. એમના રૂપ–ગુણની કથા અમે ન કહી શકીએ: છતાંય જ્યારે લલના ગંગાકિનારે સ્નાન કરવા જતી ત્યારે ત્યાં આવેલી પ્રૌઢ બાઇઓ બોલતી:

" એને વિધવા બનાવવી હતી એટલે જ ભગવાને આવું રૂપ આપ્યું છે ! " લલના બીજી દિશામાં ડોકું ફેરવી સ્નાન કરતી. સમવયસ્ક તરુણીઓ પરસ્પર કંઇ ગણગણતી. શું ગણગણતી એ તો જાણતા નથી, પણ પ્રશંસા તો નહોતી જ થતી. લલનાને એની ખેવના ય નહોતી. એ બોલતી ય ઓછું અને કોઈની વાતમાં બહુ પડતી પણ નહિ-- જરૂર પૂરતું જ બોલતી, સ્નાન કરતી, પાણી ભરતી અને સીધી પોતાને ઘેર જતી.

પણ છલનાની વાત કંઈક જુદી જ હતી. એ ઓછાબોલી નહોતી: આઠ વાગે સ્નાન કરવા જતી : અને અગિયાર વાગે પાછી ફરતી, અંગ પર અલંકાર નહોતા એટલે મોં ચઢાવ્યું રાખતી. ઘરમાં મોટા દાણાના ચોખા જોઇ કંકાસ કરતી. ભાણામાં " મરચી કેમ નથી " કહી થાળી ફગાવી દેતી – એમ દરરોજ કેટલીય વાર કંઇ ને કંઇ એની ધમાલ હોય જ.

પણ એના શરીરે જાણે રૂપ સમાતું નહોતું. તપ્ત સુવર્ણશો રંગ, ગુલાબના પુષ્પસમું વદન, ભ્રૂકુટી જાણે કલાકારની પીંછીએ અંકાયલી, પાન ખાઈ લાલ કરાયલા પાતલા ઓષ્ટદ્વય – દર્પણ લઇ એકલી પોતાનું આ રૂપ જોઈ ગર્વથી ફુલાતી અને મનમાં બોલતી: " આટલી ઉમ્મરમાં આવું રૂપ ! મોટી થઇશ ત્યારે તો કેવું ય થશે ? કોણ જાણે !......આખા ય અંગ પર કેટલાંય ઘરેણાં આ[illegible]ગે ! અહીં બંગડીઓ, અહીં કડું, અહીં નવલખ હાર, કાનમાં લટકણિયાં......ને કેટલાય ! ઓહ ! ત્યારે તો હું કેવી યે દેખાઇશ ! " [illegible] આનંદમાં જાણે એ ફૂલી સમાતી નહિં. દોડી જતી [illegible] મોટી બહે[illegible] સે જતી. લલના જિજ્ઞાસાથી કહેતી : " અલી છે શું [illegible] કે[illegible] આમ [illegible] છે ? "

" દિદિ, હું પહેલાં કરતાં કંઈ કાળી [illegible] છું ? "

' કોણ કહે છે ? – કાળી કેન [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નથી ને ?...પણ દિદિ, આપણા ગામમાં કોઇ જોષી નથી ?"

"કેમ ? એનું વળી શું કામ છે ?"

"મારે હાથ બતાવવો છે."

"કેમ ?"

"મોટી થઇશ ત્યારે ઘરેણાં મળશે કે નહિ એ પૂછવું છે."

લલનાની આંખોમાં આંસૂ ઊભરાતાં અને એ બોલતી:

"આવશે બ્હેન, આવશે. તું તો રાજરાણી થઇશ."

છલના શરમાઇ જતી...મ્હોં પર એની લાલાશ પથરાતી અને તરત એ નાસી જતી. દાગીના માટે પૂછતી હતી–રાજરાણીનું વળી કોણે પૂછ્યું'તું ?

વળી એક વાર આવી ને બોલી: "દિદિ, આપણું કંઇ નથી શું ?"

લલના બોલી; "આપણે ગરીબ કહેવાઇએ."

"કેમ ગરીબ ? ગામમાં તો આપણી પેઠે કોઇ રહેતું યે નથી... આટલું બધું કોઈ વેઠતું યે નથી !"

"ભગવાન જેમ રાખે એમાં જ આપણે રહેવું ને એમાં જ સુખ માનવું જોઇએ."

"ભગવાન આપણને જ કેમ એમ રાખે છે ?–બીજા કોઇને નહિ ને આપણને જ ?"

"પૂર્વજનમનાં એવાં આપણાં પાપ એટલે."

"એવાં તે કયાં પાપ કર્યાં આપણે ?"

"પાપ કંઈ એક જાતનું હોય છે બ્હેન ! કરમનાં ફળ ભોગવ્યા ભોગવવાં પડે – કોઇને દુઃખ દીધું હોય, માબાપની સેવા ન કરી હોય,... એ કંઇ કર્યું હશે ત્યારે જ આવું થાય ને !"

છલનાનું મોં ઊતરી ગયું. એ બોલી: "આમ કયાં સુધી ચાલવાનું ? – આખો જન્મારો કંઇ સુખ જ નહિ મળે કે શું ?"

"કેમ નહિ ? – આ દુખના દહાડા વીતશે – ને સુખનો સૂરજ જરૂર એક દિવસ ઊગશે – ઊગ્યા વિના નહિ રહે." એમ કહી લલના છલનાના હાથ પોતાના હાથમાં લઈ બોલી: "તારા ભાગ્યમાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ સુખ લખાયું છે ; ઘણાં ઘણાં ઘરેણાં તને મળશે-તારે ઘેર તો દાસ-દાસીઓ રહેશે-તું તો મોટી શેઠાણી બનવાની...મોટી રાજરાણી જેવી..."

"અને તું દિદિ ?" છલના વિચાર કર્યા વિના બોલી ગઇ. એ જાણતી હતી કે લલના વિધવા હતી, પરંતુ બાલિકાસુલભ ચપળતાથી એ વાત આપોઆપ એના મોંમાંથી નીકળી પડી. પછી તો શરમથી એ નીચું જોઇ ગઇ.

લલના ધીમું હસી બોલી : "હું યે સુખી થઇશ."

એટલામાં શુભદાએ લલનાને હાંક મારી. લલના ઊઠીને બા પાસે આવી. એણે પૂછ્યું : "કેમ ? શું છે, બા ?"

"તારા બાપુજી આવી ગયા છે જો ! સામે બેઠા છે."

તરત જ લલના ત્યાંથી ચાલી ગઇ.

*
* *

જમતી વખતે રાસમણિએ પૂછયું :

"આટલા દિવસ કયાં હતા ?"

મ્હોંમાં કોળિયો મૂકતાં એ ગંભીર ભાવે બોલ્યો :

"એ તો બહુ લાંબી વાત છે."

"કેમ લાંબી વાત ?"

એ જ ગંભીર ભાવે એણે ફરી કહ્યું :

"જાણે એક ઘાત ગઇ...હું તો એમ જ માનું છું."

રાસમણિના વિસ્મયનો પાર રહ્યો નહિ. રુદ્ધ કંઠે એ બોલી : "ખરેખરું બોલને, શું છે તે ?"

હારાણ ગંભીર વદને સહેજ હસીને બોલ્યો :

"નષ્ટચંદ્રની કલંકકથા જાણે છે ?—મને યે એવું થયું છે. ચોરી કરી છે કહી નંદીએ મને...અં...અં...મ્હારા પર ફરિયાદ માંડી હતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ફરિયાદ માંડી હતી ? "

"હા, ફરિયાદ માંડી હતી, પણ જૂઠ ક્યાં સુધી ચાલે ? કંઇ પુરાવો જ મળ્યો નહિ, ને મુકર્દમો જીતીને જ હું પાછો વળ્યો છું."

ઘુમટા પાછળ શુભદાએ આંખો લૂછી. રાસમણિએ નંદીને ખૂબ સુણાવી અને એનું નખ્ખોદ જાય એમ વાંચ્છયું. પછી બોલી :

" પણ તને હવે એ નોકરીએ નહિ રાખે, ખરૂં ? "

હારાણબાબુએ આંખો લાલ કરી કહ્યું :

" મને રાખે ? – હું જાઉં ત્યારે ને ? એ હલકટનું હવે હું મોં જોઉં ?...જીવીશ તો એનો પૂરો બદલો લઇશ. "

રાસમણિ કંઇક ભય ને વિસ્મિત દષ્ટિએ વીર બંધુ સામે જોઇ રહી અને પછી મૃદુ સ્વરે બોલી : "ત્યારે હવે આ બધા ખર્ચાનું શું ? "

" એની ચિન્તા કર મા બ્હેન, હું મરદ છું. એની વળી ચિન્તા હોય ? કાલે બીજે કયાંક નોકરી મેળવી લઇશ. "

હારાણબાબુની વાત પર રાસમણિએ સંપૂર્ણ વિશ્વાસ તો રાખ્યો નહિ, પણ કિંચિત્ અસ્વસ્થ તો બની. સંપૂર્ણ અવિશ્વાસ રાખવા કરતાં, કિંચિત્ વિશ્વાસ મુકાય તો દારુણ પ્રસંગની તાણ કંઇક ઢીલી પડે ; એ રીતે રાસમણિને પણ એવું જ કંઇક થયું. મનને એમ સાંત્વન આપ્યું. હારાણ કહે છે એમ કદાચ કરે પણ [illegible] ..આવી આપત્તિમાં જ એની આંખ ખુલશે.

કેટલીક ક્ષણો [illegible] મેરી એ બોલી: " [illegible] તેમ કર ભાઈ ; પણ આ [illegible] નાડયો છે તે સંભાળજે [illegible] ચાં છે, કોઇ સાજું [illegible] આપ દહાડા જાય ન [illegible] જુલમનો પાર નહિં રહે. "

લાંબો-ચોડો [illegible] આપી હારાણ જમી [illegible] ઉઠયો. પછી સ [illegible] માધવે સાંભળ્યું હ [illegible] બાપુજી આવ્યા [illegible] ની પથારીમાં બેઠો [illegible] હારાણે એના શરીર પર [illegible] કહ્યું :

" કેમ છે [illegible] "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સારું છે બાપુજી......પણ તમે આટલા દિવસ ક્યાં હતા?"

હારાણ મનમાં યોગ્ય ઉત્તર શોધી રહ્યો, પણ માધવ એ માટે થોભ્યો ય નહિં–એ બોલ્યો :

"તમે દવા લાવવા ગયા'તા ને બાપુજી? લાવ્યા છો?"

હારાણ શુષ્ક વદને બોલ્યો: "હા, લાવ્યો છું ભાઈ!"

"સારી છે? હું સાજો થઈ જઈશ?"

"હા – હા વળી, કેમ નહિ?"

માધવ ખુશ થતો હાથ લંબાવી બોલ્યો :

"ત્યારે દો ને!"

હારાણ સંકટમાં મૂકાયો. જેમ તેમ એ બોલ્યો : "અત્યારે ના ખવાય; રાતે આપશું."

માધવ એમાંય સંતોષાયો. મીઠું હસીને એ બોલ્યો : "સૂતી વખતે આઇશ."

પછી થોડીક ક્ષણ પિતા સામે જોઇને એ બોલ્યો : "બાપુજી, મારે માટે દાડમ લાવશો ને!"

હારાણે ડોકું હલાવી કહ્યું : "લાવશું હં!"

ત્યાં શુભદ્રા આવી. એને પાસે બોલાવી હારાણે કહ્યું : "બે એક આના છે?"

"કેમ?"

"મારે જરૂર છે. એક જણને આપવાના છે–હમણાં એ લેવા આવશે."

શુભદ્રાએ અભરાઇ પરની ડાબલીમાંથી બે આના કાઢ્યા. હારાણે ઊંચી નજર કરી જોયું તે ડાબલીમાં બીજા પણ બે ચાર પૈસા છે. હાથમાં એ આના લઈ એ બોલ્યો : "હોય તો ચાર આના બીજા આપ. માધવને દાડમ જોઇએ છે."

શુભદ્રા [illegible] પતિ સામે [illegible] રહી. આટલા બધા પૈસા [illegible] એને [illegible] કર્યું હતું, પણ ડાબલીમાંથી એણે [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા હાથમાં લઇ હારાણ હસીને બોલ્યો : " કાલે જ તને પાછા આપી દઇશ." શુભદાએ અન્યમનસ્કભાવે ડોકું હલાવ્યું. એને પૂરી ખાતરી હતી કે સ્વામી પોતાના શબ્દો પૂરા પાળતા નહોતા. એમને બહાર જતા જોઇ એ બોલી : " હવે બહાર ન જાવ તો સારૂં : જરા ઊંઘ લ્યો."

" એ કેમ બને ? ઘેર બેસું તે કેમ ચાલે ? કેટલું બધું કામ પડ્યું છે માથે—ખબર છે ? "

" ઠીક, તો જાવ."

હારાણના ગયા બાદ શુભદાએ ફરી ડાબલી ઉઘાડી. એક જ રૂપિયો રહ્યા હતો. બિન્દુવાસિનીએ પાંચ રૂપિયા આપ્યા હતા તે ખલાસ થવા આવ્યા હતા. આજ એક રૂપિયો એ જ એની મૂડી હતી ! ન ધ્યાનમાં આવે એવે એક ખૂણે એ ડાબલી સંતાડી એ માધવ પાસે આવી બેઠી.

" બા, બાપુજી દાડમ કયારે લઇ આવશે ? " માધવ બોલ્યો.

" સાંજના."

સાંજ પડી. રાત પણ થવા આવી, પણ હારાણનો પત્તો ન હતો. માધવે અનેક વાર પૂછગાછ કરી...અને છેલ્લે એ રડવા ય માંડયો.

શુભદા એની પાસે આવી બેઠી. લલનાએ એને ભૂલાવવા ઘણું ઘણું કર્યું, પણ એ માને જ શાનો ? આખરે, થાકીને મોડો મોડો એ સૂઇ ગયો.

પરોઢિયું થતાં પહેલાં એ જાગી ઊઠયો " બા, દાડમ આવ્યું ? "

શુભદા આંખમાં આવતાં આંસુને અવરોધી બોલી: " ભાઇ, તારાથી દાડમ ના ખવાય."

" કેમ નહિ ? "

" ખરાબ કહેવાય."

ફરી એ સૂઇ ગયો. બીજે દિવસે બપોર પછી હારાણ પાછો ફર્યો. રાસમણિના રોષનો પાર નહોતો. એક અક્ષરે એ બોલી નહિ. લલનાએ પગ ધોવા પાણી આપ્યું, નાહવા પાણી વગેરે લાવી આપ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલમ પણ ભરી આપી. હારાણ સ્નાનાદિ સમાપ્ત કરીને જમ્યો. શુભદાએ ધીમે ધીમે પૂછ્યું: "દાડમ લાવ્યા છો?"

"અરર......સાલું ખિસ્સું ફાટેલું નીકળ્યું...પૈસા બધા ક્યાં પડી ગયા કોને ખબર?......એણે ખાસ હઠ કરી હોય તો લાવ ચાર આના હું લઈ આવું...સાંજના પાછા લઈ લેજે."

શુભદા મ્લાન મુખે બોલી: "હવે તો કંઈ નથી."

હારાણ હસીને બોલ્યો: "અરે હોય! લક્ષ્મીનો ભંડાર કદી ખૂટે!"

મનમાં ને મનમાં શુભદાએ લક્ષ્મીનો ભંડાર કલ્પ્યો અને બોલી: "સાચું, હવે તો કંઈ જ રહ્યું નથી."

"કેમ નથી? – કાલે તો મેં રૂપિયો–ને છુટ્ટા પૈસા જોયા હતા."

શુભદા શાંત રહી. હારાણ ફરી બોલ્યો: "છટ્, તને મારો ભરોસો નથી આવતો? રૂપિયાનું તો જાણે સમજ્યા, પણ ચાર આનાનોય ભરોસો નથી?"

વધુ માથાકૂટ કરવી છોડી શુભદાએ હાથ ધોઈ ચાર આના કાઢી આપ્યા.

૫

હારાણ હજીદપુર વટાવી બ્રાહ્મણવાડે આવ્યો. એક ગલી પસાર કરી એક ઝૂંપડીમાં ગયો. ત્યાં કેટલાક માણસો એક ખૂણે બેઠા હતા. હારાણને જોતાં જ તેઓ શોર મચાવી રહ્યા. અનેક મીઠાં વેણ સંભળાવવામાં કોઈએ – "ભાઈ" કોઈએ "મામા" કોઈએ "કાકા" કોઈએ "દોસ્ત" – એમ એને બહુમાન્ય રીતે સંબોધ્યા. હારાણની છાતી ગજગજ ફૂલી અને મુરબ્બીવટે એ એમની વચ્ચે બિરાજ્યો.

જાત જાતની વાતો શરૂ થઈ; મોટીમોટી વ્યક્તિઓ પર એમની જીભો છૂટી પડી–રજવાડાંનાં ગપ્પાં ઝૂડવામાં લાખોનો જાણે એમણે જ ધૂમાડો ઉડાવ્યો!

આ હતું ચંડુલખાનું: ગામની એક બાજુ સ્મશાન અને બીજી બાજુ આ ચંડુલખાનું! સ્મશાનમાં મહારાજા ય ભિક્ષુક સમા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે – અહીં ભિક્ષુકો મહારાજાશા ઝળકે છે ! ક્રમે ક્રમે અફિણ જેમ જેમ મગજમાં પહોંચતું ગયું—પસરતું ગયું, તેમ તેમ હૃદયની મહત્તા, શૌર્ય, વીર્ય, ધૈર્ય, ગાંભીર્ય, પાંડિત્ય ઈત્યાદિ એક પછી એક ફુલ્યાફાલ્યા અને વિરાટ રૂપ પામ્યા ! કેટલું દાન, કેટલું પ્રતિદાન, મણિ, મુક્તા, હીરા, કંચન, કેટલું રાજ્ય, કેટકેટલી રાજકન્યાઓ ક્ષણે ક્ષણે જાણે એમની આગળ તરવરી રહી.

આ માનવરત્નો–વિશ્વની આ વિરલ વિભૂતિઓ અર્ધપ્રકાશમાં અર્ધ અંધકારમાં અને આ ઝૂંપડીમાં !–ઇહલોકની આ ઇન્દ્રસભા અમે ન વર્ણવી શકીએ.

અંધારૂં થતું જોઈ ઘણા દિલ્હીના પાદશાહ, ઘણા નવાબ શિરાજ–ઉદ્દૌલા, ઘણા કાલિદાસ, ઘણા મીયાં તાનસેન – એક પછી એક ઝાંપો ઉઘાડી બહાર આવવા મંડ્યા. જગતના સામાન્ય માનવો સાથે તેમનાથી વાત કેમ થાય ! – એમના સામું ઢૂંકીને ય કેમ જોવાય !...એટલે જ એ લોકો રસ્તાની એક બાજુ પકડી મૌનવ્રત ધારી, પોતપોતાના પ્રાસાદ ભણી ઉપડ્યા.

બીજાઓની સાથે હારાણ પણ બહાર આવ્યો. પણ બહાર આવ્યા પછી એ જરા ખમચાયો. કોણ જાણે શાથી ય હતભાગી, પીડિત માધવની મૂર્તિ એની આંખ આગળ તરવરી – દાડમનું પણ સાથોસાથ સ્મરણ થયું. બીજા બધાઓની પેઠે એને પણ એક ઉચ્ચ પદ સાંપડ્યું હતું, પણ નજર સમક્ષના એ અણદીઠ મોંએ એ આખું ય રાજ્ય જાણે ઉથલાવી નાખ્યું. દિલ્હીના પાદશાહે ખિસામાં હાથ નાખી રાજભંડાર તપાસ્યો, પણ લગભગ ખાલી જ માલૂમ પડ્યો. આવો મોટો સમ્રાટ – પણ પાસે ફક્ત ચાર દોઢિયાં ને ચલમની નળી જ ! “ બહુ જ સારૂં !” કહી, એ નજદીકના ગાંજાવાળાની દુકાને પહોંચ્યો.

દુકાનદાર સાથે મીઠી વાતથી આરંભ કરી એણે કહ્યું : “ કાકા, આનાનો ગાંજો આપો.” દુકાનદારે એ આજ્ઞા ઉઠાવી.

હારાણે એક મનગમતું વૃક્ષતળ શોધી લીધું અને વેરાન થએલા રાજ્યની પુન: સ્થાપના કરી. પોતાનું કામ પૂરૂં કરી; રાત વધી હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્યાંથી ઊઠ્યો. જરાક દૂર જઇ એક કુટિર જેવા ઘરનો દરવાજો ખખડાવી બોલ્યો : " કાત્યાયની ! "

કંઇ ઉત્તર ન મળ્યો.

ફરીથી એણે દ્વાર ખખડાવ્યું અને બોલ્યો : " કાનુ ! બહાર ગઈ છો ? "

તો પણ કંઇ જવાબ ન મળ્યો. કંટાળી એ જોરથી બરાડ્યો : " ઘરમાં છે કે નહિ ? કમાડ ઉઘાડ ! "

આ વખતે એક ઝીણો રમણી સ્વર સંભળાયો. " કોણ ? "

" હું છું. "

" મારાથી તો નથી ઉઠાતું -- શરીર સારું નથી. "

" એમ તે કંઇ બને ? ઉઠ ઉઠ. "

પચ્ચીસ વર્ષની, કંઇક શ્યામ, સહેજ સ્થૂલ, સર્વાંગે ત્રાજવા ત્રોફાયલાં, સાધારણ રૂપવતી સ્ત્રી આહકારા લેતી આવી, કમાડ ઉઘાડ્યું અને બોલી: " ઓ માડી ! મરી ગઈ...પેટમાં એવું દુઃખે છે...ને તમે આમ શું કામ બળદિયાની પેઠે ફુંફાડા મારો છો ? "

" ન મારું ?–ક્યારનો બૂમો પાડું છું.–પણ તું ઉઠે છે જ ક્યાં ? "

યુવતી ગુસ્સે થતી બોલી: " નહિ બાપુ, આ તો ન પરવડે. તમારે આવવું હોય તો વહેલા આવો; કંઇ અસુરસવાર તો જુઓ...જ્યારે–ત્યારે આમ કરો તે કેમ ચાલે ? મને તો આવું જરાય નથી ગમતું. "

હારાણ અંદર પ્રવેશ્યો અને કમાડ બંધ કર્યાં પછી કાત્યાયની સામે જોઇ બોલ્યો :

" તને પેટમાં દુઃખે છે એ તો હું જાણતો જ નહોતો. "

" તમે તો ક્યાંથી જાણો ? આખું ગામ જાણે છે. કાલથી પેટમાં એક ટીપું ય પાણી નથી ગયું.....પણ તમે આટલી મોડી રાતે ક્યાંથી ? "

" જરીક કામ હતું. "

" શાનું કામ હતું ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કહું છું, પણ તું તંબાકુ તો તૈયાર કર."

રમણી અત્યંત ક્રોધ પામી, ખૂણો બતાવીને બોલી: "એ રહ્યું બધું—લઈ લ્યો. મારાથી કંઇ નહિ થાય—હું તો સૂઇ જાઉં છું."

સંકોચાતો હારાણ બોલ્યો: "ના – ના. હું તને ક્યાં કહું છું... હું જ કરી લઉં છું; તું સૂઇ જા."

તંબાકુ સજી, હુક્કો હાથમાં લઇ હારાણ કાત્યાયની પાસે પથારીમાં બેઠો. અનેક ક્ષણ સુધી તંબાકુનું સેવન કર્યા બાદ ધીરે – બહુ જ ધીરથી એ બોલ્યો: "કાતુ, આજ તારે એ રૂપિયા આપવા પડશે."

કાત્યાયની કશું બોલી નહિ.

"અલી સાંભળ્યું? કે ઊંઘી ગઇ? મને એ રૂપિયા આપવા પડશે."

કાત્યાયનીએ પડખું ફેરવ્યું, પણ કંઇ બોલી નહિ. હારાણને કંઇક હિમ્મત આવી. હુકકો બરાબર મૂકી એના અંગ પર હાથ અડાડી બોલ્યો: "આપીશ ને?"

"શું બબડો છો? હું ક્યાંથી આપું?"

"કેમ તારી પાસે નથી?"

"ના."

"કોણ કહે છે?...જરૂર તારી પાસે છે. મને બહુ જરૂર છે—એટલી મહેરબાની તારે કરવી જ પડશે."

"પણ હોય તો મહેરબાની કરૂં ને?"

"એ રૂપિયા તારી પાસે નથી?—અરે, હોય...જૂઠું શું કામ બોલે છે?...હું જાણું છું કે તારી પાસે છે...તને ખબર છે ઘરમાં એક પૈસો ય નથી. બધાં ભૂખ્યાં પડયાં છે – દીકરો માંદો છે. એના મોંમાંથી હું કોળીઓ ઝૂંટવી લાવ્યો છું. શરમથી મારી છાતી ફાટી જાય છે... આજ તો તારે જ મને બચાવવો પડશે."

"પણ કંઇ હોય તો બચાવું ને?—મારી પાસે તો રાતી પૈયે નથી."

હારાણને હવે બહુ ગુસ્સો આવ્યો. "કેમ નથી?—આટલા બધા પૈસા મેં તને આપ્યા—ને આવે વખતે તું ન આપે? લાવો લાવ -- હું ચોરી ખોલી જોઉં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાત્યાયનીના હૃદય પર જાણે ઘા પડ્યો. કંઇક બબડી એ બેઠી થઇ ગઇ. ક્રોધથી હારાણ સામે તીવ્ર દૃષ્ટિ નાખી એ બોલી :

"કેમ ? તમે તે વળી એવા કોણ કે મારી ચાવી આપું ?"

નીચ વર્ણની એ હતી. હલકા શબ્દો ઉચ્ચારતાં એ જરાય ખમચાતી નહિ. એ બૂમ પાડી બોલી ઉઠી : "કે કાગળના પૈસા તમે નહોતા આપ્યા–તમારી કરી રાખી હતી ત્યારે જ આપ્યા હતા ને ? એ હવે પાછા આપું ?"

હારાણનું મોં ઊતરી ગયું. કાત્યાયની સામે એ કદી થઇ શકતો નહોતો–આજે પણ એ ન થઇ શક્યો. એકદમ નરમ થઇ જઇ એ બોલ્યો :

"તો પણ પ્રેમને ખાતર એટલી તો મહેરબાની કર."

"આગ લાગે એ પ્રેમને !...આજ ત્રણ મહિના થયાં એક પૈસો પણ આપ્યો છે કે હું તમને પ્રેમ કરું ?"

"અરે ! એમ ના બોલ–આપણે કંઇ પ્રેમ નથી ?"

"એક રતીયે નહિ–અમારે તો જ્યાં પેટ ભરાય ત્યાં જ પ્રેમ. હું તે કંઇ તમારા ઘરની બૈરી છું કે ગળામાં છૂરી હુલાવી ઘો તો યે પ્રેમ કરું ? તમે એમ માનો છો કે તમારા વિના મારું કંઇ નહિ ચાલે ? જ્યાં પૈસો હોય ત્યાં અમે બધું ય સંભાળીએ અને ત્યાં જ અમારો પ્રેમ હોય......સમજ્યા ? જાવ, ઘેર જાવ. આટલી રાતે ખાલી લમણફાટ મૂકી ઘો.

"કાતુ, ત્યારે વાત અહીં જ અટકે છે. એમ ને ?"

"બહુ થયું હવે તો–આટલા દહાડા શરમમાં કંઇ બોલી નહોતી. આજે જરા વાત નીકળી ત્યારે બધું ખુલ્લું કરું છું. તમારો સ્વભાવ–ચરિત્ર બહુ ખરાબ છે–મારે ઘેર તો હવે આવશો જ નહિ. બાબુના પૈસા ચોરી ખાધા – જેલ જતા જતા રહ્યા, – હવે નોકરી બોકરી કંઇ ના મળે ને કોઇ દિવસ મારું સત્યાનાશ વાળશો; માટે પહેલેથી જ રસ્તો માપો. અહીં નજરે ન નાખશો; મારા સામે જોશો ય નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારાણ ત્યાં એમ ને એમ જ—એ જ સ્થિતિમાં મૂંગો બેસી રહ્યો. પછી ધીમે ધીમે ઊંચુ જોઇ એ બોલ્યો : " ઠીક ત્યારે, એમ જ કરીશ. ફરીથી હું અહીં નહિ આવું. તારાથી જ આ બધું થયું-તારા થકી જ હું ચોર બન્યો, તારા થકી જ હું લંપટ—તારા જ લીધે સ્ત્રી-પુત્રનું મોં ટાળ્યું – આખરે તેં જ......"

કેટલીક ક્ષણ મૌન રહી હારાણ ફરીથી બોલ્યો : " આજે મારી આંખો ખુલી."

કાત્યાયની કંઇક પીગળી, જરા આઘે ખસી એણે કહ્યું : "ભગવાન કરે ને તમારી આંખો ઉઘડે. અમે તો હલકી જાત ગણાઇએ...પણ એટલું તો સમજું છું કે, પહેલાં બૈરી, છોકરાં, ઘરબાર...ને પછી અમે ગણિકાઓ—પહેલાં પેટની પૂજા, પહેરવા કપડાં અને પછી શોખ—નશો—ભાંગ. હું તમારૂં કંઈ બગાડવા માગતી નથી. તમારા ભલા માટે જ કહું છું કે અહીં હવે કદી યે આવશો મા, ચંડુખાને ય જશો મા. ઘેર જ રહો, બૈરી-છોકરાં સંભાળો, કંઇ ધંધોનોકરી કરો ; દીકરા-દીકરીને સુખી રાખો. પછી તમારૂં દિલ થાય, તો જ અહીં આવજો. "

કાત્યાયની પથારીમાંથી ઊભી થઇ પેટી ઉઘાડી દસ રૂપિયા કાઢી હારાણ સામે મૂકી બોલી : " આ લઇ જાવ. "

નીચું મોં રાખી હારાણ ઘણી વાર બેસી રહ્યો. પછી ડોકું હલાવી એ બોલ્યો : " મને એ ન ખપે. "

કાત્યાયની આછું હસી. હાથ વડે મોં ઊંચું કરી બોલી : "કોઇ ન જાણતું હોય એની આગળ માન સાચવજો, આ નહિ લઇ જાવ તો કાલે બધાં ખાશે શું ? "

" કેમ ? "

"કેમ શું ? – ઘરમાં કંઇ નથી એટલે. "

" તું ક્યાંથી જાણે ? "

" હમણાં જ તમે જાતે કહ્યું કે ઘરમાં ખાવાયે નથી–"

" ઓહ્ ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બીજું એ છે—તમે ના કહ્યું હોત તો પણ હું જાણતી હતી જ. હું પોતે તમારે ઘેર બધું જોઇ આવી છું."

" કેમ ?"

" પહેલાં તો અમને બધું જોવાનું મન થાય છે, અને બીજું અમને બધું જોઇ કારવીને જ કરવું પડે—એમ આડે ધક્કે કંઇ ન ચાલે. તમે બધાં પાગલ બનો, પણ અમારે એમ કંઇ ના થવાય. તમારે બૈરીછોકરાં હશે, સગાંવહાલાં હશે, ભાઇ, બ્હેન હશે—એક વાર ઠોકર ખાવ તોપણ બીજી વાર ઊભા થઈ શકો, પણ અમારે એવું કંઈ ના મળે. એક વાર ઠોકર ખાધી કે પછી ઊભાં જ ન થઇ શકીએ. ભૂખ્યા મરી જઇએ તોપણ કોઇ દયા ના કરે. લોકો કહે છે : જેનું કોઇ નથી એનો ભગવાન છે: પણ અમને એનો ય ભરોસો નથી... એટલે બધું જાણી બૂઝીને જ અમારે કરવાનું. એ વિના જરા ય ચાલે નહિ. સમજ્યા ?"

કાત્યાયનીના હૃદયમાં દુઃખ થતું હતું. આ બધું બોલતાં બોલતાં ઘડીભર પણ એના હૃદયમાં વ્યથા ઊઠે એ અસંભવિત નહોતું, કિન્તુ તરત જ એણે એ ઢાંકી દીધું. હારાણનું મોં આમતેમ હલાવી એ બોલી : " શું બોલી એ સમજ્યા ને ? આ પૈસા તમારી પત્નીને આપજો—બે દિવસ તો નિરાંતે ચાલશે. તમારી પાસે પૈસા કંઇ રાખશો નહિ...... શું સમજ્યા ?"

હારાણ અન્યમનસ્ક ભાવે ડોકું હલાવી બોલ્યો : " હં."

" બહુ મોડું થયું છે. હવે ઘેર જશો મા, અહીં જ રહો."

૬

સદાનંદ ચક્રવર્તીને અડધું ગામ "સદા દાદા" કહી બોલાવતું અને અડધું "સદા પાગલ" કહી સંબોધતું. હળુદપુરનો જ એ રહેવાસી, એના પિતા પૂરા ધર્મિષ્ઠ હતા. અંગ્રેજી મ્લેચ્છ ભાષા, અંગ્રેજી શિક્ષણ ધર્મનષ્ટ બનાવી મૂકે એ આશંકાએ પુત્રને એમણે વધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ કરતો અટકાવ્યો હતો. વળી જરૂર પણ શી હતી ? પાંચ–દશ વિઘાં જમીન હતી–બીજાની નોકરી કરવાની કંઈ પડી નહોતી–એટલે નાહક જાત શું કામ બગાડવી ? કોઇ કહેતું : એને સંસ્કૃતનો સારો અભ્યાસ છે, તો કોઇ કહેતું : એમને સંસ્કૃતનું કશું જ્ઞાન નથી. એ વિષે મતભેદ હતો; કિન્તુ એ પાગલ હતો એ નિર્વિવાદ વાત હતી. આબાલવૃદ્ધ વનિતાઓ સર્વે માનતી કે એની ડાગળી કંઇક ચસકેલી છે. જમીન સંભાળે, રામપ્રસાદી પદો લલકારે, શબના અંતિમ સંસ્કાર કરે, આ ઘર--પેલું ઘર કરે–એમ આનંદમાં દિવસો વિતાવતો.

પોતાનું કહી શકે એવું–એક દૂરની સગી ફઇ સિવાય એને આ સંસારમાં કોઇ નહોતું. એટલે જ જાણે એણે આખા ગામને પોતાનું કરી લીધું. ગામનાં બધાં એનાં આત્મજનો બન્યાં. બધાં સાથે કંઇ ને કંઇ સગાઇનો જ એણે સંબંધ બાંધી લીધો હતો. સૌ કોઇનાં દ્વાર જાણે એના માટે ખુલ્લાં હતાં.

બાળપણમાં એના પિતાએ ઘણા પૈસા આપી એને પરણાવ્યો હતો, કિન્તુ ભાગ્યદોષે એક વર્ષની અંદર એની પત્ની મૃત્યુ પામી. છ વર્ષથી સદાનંદ એકાકી હતો. પૈસાને અભાવે કે ઇચ્છાને અભાવે એણે ફરી લગ્ન કર્યાં ન હતાં. આ લોકોમાં કન્યા માટે ઘણા રૂપિયા આપવા પડતા હતા–એટલે જ જ્યારે કોઈ લગ્નની વાત કાઢતું ત્યારે એ કહેતો : " ભાઇ ! એટલા બધા પૈસા ક્યાં છે તે પરણું ! "

આજે સમી સાંજે આકાશમાં વાદળાં ઘેરાતાં થતાં હતાં. બધું ય નિશ્ચલ–નિઃસ્તબ્ધ હતું. પ્રકૃતિએ એવો ભાવ ધાર્યો હતો કે જાણે ઇચ્છા કરે તો પ્રબલ ધારાઓ વડે જલ સિંચી શકે ને ઇચ્છા ન હોય તો ત્રણ–ચાર કલાક થોભી જાય તેમ પણ હતી.

રાસમણિ ફઇએ લલનાને હાંક મારી કહ્યું: " અલિ લલના, ઘરમાં છાંટો પાણી ય નથી. જરા ઊભી ઊભી પાણી ભરી આવ તો. "

લલના ઘડો કેડમાં લઇ ઘાટે પહોંચી. પાણી ભરી એ ડગલાં ભર્યાં ન ભર્યાં ત્યાં વાદળાંમાંથી મોટમોટાં ફોરાં છંટાવા મંડયાં, ઉતાવળે પગલે લલનાએ ચાલવા માંડયું. રસ્તામાં સદાનંદનું ઘર આવતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસાળમાં બેઠો બેઠો સદાનંદ રામપ્રસાદી ગીત ગાતો હતો. લલનાને જોઇ એ ગાતો અટક્યો અને બોલ્યો :

" લલના, આમ ભિંજાય છે શું કામ ? "

લલના આછું હસીને બોલી : " તમે ગાતા કેમ અટક્યા ? "

સદાનંદ પણ હસ્યો, હાસ્ય ને ગીત આઠે પ્રહર એના મુખ પર તરવર્યાં જ રહેતાં. ગાતાં ગાતાં એ બોલ્યો : " વિરામ પામ્યું છે એ ગીત, "–અને પછી સ્વાભાવિક સ્વરે બોલ્યો: " રહેવા દે એ વાત–નાહકની ભીંજાય છે શું કામ ? અંદર આવને. "

પરસાળમાં લલના આવી ઊભી રહી. કેટલીક ક્ષણ સુધી સદાનંદ એના સામે જોઈ રહ્યો અને પછી બોલ્યો : " બહુ પાછી રોકાઈશ મા–ઘેર જા હવે. "

" કેમ ? "

" ઘરમાં ફઈબા યે નથી; ને વરસાદ પાછો જોરમાં આવશે તો તું ઘેર શી રીતે જઈશ ? "

લલનાને લાગ્યું કે એનું કહેલું બરાબર હતું. બે–ચાર ડગલાં ભરી એ પાછી ફરી.

સદાનંદ બોલ્યો : " કેમ પાછી ફરી ? "

" કાલ જરા તાવ આવ્યો હતો ને વળી આજે પાછી પાણીમાં ફરૂં તે સારૂં નહિ. "

" તો તો રહે. "

અને સદાનંદ ગાનની ધૂને ચડયો :

* " કભુ તારે પાબના બુજી, મિછે હાત બાડાયે દાડાયે આછિ
કત જ્વાલાય જ્યલે મરિ, તુઇ કિ જાનબি પાષાણી મા
આમાર સોનાર તરી ડુબ્બે એ બાર.............. "

---

* એ કયારે ય મને ન મળે તેમ લાગે છે, હું નકામા હાથ લંબાવીને ઊભો છું. હું કેટલો જ્વાલામાં જલી રહ્યો છું તેની તને પાષાણી (પથ્થર દિલની) માને તે શું ખબર પડે ? મારૂં સુવર્ણનાવ આ વખતે ડૂબી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડો હેઠળ મૂકી લલના ગીત સાંભળી રહી. મીઠા બોલનું આ મધુરૂં ગીત એને બહુ ગમી ગયું.

ગીત વચ્ચેથી અટક્યું જોઈ લલના બોલી :

"કેમ અટકી ગયા ?"

"હવે ના ગવાય."

"કેમ નહિ ?"

"આગળ નથી સાંભરતું–"

લલના મૃદુ સ્મિત કરી બોલી : "ત્યારે શું કામ ગાવા માંડ્યું ?"

"હું તો એમ જ ગાઉં છું."

પછી થોડીક ક્ષણ આકાશ સામે જોઈ સદાનંદ બોલ્યો : "વાદળાં પર કમળ ફૂટતું કોઇ દિવસ તેં જોયું છે ?"

લલના સહાસ્ય બોલી: "ના, તમે જોયું છે ?"

"હા જ તો."

"ક્યારે ?"

"ઘણી યે વાર...જ્યારે વાદળાં હોય છે ત્યારે હું જોયા વગર રહેતો જ નથી."

સદાનંદનું ગંભીર મુખ જોઈ લલના હસી પડી. મોં આગળ સાડી ધરી એ બોલી: "અરે ગાંડા થયા; એવું તે બનતું હશે ?"

"લે ! કેમ ન બને ? કમળ પાણીમાં ફૂટે છે એ તો ખરૂં ને ? વાદળાંમાં ય પાણી હોય છે તો એમાં કેમ ન ફૂટે ?"

"પણ માટી ન હોય તોયે ? એકલા પાણીમાં તે કંઇ કમળ ઊગે ?"

સદાનંદ થોડી વાર લલના સામે જોઇ રહ્યો અને પછી બોલ્યો : "એ ખરૂ, ને એટલે જ એ સુકાઇ જાય છે"

લલના કશું બોલી નહિ. સૌ કોઇ જાણતું હતું કે સદા પાગલ આમ આખો દિવસ અસંભવ ને અસંલગ્ન વાતોમાં જ રાચ્યા કરે છે.

કેટલીક ક્ષણ મૌન રહી સદાનંદ ફરી બોલ્યો : "લલના, શારદા-બાબુ તારે ત્યાં હમણાં નથી આવતા, કેમ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલનાએ બીજી તરફ મોં ફેરવ્યું, જાણે એ વખતે પોતાનું મોં સદાનંદને બતાવવાની એની ઇચ્છા નહોતી. સદાનંદે ફરી જિજ્ઞાસા દાખવી: “ નથી આવતો ને ? ”

“ ના. ”

“ કેમ નથી આવતો ? ”

“ કેમ ખબર પડે ? મને તો ખબર નથી.” સદાનંદ ફરી ગાવા મંડ્યો—

ગીત અટક્યું, પણ વરસાદ જરાય ઓછો થયો નહિ, ઊલટું, વાદળાં ગાઢતર રૂપ લેતાં ગયાં. લલનાએ ઘડો કેડે ચડાવ્યો. સદાનંદ એ જોઇને બોલ્યો : “ આ શું ? ક્યાં જાય છે પાછી ? ”

“ ઘેર વળી; બીજે ક્યાં ? ”

“ આટલા વરસાદમાં ! માંદી પડીશ તો ? ”

“ તો શું થાય હવે ? ”

લલના ચાલી નીકળી.

સદાનંદે લહેકાથી ગાવું આરંભ્યું.

૭ .

હારાણે શુભદાના હાથમાં પૂરેપુરા દશ રૂપિયા ગણી આપ્યા તોપણ શુભદાના મોં પર હાસ્ય ફૂટયા ન ફૂટયા જેવું જ લાગ્યું. ઊલટું, એ કંઇક મ્લાન થયું. અને શુભદા બોલી : “ આ લાવ્યા ક્યાંથી ? ”

હારાણે દશ રૂપિયા કંઇ હસતાં હસતાં આપ્યા નહોતા. કેટલીક ક્ષણ નિરુત્તર રહ્યા પછી એ બોલ્યા : “ શુભદા, તું એમ માને છે કે આ ચોરીના છે ? ”

શુભદાનું મોં વધુ મ્લાન થયું. શુભદાના અંતઃકરણમાં આ બાપ વિષે સહેજ શંકા તો ઉપજી હતી. ન કરે નારાયણ ને એ ચોરી કરે !... ...તો આ પૈસા સ્વીકારવા ? ચોરીનું આ ખાવા કરતાં એ ભૂખ્યા મરે તો કેવું ! પણ બીજાઓનું શું ? પોતાના [illegible] શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં એ સમજી ગઇ કે આમ વિવાદનો આ સમય નથી. ડાબલીમાં એણે પૈસાએ મૂકી દીધા.

કંઇક સુખમાં દિવસો વિતતા ગયા. હવે તો હારાણ હાજરમાં જાણે દેખાતો જ નથી-ઘરમાં આવતાં રાસમણિ પૂછે: "તું આખો દિવસ ક્યાં ફરે છે?" તો એ કહેતો: "અરે કેટલું કામ હોય છે! કંઇ ખબર છે, નોકરી માટે ક્યાં ક્યાં ફરવું પડે છે તે?"

શુભદાએ માન્યું કે કદાચ આ ખરૂં હશે; કારણ, હમણાં હમણાં હારાણ એ આના ચાર આના લેવા આવતો ન હતો. એ ક્યાં જાય છે, ક્યાં બેસે છે, એ તો અમે જાણીએ છીએ. આખો દિવસ એ કંઇ પણ ખાધા વિના, વિશ્રાંતિ લીધા વિના નોકરી માટે સ્થળેસ્થળે ઘૂમે છે. કેટકેટલા જણ પાસે એ પોતાની વીતક કથા કહી આવ્યો છે, અરે. સામાન્ય કરિયાણાવાળાની દુકાને ય નામું લખવાની માગણી કરી આવ્યો છે, પણ ક્યાંય એનો પત્તો ખાતો નથી; કારણ, સૌ કોઇ એની હકિકત જાણી ચૂક્યું હતું. કોઇને એના પર હવે વિશ્વાસ રહ્યો ન હતો.

સાંજે હારાણ શુષ્ક વદને ઘેર આવ્યો. શુભદાએ મ્લાન મુખે જિજ્ઞાસા દાખવી: "આજ ક્યાં ખાધું હતું?" હારાણે એ વાત હસવામાં ઉડાવતાં કહ્યું: "ખાવાનું કંઇ એક જ ઠેકાણું છે? જ્યાં જાઉં ત્યાં બેસી જાઉં, મને ક્યાં કોઈ ઓળખતું નથી?" શુભદા વધુ કંઈ બોલી નહિ, ચૂપ રહી.

ક્રમશઃ શુભદા પાસેના પૈસા ખૂટતા જતા હતા. એક-બે દિવસમાં હવે બધું નિઃશેષ થાય તેમ હતું. પરન્તુ એ સ્વામીની આગળ મોં ખોલીને બોલી શકતી નહોતી; કોઇને ખબર પડી જાય એ તે ઇચ્છતી નહોતી, માત્ર જાતે રહ્યાસહ્યા પૈસા હાથમાં લઇ ફરી ફરી જોઇને મૂકી દેતી.

ત્રણ દિવસ પછી મોડી રાતે થાકયાપાકયા સ્વામીના પગ દબાવતાં દબાવતાં શુભદાએ મનમાં ને મનમાં ખૂબ વિવંચના પછી કહ્યું:

"ઘરમાં હવે કંઇ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારણ આંખો બંધ કરી નિતાન્ત સાધારણ ભાવે બોલ્યો ; " દશ રૂપિયા વળી કેટલા દિવસ ચાલતા હશે ! "

વાત ત્યાં જ અટકી. બન્ને જણ આખી રાત ચૂપ પડી રહ્યાં. શુભદાને થયું ; કાલે શું થશે એ પૂછી લઉં, પણ એ પૂછી જ ન શકી. વિનાકારણ પોતાને જ અપરાધી ગણી એ શાંત રહી. તેને એમ પણ થયું, કે પૈસા ખર્ચતાં ખર્ચતાં કેમ ખૂટી જાય છે એ બદલ સ્વામી જરૂર વઢશે. અને વઢે તો એ પોતાની નિર્દોષતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે તેમ હતી, પણ ઊલટું, સ્વામીની સહાનુભૂતિ જોતાં એના મોંમાંથી એક અક્ષરે બહાર ન પડયો.

સવાર થાય ન થાય ત્યાં હારાણ બહાર નીકળી ગયો. લલના ઘરકામમાં પરોવાઈ. રાસમણિ હંમેશ મુજબ સ્નાન કરી આવી, માટીનું શિવલિંગ બનાવી પૂજામાં બેઠી......પણ શુભદાના હાથપગ જાણે ગળી ગયા હોય તેમ ચાલતા જ નથી. મ્લાન મુખે એક વાર અહીં તો એક વાર ત્યાં—એમ એનો જીવ કયાં ય નિરાંત પામતો નથી.

આઠ વાગ્યા જોઇ લલના બોલી :

" બા, તું નાહી નથી ? કેટલું મોડું થયું છે ! "

" આ ચાલી... "

લલનાએ થોડીક ક્ષણ પછી જોયું તો બા હજી ત્યાં ને ત્યાં—એમ ને એમ—બેઠી છે. એ જરા આશ્ચર્ય પામી બોલી :

" શું થયું છે, બા ? "

" કંઇ યે નહિ. "

" તો આમ કેમ બેઠી છે ? "

" તો શું કરૂં ? "

" એટલે ? નાહીશ નહિ ? રાંધવું નથી ? "

" દીકરી સામે જોઇ કંઇક ડરતી હોય એમ બોલી ; " આજ તો કંઇ નથી. "

" શું નથી ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કશું યે નથી, મૂઠી ચોખા યે નથી."

લલનાનું મોં પડી ગયું. એ બોલી :

" ત્યારે શું થશે, છોકરાં શું ખાશે ? "

શુભદા બીજી તરફ મોં ફેરવી બોલી :

" ભગવાન જાણે."

કેટલીક ક્ષણ પછી શુભદા બોલી :

" લલના, એક વાર બિન્દુ ફઈ પાસે તો જઇ આવ."

" કેમ બા ?

" જો કંઈ આપે તો..."

લલના ચાલી નીકળી. શુભદાની આંખમાં આંસું ઉભરાયાં. આમ એ કદી બોલી નહોતી. એની હવે એને શરમ પણ આવી–ગુસ્સો ય થયો. કોના પર ? – એમ કોઈ પૂછે તો શુભદા પતિનું સ્મરણ કરતી આકાશ સામે આંગળી ચીંધી બોલત ; **તારા પર !**

હડપચીએ હાથ મૂકી ઘણી વાર લગી શુભદા શાન્ત બેસી રહી. અગિયાર વાગે છલના એક ઢીંગલીને કપડું પહેરાવતી પહેરાવતી, અને એના ગળાને બારિક મણકાઓથી વિભૂષિત કરતી કરતી બા પાસે આવી અને બોલી : " બા, ખાવાનું આપ ને. "

શુભદાએ એના મોં સામે જોયું, પણ કંઇ બોલી નહિ. છલના ફરી બોલી :

" જોને, કેટલું મોડું થયું છે, અને તો ભૂખ લાગી છે."

તથાપિ કંઇ ઉત્તર ન મળ્યો.

ઢીંગલી બીજા હાથમાં લઈ છલના મોટેથી બોલી : " હજી રાંધ્યું નથી બા ? "

ડોકું હલાવી શુભદાએ કહ્યું : "ના."

"કેમ નથી રાંધ્યું ? ઊંઘી ગઇ લાગે છે ! " મનમાં કંઇક આવતાં છલના રસોડામાં ગઇ અને પાછી મોટા સ્વરે ક્રોધમાં બોલી ઉઠી :

" હજી તો ચૂલો ય સળગાવ્યો નથી ? "

શુભદા બહારની ટંડાઈથી બોલી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હમણાં સળગાવું છું."

છલના બહાર આવી–બાના મોં સામે જોઈ એ કંઈક સંકોચાઈ. પાસે બેસતાં એ બોલી :

"બા, હજુ સુધી કેમ કંઈ કર્યું નથી ?"

"હમણાં બધું કરી આપું."

"આજે આમ કેમ બા ?"

ત્યાં અંદરના ઓરડામાંથી માંદો માધવ ક્ષીણ સ્વરે બોલ્યો : "બા...ઓ...બા ?"

શુભદા એકદમ ઊભી થઈ ગઈ. છલના પણ ગઈ અને બોલી : "હું જાઉં છું, બા ! તું તારે બેસ."

"સારું ત્યારે, તું જ જા."

*
* *

લલના ભવતારણ ગાંગુલીના ઘરમાં પાછલે દરવાજેથી પેઠી, પણ બિન્દુવાસિની ત્યાં નહોતી. આગલી રાતે જ એ સાસરે ગઈ હતી. એને અચાનક જવું પડયું હતું–નહિ તો એ શુભદાને જરૂર મળવા આવી હોત.

મ્લાન મુખે લલના પાછી ફરી; એના પગ જ ઉપડતા નહોતા. ગાંગુલીના ઘરમાં જતી વખતે પણ એના પગ ઉપડયા નહોતા, કિન્તુ ખાલી હાથે પાછા ફરતી વખતે એને વધુ શરમ આવવા લાગી. રસ્તામાં એક ઝાડ હેઠળ કયાંય સુધી એ ઊભી રહી. પછી કંઈક વિચારી બીજો રસ્તો પકડી ઘાટ ભણી ચાલી. નજીકમાં જ સદાનંદનું ઘર હતું, પાસે જ સદાનંદ નાના વાછરડા સાથે લાડથી એને કૈં કૈં સંબોધનો આપતો ગેલ કરતો હતો. લલના એની પાસે જઈ પહોંચી.

"લલના, તું કયાંથી ?"

"ફઈબા નથી ?"

"ના, હમણાં જ કયાંક બહાર ગયાં."

લલના અહીં તહીં કંઈક બોલી જવા નીકળી : વાછરડાને જવા દઈ સદાનંદ હાંક મારતો બોલ્યો : "કંઈ કામ હતું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાસ્તો."

"પણ એ તો નથી; મને કહે."

લલના પણ એ જ વિચારી રહી હતી; પણ સદાનંદે જ જ્યારે પૂછ્યું ત્યારે એના મોં પર શરમના શેરડા પડયા. ઘરમાં ખાવા નથી એમ કહી દેવું ?–છટ્ છટ્–આવી વાત તે કરાય ? એક દિવસ ન ખાઈએ તો ન ચાલે ? પણ બીજાં બધાંનું શું ? શુભદાએ પણ એક દિવસ આ જ વાત વિચારી રાખી હતી અને આજ લલનાએ પણ તેવું વિચાર્યું; પણ એના મોંમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. જેઓ આ સ્થિતિ ભોગવી રહ્યાં હોય તેઓ જ જાણે છે કે આ હકિકત કહેવી કેટલી મુશ્કેલ છે; તેઓ જ કેવળ જાણે છે, કે આ વાત ભદ્રલોક સમક્ષ ઉચ્ચારતાં હૃદયમાં કેવાં આંદોલનો ઉઠે છે, કેવા આઘાત–પ્રત્યાઘાતની ઝડીઓ વરસે છે ! વાત કહેતાં પહેલાં જ જાણે શાથી જીભ આપોઆપ અંદર ખેંચાઇ જાય છે !

લલના કશું ય ન બોલી શકી, કિન્તુ સદાનંદ કંઇક સમજી ગયો. લલનાના મોં પરથી એના અંતરની છાયા એ કંઇક કળી ગયો. અચાનક હસી એણે લલનાનો હાથ ઝાલ્યો. એ પાગલ હતો–સદાનંદ પાગલનું મગજ સ્થિર નથી એમ સૌ કોઇ જાણતું. એ એવું કંઇ કરી બેસતો, જે બીજાઓ કરવાની હિમ્મતે ન કરી શકે ! જે કામ કરતાં બીજાઓને સંકોચ થાય એ કામ કરવામાં એ જરાય અચકાતો નહિં એટલે સામાન્ય રીતે એણે લલનાનો હાથ પકડ્યો અને હસતો હસતો બોલ્યો : "આ જ લલનાને સદા દાદાની શરમ આવે છે ? સદા પાગલની તે વળી શરમ હોય ?" વળી હાથ છોડી આગળ બોલ્યો :

"મને નહિ કહે ?"

સદાનંદનો અવાજ અને એની છટા જાણે કે એક જ રીતનાં હતાં ! હસતો હસતો એ અનેક વાર એવી વાતો કહેતો, જે સાંભળતાં સામેની વ્યક્તિની મૂઝવણ હલકી ન કરી.

આ વખતે સદાનંદ મોં જરીક ઊંચું કરી નિતાન્ત ગંભીર ભાવ ધારણ કરી બોલ્યો : "લલના, બોલને કંઇ થયું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોં નીચું કરી, આંખો મિંચી અચકાતી અચકાતી લલના બોલી : " એકાદ રૂપિયો હોય તો આપો. "

સદાનંદ પૂર્વની પેઠે બહ્કે એથીયે મોટે અવાજે હસીને બોલ્યો : " આટલી જ વાત હતી ? સદા દાદા આગળ આટલું ય તારાથી બોલાતું નહોતું ? હં...હં...હં...પણ રૂપિયો શા માટે ? "

અત્યારે પણ લલનાને શરમ આવતી હતી. જેમ તેમ કરી લલના શરમથી રાતા થયેલા વદને બોલી: " બાપુજી બહાર ગયા છે. "

સદાનંદ ઘરમાં ગયો અને એક રૂપિયાને બદલે પાંચ રૂપિયા લાવી એના હાથમાં મૂકયા અને બોલ્યો: " માણસ જેવા માણસ આગળ શરમ હોય ! અને પાગલ આગળ તે વળી હોતી હશે ? " અને બીજી તરફ મોં ફેરવી દઈ આછું હસી એણે આગળ ચલાવ્યું : " કંઈ પણ કામ હોય તો સૌથી પહેલાં આ પાગલને કહેવું–સમજી, કહીશ ને ? "

લલનાએ જોયું કે એના હાથમાં મોટી રકમ મુકાઇ છે. એટલે જ જાણે એ બોલી :

" આટલા બધા શું કામ ? "

" શું કામ ? રાખીશ તો કંઈ સડી નાહ જાય ! "

"...પણ આટલાની જરૂર નથી. "

લલનાને રૂપિયા પાછા આપતી જોઇ એણે ફરી એનો હાથ પકડયો અને કંઈક દુઃખી ભાવે બોલ્યો : " રાખ–રાખ હવે–બચ્ચાની જેમ શું વર્તે છે ? પૈસાની જરૂર ન હોય તો કાલે આપી જજે...ને આ વાત કોઇને કહેતી નહિ, હોં ! નછૂટકે કહેવું પડે તો કહેજે કે સદા પાગલે આનાના વ્યાજે ધીર્યા છે. "

એ દિવસ એમ પસાર થયો. સૌ જમ્યાં, પણ શુભદાએ એ દિવસે પાણી સરખું ય પીધું નહિ. રાસમણિએ ઘણી યે ગાળો ભાંડી. લલનાએ બહુ બહુ વિનવ્યું, તોપણ એ દિવસે મોંમાં એણે કંઇ લીધું જ નહિ.

સાંજે હારાણચંદ્ર રૂક્ષ મસ્તક, ઘૂંટણ સુધી ધૂળ-એ સ્થિતિમાં ઘેર આવ્યો. ધોતિયાને છેડે બશેર ચોખા, થોડુંક મીઠું, બે ચાર બટાટા અને એવી જ કંઈક વસ્તુઓ એ બાંધી લાવ્યો હતો. મોટું તપેલું લાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં મૂકતાં મૂકતાં શુભદા રડી પડી. ચોખા એક જાતના ન હતા—ઝીણા, મોટા ને જાતજાતના દાણા હતા. તરત શુભદા સમજી ગઇ, કે એના સ્વામીએ ઘર ઘર ફરી, ભીખ માગી એ એકઠા કર્યા છે.

૮

સમી સાંજે માધવ બોલ્યો: "મોટી બહેન, હું તો હવે સાજો નહિ થાઉં."

લલના સ્નેહપૂર્વક ભાઇના માથે હાથ ફેરવતી બોલી: "કેમ ભાઇ સાજો નહિ થાય? હવે બે દિવસમાં જ તું સાજો થઇ જવાનો."

"એવા બે દહાડા તો કેટલાય ગયા; હું તો હજી એવો જ છું."

"આ વખતે તો સારો થઇ જવાનો જરૂર."

"ઠીક; પણ નહિ થાઉં તો?"

"જરૂર થવાનો."

"ના થાઉં તો?"

લલના એના દુર્બળ—ક્ષીણ હાથને પોતાના હાથમાં લઇ સહેજ ગંભીર બની બોલી:

"ચૂપ થા! આવું બોલીશ મા."

માધવ ચૂપ થયો; એમ જ મૂંગો પડી રહ્યો. કેટલીક વાર પછી લલના બોલી:

"માધુ, કંઇ ખાઇશ?"

માધવ મસ્તક હલાવી બોલ્યો: "ના."

પછી દવા લેવાનો વખત થયો. લલનાએ એક નાની વાટકીમાં કાઢો રેડી માધવ આગળ ધર્યો અને બોલી: "લે, પી જા."

પહેલાંની જેમ માધવે ડોકું હલાવ્યું. દવા એ કોઇ પણ રીતે પીવે જ નહિ! રોજ એ આમ જ કરતો; બહુ કરે ત્યારે જ એ પીતો, એટલે લલનાએ કહ્યું: "લે હવે, ગાંડો થા મા: ઝટ પી જા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધવે વાટકી હાથમાં લઇ બધી દવા નીચે ઢોળી નાખી. માધવે આવું કદી કર્યું નહોતું. લલનાને અજાયબી થઇ. ગુસ્સે થઇ એ બોલી: "આ શું માધુ?"

"હું નહિ પીઉં."

"કેમ?"

"ત્યારે શું? ખાલી ખાલી શું પીવાનું? હું સારો તો થતો નથી."

"કોણ કહે છે સારો નથી થતો?"

માધવ ચૂપ રહ્યો, લલના એની પાસે આવી બેઠી ને એના શરીર પર હાથ ફેરવતી બોલી: "માધુ, મારું કહ્યું નહિ માને?"

બાલસુલભ અભિમાનથી એની આંખોમાં પાણી આવ્યું. એ બોલ્યો: "મારું કોઇ સાંભળતું નથી? તો હું શું કામ કોઇનું સાંભળું?"

"કોણ નથી સાંભળતું તારું કહેવું, કહે?"

"કોણ સાંભળે છે? હું કંઇ પૂછું છું તો બા ગુસ્સો કરે છે, બાપુજી યે ગુસ્સો કરે છે, ફઇ તો કંઇ બોલતાં જ નથી–ને તું યે મોં મચકોડે છે......તો હું શું કામ તમારું માનું?"

માધવની આંખોમાંથી આંસુ ટપકી પડયાં, લલનાએ લાડથી એ લૂછી નાખતાં કહ્યું:

"હું માનીશ, લે; પછી કંઇ છે?"

"તો બોલો, હું સારો નહિ થાઉં તો શું મારે આમ ને આમ સૂઈ રહેવું?"

"કેમ?"

"ત્યારે શું?"

લલનાના હોઠ કંઇક કંપ્યા: કિન્તુ કોઇ બોલ્યું નહિ.

કેટલીક ક્ષણ માધવ એની સામે જોયા પછી બોલ્યો: "મોટી બહેન, આપણો નાનો ભાઇ જાદુ માંદો પડયો હતો; એ પણ સારો થયો નહોતો ને પછી મરી ગયો હતો. બાપુ રડયા હતા–બા યે રડી હતી, ફઇયે રડયાં હતાં, તમે યે રડયાં હતાં–બધાંય રડયાં'તાં. બા તો હજુ યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને સંભારી સંભારીને રડે છે...પણ એ ગયો તે ગયો, પાછો આવ્યો જ નહિ. હું યે એની પેઠે મરી જાઉં તો ? "

બન્ને હાથે લલનાએ પોતાનું મોં ઢાંકી દીધું. બીજા કોઈ સમયે લલનાએ એનો તિરસ્કાર કરી એનું મોં બંધ કરી દીધું હોત, પણ આ વખતે એ તેમ ન કરી શકી. માધવ કેટલીક ક્ષણ મૌન રહ્યો. પછી ફરી બોલ્યો : "મોટી બહેન, હું મરી જાઉં તો શું થાય ?"

" કંઇ નહિ; રડશું–પોક મૂકશું."

લલનાને ગળે ડૂમો ભરાયો—ને એ ડૂસ્કે ડૂસ્કે રડી પડી.

માધવ કંઈ સમજી શકયો કે નહિ તે તો કોણ જાણે ! પણ આજે એ એનો કેડો મૂકે તેમ નહોતો. ઘણા દિવસથી જે વાત જાણવા એ આતુર બન્યો હતો, એ વાત આજ જરૂર જાણી લેવાનો એણે તો નિશ્ચય કર્યો હતો. એ ફરી બોલ્યો : " દીદી, મરી ગયા પછી માણસ કયાં જાય છે ? "

લલના આકાશ તરફ જોઇ બોલી : "ઉપર–આભલાની પેલે પાર."

વિસ્મિત થઇ માધવે વળી જિજ્ઞાસા દાખવી : " આભલાની પાર ? ત્યાં કોની પાસે રહેવાનું ?"

લલના બીજી તરફ જોઇ બોલી : " અમારી પાસે. "

માધવ અતિશય સંતોષ પામ્યો. હસીને એ બોલ્યો : " ત્યારે તો સારૂં...આપણું ત્યાં ઘર છે બહેન ? "

" હા. "

" ત્યારે તો બહુ જ સારૂં. આપણે બન્નેને બહુ મજા પડશે, નહિ ? "

" હા, હા ! "

લલનાએ મનમાં ને મનમાં પ્રાર્થના કરી – એવું જ બને ! માધવ પોતાના હાથથી લલનાનુ મોં પોતા મણી ફેરવી બોલ્યો : " મોટી બહેન, ત્યાં બધું ય ખાવાનું મળે છે ને ? "

" હા.. "

" દાડમ ખૂબ છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા."

બાળક ખૂબ હસ્યો અને એણે પડખું ફેરવ્યું; જાણે એક પડખે રહી એ પૂરો આનંદ ભોગવી શકતો ન હોય તેમ! પણ બીજી જ ક્ષણે ફરી પાછું પડખું ફેરવી એ બોલ્યો:

"મોટી બહેન, ત્યારે આપણે ક્યારે જવાનાં?"

"માધુ!"

"શું બહેન?"

"બાને છોડીને તું જાય?"

"કેમ? બા નથી આવવાની?"

"ન આવે તો?"

"હું તો સંગાથે જ તેડી જઇશ."

"તો યે નહિ આવે તો?"

આ વખતે માધવ કંઇક ઉદાસ થયો. એ બોલ્યો; "મોટી બહેન, બા કોઇ દિવસ નહિ આવે?"

"આવશે, પણ ઘણા દિવસ પછી."

"તો તો કંઇ વાંધો નહિ—હું પહેલો જઇશ; બા પછી આવશે તો ચાલશે."

કેટલીક ક્ષણ મૌન સેવી એ પાછો બોલ્યો; "બાને પૂછી જોઉં તો?"

"ના ના. બા આ જાણશે તો મને ય નહિ જવા દે ને પોતે ય નહિ આવે"

માધવ ડરતો ડરતો બોલ્યો: "ત્યારે તો નહિ જ કહીએ... દવા આપો એટલે હું પીને સૂઇ જાઉં; તમે જમવા જાવ."

દવા પી, પતાસું ખાઇ, પાણી પી, મનમાં કંઇક સુખ અનુભવતો માધવ આકાશ સામે જોઇ રહ્યો. "ત્યાં શું શું કરીશ! ત્યાં ખૂબ ઘૂમીશ, કેટલાંય દાડમ ઉડાવીશ, ઉપરથી બે–ચાર દાડમ બા માટે નીચે ફેંકીશ, સારાં સારાં પાકાં દાડમ ખાઇ લઇ એનાં છોતરાં છલના પર છુટ્ટાં ફગાવીશ, દાડમનો એક પણ દાણો ન રહેવા દઉં; "મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આપ – મને એક આપ" એમ છલના બહુ કરગરશે ત્યારે જ એક ફેંકીશ." અને આવુંઆવું મનમાં નોંધતો માધવ એ રાતે ઊંઘી ગયો.

અને લલના ? એ રાતે જાણે કે તે અદૃશ્ય થઈ. ફઇબા રાસમણિ, શુભદા, છલના, હારાણ – બધાએ એને ઘણી યે બોલાવી, પણ મેડેથી એણે કમાડ જ ઉઘાડયું નહિ.

"મારું તો બહુ માથું દુ:ખે છે; મને બોલાવશો નહિ. હું તો નહિ જ ઊઠું હવે તો." લલનાએ એમ ચોખ્ખું કહી દીધું.

બીજે દિવસે માધવ જાણે સાવ પલટાઇ ગયો. એમ તો એ શાન્ત હતો, પણ હવે એ એથી યે વધુ શાન્ત દેખાયો. દવા પીતાં એ કદી સંતાપતો નથી, "આ હું નહિ ખાઉં–મને તો પેલું જોઇએ" એવાંએવાં બહાનાં કાઢતો નથી. આજકાલ એ સર્વદા પ્રફુલ્લ ભાસે છે. બા જ્યારે પૂછતી : "માધુ, કંઇ ખાઇશ ?" ત્યારે એ બોલતો : "હા, લાવ."

"શું આપું ?"

"જે હોય તે આપ ને !"

મોટી બહેન એની પાસે બેસતી ત્યારે તો એની કંઇ વાત જ ન પૂછો ! બન્ને જણાં છાનીછાની કંઇ ને કંઇ વાતો કરતાં ને કોઇ નજીક આવી જાય તો ચૂપ થઈ જતાં.

*
* *

હવે હારાણના સંસારમાં કલેશની કાલિમા વધુ દેખાતી નથી. કંઇક અગત્યનું હોય તો લલના એકાદ-બે રૂપિયા કાઢી આપતી. શુભદા એકલી જાણતી હતી કે પૈસા કયાંથી આવે છે ; રાસમણિ સમજતાં હતાં કે હારાણ ક્યાંકથી લઇ આવે છે : હારાણ માનતો "ઠીક છે, ચાલવા દો. કયાંકથી આવે છે, તો આવવા દો; હું યે કયાંકથી લાવીશ." તો પણ એક વાત એના મનમાં ખટકયા કરતી હતી – એ હતી એના અફિણના ચરસની. કોઈ કોઈ વાર એને ભય પણ લાગતો, કે આ એની ચરસ એને છોડી જઇ રહી છે...અને છોડી જતી રહે તો ઉપાય શો ? એને આટલા અફિણ કયાંથી લાવું...ગમે તેમ, પેટ ભરી ખાવા તો મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; એટલે અફિણ માટે મન બગાડવાની જરૂરત નથી. સમય સારો આવશે તો બધું ય સારૂં થશે. હવે જેમ છે તેમ જ રહેવા દો.

થોડાક દિવસ પછી એક દિવસે સદાનંદની ફઈએ એને કહ્યું : " ભાઇ, એક વાર કાશીએ તો લઇ જા, મોત તો હવે નજીક છે – ક્યારે આવશે કોને ખબર, પણ આ જન્મારે એક વખત કાશી વિશ્વેશ્વરનાં દર્શન તો કરી લેવા દે. "

સદાનંદને કોઇ વાતમાં વાંધો હોતો નથી તેમ અહીં પણ નહોતો. એએક દિવસ પછી કાશી જવાનું નક્કી ઠર્યું. જવાના દિવસે સંધ્યા-સમયે " લલના–લલના "ની બૂમ મારતો એ હારાણના મેડે ચઢ્યો. લલના એ વખતે ઉપર જ હતી–સદાનંદને આવતો જોઇ ઊભી થઇ ગઇ. સદાનંદ ધોતિયાને છેડે પચાસેક રૂપિયા બાંધી લાવ્યો હતો. એ બહાર કાઢી પાસેના ઓશિકા હેઠળ મૂકી દઇ તે બોલ્યો : " આજે તો અમારે કાશીએ જવાનું છે. ક્યારે પાછા આવશું એ કંઇ નક્કી નથી: કામ પડે તો આમાંથી ખર્ચજે. "

લલના આશ્ચર્ય પામી બોલી ઊઠી : " આટલા બધા રૂપિયા ? "

એ સાથેજ સદાનંદ હસી ઊઠ્યો:

"કેટલા બધા રૂપિયા ! પચાસ રૂપિયા કંઇ બહુ નથી. દેખાય છે તો ઘણા, પણ ખર્ચતી વખતે બહુ નહિ દેખાય."

" પણ આટલા..."

એને બોલતી અટકાવી હાથનો કંઇક ચાળો કરી એ સીધો નીચે ઊતરી રસોડામાં શુભદા પાસે આવી બેઠો.

"કાકી, આજ તો અમે કાશીએ જવાના."

શુભદાએ એ વાત તો સાંભળી હતી. એ બોલી :

" પાછા ક્યારે આવશો ? "

" એ તો કેમ કહી શકાય ?...તો પણ ફઇ કાશી જોઇ રહે ત્યારે પાછા ફરશું એમ લાગે છે."

શુભદા દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ જ કરજો ભાઈ, હું તો કહું છું આ કામ બરાબર–નિર્વિઘ્ને પાર પડે."

સદાનંદ મોટેથી હસી વિદાય થયો.

બીજે દિવસે લલના અડધા પૈસા પોતાની પાસે રાખી બાકીના બાને આપતાં બોલી :

"બા, જતી વખતે સદા દાદા આ આપી ગયા છે."

શુભદાની આંખો મોટી થઇ ગઇ. એ રૂપીઆ ગણવા મંડી–ગણવાનું પૂરૂં થતાં દીકરી સ્હામું જોઈ બોલી : "પૂર્વજન્મમાં સદાનંદને ને આપણે કંઇ સંબંધ હશે."

લલના ડોકું હલાવતી બોલી : "એવું જ લાગે છે."

"નહિ તો આટલા બધા રૂપિયા કોઇ માણુસ આપે ?"

લલનો કંઈ બોલી નહિ.

"લલના, સદાનંદ કંઇ ગાંડો છે ?"

"કેમ ?"

"નહિં તો આમ કેમ કરે ?"

"દુ:ખીના દુ:ખે દુ:ખી થાય તો એ પાગલ ગણાય ?"

"તો પછી લોકો એને શા માટે ગાંડો કહે છે ?"

લલના સહાસ્ય બોલી : "લોકો તો એમ જ બોલે."

*

હારાણના સંસારમાં આજકાલ દુ:ખ જેવું નથી એમ જ કહી શકાય. ખાવા પહેરવા ઠીક મળે છે, પણ ગામમાં પાંચ જણ વચ્ચે પાંચ પાંચ વાતો થવા માંડી. કોઇ કહેતું : "હારાણે નંદીની તિજોરી પર ઠીક હાથ માર્યો લાગે છે" તો કોઇ કહેતું : "આજકાલ તો બહુ મોટો માણસ બની ગયો છે." વળી કોઇ કહેતું : "અરે ભાઈ કંઇ યે નથી. ઘરમાં હાલ્લાં લડી મરે છે." આમ અનેક વાતો ઉડતી હતી. સગાં ન ગણી શકાય તેવી વ્યક્તિઓને કંઇક ઓછું કુતુહલ હતું–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સગાંસંબંધીઓ તો અતિ કુતૂહલથી પ્રેરાઇ હારાણનાં છિદ્રો શોધવા મંડી પડ્યાં.

એક દિવસે બપોરે કૃષ્ણ ઠાકુરાણી સહસા આવી બોલ્યાં : " વહુ, શું કરે છે ? જમી પરવાર્યાં છો કે ? "

શુભદા બોલી : " હા, હમણાં જ બધાં જમ્યાં. "

કૃષ્ણ ઠાકુરાણી પાન સાથે તમ્બાકુ ચાવતાં ચાવતાં ને પિચકારી નાખતાં નાખતાં બેઠાં અને બોલ્યાં : " વહુ, હારાણ હમણાં ક્યાં છે ? શું કરે છે ? "

" શું કરે ? નોકરી માટે જ્યાં ત્યાં જઇ આવે છે. "

" ખર્ચો કેમ નીકળે છે ? "

શુભદાએ જવાબ ન આપ્યો.

કૃષ્ણ ઠાકુરાણી ફરી બોલ્યાં : " ગામમાં તો એમ વાત થાય છે કે નંદીના પૈસા એણે સારા હાથ કર્યા છે એટલે ખાવાપીવાની તે વળી એને ચિન્તા શાની ?...પણ મારાથી ક્યાં બધું અજાણ્યું છે ? "

શુભદા અચકાતી બોલી ; " જેમ તેમ ચલાવીએ છીએ. "

" એ રાંડ પેલી બામણપરાની કાતીનાં જ આ બધાં પરાક્રમ છે. હું હોઉં તો એના કકડે-કકડા કરી નાખું. "

સાંભળ્યું ન સાંભળ્યું કરી શુભદા બોલી: "જમીને આવ્યાં છો ?"

" હાસ્તો !...એ રાંડે જ બધું સત્યાનાશ વાળ્યું. હારાણ તો સાવ ગાંડો -કંઇ જોયા કારવ્યા વિના એના ફંદામાં ફસાઇ પડયો. ત્રણ હજાર પર તરાપ મારી તો ઘરમાં કંઇ નહિ તો બસો ત્રણસોય મૂક્યા હોત તો તો કંઇક ઠીક કહેવાત ! "

શુભદા બોલી : " આજ શું રાંધ્યું હતું ? "

" શું રાંધવાનું ? આજ તો મોડું થઇ ગયું. હતું-ખાલી ભાતદાળ જ કર્યાં'તાં...એ રાંડને તે કંઇ આપણી પડી છે ?...હારણ તો બિલકુલ બાયલો, એ રૂપિયા માટે એના પગે પડયો – ને એ માટે જ એ રાંડે એને કાઢી મુકયો...પણ ભગવાન કંઇ નથી જોતા ?...હારાણનું એણે સત્યાનાશ વાળ્યું – અને, તારા જેવી લક્ષ્મીની આંખમાંથી આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડાવ્યાં – તોય આ રાંડને કંઇ જ નહિ થાય ?...જરૂર, એને એ બધું ભોગવવું જ પડશે – તું તારે જોજે – હું કહું છું..."

શુભદા વચ્ચે બોલી ઊઠી : "બિન્દુ એકદમ કેમ સાસરે જતી રહી ?"

"એના સસરાને કોલેરા થયો'તો, પણ હું કહું છું, તારો ખર્ચો શી રીતે નીકળશે ?"

"શું કરીએ ત્યારે ? ભગવાન કરે તે ખરૂં."

કૃષ્ણ ઠાકુરાણી દીર્ઘ શ્વાસ નાખી બોલ્યાં :

"એ તો સાચું, પણ રહી રહીને મને ચિન્તા થાય છે–આ તારી છલનાનું શું ? કાલે એની ઉમ્મર થશે–એ વખતે એને ના પરણાવો તે સારૂં ન ગણાય. લોકોમાં વાતો થશે. એનો કંઇ વિચાર કર્યો ?"

શુભદાએ જ્યારે મ્લાન મુખે નિ:શ્વાસ નાખ્યો ત્યારે લલના ત્યાં આવી પહોંચી. છલનાની વાત થોડીઘણી એણે સાંભળી હતી. બાકીનું એણે અનુમાન કરી સમજી લીધું કે, બંગાલી ઘરમાં સ્ત્રી–જાતનાં લગ્ન ન થાય તે ન ચાલે ; ગોળ બહાર મૂકે.

૯

શુકલ પક્ષની એકાદશી હતી. રાતના બે પ્રહર થયા હતા. ગંગાતીરે અર્ધવનમાં આવેલા શિવમંદિરના ઓટલે બાવીસ વર્ષનો એક જુવાન બેઠો હતો. કોઇની રાહ જોતો એ ઘણા સમયથી બેઠો હતો.

યુવકનું નામ શારદાચરણ રાય. હળુદપુરના એક ધનાઢ્યનો એકનો એક પુત્ર. એનું શિક્ષણ ક્યાં સુધી થયું હતું તે તો કહી શકતા નથી, પણ એ વિચક્ષણ, બુદ્ધિવંત અને કર્મદક્ષ હતો. વૃદ્ધ પિતાની સમસ્ત જવાબદારી એણે પોતાના શિરે લઇ લીધી હતી. એની માતા વર્ષો પર મૃત્યુ પામી હતી. એ જીવતી હતી ત્યારે હારાણ સાથે એમને ઘરવટ જેવો સંબંધ હતો. રાસમણિ અને શારદાચરણની માતા વચ્ચે અતિ સખ્ય હતું, પણ એના જવા સાથે આત્મીયતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધુત્વ—બધુંય જતું રહ્યું હતું. તેમાંય શારદાચરણના પિતા રામમોહન બાબુને દરિદ્રો સાથે સંબંધ રાખવો બિલકુલ પસંદ નહોતો.

અહીં લલના વિષે કંઇક કહેવું અસ્થાને નહિ ગણાય ; કારણ, આ હકિકત સાથે એને સીધો સંબંધ છે. નાની હતી ત્યારથી લલનાને શારદાચરણ પ્રત્યે ભાવ હતો. એ પછી એનાં લગ્ન થયાં—હારાણની સ્થિતિ એ વખતે કાઢી નાખવા જેવી નહોતી, એ સ્થિતિમાં યોગ્ય રીતે ધામધૂમ કરી મોટી દીકરીને પરણાવી હતી. પરન્તુ દુર્ભાગ્યે એ વર્ષ પછી જ લલના વિધવા બની પિયર આવી. એ સમયે પણ લલનાનો શારદાચરણ પરનો ભાવ ઓછો ન થયો—ઉત્તરોત્તર ગાઢ થતો ગયો. બન્નેની ઉમ્મર વધતી હતી—ક્રમશઃ બન્નેને લાગ્યું કે આ પ્રણય પરિણામે સુખી નહિ નીવડે. શારદાચરણ કરતાં એ વાત લલનાને વધુ ખૂંચતી હતી. આસ્તે આસ્તે લલનાએ પ્રણયની હાટડી બંધ કરી દીધી. એ હવે એને મળવા જતો નથી, એને આવવા પણ દેતી નથી, પ્રેમ છે એ જણાવતી નથી, પહેલાંની પેઠે ખાનગીમાં પત્રો લખતી નથી—આ બધું જોઇ શારદાચરણને કશું સમજાયું નહિ. પ્રથમ તો એણે લલનાને બહુ સમજાવી, અનેક વાંધા ઉઠાવ્યા, અનેક યુક્તિઓ દાખવી, પણ લલના એકની બે ન થઇ. એક દિવસે તો લલનાએ જ ચોખ્ખું કહી દીધું કે એને આવું કશું ગમતું નથી.

શારદાચરણ તે દિવસે બહુ ગુસ્સે થઇ બોલ્યો : " હવે નથી ગમતું કેમ ? – આટલા દિવસ ગમતું હતું ખરું ! "

" આટલા દિવસ નાનાં હતાં – હવે મોટાં ગણાઇએ."

" મોટાં થયાં એટલે ના ગમે, એમ ? "

" હા; ના જ ગમે."

" પણ સમજ કે..."

એને પૂરું બોલવા દીધા વિના લલના બોલી ઊઠી : " હવે સમજવાથી કંઇ ફાયદો પણ નથી. હવે તમે મને કંઇ ખરું ખોટું સમજાવશો નહિ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાચરણ વધુ ગુસ્સે થઈ બોલ્યો : "હું શું તને ખોટું ખોટું સમજાવતો હતો ?"

"નહિ તો શું ?"

"એમ ?"

"હા."

"ત્યારે તો આજે જ બધું પતાવી દઉં."

"તો તો સારું જ."

"હવે તો આ ભવે હું તારી સાથે બોલીશ સુદ્ધાં નહિ."

"કંઇ વાંધો નહિ."

પછી બન્ને પોતપોતાને રસ્તે પડ્યાં. આખા યે રસ્તે શારદાચરણ ગર્જતો રહ્યો. લલના આંખો લૂછતી રહી.

ચાર વર્ષ પરની આ વાત : ચાર વર્ષ પછી આજે તે લલનાની વાટ જોતો ભગ્ન મંદિરે બેઠો હતો. આગલી વાત એક રીતે એ ભૂલી ગયો હતો—ભૂલવાની અણી પર હતો. કિન્તુ લલનાએ આજે ફરી એને બોલાવી અહીં મળવા કહ્યું હતું, એટલે જ એ વાત ધીમે ધીમે એના મગજમાં ઊતરવા માંડી. એટલે જ કહેવાય છે—બાલ્યપ્રેમે અભિશાપ હોય છે-કેટલાક કહે છે-બાલ્યપ્રેમ દૃઢ નથી હોતો. કોઈ કહે છે, હોય છે. ગમે તેમ. આ વિષયમાં નિયમોનું નિયંત્રણ ન હોઈ શકે—અહીં કંઇ પણ બની શકે-છતાંય એટલું કહી શકાય, કે બાલ્યપ્રેમની સ્મૃતિ ચિરકાળ હૃદયમાં જડાઇ રહે છે. એ ફાવે તેમ ઉખેડી ફેંકી દો તો પણ એના ક્ષુદ્રતમ મૂળ હૃદયનાં ઊંડા ઊંડાણમાં સાંપડ્યા વિના નહિ રહે.

અનેક વિચારો એના મગજમાં આવ્યા. આજે ચાર વર્ષ પછી એ ફરી આવશે, પાસે બેસશે, વાતો કરશે. શારદાચરણની ભીતરમાં જાણે કે કંપ ઉઠ્યો. આનંદમાં જાણે એણે રોમાંચ અનુભવ્યો ; પણ શા માટે ? એ શા માટે આવે છે ? આ સમયે એને શા માટે બોલાવ્યો છે ? ની સાથે મારે હવે વળી શો સંબંધ ?

રાતના એક વાગી ગયાનો સમય હતો. એક સ્ત્રી લાજ કાઢી આવતી દેખાઇ, શારદાચરણે વિચાર્યું : આ લલના હશે ?...લલના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે, જરા મોટી દેખાય છે. લલના એની પાસે આવી. શારદાચરણ સંકોચ છોડી બોલ્યો: " બેસ અહીં. "

બન્ને સામસામાં ચંદ્રપ્રકાશમાં મંદિરની ઓસરી પર બેઠાં. કેટલીયે ક્ષણો વીતી ગઇ. પણ બેમાંથી એકે કંઇ બોલી શક્યું નહિ. અંતે શારદાચરણ સાહસ કરી બોલ્યો :

" કેમ ?...મને શા સારૂ બોલાવ્યો છે ? "

લલના ઘડીભર એની સામે જોઇ બોલી :

" જરા કામ હતું. "

" શું કામ ? "

" કહું છું... "

ફરી કેટલીક ક્ષણ મૌન સેવી, શારદાચરણ બોલ્યો: " કેમ બોલતી નથી ? "

" કહું છું ને...પહેલાં મારી સાથે તમારે પ્રીત હતી...હજુ છે ? "

પ્રશ્ન પાછળના ભાવથી શારદાચરણ કંઇક આશ્ચર્ય પામ્યો. એ બોલ્યો: " કેમ ? "

" કામ છે. "

" તો, હા છે એમ કહું તો ? "

લલના મૃદુ હાસ્ય કરી કંઇક શરમાતી બોલી :

" તો પરણશો ? "

શારદાચરણ કંઇક ખમચાયો ને બોલ્યો : " ના. "

" કેમ નહિ ? "

" તારી સાથે પરણું તો ન્યાત બહાર મુકાઉં. "

" એમાં શું ? "

" તો પછી ખાશું શું ? "

" તમને વળી એની શી ચિન્તા ? "

" પણ પિતાજી કબૂલ ન કરે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કરશે, કેમ નહિ કરે ! તમે તેમના એકના એક પુત્ર છો; તમે ધારો તો બધું ય કરાવી શકો."

ફરી કેટલીક ક્ષણો મૌનમાં વીતી ગઇ. પછી શારદાચરણ બોલ્યો: "તો પણ ન બને."

"કેમ ?"

"અનેક કારણો છે. પહેલાં તો પિતાજી કબૂલ થાય તોપણ આપણે ન્યાત બહાર રહેવું પડે—ન્યાત બહાર થવા એટલે હરિદપુરમાં રહેવું ભારે પડે...ને તને બીજે કયાંય લઇ જવાના મારી પાસે પૈસા ય નથી. બીજું, જે વાત પર પરદો પડયો છે તે એમ ને એમ જ હવે રહેવા દે—મારી તો એમ જ ઇચ્છા—ને એ જ આપણે માટે સારું છે."

થોડીક વાર લલના ચૂપ રહી બોલી: "ઠીક, એમ જ રહેવા દો ત્યારે...પણ એક કામ કરશો ? ઉપકાર થશે."

"બોલ, થાય એવું હશે તો જરૂર કરીશ."

"તમારાથી થાય એવું તો છે, પણ તમે કરી શકો કે નહિ તે તો ન જાણું."

"બોલ ત્યારે, બનતું કરીશ."

"મારી બહેન છલના સાથે લગ્ન કરો."

શારદાચરણ હસ્યો: અને બોલ્યો: "કેમ ? કોઇ મૂરતિયો મળતો નથી ?"

"કયાંથી મળે ? અમે તો ગરીબ–ગરીબને ઘેર કોણ પરણે ?... એટલેથી પતે તો ય સારું–પણ તે યે નહિ...અમારું કુટુંબ વળી ઊંચું...નીચાવાળાને કન્યા દેવા જઇએ તો મૂરતિયો મળે ખરો, પણ અમારું કુળ લજવાય...તમે ને અમે સરખા ગણાઇએ. તમે વિવાહ કરો તો બધું પાર ઊતરે...બોલો કરશો ?"

"પિતાજીને પૂછવું પડે...એમને પૂછયા પહેલાં હું કંઈ ન કહી શકું."

"ત્યારે એમને પૂછીને પછી નક્કી કરજો."

"પણ હું માનું છું, તેમને ગળે આ વાત ઊતરશે જ નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલના મ્લાન વદને બોલી : "કેમ નહિ ઊતરે ?"

"કેમ નહિ ?...ચાલ, બધી ચોખવટ જ કરું. કંઈ છાનું રાખવા જેવું નથી, પિતાજી કંઇક પૈસાના લોભી છે, એમની ઇચ્છા છે કે સારા પૈસા મળે તેમને ત્યાં જ મારે પરણવું. તમારા તરફથી તો કંઇ આશા રખાય નહિ—એટલે લગ્ન પણ ના થાય."

લલના હતાશ ભાવે બોલી : 'અમો ગરીબને ઘેર પૈસા ક્યાંથી ?...પણ તમને પૈસાની જરૂરે શી છે ? પૈસા તો ભગવાને ઘણા આપ્યા છે."

શારદાચરણ દુઃખિત ભાવે મંદ મંદ હસતાં બોલ્યો :

"એ હું સમજું છું, પણ પિતાજી સમજતા નથી ને ?"

"તમે સમજાવો તો જરૂર સમજે."

"હું તો એક વાર કહીશ; સમજાવવાનું મારાથી ન બને."

લલના અતિ વિષણ્ણ બની બોલી : "ત્યારે હવે શું થાય ?"

"હું શું કરું ?"

"તમારી ઇચ્છા નથી ?"

"ના."

"લલના જેવી કન્યા તમને એમ સહેજે નહિ મળે. આવી રૂપવાન, બુદ્ધિશાળી, મહેનતુ વહુ નહિ મળે—તે વળી એક ગરીબ ઉપર ઉપકાર થયો ગણાશે. એક બ્રાહ્મણનું કુળ સાચવ્યું લેખાશે—જિંદગીભર તમારો ઉપકાર નહિ ભૂલું...બોલો, લગ્ન કરશો ?"

"પિતાજી કહેશે તેમ કરીશ."

"જેવી મરજી, પણ આજ અવસર આવ્યો છે તો બધું ચોખ્ખું કહી દઉં—આ ભવે તો બીજો અવસર નહિ મળે એમ માનીને જ દિલ ખોલું છું. તમારી આગળ હું કદી શરમાઇ નથી—આજે પણ નહિ શરમાઉં. પહેલેથી હું તમને ચાહતી આવી છું—અને હજુ પણ ચાહું છું. પહેલાં યે મેં આમ કહ્યું હતું—આજે પણ છેલ્લી વાર કહું છું. મારે તો એક જ અરજ કરવાની હતી—કદાચ છેલ્લી યે હોય—એ પણ તમે સ્વીકારી નહિ......એ તો જાણે ઠીક...થવાનું હતું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું...હવે આવું ન થાય તો સારું. ફોગટનો મેં તમને ત્રાસ આપ્યો... માફ કરજો."

મનમાં શારદાચરણને ઘણું લાગી આવ્યું. લલનાને જવા તૈયાર થયેલી જોઈ એ બોલ્યો: "પિતાજીને હું કહી જોઇશ."

લલના એની તરફ ફર્યા વિના બોલી:

"કહી જોજે."

"પણ મારે તો એમનું કહ્યું કરવું પડે."

લલના જતાં જતાં બોલી.

"એ તો હું જાણું છું."

"પછી તને જણાવીશ."

"સારું."

"લલના, માફ કરજે..."

"કરી દીધું..."

૧૦

આખી રાત હારાણ જુગટું રમ્યો. દ્યૂતશાળા છોડી ત્યારે રાતનો આછો પ્રકાશ માત્ર દેખાતો હતો; પણ હારાણનું ખિસ્સું તર બન્યું હતું.

એ સીધો ઘર ભણી ન વળ્યો. બીજે દિવસે આ દુકાનથી પેલી દુકાન, એમ કરતાં બપોર થઈ ગઇ. ચાર વાગે ઘરના ઉંબરામાં એણે પગ મૂક્યો ત્યારે એની આંખો ઘણી જ લાલ ઘૂમ બની ગઇ હતી—મોં, નાક, કપડાં—એના આખા અંગમાંથી ગાંજાની ગંધ આવતી હતી.

સ્નાન કરી એ જમવા બેઠો. સામે શુભદા પણ બેઠી અને બોલી: "આજે કંઇ બહુ મોડું કર્યું?"

"શું કરીએ? કામ એટલું બધું આવી પડ્યું છે કે વખત થઇ જાય છે...તું હજુ જમી નથી?"

શુભદાએ કશોય જવાબ વાળ્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારાણ ફરી વાર જિજ્ઞાસા દર્શાવી બોલ્યો : "જમી નથી ?"

"હવે જમીશ."

હારાણે દુ:ખી થઇ કહ્યું : "આ સારૂં ન કહેવાય; મારૂં તો કંઇ નક્કી નહિ; હું તો આખો દિવસ ન પણ આવું તો શું તું ભૂખી રહે ?"

બેએક કોળિયા લઇ હારાણ શુભદા સામે જોતાં બોલ્યો : "કાલે તેં મારી પાસે કંઇ પૈસા માગ્યા'તા ને ?"

શુભદાને સમજણ ન પડી. તેણે કહ્યું :

"ક્યારે વળી ?"

"નહોતા માગ્યા ? હું તો સમજ્યો'તો કે તેં માગ્યા છે." અને તે હસતાં હસતાં બોલ્યો : "કાલે નહિ માગ્યા હોય, પણ હવે તો જોઈશે ને ? બધું એકતું એક...જો, મારા ખેસને છેડે આઠેક રૂપિયા છે—ચાર પાંચ તું લઇ લે."

શુભદા ડોકું હલાવી બોલી : "સારૂં."

શુભદાને જરા અજાયબી લાગી. ઘણા દિવસ થયાં હારાણે આવું કશું કર્યું નહોતું—ઘણા દિવસથી હારાણે પોતાની મરજીથી શુભદાને પૈસા નહોતા આપ્યા. હારાણ જમી રહેતાં એ બોલી :

"ક્યાંથી લાવ્યા ?"

આજ હારાણ કંઈક મોટેથી હસ્યો ને બોલ્યો : "લે ! પૈસાની તે મને ચિંતા હોય ? માણસ જરા બુદ્ધિ ચલાવે કે પાતાળમાંથીયે એ પૈસો કાઢી ફગાવી દે !...સમજી ?"

શુભદા શું સમજી એ તો એ પોતે જ જાણે, પણ જવાબમાં એ કંઈ બોલી નહિ.

*
* *

ઉપર્યુક્ત ઘટનાને લગભગ બે માસ વીતી ગયા.

આજે સંધ્યાસમયે શુભદા લલતાની સાથે બેસી વિનવતી હોય તેમ બોલી; "લલના, આજ કંઇ યે નથી ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કશું યે નથી, બા."

"એ તો તું બોલ્યા કરે છે, પણ પછી બે આના—ચાર આના એમ આપી દે છે...જો તો બહેન, હશે...નહિ તો કોઇના મોંમાં પાણીનું ટીપું યે નહિ જાય."

બાનું દુ:ખી મોં, આંસુભરી આંખો, અને ગદ્ગદ્ કંઠ જોઇ લલનાને પણ ગળે ડૂમો ભરાયો, એ બોલી: "કંઇ યે નથી બા, તારા સોગન, કંઇ નથી."

બન્નેની આંખમાંથી ચોધાર આંસુ સરવા માંડયાં. દીકરી પર વિશ્વાસ ન રાખ્યો એ બદલ શુભદા રડતી હતી, પણ લલના રડતી હતી બીજા એક કારણે. "કશું યે નથી" કહી પહેલાં એ કંઇક આપતી, પણ આજ સાચ્ચે જ એ કંઇ પણ ન આપી શકી. સદાનંદના પચાસ રૂપિયામાંથી આજે એક પાઇ પણ રહી નહોતી. સવારે શું ખાઇશું? રાત કેમ જશે? છોકરાને ભૂખ્યા જોઇ બાને કેવું થશે? સવારે હવે કોની આગળ જવું? કંઇ ન સૂઝવાથી એની આંખમાં વળી પાછાં આંસુ ઉભરાયાં. બિન્દુ નથી—સદાનંદે નથી...એટલું જ નહિ, બાપુજી પણ બે દિવસથી આવ્યા નથી, કદાચ ચંડુલખાને કે જુગારખાને પડયા હશે.

*

હવે હારાણચંદ્ર વિષે જરા જાણીએ: ગાંજો ચડાવતો, અફીણ આરોગતો, બે-ચાર પૈસાનું દેવું કરતો, બે-ચાર આના શુભદા પાસે આડું અવળું સમજાવી પડાવતો, અત્યંત તંગ થતો ત્યારે બ્રાહ્મણ-સંતાનનો આખરી આશરો સ્વીકારી તિલક કરી ભભૂત ચોળી ભીખ માગવા નીકળતો, પણ જુગારના જાદુ એને પૂરા સમજાયા નહોતા.

હવે એ પણ શરૂ થયા. જુગટું ખેલનારને પહેલાં જેમ થાય છે તેમ હારાણનું પણ થયું—અર્થાત્ બેચાર પૈસા મળે, બેચાર રૂપિયાનો લાભ થાય, તેમ હારાણને પણ થયો. પહેલાં તો કંઇક મળ્યું, પણ જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ ભાગ્યદેવીની જાણે તેની પર ખફાદૃષ્ટિ થવા મંડી. શુભદાને જે પાંચ રૂપિયા આપ્યા હતા એ જ એનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લું દાન હતું. એટલે, એ પછી એને કશું મળતું નહોતું એમ નથી. એને થોડુંઘણું કંઇક મળતું હતું, પણ એ "લેવા-દેવા"માં ખલાસ થઇ જતું હતું. પહેલાં હળુદપુરમાં એ રહી શકતો નહિ. પણ હવે તો બ્રાહ્મણવાડે પણ જવું એને વસમું થઇ પડયું હતું. રસ્તે જતાં કોઇ મળે તો એની પાસે ઉઘરાણી કરતું. બે પૈસા, ચાર પૈસા, બે આના, ચાર આના—એમ પ્રત્યેક પરિચિત પુરુષ પાસેથી "કાલે આપીશ" કહી એણે ઉછીના લીધા હતા. દરેક દુકાનદારને એની પાસેથી ચાર આના—આઠ આના લેવાના હતા. આ બધાં કારણે બ્રાહ્મણવાડે એ બહુ જતો નહોતો; પણ સાંજના સમયે ચંડુલખાનાના એકાદ ખૂણે એ જરૂર મળી આવતો. કોઇ કોઇ દિવસ મોડી રાતે દ્યૂતશાળાનો ઝાંપો ખોલી જુઓ તો એ ત્યાં દેખાયા વિના રહે નહિ. હમણાં હમણાં તો રાત થતાં એ ઘણી વાર દ્યૂતશાળામાં દેખાતો. "પૈસા નથી" કહી પોતે રમતો નહોતો, પણ બીજાઓની રમતમાં બાજીના રંગ બતાવી બે-ચાર પૈસા કમાઈ લેતો, ખેલાડીઓ બાજી રમતાં ઉઠતા નહિ એટલે હારાણચંદ્ર પોતે તંબાકુ ભરી બધાંને હુકકો આપતો—જીતનાર માણસનો પક્ષ લઇ બે-ચાર મીઠી વાતો કરી, મશ્કરી કરી, હાથમાં જનોઈ લઇ ભગવાનનું નામ જપી, વિજયી પક્ષનું મન સાચવી નશા માટે પૈસા ભેગા કરતો. જે દિવસે કંઇક વધારે મળે તે દિવસે એ પોતે જ બાજી ખેલવા બેસી જતો. કાં તો મળે કાં તો જાય.

બે-ચાર આના પાસે આવે તો એના પગ ધરતીથી અદ્ધર ચાલતા. ચંડુલખાનેથી સાહેબી ચાલે આવી મુરબ્બી આસન જમાવતો. સાથેના ઘણાને રાજા-વઝીર જેવાં પદવીદાન આપી શુભદાના ચહેરાને યાદ કરતો કરતો ઘેરે આવતો. ત્યાં તો ખાવાનું મળશે જ – શુભદાનો કોઠાર કદી ખૂટે તેમ નહોતો, એમ એ માનતો. એ મૂર્તિમંત અન્નપૂર્ણાના હાથ કદી ખાલી ન હોય! બીજાઓને મળે કે ન મળે, પણ પોતાને માટે તો પેટપૂરતું જમવાનું જરૂર મળવાનું જ!...કિન્તુ ઘેર આવતી વખતે એ કંઈક મુશ્કેલીમાં મુકાતો. એને જરા શરમ આવતી. ઘરની નજીક આવતાં એના પગ પહેલાંની માફક ઉપડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર થતા નહોતા. ગમે તેમ, ઘરમાં પ્રવેશ કર્યા પછી એને બહુ બેચેની લાગતી. શુભદા જે રીતે પગ ધોવા પાણી આપતી, જે રીતે પગ લૂછતી, જે રીતે શુષ્ક વદને ભાતની થાળી એની સામે ધરી મૌન-ભાવે અત્યંત ગરીબડી જેમ બેસતી. એ જોતાં હારાણના હૃદયમાં કંઇ ને કંઈ થઇ જતું. કોળિયો એના ગળે આસાનીથી ઊતરતો નહિ...બપોરના ચાર કે રાતના ત્રણ વાગ્યા હોય તોપણ હારાણ જોતો કે ખાધા વિના, આરામ લીધા વિના શુભદા એની જમવાની થાળી તૈયાર રાખી બેઠી જ હોય ! એ પૂછતી નહિ "આજ આટલું મોડું કેમ ?" એમ પણ જિજ્ઞાસા નહોતી કરતી: "આટલી રાતે કેમ ?"......એનું આ વિરક્ત મૌન વળી તેને વધુ અસ્વસ્થ કરી દેતું. એ સમજતો: પોતે સ્વામી હોવા છતાં આટલી શ્રદ્ધા, આટલી ભકિત એને શોભતી નથી. એટલે જ શુભદાની આ સેવા, આટલો આદર એનાથી જીરવી શકાતો નહોતો. એ જોઇ રહ્યો હતો, કે એક જણ નિયમસર અપરાધ કર્યે જતું હતું. અને એક જણ નિયમસર ક્ષમા આપતું આવતું હતું. પોતે અફિણી-ગંજેરી હોવા છતાં એની આંખોમાં શરમ આવતી...શુભદા એક વાર પણ એનો તિરસ્કાર કરતી નથી, એક વાર પણ એના ઉપર ગુસ્સો કરતી નથી, એક વાર એને કંઇ નહિ તો હાવભાવથી પણ નથી જણાવતી કે "તમે આમ ન કરો, આ મને નથી ગમતું, આ મારાથી નથી સહન થતું..." નિત્ય આમ પોતા તરફથી થતા અન્યાય માટે એને સંકોચ થવા માંડયો...ગમે તેમ એ જ રીતે દિવસો વીતવા માંડયા.

આજે પણ મોડી રાતે હારાણ ઘેર આવ્યો, પણ અંદર પેસતાં જ એને કંઇક નવું જ રૂપ દેખાયું. આજ શુભદા પગ ધોવા પાણી લાવી નહિ. થાળી પીરસી રોજની જગ્યાએ કોઇ બેઠું નહિ, એક ખૂણામાં એક નાનો દીવો ઝીણી દીવેટે ટમટમતો હતો. દીવો સંકોરવા ગયો તો એને જણાયું કે એમાં તેલ જ નહોતું. એને બીક લાગી—આજ બે દિવસથી પોતે ઘેર નથી આવ્યો એટલે જરૂર કંઇક થયું હશે. પથારીમાં એક બાજુ બેસી મનમાં, એ વિચારને ચગડોળે ચડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંસૂઝણું થયું તો પણ કોઈ એને દેખાયું નહિ. એને શું થયું કોણ જાણે !—એ ચોરની પેઠે ફાટલા તૂટયા જોડા હાથમાં લઈ જરાય અવાજ કર્યા વિના ઘર બહાર નીકળી પડયો.

કોઈનું પણ ધ્યાન ખેંચ્યા વિના બહાર નીકળી જવાની એની ઈચ્છા હતી. પણ તેમ ન બન્યું. પરસાળમાં છલના બેઠી હતી. આટલી વહેલી એ કદી ઊઠતી નહોતી, પણ આજે કોણ જાણે શાથી એ જાગી ઉઠી અહીં આવી બેઠી હતી. હારાણને જોતાં જ એ બૂમ પાડી બોલી ઉઠી: " બાપુજી ! ક્યારે આવ્યા ? "

હારાણ એકદમ ખમચાઇ જઇ બોલ્યો : " રાતે "

" એમ ? તમને તે કંઇ ભાન છે ? કાલે આ, ફઇ કે કોઇએ પાણીનું ટીપું સુદ્ધાં લીધું નથી અને તમે જોડા હાથમાં લઈ નાસી જાવ છો ?...આજ અમારે ખાવું શું ? "

હારાણને લાગ્યું: છલના એનું માંથું કાપી રહી છે. હાથમાંના જોડા આપોઆપ પડી ગયા—ગભરાયો હોય તેમ એ બોલ્યો : " સાચું કહે છે, છલના ? "

છલના વળી પાછી મોટેથી બરાડી : " ઓ ફઇબા, બાપુજી શું કહે છે એ સાંભળ્યું ?...હું તો જાણે જૂઠું બોલું એમ સમજે છે ! કાલ આખી રાત બા ને મોટી બહેન કેટલાં રડતાં હતાં—તમને ક્યાંથી ખબર હોય ? તમે તો ખાલી ખાવા આવો છો. એ વગર બીજો કંઈ સંબંધ છે તમારે અમારી સાથે ? "

હારાણ ત્યાં વધુ ઊભો ન રહી શકયો. જોડા હાથમાં લઇ એ ત્યાંથી ઉપડયો. છલના ફરી એક વાર બૂમ પાડી ઉઠી : " અરે બા, બાપુજી તો જતા રહ્યા ! "

છલના તો નાનું બચ્ચું હતી—બુદ્ધિ ઓછી, છુટ્ટા મોઢાની, કોને શું કહેવું, ક્યારે કહેવું—એ, એ જાણતી નહોતી. લલના અંદરના ઓરડામાં રહી બધું સાંભળી રહી હતી. બાપુજી ગયા પછી એ ધીમે ધીમે છલના પાસે આવી બોલી : " છલના, તારામાં તે કંઇ અક્કલ છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ ?"

"કોની આગળ કેમ બોલવું એની તો તને કંઇ જ ખબર પડતી નથી–બાપુજીને આવાં કડવાં વેણ કહી આમ કાઢી મુકાય ?"

છલના ક્રોધમાં આવી બોલી : "મેં કાઢી મૂકયા કે તેઓ પોતે જતા રહ્યા ?"

"છટ્ ! બાપુજીને આમ બોલાય !"

"કેમ ન બોલાય ! બાપ જેવા બાપ હોય તો ના બોલીએ, પણ આવા બાપુજીને તો કહેવાય; કંઈ વાંધો નહિ ! કોઇના બાપ આમ ભાગી જાય છે ? કોઈ આમ ગાંજો–અફિણ ચડાવી બહાર ફરતું ફરે ?... હું તો એવું બોલવાની ને બોલવાની !"

લલના વિરક્ત ભાવે બોલી: "છલના, તું મારી સામેથી ચાલી જા !"

"હું શું કામ ચાલી જાઉં ? તું જ જાને ! તું શા માટે ગુસ્સે થાય છે ?"

લલના ચૂપચાપ ત્યાંથી ચાલી ગઈ.

૧૧

એ દિવસે બાપોર પછી શુભદા રાસમણિ પાસે કાંસાની એક લોટી મૂકી બોલી : "બઇજી, વખત તો ઘણો થયો—તેઓ આવે એમ લાગતું નથી; આ ગીરો મૂકીને કંઇ મળે તો સારૂં."

રાસમણિ કેટલીક ક્ષણ શુભદા તરફ જોઇ બોલી : "વહુ, મને તો બહુ શરમ આવે."

લલના પણ ત્યાં ઊભી હતી. એ લોટી લઇ બોલી : "બા, લાવ હું જઈ આવું."

શુભદા રૂંધાયેલા અવાજે બોલી : "કયાં જઇશ ?"

"લલના ફઇબા સામું મૃદુ હાસ્ય કરી બોલી :

"પેલા ઘોષની દુકાને."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું જવાની?"

"એમાં શું શરમ છે? હું તો ગામની છોકરી ગણાઉં—નાનપણથી હું અહીં ઉછરી છું—મારે વળી એમાં શરમાવાનું શું? કોઇ દહાડા સારા તો કોઇ દહાડા ખરાબ! – કંઇ આખો જન્મારો બધાંને સુખ હોય છે?"

લલનાને જતી જોઇ રાસમણિએ તેના હાથમાંથી લોટી ઝૂંટવી લઈ કહ્યું:

"મને જ જવા દે."

એ દિવસે ત્રણ વાગે બધાં જમ્યાં. કામ પરવારી શુભદા લલનાને એક બાજુ લઈ ગઇ અને બોલી: "લલના, જરા ગલકાનાં પાંદડાં લઇ આવ તો—કોઇ પકડે નહિ—ધ્યાન રાખજે."

લલના આશ્ચર્ય પામી બોલી: "કેમ? હવે શું કામ છે?"

"મારે જરા કામ છે."

"શું કામ?"

શુભદા થોડું હસીને બોલી: "જાણીને શું કરીશ?"

શુભદાના અવાજ પરથી લલનાને જાણે કે થોડી ઘણી સમજ પડી, એટલે જ એ બોલી: "હાંલ્લામાં ભાત નથી?"

"કેમ ન હોય?"

"પાંદડાંનું તારે શું કામ છે?"

"આપણો વસ્તાર મોટો ગણાય – પાંદડાં રાંધી રાખીએ તો શું વાંધો?"

"પણ સાચું બોલને! – શું છે?"

"શું હોય વળી?"

"તને પગે લાગું–કંઇ છાનું રાખીશ નહિ."

લલના પગે પડવા જતી હતી, પણ શુભદાએ તેનો હાથ પકડી લીધો. લલનાના લલાટ પર રમતી લટો કાન પાછળ સેરવતી પ્રસન્ન મુખે બોલી: "એક જણનેય પૂરો થાય એટલો ભાત નથી–એ આવે તો..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો શું પાંદડાં ચાવીને રહીશ?"

શુભદા પહેલાંની જેમ હસીને બોલી:

"કેમ? ન ખવાય?"

"ના ખવાય એમ નહિ, પણ એ ખાઇને કંઇ રહેવાય?"

"ના કેમ રહેવાય? – તુંજ કહેતી'તી તે કે, સારા નરસા દિવસ હોય એ તો!...આ તો આપણા નરસા દિવસ કહેવાય—સારા દિવસ સંભારવાથી કંઇ વળે? ભગવાન બધું જુએ છે—સૌ સારાં વાનાં થશે. એ વખતે..." શુભદા આગળ બોલવાને બદલે રડી પડી.

લલનાની આંખમાં પણ આંસુ આવ્યાં. એ ત્યાંથી ખસી ગઇ. થોડી વાર પછી પાછી આવી બા આગળ પાંદડાંની એક મોટી ઝૂડી મૂકી આંખો લૂછતી જતી રહી.

*
* *

સાંજ થવાને હજુ વખત હતો. એક ભિક્ષુક ઘણા વખતથી બ્રાહ્મણવાડે એક અદના મોદીને ત્યાં એક બાજુમાં ગૂપચુપ ઊભો હતો. દુકાન બહુ નાની હતી–લોકો એકાદ બે પૈસાનું કંઇ ખરીદવા અહીં આવતા...... કેટલાક એક પૈસાનું તેલ લ્યે, બે પૈસાની દાળ લ્યે, પાઇનું મીઠું લ્યે. – ને પછી ચાલ્યા જાય. એમ કેટલોક સમય વીતી ગયો. ભિક્ષુક એક શબ્દ પણ ઉચ્ચારતો નહોતો––ક્રય-વિક્રય માત્ર જોઇ રહ્યો હતો. થોડા વખત પછી દુકાનદારની નજર એના પર પડી. એ બોલ્યો: "શું જોઇએ તારે?"

ભિક્ષુક માથું હલાવી બોલ્યો: "કંઇ નહિ."

દુકાનદાર કંઇક ગુસ્સે થઇ બોલ્યો: "તો પછી અહીં ઊભો કેમ રહ્યો? નકામી ગીરદી કરે છે!"

ત્યાં એક ઘરાક બોલ્યો: "એ તો ભીખ માગવા આવ્યો છે, "બિચારો?"

દુકાનદાર વધુ ગુસ્સે થયો ને બોલ્યો: "જા જા, અહીં કંઇ નથી. સાંજના વખતે વળી ભીખ શાની?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુક ત્યાંથી ચાલી નીકળ્યો. થોડે દૂર જઇ એ પાછો ફરી પહેલાંની જગ્યાએ ઊભો રહ્યો. દુકાનદાર એની સામે જોઇ બોલ્યો : " પાછો આવ્યો ?"

" ચોખા લેશો ?"

" કેવા છે : કેમ આપવા છે ?"

" મોટા દાણા છે –"

" જોઉં ! "

ભિક્ષુક એક નાની કોથળી બતાવી બોલ્યો :

" જુઓ..."

દુકાનદારે ચોખા જોઇ ભવાં ચડાવ્યાં અને બોલ્યો : " આ તો ભીખ માંગી લાવ્યો છે ? કેટલા પૈસા જોઇએ, બોલ ?"

ચોખા વેચનાર દુકાનદારના મોં સામે જોઈ બોલ્યો : બે આના"

" જા જા ! આનાનો માલ નહિ ને બે આના જોઇએ ? નહિ જોઇએ એ ચોખા, લઇ જા. "

ભિક્ષુકની ઓળખાણ આપવાની જરૂર છે ? એ આપણો હારાણ.

હારાણ ત્યાંથી બાજુના ઝાડ નીચે બેસી દુકાનદારના બાપદાદાને સંભારી સંભારી ચોખા ખાવા મંડયો; આટલા ચોખા કંઇ ચાર પૈસામાં આપી દઉં ! આખા દહાડાની મહેનત મજૂરીના ચાર પૈસા અફીણ-વાળાને ત્યાં લઇ જાઉં તો ચાર દહાડાનું અફીણ મળે ! પણ ત્યાં કેમ જવાય !... ..છટ્ ! મારા બેટા ભીખના ચોખા છે એમ ઓળખી જાય !...ત્યારે હવે ?...ઘરે લઇ જાઉં ?...ના ના, આટલેથી તો શું થાય ? – કોના પેટમાં જાય ?...એ કરતાં ન લઇ જવા જ સારા...

હારાણ પોતાનું પોટલું બરાબર બાંધી ફરી એ દુકાન આગળ આવ્યો. દુકાનદારને ઉદ્દેશી એ બોલ્યો: " ઠીક, લઇ લ્યો આ."

" ચાર પૈસા મળશે."

" સારૂં."

" પેલા કોથળામાં નાખી દે ત્યારે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હારાણે કોથળામાં ચોખા નાખ્યા – ને હાથ લાંબો કર્યો. ચાર પૈસા લઇ થોડેક દૂર ગયો ને બહુ જ હસવા મંડયો. એટાને કેવો બનાવ્યો ! જેવું કરે તેવું ભરે ! અડધા ચોખા તો હું ખાઇ ગયો ! મૂરખને કંઇ ખબર જ ન પડી ! મનમાં હસતો હસતો સાંજના આછા અંધારામાં ચંડુલખાનાનો ઝાંપો ખોલી અંદર પેઠો.

હવે આપણે એનું કામ નહિ–ચાલો બીજે જઇએ.

૧૨

"હવે તો મા, નથી સહેવાતું !"

ત્રણ દિવસના ઉપવાસ પછી શુભદા લલનાને ગળે હાથ વિંટાળી રડવા લાગી.

લલના બાનાં આંસુ લૂછતાં બોલી :

"આમ શું કામ કરે છે બા ? આવું કંઈ હંમેશ રહેવાનું છે ? સારા દહાડાયે આવશે." શુભદા ડૂસકું દબાવતી બોલી : "ભગવાન કરે ને એવું બને !...પણ આ તો હવે નથી સહેવાતું. મા થઇને તમારી દશા સગી આંખે જોઇ શકાતી નથી...હું તો હવે ગંગામાને ખોળે ડૂબી મરીશ—તું જ બધું હવે સંભાળજે. બારણે બારણે ભીખ માગી પૂરું કરજે—મારાથી તો મા થઇને નથી સહેવાતું."

જે રીતે શુભદા ડૂસકું દબાવી રહી હતી, અને જે રીતે એણે દીકરીને ગળે હાથ વિંટયો હતો, – એ જોતાં પથ્થર પણ પીગળે. ઘણા દહાડા થયાં એ પોતાની જાત હારી બેઠી હતી. ઘણું સહ્યું હતું; હવે એની ધીરજ ખૂટી હતી. રોકાયલાં પાણી જરા માર્ગ મળતાં ધોધબંધ વહે તેમ એના હૈયાનો ઊભરો ઠલવાતો હતો, કોઇ દિવસ ક્રોધ ન કરનાર વ્યકિતને ક્રોધ થાય ત્યારે એ પૂર્ણ વિષમ રૂપમાં જ દેખાય; જે અતિ શાંત હોય, તે પોતાની શાન્તિ ગુમાવે ત્યારે પ્રલયકારી રૂપ જ ધારણ કરે. એટલે લલનાને માથે મોટી વિપત્તિ આવી પડી. કોઇ પણ રીતે એ શુભદાને સમજાવી શકતી નથી – ને તેથી તે પણ કંઇક ગૂંચવાઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોડી રાત સુધી મા-દીકરી ત્યાં જ બેઠાં. પછી એ એમ જ એકું ખાઈ ગયાં.

શુભદાને હારાણની બહુ ચિન્તા થતી હતી. આ જ છ દહાડાથી એ ઘેર આવ્યા ન હતા—કદાચ શરમ ને અપમાનથી કંટાળી આત્મઘાત તો નહિ કર્યો હોય! એ દિવસે છલનાએ નાના મોંએ મોટી વાત કરી હતી—નહિ બોલવાનું બોલી હતી—એથી સંતાપમાં આપઘાત કર્યો હોય તો નવાઇ નહિ! એ જ વાત શુભદાના મનમાં આઠે પ્રહર સાલતી હતી. લગભગ પરોઢીએ તે ઝબકી ઊઠી. લલનાને જગાડી એ બેબાકળી બોલી:

"અરે, મારું કપાળ ફૂટી ગયું કે શું!...મને જીવતી મૂકી જતા રહ્યા લાગે છે!"

ઊંઘની અસર હેઠળ લલના બરાબર સમજી નહિ – એ બોલી: "કોણ બા?"

"મને સ્વપ્નું આવ્યું કે હું રાંડી છું!"

"આમ શું કરે છે, બા? કંઇ ગાંડી થઈ છો?" એટલું કહેતાં કહેતાં લલના રડી પડી. રાત એમણે રડવામાં જ વિતાવી.

બીજો દિવસ ઊગ્યો-દશેક વાગે કૃષ્ણ ઠાકુરાણી સ્નાન કરી ઘેર વળતી વખતે રસ્તામાં હારાણને ત્યાં અટક્યાં—આંગણામાંથી એમણે બૂમ મારી: "વહુ!"

શુભદા બહાર આવી બોલી: "કેમ બઇજી! આવોને!"

"ના ના, હું તો જઈશ બહેન. બહુ વખત થઈ ગયો છે... નાહવા ગઇ'તી – મને જરા થયું કે વહુને મળતી જાઉં."

શુભદા મૌન ઊભી રહી.

કૃષ્ણ ઠાકુરાણી અવાજ જરીક ધીમો કરી બોલ્યાં: "વહુ, કહું છું—"

શુભદા નજીક ગઇ એટલે એમણે આગળ ચલાવ્યું: "હારાણના કંઇ ખબર?"

"ના...કંઇયે નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેટલા દિવસથી નથી આવ્યો ?"

"છ દિવસ થયા."

"છ દિવસ થયા ? બામણવાડે તો તપાસ કરાવવી'તી ?"

"કોને મોકલું ? કોણ જાય ?"

"હં ..હં... પણ મને તો કહેવું'તું ?"

શુભદા નિરુત્તર રહી.

કેડમાંથી પાણીની ગાગર જરા ઢીલી થતી હતી તે બરાબર કાખમાં લઇ ઠાકુરાણી બોલ્યાં : "ઘરમાં કંઇ પૈસા પાણી છે કે નહિ ?"

"કશું યે નથી."

"ત્યારે ખર્ચાપાણી કેમ નભે છે ?"

શુભદા ચૂપ રહી.

"માધવને કેમ છે ?"

"એમનું એમ."

"લલનાને જરા મારે ઘેર મોકલ ત્યારે; હમણાં ને હમણાં હોં." કહીને તેઓ વિદાય થયાં.

શુભદાએ લલનાને હાંક મારી બોલાવી કહ્યું : "બઇજીએ તને બોલાવી છે; જરા જઈ આવ તો ખરી."

"કેમ ?"

"એ તો ખબર નથી –"

લલના કૃષ્ણપ્રિયાના ઘર ભણી નીકળી. થોડીક વારમાં એ પાછી આવી : બાના હાથમાં બે રૂપિયા આપી બોલી : "ફઇએ આપ્યા છે."

શુભદા એ રૂપિયા સાલ્લાના છેડે બાંધતી બોલી : "બીજું કંઈ કહ્યું છે ?"

"હા...બાપુજી આવે ત્યારે ખબર આપવા કહ્યું છે."

શુભદાએ એ દિવસે ભગવાનને ઘણા પ્રણામ કર્યા—દેવઘરમાં બેસી કાલી માતાની મૂર્તિ સામે હાથ જોડી કેટલીયે વાર બેસી રહી—તુલસી આગળ શિષ નમાવી પ્રાર્થના કરતી રહી. પછી સીધું મંગાવી ગંગાસ્નાન કરી આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દિવસે બરાબર જમી, છલના આનંદમાં ને આનંદમાં ઢીંગલીનાં લગ્ન ગોઠવવા એની બહેનપણી લલિતાને ત્યાં ઉપડી ગઈ.

રાતનાં અંધારાં ઊતરવા માંડ્યાં. એને ઓથે મોં છુપાવતો હોય તેમ હારાણ ઘરમાં પેઠો. છ દિવસ પહેલાં જેવો એ હતો તેવો આજે પણ હતો. કશું ય એનામાં પરિવર્તન થયું નથી— માત્ર પરિવર્તન થયું હતું એનાં વસ્ત્રોનું. એનો રંગ કોલસા કરતાંય વધુ કૃષ્ણવર્ણ બન્યો હતો. ગણવા જઈએ તો સો ઉપરાંત વધુ સ્થળે એ ફાટ્યાં હતાં અને ત્યાં ઘણે સ્થળે ગાંઠો બાંધવામાં આવી હતી. એને જમાડી શુભદાએ લલનાને બોલાવી મૃદુ હાસ્યે કહ્યું: " જો તો બેટા! હવે તો હું રોજ તારું મોં જોઈ ઉઠીશ."

લલના હસીને બોલ ી: " કેમ બા?"

" આજે જે સુખ મળ્યું છે એ આખી જિંદગીમાંયે મળશે નહિ."

*
* *

બીજે દિવસે સવારે લલના કૃષ્ણ ઠાકુરાણી પાસે જઈ બોલી: " કાલ રાતે બાપુજી આવ્યા છે હોં."

કૃષ્ણાના મોં પર આનંદ તરવર્યો. જાણે એક મોટી ચિન્તા ટળી હોય એમ દેખાયું. હસતું મુખ રાખી એ બોલ્યા: " આવી ગયો ત્યારે? – એમ ને? સારો તો છે ને?"

" હા "

" આટલા દિવસ ત્યારે ક્યાં હતો?"

" એ તો શી ખબર?"

" વહુએ પણ પૂછ્યું નહિ?"

" ના."

" કોઈએ પણ પૂછગાછ કરી નહિ?"

" ના, એ તો બાપુજી સાથે ક્યાં બોલે છે?"

" નથી બોલતાં? – કેમ એમ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તો ખબર નથી—કૃષ્ણપ્રિયા જાણે!"

"લગભગ અગિયાર વાગે કૃષ્ણ ઠાકુરાણી એક વાટકી કેળપાનથી ઢાંકીને શુભદા પાસે આવ્યાં ને બોલ્યાં: "વહુ! લે, આ શાક લાવી છું. જરા હારાણને આપજે."

શુભદાએ વાટકી લઇ બાજુનો ઓરડો બતાવી બોલી: "ત્યાં બેઠા છે."

કૃષ્ણપ્રિયા સમજી ગયાં ને બોલ્યાં: "ના ના, હું તો એની પાસે નહિ જાઉં: ઘરમાં બધું એમનું એમ પડ્યું છે."

કૃષ્ણપ્રિયા જવા નીકળ્યાં; પણ અડધા આંગણેથી જ પાછાં ફર્યાં અને બોલ્યાં: "વહુ! હારાણને એક વાત પૂછીશ?"

"શું?"

"આટલા દિવસ એ ક્યાં હતો?—જરા પૂછી તો જો!"

શુભદા ડોકું હલાવી બોલી: "સારૂં."

જમવા બેસતી વખતે શુભદાએ ધીરેથી પૂછ્યું: "આટલા દિવસ ક્યાં હતા?"

હારાણ મલિન મુખે નીચી મૂડીએ જ બોલ્યો: "એક ઝાડ હેઠળ."

શુભદા વધુ કંઇ પૂછી શકી નહિ.

બીજે દિવસે બપોરે કૃષ્ણપ્રિયા ફરી આવ્યાં. અહીં-તહીંની વાતો પછી બોલ્યાં:

"વહુ! પેલું પૂછી જોયું'તું?"

"હા."

"શું કહ્યું?"

"કહ્યું કે એક ઝાડ તળે પડયા હતા."

ફરી બીજી વાતો ચાલી; ઉઠતી વખતે કૃષ્ણપ્રિયાએ પોતાના સાલ્લામાં સંતાડેલો એક ધોતીજોટો બહાર કાઢી કહ્યું: "ઘરમાં આ આલી પડી રહ્યો'તો—તો કહ્યું, લાવ તને આપતી આવું. હારાણને આપજે—એના કામમાં આવશે."

શુભદાએ હાથ લંબાવી એ લઇ લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણપ્રિયા થોડી વાર શુભદા સામે જોઇ રહ્યાં. ને પછી મૃદુ સ્વરે બોલ્યાં : " જો વહુ ! હારાણ કંઇયે પૂછે તો મારું નામ ન દેતી હોં ! જોજે પછી હાં કે ! "

શુભદા આછું હસી બોલી : " કેમ ? "

વાત આમતેમ ફેરવતાં કૃષ્ણપ્રિયા બોલ્યાં : " ના ના, હું તો એમ જ કહું છું...મારું નામ ન દેતી એટલું જ – "

" કેમ ? – તમારું નામ દઉં તો ? "

કૃષ્ણપ્રિયા આ પર હસતાં બોલ્યાં :

" ના – ના...ભગવાનની સોગન છે – મારું નામ દે તો. "

એમ ગણી–ગણીને દિવસો કપાતા ગયા. હારાણે એ પછી બહાર પગ ન મૂક્યો. શુભદાને હવે એ માટે ચિન્તા નથી, કશો ભય નથી; પણ સંસાર કેમ ચાલે ?...આજ હવે એ ખરી ચિન્તા રહી હતી. કોઇએ એક દિવસ એક રૂપિયો દાનમાં આપ્યો, વળી કોઇએ એક દિવસ બે રૂપિયાની ભિક્ષા કરી – એમ શું પરિવારનું પાલન થાય ?...... આટલી જ ચિન્તા રહી હતી ?...ના...ના, માધવનું મોં જોતાં લોહીનું પાણી થઇ જાય......એવી એની સ્થિતિ હતી......એ પછી છલના......એની ઉમ્મર થતી હતી – વિવાહના વયે આવી પહોંચી હતી......એટલું જ નહિ, બે ત્રણ માસમાં એ વયની હદ પણ વટાવી જશે......શુભદાને ક્યાંય કિનારો સૂઝતો ન હોય તેમ લાગ્યું. માધવનું તો કંઇ થઇ શકે......પણ છલનાનું શું ? બંગાલીના ઘરમાં છલના જેવી છોકરીઓ માટે રસ્તો હોતો નથી. માધવનું મોં જોતાં લોહીનું પાણી થાય, પણ છલના સામે જોતાં શરીર આખું ગળી જાય...

ચિન્તામાં ને ચિન્તામાં શુભદા દિવસ પર દિવસ જતાં સુકાવા માંડી. બીજું એ જાણે કે ન જાણે, પણ લલનાની નજરમાં એ આવી ગયું હતું. ગંગાના ઘાટથી એક જ ગાગર પાણી લાવતાં એ હાંફી જતી, લલના એ જોઇ શકતી. શાક સમારતાં સમારતાં એના હાથ જાણે કે કળી જતા હોય એમ લલનાને લાગતું – ગામમાં શુભદાની જેમ કોઇ સોપારી કાતરી શકતું નહિ, પણ હમણાં તેના હાથે કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા કકડા તો કોઈ નાના એમ આડાઅવળા મોટા કટકા થતા હતા. લલનાના લક્ષ્યમાં એ આવી ગયું હતું. આહાર પણ એનો ઘટી ગયો હતો. એ વખત ખાવાને બદલે આજકાલ ફક્ત સાંજના ચાર વાગે એકજ વાર ખાતી હતી. બહુ સમજાવવામાં આવે ત્યારે કહેતી: "મને તો ભૂખ જ નથી." લલના આ બધું જોતી અને છાનીમાની આંસુ લૂછતી, કોઈ કોઈ વાર કપાળ કૂટતી...,એથી કંઈ વળે તેમ હોય તો વળી શકે !

પણ જગતમાં એમ કેમ બને ?

૧૩

આજ એકાદશી હતી. રસોડામાં આવી લલનાએ જોયું કે શુભદા રાંધી રહી હતી. ચૂલામાં એણે કંઇ સળગતું જોયું. શું હતું એ ન જાણતાં એ બોલી : "શું છે એ બા ?"

"સરસવનાં ફૂલ."

"એથી શું થાય ?"

"છલના માટે. નાહી પાછી ફરતી વખતે એ ખેતરમાંથી લઈ આવી'તી—ને કહેતી હતી કે તળીને આપ; પણ ઘરમાં તેલ તો નથી એટલે આમજ બાફી આપું છું."

લલનાએ વધુ પૂછપરછ કરી નહિ.

જમતી વખતે બહુ હોંશથી આણેલાં ફૂલના આકાર પ્રકાર દેખી છલના બહુ ગુસ્સામાં આવી ગઇ. ને બોલી : "આ શું તળ્યાં છે ? કુપ્પાળ ?"

શુભદા જેમ તેમ કંઇક ગભરાતી બોલી :

"જરા દાઝી ગયાં છે; એમાં શું ?"

"હું તો નથી ખાતી જા...આવું દાઝેલું તે કોણ ખાય ? તને ફાવે એવું કરી આપે છે તે ! લ્યો મારે નહિ જોઇએ; એ તું જ ખા."

મોં ચડાવી છલનાએ એ બધાં ફૂલ ભાણામાંથી કાઢી નાખ્યાં. એની ઈચ્છા અનુસાર કંઈ ન થાય તો એ કોઇને કડવાં વેણ બોલતાં જરાય અચકાતી નહિ. ઘણુંય આડુંઅવળું બકી એ જમી ઉઠીને જતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી ત્યારે લલનાએ કહ્યું : બા, દહાડેદહાડે છલના તો નફ્ફટ થતી જાય છે, એને તું કેમ કંઈ કહેતી નથી ? એને કંઇ કહેવાની મારી તો હિમ્મત ચાલતી નથી. એક કહીએ તો દશ સંભળાવે એવી છે."

શુભદા કંઈક ચિન્તામાં હોય તેમ બોલી : " બધી કંઈ તારા જેવી હોય છે ? આ પાંચે આંગળી કંઈ સરખી છે ? હું એને કંઈ સારૂં ખવરાવતી નથી—ઓઢાડતી નથી—એટલે ગુસ્સામાં આલફેલ બોલે તો સહી લઉં છું."

" પણ આ સારૂં કહેવાય ?"

" નથીસ્તો —કયાં નથી જાણુતી ? પણ શું કરીએ ? વખત સારો હોત તો આવું કંઈ થાત ? એ બિચારી બોલતે ય નહિ અને મારે સાંભળવું યે ન પડત."

લલનાને લાગ્યું કે બાની વાત કંઈ ખોટી નથી.

બીજે દિવસે લગભગ આજ સમયે લલના વિષણ્ણ વદને બા પાસે આવી. શુભદાએ એના સામે જોઈ પૂછયું : " શું થયું ?"

લલના એક રૂપિયો દેખાડતી બોલી : " કૃષ્ણા ફઇએ કહ્યું છે કે હવે વાઢી નાખો તો યે લોહીનું ટીંપુ નહિ પડે. તારા બાપને હવે કંઇક સમજાવ......હું તો ઘરડી ડોશી — મારૂં કયાં સુધી પહોંચે ?"

બધું કામ પરવારી લલના માધવ પાસે આવી બેઠી.

" મોટી બહેન, પછી એનું શું કર્યું ?" માધવે પૂછ્યું.

" શેનું ?"

માધવ જરા થોભી બોલ્યો : " ત્યાં જવાનું "

લલના જરા અટકી, જરા વિચાર કરીને બોલી :

" એ તો કહેવા આવી છું — "

માધવ કંઈક ઉત્સાહમાં આવી બેઠો થઇ ગયો.

" ત્યારે કયારે જવાનું બહેન ?"

" હું તો કાલે જવાની છું."

" કાલે જવાનાં ? ને હું ?"

" પહેલાં હું જાઉં — પછી તારો વારો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કેમ ? આપણે સંગાથે જઇએ તો ? "

" ના ના; બા બહુ રડે પછી. "

" ભલે રડે. "

" છટ્ ! એમ કંઇ બને ? મને એકલીને જવા દે. "

" પાછાં કયારે આવવાનાં ? "

" તું જે દહાડે જાય એ દહાડે જ બરાબર હું આવીશ. "

" ત્યાંસુધી ત્યાં જ રહેશો ? "

" હા. "

" હું કયારે જાઉં ? "

" તને તેડવા આવીશ. "

" જરૂર ? "

" હા. "

" પણ તમે જશો તો બા નહિ રડે ? "

" રડે, કેમ ના રડે ? "

કેટલીક ક્ષણ માધવ ચૂપ રહ્યા પછી બોલ્યો :

" મોટી બહેન ! ન જઇએ તો ? "

" કેમ ? "

" બા રડે તો પછી જવાય ? "

" ત્યારે તું નહિ આવે એમ ને ? "

" માધવ ફરી કેટલીક ક્ષણ મૌન રહ્યો—ને પછી બોલ્યો :

" ના ના, આપણે જઇએ જ. "

" ત્યારે હું કાલે જાઉં ? "

" હા, જાવ ને ! "

" હું જઇશ તો તું રડીશ ? "

" તમે પાછા તેડવા આવશો ને ? "

" થોડા દહાડા પછી આવવાની "

" ત્યારે તો જાવ, હું કજિયો નહિ કરૂં. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધવ ન જાણે તેમ લલનાએ આંખમાં આવેલાં આંસુ લૂછી નાખ્યાં. પ્રેમથી એને માથે હાથ મૂકી એ બોલી :

" હું જાઉં પછી બાને આપણી આ વાત પાછો કહેતો નહિ. "

" નહિ કહું. "

" બા કહે તેમ કરજે...એને વખાં પાડતો નહિ. દવા બરાબર લેજે— "

" હા...એને જરા યે નહિ વિતાડું. "

કેટલીક ક્ષણ પછી લલના પાછી બોલી :

" માધુ, સદા દાદાને તું ઓળખે છે ને ? "

" હા હા. "

" એ આવે—તને જોવા આવે... "

" તો ? "

" તો કહેજે કે મોટી બહેન જતાં રહ્યાં છે. કોઈ હોય ત્યારે કહેતો નહિ – છાનેમાને કહેજે. "

" સારૂં. "

આ સમયે શુભદા ત્યાં આવી ને બોલી :

" બહુ મોડું થયું છે, સૂઇ જા બહેન હવે. "

માધવ વચ્ચે બોલ્યો : " બા, મોટી બહેનને આજે મારી પાસે સૂવા દે ને. " મોટી બહેનથી વેગળા રહેવું માધવને ગમતું નહોતું. શુભદાને એની ખબર હતી – એટલે જ એ બોલી : " એમ કરો, હું ઉપર છલના પાસે સૂઇ જઇશ. "

શુભદા ત્યાંથી જતી રહી. ભાઇ-બહેન કેટલીયે વાર લગી વાતો કરતાં રહ્યાં. પછી માધવ ઊંઘે ઘેરાયો.

બીજે દિવસે લલનાનો કંઈ પત્તો ન હતો. સવારનું બધું કામ એમનું એમ પડયું હતું. નવ વાગવા આવ્યા – શુભદાએ માધવને પૂછયું. " બહેન કયાં ગઇ, ખબર છે ? "

માધવે કહ્યું : " ના, મને ખબર નથી. "

પછી છલનાને પૂછયું – " મોટી બહેન કયાં છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સૌએ એ જ જવાબ વાળ્યો: "ખબર નથી."

દિવસ ચડતો જોઇ શુભદાએ પોતે બધું કામ ઉકેલવા માંડયું. છલનાએ એ દહાડે વધુ મદદ કરી. ખાવાનું તૈયાર થયું. બધાં જમ્યાં.

બપોર થઇ ગયા, પણ લલના ક્યાંય દેખાઇ નહિ. રાસમણિ એને શોધવા નીકળી, છલના પણ ઘરોઘર જોવા ચાલી.

સમી સાંજે રાસમણિ પાછાં ફર્યાં ને બોલ્યાં:

"ક્યાંય પત્તો નથી? અહીં તો આવી નથી ને?"

"ના."

સાંજે થોડી વારે છલનાયે આવી. તે બોલી:

"મોટી બહેન તો ક્યાંય નથી દેખાતાં."

રાત પડી. વખત વીતતો ગયો, પણ લલના ન આવી તે ન જ આવી. હારાણ પણ ઘણા દહાડાથી ઘરમાં જ હતો. તે પણ "ક્યાં ગઇ એ?" કહી બહાર નીકળ્યો. મધરાત પછી એ પણ પાછો ફર્યો.

"શું થાય હવે! મારું સાલું કંઇ સમજાતું નથી." એ જાણે લવી પડયો.

આખો દિવસ શુભદાએ ખાધું નહોતું. તેનાથી રહેવાયું નહિ. દડ દડ કરતાં એની આંખમાંથી આંસુ સરી પડયાં. રાસમણિ પણ રડવા લાગી. છલના સુદ્ધાં આંસુ સારવા મંડી. માત્ર માધવ કંઇ બોલ્યો નહિ કે રડયોય નહિ. બધાંને રડતાં જોઇ એને બધું કહી દેવાનું એક વાર મન થઇ ગયું, પણ મોટી બહેને "ના" પાડી હતી એટલે બાનાં આંસુ જોયાં છતાં તે મૂંગો જ રહ્યો.

બીજો દિવસ આવ્યો. સૂર્ય ઊગ્યો, અસ્ત પામ્યો, રાત પડી. ફરી વાર પ્રભાત ઉઘડયું, સૂર્ય દેખાયો, આથમ્યો, પણ લલના ન આવી. આખા ગામમાં એ વાત પહોંચી ગઇ. સૌ કોઇને લલના પર પ્રેમ હતો એટલે જ આ જાણી બધાંને દુ:ખ થયું. કોઈએ આંસુ સાર્યાં—કોઈ શુભદાને સમજાવવા આવ્યા, કોઇ જાત જાતની કલ્પનાઓ કરવા મંડયાં. એમ ચાર પાંચ દિવસ વીતી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં પહેલાં શુભદા માધવ સામે પણ લલનાને યાદ કરી રડતી હતી, પણ એની માંદગી સમજતાં એ બધાં આંસુ રોકી રાખવા લાગી. આને વધુ દુ:ખી જોઈ કદાચ માધવે બધી વાત કહી દીધી હોત, પણ જ્યારે એણે જોયું કે બધું શાંત પડી ગયું છે ત્યારે એણે મૂળ હકિકત દાબી જ દીધી.

કિન્તુ શુભદાને બહુ અજાયબી લાગી. મોટી બહેન માટે માધવ કેમ કંઇ પૂછતો નથી? એકે વખત પણ એ બોલ્યો નથી: "મોટી બહેન ક્યાં છે?" એક વાર પણ એ પૂછતો નથી: "મોટી બહેન કેમ નથી દેખાતાં?" શુભદાને સહેજ શંકા ઉપજી—માધવ કંઇક જાણે છે ખરો, પણ એ વાત પૂછવાનું એનાથી ન બન્યું.

આજ છ દિવસ થયાં નંદ* જેલેનીએ ગંગા નદીમાં માછલાં પકડતાં પકડતાં જોયું, કે થોડેક દૂર એક મોટી લાલ કિનારવાળો સાલ્લો અડધો પાણીમાં જમીન પર રેતીથી ખરડાયલો પડયો છે. હારાણના ઘર પાસે જ એનું ઘર હતું, લલનાને એ સાલ્લો પહેરતી એણે ઘણી વાર જોઇ હતી. એને થયું—એ લલનાનોજ સાલ્લો હોવો જોઇએ!

રાસમણિને એણે એ વાત કરી. દોડતા દોડતા એ ત્યાં આવી પહોંચ્યા—સાડી ઓળખતાં એમને વાર ન લાગી. લલનાની જ એ સાડી હતી. ચોધાર આંસુએ એ ઘરે લઇ આવ્યા–શુભદાએ એ જોઇ, હારાણે જોઇ. છલનાએ પણ જોઈ. બીજા ચાર પાંચ જણે પણ જોઈ. બરાબર, એ સાડી લલનાની જ......એના હાથે જ એની સિલાઇ થઇ હતી, એના હાથે જ થીગડું ચોડાયું હતું......એના હાથે જ રાતા દોરાથી એનું નામ લખાયું હતું......એમાં કશી ભૂલ થતી નહોતી.

શુભદા મૂર્ચ્છિત થઇ ઢળી પડી.

આખા ગામમાં વાત ફરી વળી: મુખરજીની લલના નદીમાં પડી ડૂબી મરી છે.

---

* કોલણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભદા

ભાગ ૨ જો.

૧

નારાયણપુરના જમીનદાર શ્રીયુત સુરેન્દ્રનાથ ચૌધરીને એક દિવસ લાગ્યું કે એમનું શરીર બગડી ગયું છે—હવાફેર ન થાય તો એ સાવ લથડી જઈ મહારોગની વ્યાધિથી પીડાશે: એમને આવક તો બહુ સારી હતી; ઉમ્મરેય બહુ નહોતી; પચ્ચીસથી વધારે નહિ જ. આ વયે શોખ ઘણા થાય; ને વળી ખુશામતીઆઓનો પાર ન હોય ત્યાં તો ઓર વાત!

બે-ચાર જણને બોલાવી એમણે કહ્યું: "મારી તબિયત હમણાં કંઈક ખરાબ થઈ છે; તમને શું લાગે છે?"

સૌએ એ મુક્તકંઠે સ્વીકારી લીધું ને જણાવી દીધું: એમાં કંઈ શક નથી. ઘણા વખતથી તેઓ જાણતા હતા, પણ સુરેન્દ્રનાથને એથી ફોગટની ચિન્તા પેસી જશે એટલે જ તેઓએ એ વિષે કશું કહ્યું નહોતું; એમ પણ તેઓ જણાવતાં ચૂક્યા નહિ.

સુરેન્દ્રબાબુ બોલ્યા: ડૉક્ટર-ઑક્ટરની દવાની તો મને કંઈ જરૂર જણાતી નથી; હું તો માનું છું કે હવાફેરથી વધુ ઠીક થશે."

આ બાબત વિષે પણ કોઇને સંદેહ ન હતો. હવાફેર જેવું ઔષધ બીજું કોઇ નથી, એમ કહીએ તો ચાલે.

સુરેન્દ્રબાબુએ વળી પાછું કહ્યું: "હવાફેર માટે કયી જગ્યા સારી? જરા કહેશો?"

અનેક સ્થળોનાં નામ દેવાયાં.

કેટલીક વાર વિચાર કર્યા પછી સુરેન્દ્રબાબુ બોલ્યા: "હું તો કહું છું, કે કોઈ નદી પર જ રહીએ તો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાંએ કહ્યું " તો તો સૌથી સારૂ."

એ પછી જલયાત્રાની તયારી શરૂ થઇ. એક મોટું વહાણ મોટા પાયાપર તૈયાર કરવામાં આવ્યું. એ ત્રણ માસ ચાલે તેવી અને જોઇએ તેવી વસ્તુઓ એમાં સંગ્રહવામાં આવી. પંચાંગ જોઇ, સારો દિવસ ગણી સુરેન્દ્રબાબુ સફરે સંચર્યા. સાથે ચાર દોસ્તો અને ગાયક-વાદક એમ અનેક જણ સાથે થયા. એમાં એક ગાયિકા પણ હતી. માલમે સઢ ચડાવરાવી રૂપનારાયણ નંદે વહાણ હંકાર્યું.

અનુકૂલ પવને, ફરફરતા સઢે એ મોટી નૌકા રાજહંસની પેઠે જાણે કે ડોલતી ઉપડી. સ્થળે સ્થળે લંગરાઇ, સુરેન્દ્રબાબુ પોતાના આ રસાલા સાથે ભ્રમણ કરતા રહ્યા. એમ જલે-સ્થળે અનેક સ્થાને ફરી વળ્યા, અનેક દિવસો વીતતા ગયા. નૌકા કલકત્તા નજદીક આવી. બીજાં બધાંની એમ ઇચ્છા હતી કે, અહીં જરા વધુ વાર રોકાવું. પણ સુરેન્દ્રબાબુ એમને રોકતાં બોલ્યા: " કલકત્તાની હવા સારી નથી ગણાતી; ત્યાં આપણાથી ન રહેવાય......આપણે તો આગળ જ જઇશું—ઉત્તર દિશામાં."

એટલે કલકત્તામાં એક જ દિવસ રહી નૌકા ઉત્તર દિશા તરફ ચાલી. કલકત્તા છોડી જતી વખતે બીજાં બધાંને થયું: વહાણમાં હવે ઘણા દિવસ ગાળ્યા—સ્નિગ્ધ હવા સારી પેઠે મળી છે—આરોગ્ય ને સ્વાસ્થ્ય મજાનું મળ્યું છે. હવે ઘેર જઇ બાળબચ્ચાંનું મોં જોઇશું તો વળી ઓર તેજી આવશે! એ રીતે, સૌને હવે વધુ દૂર જવાની મનમાં ને મનમાં અનિચ્છા થવા માંડી. બેએક દિવસ પછી બેએક જણ તો સાફ સાફ કહેવા તૈયાર થયા......તેમણે કહ્યું: " ઘર છોડયે હવે બહુ દિવસ થયા...આપની તબિયત પણ હવે સુધરી ગઇ છે. હવે પાછા ફરીએ તો કંઇ વાંધો?"

સુરેન્દ્રબાબુ હસીને બોલ્યા: " વાંધો તો કંઇ નથી, પણ હવે હું પાછો નથી ફરવાનો. તમને ગમતું ન હોય-ઘરનાં બધાં યાદ આવતાં હોય-તો તમે જાવ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધારણ ઘર જેવી બાબત ને તુચ્છ બાળબચ્ચાંની યાદ એ કાયરતું કામ ગણી સુરેન્દ્ર બાબુના શબ્દો સાંભળતાં સૌ ચૂપ થઇ ગયાં. સુરેન્દ્ર બાબુ વધુ કંઇ બોલ્યા નહિ.

ઠેરઠેર અટકતી અટકતી નૌકા પહેલાંની જેમ આગળ વધતી ગઇ... પણ હવે એમાં પહેલાંના જેવું સુખ નહોતું રહ્યું. સુરેન્દ્ર બાબુ સિવાય સૌ વિષણ્ણભાવે વખત વિતાવતાં હતાં. બે દિવસ પહેલાં કાયરતા ગણીને જેઓ સુરેન્દ્રની વાતથી ચૂપ થઇ ગયા હતા, તે બધા પૌરુષનો ગર્વ ત્યજી દઇ ફરી એક વાર એ જ વાત ઉપાડવાનો અવસર સાધવા મંડયા. પ્રવાસનો થાક, ઘેર જવાની વાત, બાળબચ્ચાં જોવાની એક વાર પણ વાસના જન્મે તો કોઇ પણ રીતે એ દાબી શકાતી નથી. એક એક દિવસ એક એક મોટા વરસ જેવો લાગે ! આ બધાંને પણ એમ જ લાગ્યું. ત્રણચાર દિવસ પછી શરમ ત્યજી ઘેર જવાની ઇચ્છા પ્રગટ કરી.

સુરેન્દ્ર બાબુએ એમાં વાંધો ઉઠાવ્યો નહિ. નૌકા ચંદનનગર આવતાં જ સૌ ઊતરી પડયાં. નોકરચાકર સિવાય નૌકા લગભગ ખાલી જેવી રહી; બહારના લોકોમાં ફક્ત ઉત્તરહિન્દનો વાદક અને રખાત નર્તકી જ રહ્યાં. સુરેન્દ્ર બાબુ એમને લઇ ચાલ્યા. ઘેર પાછા ફરવાનું એમને જરાય મન ન થયું.

*

એક દિવસ સૂર્યાસ્ત પહેલાં પશ્ચિમમાં વાદળાં ઘેરાવા લાગ્યાં. સુરેન્દ્ર બાબુએ એક ખારવાને બોલાવી કહ્યું: “હરિચરણ, આ વાદળાં જોયાં ?”

“હા જી.”

“તોફાન થશે કે શું ?”

“વૈશાખ–જેઠમાં તોફાન થાય તો નવાઇ શી શેઠજી !”

“ત્યારે તો લંગર નાખી દો.”

“અહીં કંઇ ગામ–બામ દેખાતું નથી, ઘાટ જેવું યે નથી; અહીંઆં જ ઊભી કરૂં ?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો શું ? કંઇ ડૂબી મરવું છે ?"

"અમે છૈયેને, બાપજી ! એવી મોટી બીક રાખશો મા – હમણાં જ લંગર નાખી દઉં છું, શેઠજી !" હરિચરણ હસીને બોલ્યો. સુરેન્દ્ર બાબુ સહેજ ગુસ્સામાં બોલ્યા : "ખોટું સાહસ કરવાની જરૂર નથી; તું તારે લંગર નાખી દે."

તરત જ હરિચરણે જગ્યા જોઈ લંગર ફંગોળ્યું. સુરેન્દ્રબાબુ છત પર આવી બેઠા. નોકર હુક્કો મૂકી જતો રહ્યો. નળી મ્હોંમાં મૂકી સુરેન્દ્રબાબુએ બીજા એક નોકરને બોલાવી કહ્યું : "ઉસ્તાદજીને જરા બોલાવ તો !"

થોડી વાર પછી એક હિન્દુસ્થાની માથે હાથએક હાથ ઊંચી પાઘડી સાથે, દાઢી ને કાન પાછળ ચઢાવેલી મૂછ આમળતો આમળતો આવ્યો ને બોલ્યો : "હુજૂર !"

સુરેન્દ્રબાબુ પેલે પાર કિનારાથી નજદીક કંઇક કાળી જેવી દેખાતી વસ્તુ સામે જોઇ રહ્યા હતા. એ કોઈના માથા જેવું લાગતું હતું. એટલે જ તેઓ વધુ ધ્યાનથી એ તરફ મીટ માંડી રહ્યા હતા. ઉસ્તાદજીનો અવાજ તેથી જ તેમણે સાંભળ્યો નહિ.

કંઇ જવાબ ન મળવાથી ઉસ્તાદજીએ ફરી કહ્યું: "હુજૂર !"

સુરેન્દ્રબાબુએ ડોકું ફેરવ્યું. ઉસ્તાદજીને જોતાં તેઓ બોલ્યા: "ઉસ્તાદજી ! તોફાન કંઈ હમણાં થાય એમ લાગતું નથી. જરા નાચગાન થવા દો."

ડોકું હલાવી એણે કહ્યું : "જો હુકમ."

સુરેન્દ્રબાબુ ફરી એ વસ્તુ નિહાળવા લાગ્યા. થોડીક ક્ષણ પછી એક યુવતી પાસેના ગાલીચા પર આવી બેઠી. પાછળ ઉસ્તાદજી તબલાં લઈ આવ્યા. એને જોઇ સુરેન્દ્રબાબુ બોલ્યા : "ઉસ્તાદજી, તમે નીચે જાવ, તબલાંનું કામ નથી – આજે તો ગાયન જ બસ છે."

ઉસ્તાદજી ફિક્કું હસી જતા રહ્યા.

ગાયિકાનું નામ હતું જયાવતી. વય લગભગ વીસ વરસનું. શરીર પણ હૃષ્ટપુષ્ટ ને સુડોળ હતું. રૂપે ઠીક હતી. ઘણા દિવસથી એને સુરેન્દ્રબાબુનો અનુગ્રહ સાંપડયો હતો. આ બંગાલી સ્ત્રીએ સાજ શણગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ કર્યો ન હતો, માત્ર એક દેશી કાળી કિનારની સાડી ને એકાદ બે દાગીના પહેર્યા હતા...શિષ્ટ, શાંત ઘરની વહુની પેઠે ગાલિચા પર એ બેઠી હતી. સુરેન્દ્રબાબુ એના તરફ જોઇ સહેજ હસીને બોલ્યા: "જયા, આજે તો તું આખો દિવસ દેખાઇ નહિ કે !"

"માથું બહુ દુખતું'તું – આખો દિવસ સૂઇ જ ગઇ'તી."

"હવે કેમ છે ?"

જયાવતી આછું હસીને બોલી: "સહેજ ઠીક છે."

"એકાદ ગીત ગાઈશ ?"

જયાવતી ફરીથી હસી "હુકમ કરો."

"હુકમ જ છે, તને ગમે તે ગા."

જયાવતીએ એક ગીત આરંભ્યું.

સુરેન્દ્રબાબુ પેલી પારની તરતી કાળી વસ્તુ પર નજર ફેરવી અન્યમનસ્કભાવે સાંભળી રહ્યા. સાંભળતાં સાંભળતાં કેટલીક ક્ષણ પછી જયાવતીનું ગીત પૂરું થાય તે પહેલાં એ બોલી ઉઠયા:

"જયા ! પેલું જો તો – કૈં હાલે છે ખરૂં ?"

જયાવતી ગીત છોડી દઇ પેલી વસ્તુ તરફ નજર રોકી બોલી: "લાગે છે તો એવું જ."

"મારૂં દૂર્બિન જો તો, છે ?..."—અને કોઇને બોલાવી કહ્યું: "અરે, નીચેથી દૂર્બિન લાવ તો !" દૂર્બિન આવતાં એમણે એ આંખ પર ચડાવ્યું, બહુ ક્ષણો સુધી એ પદાર્થ નિહાળી રહ્યા અને પછી બાજુએ મૂકી ઊભા થઇ ગયા.

જયાવતીએ જિજ્ઞાસા વ્યક્ત કરતાં પૂછ્યું: "કેમ ! શું છે ?"

"કોઇ માણસ જેવું લાગે છે."

"પણ આટલી બધી વાર પાણીમાં શું કરે છે ?"

"એ તો કેમ ખબર પડે...જોઇએ."

"કોઇને મોકલાવો ને !"

"હું પોતે જ જાઉં છું."

અનુજ્ઞા થતાં એક નાની હોડી નીચે ઉતારવામાં આવી. સુરેન્દ્રબાબુએ કહ્યું: પેલી પાર ચલાવ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોડી નજદીક જતાં સુરેન્દ્રબાબુએ જોયું કે, કમળ સરખી સુંદર એક યુવતી ગળાબૂડ પાણીમાં ઊભી હતી—કાળા મેઘની પેઠે એનો કેશકલાપ ભૂરાં પાણી પર તરંગિત થતો હતો. સુરેન્દ્રબાબુ વધુ નજદીક ગયા તોપણ એ યુવતી ત્યાંથી હઠી નહિ; તેમ ત્યાંથી ખસવાનો પ્રયત્ન સુદ્ધાં કર્યો નહિ. સ્થિરભાવે જેમ ઊભી હતી એમ જ ઊભી રહી.

સુરેન્દ્ર બાબુ સહેજ અચકાતાં બોલ્યા :

" અહીં આટલામાં કોઈ ગામ છે ? "

" નહિ; ખબર નથી. "

" તો તમે ક્યાંથી આવ્યાં ? "

યુવતી ચૂપ રહી.

" તમારું ઘર અહીં આટલામાં છે ? "

" ના, બહુ છેટે છે. "

" ત્યારે અહીં કેમ ? "

" અમારી હોડી ડૂબી ગઈ છે. "

" ક્યારે ? "

" કાલ રાત્રે. "

" તમારી સાથનાં બધાં ક્યાં છે ? "

" ખબર નથી. "

" આટલી બધી વાર તમે પાણીમાં કેમ ? નજીકમાં કોઈ ગામ છે કે નહિ તેની ખબર કેમ ન કાઢી ? "

ફરી વાર એ યુવતી ચૂપ રહી.

સુરેન્દ્રબાબુ જવાબ ન મળતાં બોલ્યા : " તમારું ઘર અહીંથી કેટલું દૂર છે ? "

" દસ–બાર ગાઉ. "

" ક્યાં ? કઇ બાજુએ ? "

સુરેન્દ્ર બાબુની નૌકા જે દિશામાં જતી હતી એ દિશા બતાવી એ બોલી : " એ બાજુએ. "

સુરેન્દ્રબાબુ સહેજ વિચાર કરી બોલ્યા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" અમે પણ ત્યાં જ જઇએ છીએ—અમારી સાથે પણ બૈરાં છે. તમને કંઇ વાંધો ન હોય તો અમારી સાથે ચાલો; તમને ઘેર પહોંચાડી દઇશું."

ફરીવાર એ મૌન રહી.

સુરેન્દ્રબાબુને કંઈ સમજાયું નહિ. તેમણે કહ્યું :

" આવો છો ? "

" હા. "

" ત્યારે ચાલો. "

" ફરી વાર થોડીક ક્ષણ મૌન સેવી એ બોલી : " મારી સાડી તણાઈ ગઈ છે. "

આટલી બધી વાર એ પાણીમાં કેમ ઊભી છે તે હવે સુરેન્દ્રબાબુને સમજાયું—પોતે કિનારે ઉતર્યા અને ખારવાને સાડી લાવવા કહી બોલ્યા :

" પછી અમારી સાથે ચાલશો ને ? "

યુવતી ડોકું હલાવી બોલી : " હા. "

ખારવો સાડી લઇ પાછો ફર્યો. પછી સુરેન્દ્રબાબુ નૌકા પર ગયા.

નૌકા પર આવતાં જ સુરેન્દ્રબાબુએ આગંતુકની જવાબદારી જયાવતીને સોંપી દીધી. એણે એને મિઠાશથી બોલાવી, આગતાસ્વાગત કરી પોતાના ખંડમાં લઈ ગઈ. જમાડી, પાન આપી પાસે બેઠી અને બોલી : " બહેન ! તમારૂં નામ શું ? "

" મારૂં નામ માલતી. તમારૂં ? "

" જયાવતી. તમારૂં ઘર ક્યાં ? "

" મહેશપુર. "

" કેટલું આઘું થાય ? "

" દશ—બાર ગાઉ. "

" તમારા સસરા ક્યાંના ? "

" માલતી આછું હસી બોલી : " ક્યાંના ય નહિ. "

" કેમ ? તમારાં લગ્ન થયાં નથી ? "

" થયાં હતાં, પણ હવે કોઇ રહ્યું નથી. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયાવતી દુ:ખી ભાવે બોલી: "કેટલો વખત થયો?"

"ઘણા દિવસ થયા; મને બરાબર યાદ નથી."

જયાવતી આ વાત દાબી દઈ બોલી: "બીજાં કોઇ સગાં નથી?"

"કોઈ નથી; એક ફૈઈ હતાં—એ પણ હવે રહ્યાં નથી એમ લાગે છે."

જયાવતી સમજી. હોડી ડૂબ્યાની વાત આવી એટલે એ વાત ઉખેળવાનું એને ઉચિત ન લાગ્યું. એ બોલી:

"તમે ક્યાં જતાં'તાં?"

"માલતી જરા વિચાર કરી બોલી: "સાગરદ્વીપે."

"તમારી સાથે હતા એમનું શું થયું?"

"ખબર નથી."

"હવે ઘેર જવાનાં?"

"એ જ વિચાર કરૂં છું."

જયાવતી સહેજ હસી; સહેજ ખમચાઇને બોલી: "અમારી સાથે આવશો?"

"લઇ જાવ તો આવું યે, તમારા પતિએ મારા પર મોટો ઉપકાર કર્યો છે. ઘરમાં તો હવે મારૂં કોઇ નથી, ત્યાં જઈ કોની સાથે રહું તે પણ સમજાતું નથી."

સાથે લઇ જવાની વાત જયાવતીથી નીકળી ગઇ: એણે જીભને દાંત હેઠે દબાવી દીધી. જવાબ સાંભળી એને મનમાં ને મનમાં શંકા પેઠી. એને થયું: માલતીને સાથે લેવી એ સુખનો વિષય નહિ નીવડે. સુરેન્દ્રબાબુ પાસે...

માલતી બોલી: "તમે ક્યાં રહો છો?"

"નારાયણપુરમાં."

"ક્યાં નીકળ્યાં'તાં?"

"ફરવા – બાબુજીની તબિયત સારી રહેતી નો'તી, એટલે જરા હવાફેર માટે નીકળ્યાં છીએ."

પછી બે-ચાર અહીં તહીંની વાતો કરી બન્ને ઊંઘી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

રાત્રે સુરેન્દ્રબાબુને બરાબર ઊંઘ આવી નહિ એટલે મળસ્કે જ તેઓ પથારીમાંથી ઊભા થઇ ગયા. હાથ મ્હોં ધોઇ ગુડગુડીની નળી મ્હોંમાં લઇ છત પર આવી બેઠા. પવનનું જોર હતું. સઢ ચડાવી માલમે નૌકા હંકારી મૂકી હતી. થોડી વાર પછી જયાવતીને હાંક મારી બોલ્યા: "એની કંઇ તપાસ કરી ?"

"બધી યે ?"

"ક્યાંની છે ?"

"મહેશપુરની."

"એ ક્યાં આવ્યું ?"

"એ તો ખબર નથી – કહે છે બારેક ગાઉ છે."

"એના બાપનું નામ શું ?"

"પૂછ્યું નથી."

સુરેન્દ્રબાબુ હસીને બોલ્યા: "બધું યે પૂછ્યું હતું ને! પતિનું નામ શું ?"

"પતિ નથી."

"સાસરિયું ક્યાં ?"

"બોલી નો'તી."

સુરેન્દ્રબાબુ જરા વિચાર કરી બોલ્યા: "કયી જાતની છે ?"

"ખબર નહિ એ તો."

"નામ જાણે છે ?"

"હા, માલતી."

"એને જો કંઇ વાંધો ન હોય તો મારી ઓરડીએ મોકલ. હું પોતે જ બધું એને પૂછી લઉં."

કેટલીક ક્ષણ પછી એક નોકરે આવી કહ્યું: "બાબુજી ચાલો."

સુરેન્દ્રબાબુ તરત ઊઠી ઓરડીમાં આવ્યા, નીચે ગાલિચા પર માલતી નીચી ડોકે બેઠી હતી. જયાવતી પણ પાસે ઊભી હતી, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેન્દ્રબાબુ આવતાં જ એ ત્યાંથી ચાલી ગઇ. કદાચ પોતાની સામે માલતીને બધું કહેતાં શરમ આવે, કંઇક સંકોચ પણ થાય, એમ સમજીને જ એ ત્યાંથી ખસી ગઇ હતી, પણ બહાર ઊભી રહીને ત્યાં થતી વાત સાંભળવાની તેની ઇચ્છા હતી કે નહિ એ તો ખબર નથી.

સુરેન્દ્રબાબુ કોચ પર બેઠા. કશું પણ બોલ્યા વિના માલતીના મોં સામે કેટલી યે ક્ષણ જોઇ રહ્યા. એનું વદન અત્યંત મ્લાન, અતિ વિષણ્ણ કિન્તુ અતિ મુગ્ધકર હતું. વર્ણ અતિ સુંદર, અંગસૌષ્ઠવ અતિશય પ્રિયકર. એમને થયું: આવું રૂપ એમણે કદી જોયું નહોતું. વિધવા !...કયી જાતની? તેઓ મોટેથી બોલ્યા:

"તમારા પિતાનું નામ શું ?"

"શ્રી હારાણચંદ્ર મુખોપાધ્યાય."

"હમણાં ઘેર જ રહે છે ?"

"ના...ક્યાંય નહિ."

સુરેન્દ્રબાબુએ ધાર્યું—માલતીના પિતા મૃત્યુ પામ્યા છે. તેઓ બોલ્યા: "બીજું કોઇ સગુંવહાલું ?"

આ વખતે માલતી ઘણી વાર સુધી મૌન રહી. પછી ધીમેધીમે બોલી: "માનું છું, કોઇ નથી."

"આટલા દિવસ કયાં હતાં ?"

"ત્યાં જ હતી – સાગરદ્વીપે જવું હતું, પણ રસ્તામાં જ હોડી ડૂબી ગઇ."

"સાસરિયું કયાં ?"

"કાલીપારા."

"ત્યાં તમારૂં કોઇ છે અત્યારે ?"

"હશે તો ખરા, પણ હું ઓળખતી નથી."

"ત્યાં કોઇ વખત ગયાં નથી ?"

"લગ્ન વખતે એક વાર જ ગઇ'તી."

થોડી વાર વિચાર કરી સુરેન્દ્રબાબુ બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પિયેરમાં તમારે કોઈ નથી. સાસરિયામાંય નથી – હોય તોયે તમે જાણતાં નથી, તો હવે કયાં જશો ? "

" કલકત્તે. "

" કલકત્તે ? ત્યાં કોણ છે ? "

" કોઇ નથી. "

" કોઇ નથી ? – તો કયાં રહેશો ? "

" કોઈના પણ ઘરમાં રહીશ.

" પછી ? "

માલતી મૌન રહી.

સુરેન્દ્રબાબુએ કહ્યું; " તમને રસોઇ કરતાં આવડે છે ? "

" હા. "

" કલકત્તામાં રસોઇનું કામ મળે તો કરો ? "

" હા. "

કેટલીક ક્ષણ ચૂપ રહી સુરેન્દ્રબાબુ ધીરેથી બોલ્યા : " માલતી, બીજે કયાંય એ કામ મળે તો કરો ખરાં ? "

માલતીએ ડોકું હલાવી કહ્યું : " ના. "

ઉત્તર સાંભળી સુરેન્દ્રબાબુ જાણે કંઇક દુઃખી થયા. થોડી વાર પછી કંઇક વિચારીને એ બોલ્યા : " કલકત્તામાં જે કંઇ મળવાની તમને આશા હોય તેથી બમણું કે ચારગણું મળે તો કામ કરો કે નહિ ? "

માલતી પહેલાંની જેમ ડોકું હલાવી બોલી: " કલકત્તા સિવાય હું બીજે કયાંય નહિ જાઉં. "

સુરેન્દ્રબાબુએ ઊંડો નિશ્વાસ નાખ્યો. એમનું મ્લાન મુખ જોતાં માલતીને લાગ્યું કે પોતાની વાત સુરેન્દ્રબાબુને ગમી નથી. કદાચ તેમને એથી ખોટું પણ લાગ્યું હોય.

સુરેન્દ્રબાબુ બીજી તરફ દૃષ્ટિ ફેરવતા બોલ્યા : " જે કલકત્તાને જાણતાં નથી એમને માટે એ શહેર બહુ બૂરું ગણાય છે. તમારી જેમ ઇચ્છા હોય તેમ કરજો, પણ જરા ચેતીને જ રહેજો... અને બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાત ! મારું નામ સુરેન્દ્રનાથ ચૌધરી – નારાયણપુરના રહેવાસી – કોઈ વખત જરૂર પડે તો મને ખબર મોકલાવજો અથવા તો સીધાં ઘેર આવજો. કંઇ હોય ને હું મદદ કરી શકું તેમ હોઉં તો જરૂર કરીશ. ”

માલતી નીચે મોંએ ચૂપ બેઠી.

“ એક અઠવાડિયા પછી અમે કલકત્તે પાછા ફરશું. ત્યાં સુધી તમે અહીં જ રહો તો સારૂં, કલકત્તે અમે પહોંચશું ત્યારે તમે ત્યાં ઊતરજો. ”

“ સુરેન્દ્રબાબુ પછી જતા રહ્યા; માલતી ત્યાં જ રડવા માંડી. સુરેન્દ્રબાબુની વાતથી એને દુઃખ તો થયું જ હતું, પણ રડવાનાં કારણો તો હજાર જેટલાં હતાં. સુરેન્દ્રબાબુએ એની લાજ રાખી હતી—નૌકામાં આશરો આપી મોટો ઉપકાર કર્યો હતો અને વળી ભવિષ્યમાં ય એવું કરવાનું કહ્યું હતું...પણ પોતે શું રસોયણ બનવા કલકત્તે જતી હતી ? માયાળુ માતા, પીડિત ભ્રાતા, નિઃસહાય સંસાર—એ બધાંને ત્યજી પોતાનું પેટ ભરવા રસોઇ કરવા નીકળી હતી ? રસોઇનું તો ખોટું બહાનું હતું ! પોતે તો પૈસા મેળવવા માગતી હતી, કલકત્તા સિવાય એ કયાંથી મળે ? પૈસા કમાવવાનો રસ્તો પણ એણે શોધી કાઢયો હતો. પોતે રૂપવતી હતી—શરીરે એનું રૂપ સમાતું નહોતું તે એ જાણતી હતી. કલકત્તા જેવું મોટું શહેર – ત્યાં એ આવું રૂપ લઇને જાય તો એ વેચવાની બહુ મથામણ ન પડે !

ઊલટું, અગણિત કિમ્મત એને મળે—એટલે જ કલકત્તે જવાનો એણે દૃઢ નિશ્ચય કર્યો. ત્યાં જ એની કદર બુઝાશે, ગરીબી ટળશે, સંપત્તિ સાંપડશે, કષ્ટમયું જીવન સળગી જશે અને સુખની સૃષ્ટિ ઊતરશે.........છતાં ય એ કેમ રડતી હતી ? અમને ખબર નથી; એની વાત એ જ જાણે !

બીજે દિવસે નૌકા હળુદપુર નજદીકથી પસાર થવા લાગી. માલતી જાળી ઉઘાડી ઘાટ તરફ જોઇ રહી. ત્યાં કોઈ ફરકતું નહોતું. જે આશામાં એ જોતી હતી તે પાર પડી નહિ. ગામ છોડી નૌકા દૂર ચાલી નીકળી—માલતી જાળી બંધ કરી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયાવતી એની પાસે આવી બેઠી. એની આંખો લૂછી એ પ્રેમ-પૂર્વક બોલી : " રડયે શું થાય બહેન ? આયુષ્ય ખૂટે એટલે ગંગામાનું તેડું આવ્યા વિના ન રહે: ત્યાં આપણું કંઇ ના ચાલે."

જયાવતી સમજતી હતી, કે પોતાનાં સગાંસંબંધીઓ ડૂબી ગયાં છે તેમને યાદ કરીને માલતી રડી રહી છે, થોડી વાર પછી આંખો બરાબર પોતાના હાથે લૂછી માલતી નીચે બેઠી, જયાવતી માલતી કરતાં ઉમ્મરમાં મોટી હતી—માલતીને એ નાની બહેન જેમ ગણતી હતી. તેમાં ય એ કલકત્તા ઊતરી જશે એ જાણી તેનો પ્રેમ વધી ગયો હતો. આડી અવળી વાતોએ ચડાવી એણે વીતી ભુલાવવા પ્રયત્નો આદર્યા.

૩

હિન્દુઓની માન્યતા છે કે કાશીમાં મૃત્યુ થાય તો મોક્ષ મળે. એટલે જ સદાનંદનાં ફઇ કાશીએ ગયાં, પણ પાછાં ફર્યાં નહિ. પુણ્યાત્મા ફઇના દેહને ત્યાં જ ગંગાકિનારે ચેહ આપી મોક્ષની સર્વ વ્યવસ્થા કરી સદાનંદ હળુદપુર આવ્યો.

સૂના ઘરમાં મોડી રાત્રે આવી સદા પાગલે હાથે રાંધીને જમી લીધું. એક ક્ષણ એને થયું કે હમણાં જ હારાણબાબુને ઘેર જઈ બધાંની ખબર પૂછી આવું. પણ આટલી મોડી રાતે મળવામાં બધાંને તકલીફ પડશે એમ માની એ પથારી કરી સૂઇ ગયો. કાશીમાં પણ હારાણબાબુની ચાલચલગત વિષે—શુભદા અને લલનાની કમનસીબી વિષે એ મનમાં ને મનમાં જ ચિન્તા કરતો હતો. ફઈની માંદગીમાં સેવા કરતો હોવા છતાં એ એમને ભૂલી ગયો ન હતો. વચમાં એણે કાગળ લખી એમના સમાચાર જાણ્યા હતા, પણ પછી બન્ને પક્ષો તરફ કંઇ પણ પત્રવ્યવહાર થયો ન હતો. એટલે લગભગ એક મહિનાથી એમને વિષે એને કંઈ સમાચાર સાંપડયા નહોતા. ઘેર પાછા આવતાં એને એ જ વિચારો આવવા લાગ્યા. મોડી રાત સુધી એ જાગતો રહ્યો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરની છત સામે જ એ જોતો પડી રહ્યો. મનમાં ને મનમાં એ બોલવા લાગ્યો : " વાદળાં પર કમળ ઉગે યા નહિ ? " લલનાએ કહ્યું હતું : માટી વિના ફૂલ ફૂટે નહિ–એ સાચું હતું ? એ કબૂલ રાખીએ તોપણ એમ શાથી ન કહેવાય કે વાદળાં પર કમળ ન ઊગી શકે ?......ગમે તેમ, છેલ્લા પહોરે ઊંઘી જતાં પહેલાં એણે નક્કી કર્યું : વાદળાં પર કમળ ઊગે ખરું, પણ બહુ વખત ટકે નહિ–ઝટ સૂકાઇ જવાનો સંભવ વધુ–હમણાં જ સૂકાઇ રહ્યું છે...

બીજે દિવસે શ્રીમાન સદાનંદ ચક્રવર્તી ફૂલ, બિલીપત્ર, વિશ્વેશ્વરનો પ્રસાદ લઇ હારાણબાબુને ઘેર પહોંચ્યા, અંદર આવતાં જ સામે શુભદાને જોઇ—એ વાસીદું વાળી રહી હતી : એને જોઇ કામ પડતું મૂકી માથે છેડો લઇ એ ધીમે સાદે બોલી : " ક્યારે આવ્યા ? "

" રાત્રે જ આવ્યો'તો. "

" બધાં મજામાં છે ને ? "

સદાનંદ દુઃખી ભાવે સહેજ હસી બોલ્યો : " બધામાં તો એક ફૂઇબા જ–કાશીમાં જ તેમણે સ્થાનક કર્યું છે."

શુભદાને કંઇ સમજાયું નહિ–બોલી : " શું ? "

" ત્યાં જ તેઓ ગુજરી ગયાં. "

શુભદાને આ ખબર નહોતી. આ શોકે બીજો એક શોક ઉછળી ઉઠ્યો. શુભદાની આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં. કેટલીક વાર પછી એ બોલી : " ભાઇ, લલના પણ નથી હવે. " સદાનંદ વિસ્મિત થયો ને બોલ્યો : " નથી ? – ક્યાં ગઇ છે ? "

શુભદા રડતાંરડતાં બોલી : " ક્યાં જાય વળી ? સંસારના દુઃખથી કંટાળીને આપઘાત કર્યો. પાંચ દિવસ પછી નદીમાંથી એની લાશ મળી આવી હતી.

શુભદા વધું જોરથી રડી પડી—સદાનંદની આંખમાં પણ આંસુ આવ્યાં, માત્ર એકાદ–બે ટીપાં – પછી શુભદાનાં ડૂસકાં શમીને એ શાંત થાય ત્યાં સુધી સદાનંદ ત્યાં જ સ્થિર બેસી રહ્યો.

એ પછી એ બોલ્યો : " કંઇ કહીને ગઇ નથી ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કશું યે નહિ."

" હારાણકાકા ક્યાં છે ? "

" ખબર નથી, કોઇ કોઈ વાર ઘેર આવે છે."

" હવે શું કરે છે ? "

" એ પણ ખબર નથી."

" માધવને કેમ છે ? "

" એમનું એમ."

" બીજી શી ખબર છે ? – બીજાં બધાં કેમ છે ? "

" મજામાં છે."

સદાનંદ જવા ઊભો થયો. ત્યાં શુભદા બોલી :

" તમે જમશો ક્યાં ? "

" ક્યાં વળી ? – ઘેર – હાથે જ રાંધી લઉં છું."

શુભદા જરા વિચાર કરી બોલી : " અહીં જમો તો ? "

" તો શું ? – કંઇ નહિ વળી ?...તમે શું કામ ખાલી તકલીફ ઉઠાવો છો ? – હું તો મારે હાથે રાંધી લઇશ ! "

" ના – ના. અહીં જ જમવાનું રાખજો."

" સદાનંદ સહેજ વિચાર કરીને બોલ્યો : " આજે તો નહિ હવે, આજે ફઈ માટે તર્પણ કરવાનું છે."

શુભદાને થયું : ભલે એમ થાય. એ કંઇ બોલી નહિ.

સદાનંદ ઘેર આવી કમાડ બંધ કરી જમીન પર લેટી ગયો. આઠ વાગી ગયા હતા. ભૂ—શય્યા એણે ત્યજી ત્યારે રાતના આઠ વાગી ગયા હતા—રાતનો ચમકારો પ્રસરી ચૂકયો હતો. સદાનંદ બહાર આવ્યો. આંગણામાંનો બગિચો વટાવી શારદાચરણના ઘરની પાછળની બારી નીચે ઉભો રહ્યો. બહુ ક્ષણ એમ ને એમ ઉભા રહ્યા પછી એણે બૂમ પાડી : " શારદા ! "

શારદા ઘરમાં જ હતો—સદાનંદની હાંક સાંભળી એ બારી આગળ આવ્યો; " કોણ ? "

સદાનંદે કહ્યું: " એ તો હું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણ સદાનંદ ?"

"હા."

"ક્યારે આવ્યો ?"

"કાલે રાત્રે."

"અહીં કેમ ઊભો છે? ચાલ અંદર આવ, દિવાનખાનામાં બેસીએ."

"ના, અત્યારે તો નહિ; તું જ અહીં આવ."

શારદાચરણ નજીક આવતાં સદાનંદ બોલ્યો : "લલનાએ આપઘાત કર્યો એ જાણે છે ને ?"

શારદાચરણ વિષણ્ણભાવે બોલ્યો : "ખબર છે."

"કેમ આપઘાત કર્યો ખબર છે ?"

"ના......પણ માનું છું કે દુઃખ સહન ન કરી શકી એટલે."

સદાનંદ એના પર તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકતા બોલ્યો :

"બીજું કંઇ નથી જાણતો ?"

"ના કંઇ નહિ."

સદાનંદ એની તીક્ષ્ણ દૃષ્ટિને વધુ તીક્ષ્ણ કરી બોલ્યો :

"તું તો પથ્થર છે, પથ્થર ! કોઇ બિચારૂં દુઃખથી કંટાળી આપઘાત કરે ને તું સામે રહી કંઇ ના કરે ?"

સદાનંદને શારદાના મુખ પરથી લાગ્યું, કે એને કંઇક સંકોચ થયો છે. એનું કારણ હતું : બન્ને બચપણથી દોસ્ત હતા. એકમેકને સારી રીતે ઓળખતા હતા—શારદાચરણની બધી હકીકત સદાનંદ પૂરેપુરી જાણતો હતો. પણ એથી એને બે—ચાર વાત સંભળાવવા આવે એવી જાતનો સદાનંદ નહોતો. છતાંય શારદાએ એમ જ ધારી લીધું, અને થોડોક વિચાર કરી એ બોલ્યો :

"પણ હવે એ બધું સંભાર્યે શુ વળે ?...ને જો, મારા પિતા હજુ હયાત છે—એ હોય ત્યાંસુધી મારી મરજી પ્રમાણે હું ન વર્તી શકું. વળી લલનાએ પણ મને કંઇ કહ્યું નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ અજાયબ થયો. તે બોલ્યો : "કંઇએ બોલી નહોતા ? કંઇએ કહેવા આવી નહોતી ?"

"છેલ્લે છેલ્લે આવી નહોતી; બહુ દિવસ પહેલા આવી હતી."

"શા માટે ? ને ક્યાં આવી'તી ?"

"લગભગ મહિના પહેલાં મોડી રાતે મને પેલા શિવમંદિર આગળ મળવા કહ્યું હતું—મારી જવાની ઇચ્છા નહોતી, તેમ છતાં હું ગયો હતો..."

સદાનંદ રૂંધાયેલા અવાજે બોલ્યો : "જવાની ઈચ્છા નહોતી ?"

શારદા મ્લાન ભાવે બોલ્યો : "તો શું ?"

સદાનંદે એ બરાબર સાંભળ્યું નહિ. એણે કહ્યું : "પછી ?"

"પછી શું ? લગ્ન કરવા મને કહ્યું.."

"કોની સાથે ?"

"એની સાથે જ વળી—"

"એની સાથે ? એની પોતાની સાથે ? લલના સાથે ?......તમે શું કહ્યું પછી ?"

શારદા પોતાની બાલ્યકથાને યાદ કરી કંઇક શરમાયો. કંઇક ગૂંચવાતો હોય તેમ બોલ્યો : "મને...હું...શું કરી શકું ? બાપા હજી બેઠા છે..."

સદાનંદ કંઇક ક્રોધે, દુઃખે ને કંઇક આવેગથી બોલ્યો : "તારા બાપા જીવ્યે શો ફાયદો ?"

આ સાંભળી શારદાચરણ ગુસ્સે થયો. પિતા વિરુદ્ધની એકે વાત એનાથી સહી જતી નહિ. એ બોલી ઉઠયો :

"ફાયદો—ગેરફાયદો તે હું જ જાણું ! એ વિચારવાની આપણને કશીયે જરૂર નથી......અને એ સારૂંયે દેખાય નહિ. ગમે તેમ મેં તો એને કહી દીધું હતું, કે મારાથી એની સાથે લગ્ન ન થાય."

"પછી એ જતી રહી ?"

"ના. પછી તો એણે મને છલના સાથે પરણવા કહ્યું."

"એની પણ ના પડી તેં ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાચરણ સદાનંદનું મોં જોઇ, એ પરથી એના મનની વાતનું અનુમાન કરી સહેજ હસતાં બોલ્યો :

" 'ના' તો પાડી નહોતી, પણ કહ્યું હતું કે બાપાની મરજી હશે તો કરીશ."

" બાપાએ શું કહ્યું ? ના પાડી ? "

" હા."

" કેમ ? "

" કહેવાનું મન તો થતું નથી, પણ કહું છું—સાંભળ...... બાપાની ઇચ્છા છે, કે મારાં લગ્નથી કંઇક પૈસા મળે તો સારું; હારાણબાબુ કંઇ એ આપે એવા છે ? "

સદાનંદ આ વાત સાંભળી ન સાંભળી કરી બોલ્યો :

" તારા બાપાને શું જોઇએ છે ? "

" એ તો હું નથી જાણતો."

" પૈસા મળે તો બીજો કંઇ વાંધો છે એમને ? "

" સંભવ તો નથી."

" તારે પોતાને તો કંઇ વાંધો નથી ને ? "

" જરાય નહિ. "

" ત્યારે જોઈ લઉં." કહી સદાનંદ પાછલી બાજુથી જવા લાગ્યો. શારદાચરણે કહ્યું: " કેમ જાય છે ? જરા બેસીશ પણ નહિ ? "

" ના. "

" સદાનંદ ! મારો દોષ નથી. "

" લાગે છે તો ખરું; પછી તો ભગવાન જાણે ! હું શું કહી શકું ? ".

" ગુસ્સો આવ્યો છે ? "

" ના રે. "

સદાનંદ ઘેર આવ્યો. આ ઓરડીથી બીજી ઓરડીમાં એમ ઘુમવા લાગ્યો. પછી એ ફરી બહાર નીકળ્યો. ગંગા નદી તરફ એણે ચાલવા માંડ્યું. ભાગીરથીનાં નાનાં નાનાં મોજાંઓ ઘાટનાં પગથિયાં પર ખળખળ છળછળ કરતાં અફળાઇ અફળાઇને વહી જતાં હતાં. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી પાછાં ફરતાં હતાં. સદાનંદ થોડીવાર લગી એ જોઇ રહ્યો, દૂર એક હોડકું છબછબ કરતું હલેસાતું પ્રશાંત ગંગાની સપાટી પર ચાલ્યું જતું દેખાતું હતું. કેટલીક ક્ષણ સુધી એ અન્યમનસ્ક ભાવે એની તરફ મીટ માંડી રહ્યો. પછી ઘાટના એકદમ હેઠળના પગથિયા પર બેસી પાણીમાં પગ ડુબાવી આકાશ ભણી જોઈ આપોઆપ ગીત લલકારવા મંડયો.

૪

એજ રાત્રે ચંદ્રના પ્રકાશમાં નાહતી સુરેન્દ્રબાબુની નૌકા ગંગાની સપાટી પર જાણે કે અંગ ઢાળી દઇ ધીમે ધીમે હાથ ફેરવતી હોય તેમ છબછબ કરતી—માત્ર બે ચાટવે તણાતી જતી હતી. તેઓ પાછા ફરતા હતા.

છત પર સુરેન્દ્રબાબુ અને જયાવતી કંઇક વાતો કરતાં બેઠાં હતાં. નીચે પોતાના ખંડની જાળી ખોલી માલતી ગંગાની રજત લહરિઓ જાણે કે ગણી રહી હતી. અને આંસુ લૂછી રહી હતી. એને લાગ્યું હતું—હવે હળુદપુર આવશે. થોડેક જતાં કિનારે પીપળાનું ઝાડ એણે ઓળખી લીધું. એની પડખે જ ચંદ્રકિરણોમાં ચમકતો ઘાટ એણે જોયો. એની પાછળ હળુદપુર સુપ્તાવસ્થામાં – નિઃશબ્દ ઊભું હતું. ત્યાંનું એકેએક ઘર—પ્રત્યેક નરનારીનાં નિદ્રિત વદન માલતીની આંખ આગળ તરવર્યાં......અને એ ઘાટ—પોતે જ્યારે લલના હતી ત્યારે રોજ બે વખત ત્યાં સ્નાન કરવા આવતી, કપડાં ધોતી, અંગ ધોતી, ત્યાંથી ગાગર ભર્યા વિના જાય તો રાંધવાનું બને જ નહિ. હવે તો એ માલતી હતી, લલના નહોતી રહી. તેમ છતાં એ લલનાને ભૂલી શકતી નહોતી. શુભદાનું વિસ્મરણ અશકય હતું, માધવ પણ ભૂલી શકાય તેમ નહોતો. હારાણ બાપુને પણ ભુલાય તેમ નહોતું. એ જ વિચારમાં એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી......અને સદા પાગલને તો એ કોઇ પણ રીતે ભૂલી શકે તેમ નહોતી......છલના, બિંદુ, કૃષ્ણાફઇ, ગિરિજા, શૈલવતી, રમા અને બીજાં કેટલાંય જણ...એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં તેની આંખ આગળ એક પછી એક આવી ગયાં. સદાનંદ—એના ગાંડા—ઘેલા વદન સાથે એની સ્મૃતિમાં જડાઈ ગયો હતો. કાનમાં હજુયે એનાં ગીતો ગુંજી રહ્યાં હતાં. માલતીને જાણે લાગ્યું કે સદાનંદનો પ્રફુલ્લ સૂર કરુણતમ્ બની અસ્પષ્ટ ભાવે કોણ જાણે ક્યાંથીય એના કાન પર અફળાતો હતો! એને આશ્ચર્ય થયું—સ્તબ્ધ બની સાંભળી રહી......બરાબર, સદાનંદ જેવું જ કોઇ ગાઇ રહ્યું હતું. નૌકા આગળ વધતી રહી અને માલતીએ જોયું, કે ઘાટ હેઠળ પાણીમાં પગ રાખી કોઇ બેઠું છે; પણ ગીત બંધ થઇ ગયું હતું. એ બરાબર પિછાની ન શકી, પણ એટલું તો એને ખાતરીથી લાગ્યું કે સદાનંદ સિવાય બીજું કોઈ હોઇ જ ન શકે. આટલી રાત્રે સદા પાગલ વિના ગંગાને બીજું કોણ ગાન સુણાવે? થોડોક વિચાર કર્યા પછી એને એ વિષે સહેજ પણ શંકા રહી નહિ......અને પછી તો એ ફરી રડવા લાગી. સદાનંદને એ જેમ યાદ કરતી ગઇ તેમ લલનાની વાત એના મનમાં રહી રહીને ઊઠવા મંડી. શુભદા, લલના, માધવ, ફઇબા અને હતભાગ્ય હારાણ મુખરજી — એ બધાં સદાનંદની સ્મૃતિઓ વચ્ચે રાખી જાણે કે એની આસપાસ ગોળ ગોળ ઘૂમવા લાગ્યાં. અંતે રડતી રડતી એ મોડી રાત્રે ઊંઘી ગઇ.

એ જાગી. પ્રભાત ઉઘડી ગયું હતું. સૂર્યનારાયણ ધીમે ધીમે ઊંચે ચડી રહ્યા હતા. પણ માલતી પથારીમાંથી ઊઠી શકી નહિ. આખું અંગ જાણે કળતું હતું, શરીરમાં તાવ દેખાતો હતો, માથું સખ્ત દુઃખતું હતું, શરીરમાં કશી શક્તિ જ રહી નહોતી. ચાકરડી આવીને શરીરે હાથ ફેરવતાં બોલી : "તમને તો તાવ આવ્યો છે."

માલતી ચૂપ રહી. જયાવતી આવી, એ પણ શરીરે હાથ અડાડી, જાળી ખુલ્લી જોઇ બોલી :

" આમ જાળી ઉઘાડી રાખી કોઇ સૂએ ? આખી રાત હવા લાગી ગઇ છે, ને એટલે જ તાવ ચડ્યો છે. "

માલતી મૃદુભાવે બોલી : મને જરા ઊંઘ આવી ગઈ, ને જાળી એમ જ ઉઘાડી રહી ગઇ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેન્દ્ર બાબુને આ ખબર મળતાં જ તેઓ નીચે આવ્યા અને જોયું તો સાચે જ તાવ હતો. તેમની પાસે હોમીઓપેથિક દવાઓનો ડાબડો હતો. એમાંથી દવા કાઢી માલતીને ખવડાવી અને જયાવતીને કાળજી રાખવા કહ્યું.

જયાવતી માલતી પાસે આવી બેઠી. ખંડની જાળી ને કમાડ બધું ય બંધ હતું. માલતી કશું દેખી શકી નહિ—એટલું જ નહિ, નૌકા ગતિમાં છે કે સ્થિર તેની પણ તેને ખબર પડી નહિ. પોતાની પાસે જયાવતી સિવાય કોઇ નથી તે જોઇ એ બોલી : "મોટી બહેન !" જયાવતીને એ "મોટી બહેન" કહી બોલાવતી હતી "આપણે ક્યાં આવ્યાં ! કંઇ ખબર છે ?"

"આઠ દશ ગાઉ કાપ્યા હશે."

માલતીને એ જાણવાની ઇચ્છા નહોતી. એ બોલી : "કલકત્તા હવે કેટલું છેટું ?"

"લગભગ બે દિવસ થશે એમ લાગે છે."

માલતી મૌન રહી વિચારમાં પડી. પછી બોલી :

"મોટી બહેન, એટલામાં મને સારું ન થાય તો ?"

જયાવતી એના શબ્દોના ભાવ કળી ગઇ; સ્ત્રીઓને આવા સમયે હિંસા સૂઝતી નથી. એ જરા હસી અને બોલી : "તો તો અમે તને પાણીમાં જ ફેંકી દઇશું."

માલતી પણ જરા હસી, પણ એ હાસ્ય અને આ હાસ્યમાં મોટું અંતર હતું. એ બોલી : "એમ થાય તો તો સારૂં જ ને !"

જયાવતી સહેજ આભી બની. વાતને કંઇ જુદું જ રૂપ આપી શકાશે એ એની લક્ષ્યમાં નહોતું આવ્યું. એણે કહ્યું : "છટ્ આવું બોલીશ મા."

માલતી ફરી ચૂપ રહી; કશું બોલી નહિ. નિઃશબ્દે એ વિચાર કરી રહી; જયાવતીની વાત સાચી પડે તો કેવું થાય ? સારું થાય ?......ના, ના, સારૂં નહિ......મરવાની તો એને ઇચ્છા નહોતી. એને બરાબર પૂછવામાં આવે તો એ જરૂર કહે, કે મોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં વધુ દુઃખ એને થતું હતું. છતાંય એ મરવા માગતી નહોતી—મરવામાં કંઇ બીક નથી, પણ મરવાની ઇચ્છા તો નથી જ...જેમને એ ઇચ્છા થાય છે તેમને એનું દુઃખ બહુ થતું નથી......આંસુનું એક ટીપું એની આંખમાંથી સરી પડયું.

જયવતીએ એ પ્રેમપૂર્વક લૂછી નાખ્યું અને કહ્યું : "શું કામ ખોટી ચિન્તા કરે છે, બહેન ? પવનથી જરા તાવ આવ્યો એમાં આટલી ગભરાઇ ગઇ ?..." ને પછી જરા અટકી, જરા વિચાર કરી સાવધાન થઇને બોલી: "ને તાવ આવ્યો એમાં થઇએ શું ગયું ! આપણી પાસે તો દવાદારૂ બધું યે છે. કલકત્તા પણ કંઇ આઘું નથી. હવે; ઘણાય વૈદ-દાકતર મળી આવશે; કયાં ખોટ છે !"

ખોટ તો હતી નહિ; પણ જરૂરે નહોતી. નૌકા કલકત્તે આવી ત્યારે માલતીને તાવ ન હતો. પણ શરીરે અશક્તિ બહુ રહી હતી. હજુ સુધી એણે ખાધું પણ નહોતું. નૌકા કલકત્તેથી સહેજ દૂર નાંગરી જાળી ઉઘાડી માલતી સામેના નાના નાના મછવા, જહાજ, મોટમોટી સ્ટીમરો અને પ્રાસાદતુલ્ય મોટમોટી અટારીઓ ભણી જોઈ રહી. માલતીને બીક લાગીઃ શું આ કલકત્તા ? એને થયું ; આવા ગાજતા શહેરની શેરીઓમાં એનું કોણ સાંભળશે ? આવા ધાંધલિયા શહેરમાં એની સામે જોવાનો કોને વખત હશે ? પણ તેથી શું ? તેને તો જવું જ પડે તેમ હતું. જેમના માટે આવું સાહસ ખેડયું હતું, જેમનાં મેં યાદ કરી નરકની ઊંડી ગર્તામાં ઊતરી હતી, આજીવન કે પરજીવનની જેમને માટે કશીય ચિન્તા કરી નહોતી, તેમને આમ ઝટ ભૂલી શકાય તેમ નહોતું. આજ નહિ તો કાલ, આ આશરો તજવો જ પડશે અને એમ જો હોય તો આમ બીક રાખ્યે ચાલે કેમ ?

જવાનો તેણે નિશ્ચય કર્યો, પણ સુરેન્દ્ર બાબુએ જણાવ્યું હતું કે, નૌકા અહીં ત્રણ-ચાર દિવસ રોકાશે. પોતાની તબિયત બરાબર સારી થઇ ગયા પછી જ જવાનું હતું અને ત્યાર બાદ નૌકા ત્યાંથી રવાના થવાની હતી. માલતીએ એ વાત જાણી ત્યારે મનમાં ને મનમાં એણે એ મોટો ઉપકાર માની લીધો. અંતરમાં એ એમ જ ચાહતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી; કારણ, ગમે તેટલી ય જરૂર હોય કે કર્તવ્ય હોય તોપણ આશ્રય ત્યાગી નિરાશ્રયે જવાનું દિલ થતું નહોતું. એ વિષે જ એ અંતરમાં રકઝક કરી રહી. નિ:શ્વાસ નાખી એણે મનને મનાવ્યું.

બીજે દિવસે બપોરે જયાવતીએ કલકત્તા જોવાનો વિચાર કર્યો. ગાડી ને હોડીની વ્યવસ્થા કરી નોકરે ખબર આપ્યા. જયાવતીએ સુરેન્દ્રબાબુને સાથે આવવા ઘણા વિનવ્યા, પણ તેઓ કોઇ પણ રીતે કબૂલ થયા નહિ. માલતીને જવું હતું, પણ સુરેન્દ્રબાબુએ એને ના પાડી—એને ઠીક નહોતું, ફરી પાછો તાવ ઉથલો લેશે એમ જણાવ્યું. એટલે જયાવતી નિરુપાયે એકલી એક દાસી ને નોકર સાથે ચાલી નીકળી.

પથારીમાં માલતી પડી હતી; સુરેન્દ્રબાબુ કમાડ ઉઘાડી અંદર આવ્યા. માલતી સંકોચ પામી બેઠી થઈ ગઇ, સુરેન્દ્રબાબુએ થોડેક દૂર જગ્યા લીધી. કેટલીક ક્ષણ એમ મૌનમાં વીતી ગઇ. સુરેન્દ્રબાબુ કંઇક કહેવા આવ્યા હતા, પણ તેમણે બોલવાની હિમ્મત કરી નહિ. કેટલીકવાર પછી જરા અટકી; કંઇક વિચાર કરીને બોલ્યા :

"તમે શું અહીં જ ઊતરવાનું નક્કી કર્યું છે ?"

ડોકું હલાવી માલતી બોલી : "હા."

"બરાબર–બધો વિચાર કરી જોયો છે ?"

"હા."

"ક્યાં જશો ?"

"એ તો જાણતી નથી."

સુરેન્દ્ર બાબુ હસી પડયા. ને બોલ્યા : ત્યારે શું વિચાર કરી જોયું છે ! આજ નહિ તો કાલ એક વાર કલકત્તા ભીતરથી જોઇ આવો ને પછી એ સારું લાગે તો જ જજો; હું તમને નહિં રોકું."

માલતી ચૂપ રહી

થોડીક ક્ષણ સુરેન્દ્રબાબુ ચૂપ રહ્યા અને પછી પહેલાં કરતાં વધુ મ્લાન ભાવે બોલ્યા: "તમે જેટલો વિચાર કર્યો નહિ હોય એટલો મેં વિચાર કરી જોયો છે—મે બધું ય તોળી જોયું છે. તમે તો બ્રાહ્મણકન્યા કહેવાવ, હીનવૃત્તિ તમારાથી ના થાય. ઊંચા કુળની કન્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચા કુળમાં ન રહે તો સારું ન ગણાય. આવી સ્થિતિમાં, કોઇના ય આશરા વિના આવા મોટા શહેરમાં કેમ રહેશો તે હું સમજી શકતો નથી."

થોડી વાર પછી તેમણે ફરી કહ્યું : "હજુ યે વિચાર કરી જુઓ, આવી ઉમ્મરે માનમર્તબો જાળવી, પોતાની જાતને સંભાળી શકશો ? મને તો ડર છે કે તમારા દરેક ડગલે ને પગલે આફતના ઓળા ઊતરશે."

માલતી મૂંગી રહી રડવા લાગી. આ બધાંનો તેણે વિચાર કર્યો હતો, પણ કંઇ ઉપાય ન હતો.

સુરેન્દ્ર બાબુ માલતીને રડતી જોઇ રહ્યા, પહેલાં ય એને રડતી દેખી હતી, પણ આ વખતે તેમના મનમાં કંઈ નવો જ ભાવ પ્રકટ્યો હતો. તેઓ બોલ્યા : "જવાનું શું નક્કી કર્યું છે ?"

આંખ લૂછી માલતી ડોકું હલાવી બોલી :

"હા."

નારાયણપુરના જમીનદાર શ્રીયુત સુરેન્દ્ર બાબુને લોકો કંઇક ચક્રમ સમજતા હતા, પણ વસ્તુતઃ તેઓ તેવા ન હતા. જેઓ એમને આ ઉપાધિ વળગાડતા હતા તેમના કરતાં એ સો ગણા ચતુર હતા. પરંતુ કેટલીક વખત નબળાં માણસની જેમ તેઓ વર્તતા હતા, એટલે જ તેમને કોઇ બરાબર જાણી શક્યું નહોતું. માલતીના મનની હકીકત તેઓ કળી ગયા—મનમાં ને મનમાં તેઓ હસ્યા અને માલતીને જરા સ્વસ્થ જોઇ બોલ્યા : "માલતી ! તમને પૈસાની બહુ જરૂર છે, કેમ ?"

માલતીની આંખમાં ફરી વખત આંસુ ઉભરાયાં, એને થયું : એટલી જરૂરત જગતમાં બીજી કોઈ વસ્તુની નથી."

"બહુ જરૂર છે ને ?"

રડવું બંધ કરી માલતી ત્રુટક અવાજે બોલી : "બહુ જ જરૂર છે."

સુરેન્દ્ર બાબુ હસ્યા; કંઇ સમજવાનું બાકી રહ્યું નહોતું. બીજાનું દુઃખ જોઇને પણ એમને હસવું આવતું હતું; કારણ, આવા માણસોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રડવાનું કંઇ કારણ હોઇ શકે એ એમને આજે જણાયું. અત્યાર લગી બધાં સામાનું મન પીગળાવવા રડે છે, એવું તેમના મગજમાં કુસંગના દોષે ઠસાવ્યું હતું. સહેજ હસી તેઓ બોલ્યા : "ત્યારે રડો છો શું કામ? તમે જુવાન છો, રૂપવાન છો, કલકત્તે જાવ–એટલે પૈસાની તો તમારે ચિંતા કરવા જ ન રહી. કલકત્તામાં તો તમને રસ્તે રસ્તે પૈસા વેરાયલા દેખાશે."

માલતીને થયું : અચાનક જાણે એના માથે વીજળી તૂટી પડી છે! ને માથાથી ધડ જુદું પડી ગયું છે! હવે જાળીમાંથી નીચે પાણીમાં કૂદી પડે તો પણ કંઇ થાય એમ નહોતું! એ આવું જ કંઈ કરવા જતી હતી, પણ એને ભાસ થયો કે કોઇ એને રોકી રહ્યું હતું–જાણે મૂર્ચ્છિત થઈ કોઇના ખોળામાં ઢળી પડી છે, પણ એ ખોળો જાણે આગઝરતો હતો—અત્યંત કઠણ, અત્યંત તપ્ત – જાણે કે એમાં જરાયે માંસ નહોતું–સહેજ પણ કોમળતા નહિ—આખું ય જાણે પથ્થર જેવું—માત્ર હાડકાં! મૂર્ચ્છિત અવસ્થામાં પણ તે કંપી ઊઠી. જ્યારે તે ભાનમાં આવી ત્યારે એ કોઇના ખોળામાં નહોતી એમ એને જણાયું. આંખો ઉઘાડી જોયું તો પોતે પોતાની જ પથારીમાં પડી હતી. બાજુમાં જોયું તો સુરેન્દ્રબાબુ બેઠા હતા. શરમથી એનું મોં આરક્ત બની ગયું. બન્ને હાથે મોં ઢાંકી દઇ એણે પડખું ફેરવી લીધું.

કેટલીક ક્ષણ પછી સુરેન્દ્રબાબુ બોલ્યા :

"માલતી! કાલે અમે અહીંથી નીકળીશું, પણ તમને અહીં નહિ મૂકી જઇએ. તમારે તો અમારી સાથે આવવું જ પડશે."

નિઃશ્વાસ રોકી દઇ માલતી સાંભળી રહી :

"જેને આધારે તમે કલકત્તા જાવ છો એ તમારાથી નહિ થાય. એવું કામ હું માનું છું તમે કદિ પહેલાં કર્યું નથી, અને હવેય નહિ કરી શકો. તમારે જેટલા પૈસા જોઇએ તેટલા હું તમને આપીશ–તમારે જે કંઇ સુખશાંતિ જોઇએ તે પણ મળે તેવું કરીશ."

માલતીની આંખોમાંથી દડદડ્ આંસુ સરી પડયાં. સુરેન્દ્રબાબુ એ જોતાં એને પોતાની પડખે ખેંચી લઇને બોલ્યા : "માલતી! તારે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી સાથે આવવું પડશે. હું ભલે મોટો શ્રીમંત નહિં હોઉં, પણ ગરીબ તો નથી જ. તારો બધો ખર્ચો હું સહી લઈશ. કહે, હું તને અહીં મૂકી જાઉં તો તું અહીં જીવતી રહે, ને મારા હૃદયમાં કંઈ શાંતિ રહે ?" સુરેન્દ્ર બાબુએ એને છાતી સરસી વધુ ખેંચી સસ્નેહ એનાં આંસુ લૂછી નાખ્યાં. અને આગ્રહથી લજ્જાએ સંકોચાતાં માલતીના હોઠ પર ચુંબન ભર્યું—પછી બોલ્યા : "આવીશ ને ?"

માલતીનું સમસ્ત શરીર રોમાંચિત થયું—અંગે અંગ કંપી ઊઠયું. એ હવે એ રહી નહોતી—એ લલના નહોતી રહી—એ માલતી નહોતી રહી—એ કોઇ પણ નહોતી રહી હવે તો ! અત્યારે જેવી છે તેવી જ રહી હતી—સુરેન્દ્રનાથની ચિરસંગિની, આ જન્મની પ્રણયિની; એ સીતા, એ સાવિત્રી, એ દમયંતી; સીતા સાવિત્રીનો ઉલ્લેખ શું કામ ?......એ રાધા, એ ચન્દ્રાવલિ;......એ પણ હોય તોય શું વાંધો ? સુખ–શાન્તિ, સ્વર્ગને ખોળે માન–અપમાન શાં ? લલના કંપ્યા વિના–અચેતન સુવર્ણપ્રતિમાશી સુરેન્દ્રનાથના ખોળામાં પડી રહી. એ ખોળો હાડકાનો કે પથ્થર જેવો ન હતો, – આગ પણ એમાંથી ઝરતી નહોતી. ઊલટો એ શાંત, સ્નિગ્ધ, કોમલ ને મધુરો ભાસ્યો. લલનાને થયું : આટલા દિવસ લગી એ શાપગ્રસ્ત હતી—હવે એ ફરી સ્વર્ગે આવી હતી—આટલા દિવસ પછી ખોવાયલું બધું એને પ્રાપ્ત થયું હતું. માલતીના બીડાએલા હોઠ ફરી વિખુટા થયા. સુરેન્દ્રનાથે એ પર ફરી ફરી ચુંબનો લીધાં, અને પાપના પહેલા પગથિયે ચડી ભાનભૂલી લલનાદેવીએ સ્વર્ગસુખ ભોગવ્યું.

સૂર્ય અસ્તાચલે જઈ રહ્યો હતો. ખુલ્લી જાળીમાંથી એનાં કિરણોએ એ પાપચિત્રને ઝીલી લીધું—એ રક્તવર્ણાં કિરણોમાં લલનાનું વદન સુરેન્દ્રનાથને અતિ મુગ્ધકર લાગ્યું. એમણે અતિશય આવેશે—અતિશય તૃષ્ણાથી એ મોં ફરીવાર ચૂમ્યું અને બોલ્યા : "માલતી, તું આવીશ ને ?"

"હા."

સુરેન્દ્ર ઉન્મત્ત બન્યા ને બોલ્યા: "તો તો હમણાં જ ચાલ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ મોટી બહેન !"

"એ વળી કોણ ?"

"આપનાં પત્ની."

સુરેન્દ્રનાથ જાણે ચમકી ઊઠયા અને કંપતા બોલ્યા :

"મારી પત્ની ? એને મર્યે તો ઘણા દિવસ થયા."

"જયાવતી ?"

સુરેન્દ્રનાથ ફિકકું હાસ્ય કરી બોલ્યા : "જયા કંઈ મારી પત્ની નથી; એની સાથે મારાં કંઈ લગ્ન થયાં નથી."

"ત્યારે શું ?"

"કંઈ નહિ – કંઈ નહિ વળી. તું જ હવે મારૂં સર્વસ્વ, એ તો કોઈ નથી. તું જ હવે છે—તને જ સર્વ કંઇ ગણીશ," આ સાંભળી માલતીએ સુરેન્દ્રના ગળાની આસપાસ હાથ વિંટાળ્યા અને ખોળામાં માથું સંતાડી દઈ મુક્તકંઠે બોલી : "હું તો હવે આપની સદાની દાસી, મને કદી તજશો નહિ."

"ના રે, કદિયે નહિ તજું."

"ત્યારે મને લઇ ચાલો હવે."

"ચાલ."

"આજે ?"

"અરે હમણાં જ."

"આ વખતે બહાર મોટા અવાજ સંભળાયા, ઘણા બૂમ બરાડા પડી રહ્યા હતા–"પકડો...પકડો...જો–જો ગયું ડૂબ્યું–ડૂબ્યું. હાય – હાય !" એવા ઘાંટા સંભળાયા. સુરેન્દ્રનાથ બહાર આવ્યા. માલતી પણ પાછળ પાછળ બહાર આવી. ચારે બાજુ ખલાસીઓ ને નોકરો બૂમાબૂમ કરી રહ્યા હતા. થોડેક દૂર, લગભગ ગંગાની વચ્ચોવચ્ચ એક હોડી સ્ટીમરના ધક્કાએ ધીરેધીરે ડૂબી રહી હતી.

આંખના એક જ પલકારામાં સુરેન્દ્રબાબુ સમજી ગયા કે શું થયું છે ! એકદમ તેઓ બૂમ મારી ઉઠયા: "એ તો આપણી જયા !" કહેતાં કહેતાં એ દોડી કૂદવા જતા હતા, પણ માલતીએ એમને રોકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યા. સુરેન્દ્રનાથ પાગલની જેમ છૂટકારો મેળવી બરાડી ઉઠ્યા: "જવા દે મને, – છોડ, મારી જયા ડૂબી રહી છે..."

એટલામાં એ ક્ષુદ્ર હોડી વિશાળ સ્ટીમરની હેઠળ ધીમેધીમે ડૂબી ગઇ. સુરેન્દ્રનાથ માલતી અને નોકરોના હાથમાં મૂર્ચ્છા પામી ઢળી પડ્યા.

૫

"જયા !" ભાનમાં આવ્યા ત્યારે સુરેન્દ્રબાબુ આંખો ઉઘાડતાં વેંત વ્યાકુળ ભાવે બોલી ઉઠ્યા: "જયા !"

પાસે માલતી સુશ્રૂષા કરી રહી હતી. અને આંખો લૂછી રહી હતી. આમ એમને હાંક મારતા જોઇ એને વધુ રડવું આવ્યું, પણ એમણે એની તરફ જોયું—ફક્ત એક જ વખત આંખો ખોલી હતી અને પછી ફરી આંખો મીંચી દીધી. કેટલીક ક્ષણ એમ વીતી ગઇ; દીર્ઘ શ્વાસ લઇ તેઓ બોલ્યા: "જયાની કંઈ ખબર મળી ?" બાજુમાં એક જૂનો નોકર બેઠો હતો, એ અચકાતો બોલ્યો: "ના જી."

"મળી નથી ?...ત્યારે તો એ મરી ગઇ લાગે છે."

નોકરે કહ્યું: "કદાચ એમ હોય."

"કેટલા વાગ્યા છે ?"

"લગભગ દશ થયા હશે."

"દશ ? તો પણ કંઇ ખબર મળી નથી ?"

"ના જી."

સુરેન્દ્રબાબુ વધુ હતાશ બની કપાળ કૂટી બોલ્યા: "તમે જાવ ત્યારે અહીંથી—આખી નદીમાં તપાસ ચલાવો."

નોકરે મનમાં વિચાર્યું: હુકમ કરવો સહેલો છે. પછી પ્રકટ બોલ્યો: "જેવી આજ્ઞા." ઊઠીને એ પોતાની પથારીમાં સૂઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડમાં માલતી સિવાય બીજું કોઇ નહોતું; પણ સુરેન્દ્ર બાબુ કંઈ બોલ્યા નહિ. મૂંગા રહી એ રડવા લાગ્યા. કેટલો ય વખત એમ વીતી ગયો. દિવાલ પરના ઘડિયાળે પોતાની મેળે અગિયાર, બાર, એક, બે, ત્રણ, ચાર—એમ પોતાની આખી પૂંજી વાપરવા માંડી, પણ કોઇએ એના તરફ જરા સરખું ય ધ્યાન આપ્યું નહિ. સુરેન્દ્રબાબુ આ પડખેથી પેલે પડખે ફરવા લાગ્યા. પાસે બેઠેલી માલતી એમનું દુઃખ નિહાળી રહી—એની આંખમાંથી આંસુ સરવા માંડયાં. એને પણ લાગી આવ્યું-શરમ પણ આવી-પછી પોતાની જાત પર ધૃણાય ઉપજી. ભૂત, ભવિષ્ય અને વર્તમાનના વિચારોએ એના હૃદયમાં તુફાન જગાવી દીધું.

આમ તો કલકત્તાની ગંગા રાત્રે નિંદ લેતી નથી—વળી અત્યારે તો ચાર વાગી ગયા હતા, ચોતરફ અવાજો સંભળાતા હતા.

સુરેન્દ્રનાથ અચાનક બેઠા થઇ ગયા, ને માલતીના મોં સામે જોઈ રહ્યા. થોડીક ક્ષણ પછી બોલ્યા: "આમ ખાલી ઉજાગરો શું કામ કરે છે? જઇને ઊંઘી જા ને!"

માલતી જવા લાગી-તેને ફરી બોલાવી તેઓ બોલ્યા: "ના-ના. બેસ, મારે તને કંઇક કહેવું છે."

માલતી બે ડગલાં આગળ વધી હતી. ત્યાંજ એ બેસી ગઈ.

સુરેન્દ્રબાબુએ આંખો ચોળી. શું કહેવું તેનો એણે વિચાર કરી લીધો અને પછી ગંભીર ભાવે તેઓ બોલ્યા: "માલતી! કોને પાપે આ બધું થયું?"

માલતી પર જાણે આકાશ તૂટી પડયું-તેણે પોતાની જાતને પહેલાં કેટલીય વાર એ પૂછી જોયું હતું. એનો જવાબ પણ એક રીતે મળ્યો હતો, પણ એ ખુલ્લું બોલી શકી નહિ. નીચે મોંએ એ ચૂપ રહી.

સુરેન્દ્રબાબુ મનમાં જે ધાર્યું હતું તે ન બોલ્યા અને ભળતું જ બોલ્યા: "કંઈ નહિ. એ તો પછી સમજાશે. અત્યારે તું તારે જા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી પોતાના ખંડમાં આવી સૂઇ ગઇ. પણ ઊંઘ આવે ક્યાંથી ?......આખી રાત એણે જેમ તેમ વિતાવી. ઘણી વાર બેસી રહી, કોઇ કોઇ વાર આડી પડી, વખતોવખત દેવદેવીનાં નામ ઉચ્ચાર્યાં ; ઘણી વાતો એના સ્મૃતિપટે આવી અફળાઇ......પછી વહેલી સવારે એને ઝોકું આવી ગયું. ને સ્વપ્ન આવ્યું. જયાવતી કમાડ આગળ આંખો લાલ કરી ઊભી છે, બીજી વખત દેખાયું કે સદાનંદ આનંદમાં આવી ગાઈ રહ્યો છે. શુભદા આકુળવ્યાકુળ થઇ રુદન કરી રહી છે. છેલ્લે એણે જોયું, કે માધવ એની બાજુમાં આવી ઊભો છે. અને એ ફરી ફરી કોઈ અજાણ્યા દેશ જવાનું કહી રહ્યો છે. માલતીને ત્યાં જવાની ઇચ્છા નહોતી. પણ એ કોઈ રીતે એ વાત પડતી મૂકે તેવો નહોતો. અચાનક એની ઊંઘ ઊડી ગઇ અને જોયું તો ત્યાં કોઈ નહોતું. કેવળ પ્રભાતનાં સૂર્યકિરણો ઉઘાડી જાળીમાંથી એના મોં પર ફરી રહ્યાં હતાં.

એ આખો દિવસ માલતીએ સુરેન્દ્રનાથને જોયા નહિં. સવારે વહેલાં જ તેઓ નૌકા છોડી જતા રહ્યા હતા. બીજે દિવસે પણ તેઓ પાછા ફર્યા નહિં. ત્રીજે દિવસે સાંજના તેઓ આવ્યા, ને પોતાના ખંડમાં જઈ કમાડ વાસી દીધું. એ દિવસ પણ એમ જ જતો રહ્યો.

બીજે દિવસે એમણે માલતીને બોલાવી. માલતી અંદર આવી એક બાજુ ઊભી રહી.

સુરેન્દ્ર બાબુ એક કાગળ પર કંઈ લખી રહ્યા હતા—કોઇને કાગળ લખી રહ્યા હોય એમ જણાતું હતું. માલતીએ ત્રાંસી નજરે બ્હીતાં બ્હીતાં તેમની સામે જોયું—એમનું આખું મોં જાણે વિલું પડી ગયું હતું, આંખો લાલ દેખાતી હતી. વાળ છૂટા વિખરાયલા પડ્યા હતા. કપડાં પર ઠેરઠેર કાદવ વળગ્યો હતો. માલતી આપોઆપ કંપી ઊઠી. તેને થયું—જાણે પોતે મોટો ભયંકર અપરાધ કર્યો છે, ને પોતાને કોર્ટમાં હાજર કરવામાં આવી છે.

સુરેન્દ્ર બાબુ અડધો લખાયલો કાગળ બાજુએ મૂકી એની તરફ મોં ફેરવી બોલ્યા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તારી તબિયત બરાબર નથી શું ? "

માલતીએ નીચી નજરે ડોક હલાવી હકારમાં જવાબ આપ્યો.

" આપણે અહીંથી આજે ઉપડીએ છીએ. સામે કલકત્તા છે; મરજી હોય ત્યાં જા. "

એ સાંભળતાં માલતીની આંખમાં આંસુ આવ્યાં, એ કશું ય બોલી નહિ.

બાજુમાંથી કાગળ હાથમાં લઇ તેઓ બોલ્યા : " અહીં અમારા એક મિત્ર છે; આ કાગળ લઇ ઠેકાણું મેળવી એમની પાસે જા. ગમે તેમ કરીને એ તારૂં ઠેકાણું પાડી દેશે. "

દડ્ કરતું આંસુનું એક ટીપું માલતીની આંખમાંથી પગ આગળ ગાલિચા પર પડયું.

સુરેન્દ્ર બાબુએ એ જોયું ખરૂં; જરા અટકી તેમણે કહ્યું : " તારી પાસે કાંઇ પણ પૈસા નથી ? "

માલતીએ જણાવ્યું : " ના. "

" એ તો હું જાણું છું, લે આ. " કહી એમણે ઓશિકા હેઠળથી એક પાકીટ કાઢી એના પગ આગળ ફેંકી દીધું — " આમાં જે છે તે તને એક વરસ જેટલું ચાલશે; એટલે ત્યાં સુધીમાં તો તને જરૂર કંઇ કામ મળી રહેશે. પછી ભગવાનની મરજી... "

ફરી એક ટીપું ગાલિચા પર પડયું.

" એ દિવસે હું જરા ભાન ભૂલી ગયો હતો—ગાંડો બની ગયો હતો, એટલે જ મેં પૂછયું હતું, કે આ કોના પાપે થયું ? પણ હવે મને બધું સમજાયું છે–મારા જ પાપનું આ ફળ છે એમ જણાય છે—તું તો નિર્દોષ છે, તારો કંઇ અપરાધ નથી. સારી જયાને મેં પોતે જ મારી નાખી છે. "

સુરેન્દ્ર બાબુના કપાળે પરસેવો જામી ગયો હતો. હાથ વડે એ લૂછી નાખી તેઓ બોલ્યા : " પાપું કર્યું, હવે પાપ નહિ કરૂં. સત્ પંથે રહી જોઉં; કંઇ પ્રાયશ્ચિત [illegible] છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી પૂર્વવત્ સ્થિર જ ઊભી રહી. સુરેન્દ્ર બાબુ કાગળ પૂરો કરવા લાગ્યા. એ પૂરો થતાં જ એની ઘડી કરી પરબીડિયામાં મૂક્યો, અને શિરનામું કરી એના પગ આગળ ફગાવી દીધો. "લે, શ્યામ બજારમાં જઇ કોઇને પૂછી લેજે—આ ચિઠ્ઠી બતાવજે—તારૂં કંઇક વળશે."

કંપિત હસ્તે માલતીએ એ કાગળ ઉઠાવ્યો.

સુરેન્દ્ર બાબુએ કહ્યું: "એ પૈસા પણ ઉઠાવી લે." માલતીએ એ પણ ઉપાડી લીધા.

દરવાજા ભણી એણે એક પગલું ઉપાડયું—સુરેન્દ્ર બાબુના મનમાં કંઈક થઇ આવ્યું. તેઓ બોલી ઉઠયા: "ધર્મ ભૂલતી નહિ......"

વળી માલતી એક એક પગલું આગળ વધી. સુરેન્દ્ર બાબુનું ગળું કંપતું દેખાયું. "માલતી! એ દિવસની વાત ભૂલી જજે..."

માલતીએ કમાડનો આગળો ખેંચ્યો, કમાડ અડધું ઉઘડયું, સુરેન્દ્રનાથનું ગળું વધુ કંપી ઉઠયું: "વખત આવે—કંઇ દુઃખ પડે તો મારી પાસે આવજે........."

માલતી બહાર આવી. સુરેન્દ્રનાથની આંખો આંસુથી છલકાઇ ગઇ, મોટેથી તેમણે બૂમ મારી: "માલતી!"

માલતી ત્યાં જ બહાર ઊભી રહી. ફરી તેમણે બૂમ પાડી: "માલતી!"

આ વખતે તે અંદર આવી કમાડ વચ્ચે જ ઊભી રહી. આંખો લૂછી સુરેન્દ્ર બાબુએ કહ્યું: "જયાનો શોક મારાથી ભુલાતો નથી..."

માલતીના પગ ધ્રૂજવા માંડયા, એ ત્યાં જ બેસી ગઈ.

સુરેન્દ્ર બાબુ બાળકની જેમ રડી પડ્યા: "માલતી! હવે હું કોના માટે જીવું? તું પણ જાય તો હું નથી ધારતો કે હું બહુ દિવસ જીવું..."

બોલતાંબોલતાં તેઓ ગાલિચા પર જાણે કે ઢળી પડયા.

માલતી પાસે આવી બેઠી. પોતાના ખોળામાં એમનું માથું મૂકી એમનાં આંસૂ લૂછી નાખી બોલી:

"હું નહિ જાઉં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બન્ને ઘણી વાર લગી રડતાં રહ્યાં.

માલતીએ ફરી એમનાં આંસુ લૂછી નાખ્યાં.

સુરેન્દ્રનાથની આંખો મિંચાયલી જ હતી; તેમ જ તેઓ ભગ્ન સ્વરે બોલ્યા : " એ દિવસે તેં શું કહ્યું હતું તે યાદ છે ? "

" શું ? "

" સદાની દાસી. "

" હા...... "

સુરેન્દ્રનાથે મોટેથી બૂમ પાડી : " હરિચરણ ! " છત પરથી હરિચરણ બોલ્યો : " જી ! શો હુકમ ? "

" નૌકા હંકારી ઘો. "

" હમણાં જ ? "

" હા હા, હમણાં જ. "

*
* *

૬

જ્યાં લગી નૌકા દેખાતી રહી ત્યાં લગી સદાનંદ ગીત બંધ કરી એ તરફ નિહાળી જ રહ્યો. પછી ઘેર આવી સૂઈ ગયો. આજ એને કંઈ રૂચતું નહોતું—ઊંઘ પણ બરાબર આવી નહિ.

સવારે શુભદા પાસે જઈ એ બોલ્યો : " તમારે ત્યાં જમવાનું રાખું તો ? "

શુભદા શુષ્ક ભાવે બોલી : " રાખું તો શું ? રાખવાનું જ વળી ! "

" ઠીક ત્યારે, મારે ત્યાં કોઇ છે ય નહિ. બે ય વખત હું અહીં જ જમીશ. "

શુભદા સહેજ વિચારમાં હોય તેમ બોલી : " સારૂં કર્યું. "

" ફઇના સાસરિયામાં પોતાની જે કંઇ જરજમીન હતી તે પણ મને વારસામાં આપી ગઇ છે. આજકાલમાં મારે ત્યાં જઇ બધું સંભાળી લેવું પડશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તો છે જ; તમે ન જાવ તો કોણ સંભાળે ?"

"હાસ્તો !...પણ હું...એટલે...અમારી અનાજની કોઠી છે ને ? તે અહીં મોકલાવી આપું છું—ઘરમાં કોઇ ન મળે ને કંઇ થાય તો વળી પંચાત..."

શુભદા ભીતરની વાત ન સમજી, એ બોલી :

"આટલા દિવસ તો કંઈ થયું નહિ –"

"ના થયું ખરૂં, પણ હવે પણ નહિ થાય એમ કેમ કહેવાય ?"

શુભદા ચૂપ રહી.

એ જ સાંજે સદાનંદે અનાજની કોઠી, દાળનો ડબ્બો, ગોળનો દાબડો વગેરે એક પછી એક મુખરજીના ઘરમાં મુકાવ્યાં.

એ બધું જોઇ શુભદાએ કહ્યું : "સદાનંદભાઇ ! ગામ શું કહેશે ?"

સદાનંદ હસીને બોલ્યા : "આ બધું મારૂં છે, ગામનું નથી. હું અહિં જમું, અહીં જ રહું તો પછી મારી ચીજો પણ અહીં જ રહે ને ? બીજે ક્યાં રહે ?"

ખરી રીતે તો ગામમાં જાત જાતની વાતો થવા લાગી. કોઇ કહેતું : હારાણની વહુએ તો સદાનંદ પાગલ પર ટૂચકું કર્યું છે: કોઈ કહેતું : સદાનંદ તો પૂરેપુરો ગાંડો થઈ ગયો છે; કોઇએ વળી એમ પણ વાતો કરી, કે સદા સાથે છલનાનાં હવે લગ્ન થવાનાં છે. સદાનંદ આ બધું સાંભળી મનમાં હસવા લાગ્યો. જેણે આ વાત એને જણાવી હતી તેને એક રામપ્રસાદી ગીત એણે સંભળાવી દીધું – બીજાને એણે મશ્કરીમાં કહી દીધું : "હું મરી જઈશ ત્યારે બે વિઘાં જમીન મારા નામ પર ચડાવતો જઇશ," કોઇને વળી એણે ગંભીર ભાવે જણાવી દીધું : "હું તો ગાંડો છું તે ગાંડા જેવું જ કરૂં ને ? એમાં તમારે શું ?"

ધીમે ધીમે લોકોનાં મોંએ તાળાં વસાયાં, છતાંય ન દેખી શકનારા મનમાં બળવા લાગ્યા, ભવતારણ ગંગોપાધ્યાય મ્હાશયે આ વાત જાણતાં જ સદાનંદને તેડાવી બોલાવ્યો અને મુરબ્બીવટે ઉપદેશ આપ્યો. એ સાંભળી લઇ સદાનંદ દુઃખિત ભાવે બોલ્યો : "થવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું તે થઇ ગયું, હવે ફઈના સાસરિયેથી પાછો આવીશ ત્યારે એ ત્યાંથી ઉઠાવી લાવી આપને ત્યાં મૂકી દઇશ."

ગંગોપાધ્યાય મહાશય અત્યંત ક્રોધમાં આવી બોલ્યા : "દીકરા ! તારો બાપ મને પૂછીને જ બધું કરતો'તો—એ ભૂલીશ મા; એ એટલું માન રાખતો'તો; સમજ્યો ?"

"હું કયાં તમારૂં અપમાન કરૂં છું ?"

"ત્યારે આમ કેમ બોલ્યો ?"

"મારૂં મગજ સાલું કંઇ ઠેકાણે રહેતું નથી."

ગંગોપાધ્યાય વળી વધુ ગુસ્સે થયા. તેઓ બોલ્યા :

"તું તો હવે હાથથી ગયો છે."

સદાનંદ આછું હસી બોલ્યો : "તમો બધાયે કંઇ કર્યું નહિ એમાં હું શું કરૂં ? કર્યું હોત તો આમ હાથથી ન ગયો હોત."

"જા, જા હવે, કાળું કર અહીંથી."

"જેવો હુકમ" કહી એ બહાર આવી ખૂબ હસવા લાગ્યો, અને પછી રામપ્રસાદી ભજન લલકારવા લાગ્યો.

પાસેથી કંગાલીચરણ માથે પરવળનો ટોપલો મૂકી બજારમાં જતો હતો.

એણે સદાનંદની આંખમાં હાસ્ય, ને હોઠ પર ગીત જોઇ કહ્યું : "શું છે ભાઇ ! એવી તે શી મજા પડી છે ?"

સદાનંદ હસતો હસતો બોલ્યો : "ગાંગુલીને ત્યાં જમવાનું હતું—તે ખૂબ ખાધું ત્યાં તો !"

"એમ ?"

પછી સદાનંદે પરવળનો ભાવ પૂછી ફરી હસી પહેલાંનું અધૂરૂં મૂકેલું ભજન બરાબર સૂરમાં લઇ રસ્તો પકડયો. કંગાલીચરણ પણ પોતાને રસ્તે પડયો.

હવે એક વાત છે : કવિઓ ગાઇ ગયા છે કે, મને સ્વર્ગેય છે ને નરકેય છે, પણ સંસારમાં એવું કંઇ નથી. એ સંપૂર્ણ સત્ય નહિ હોય પણ થોડે ઘણે અંશે તો જરૂર સાચું ગણી શકાય, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃસંશય; કારણ કે પાર્થિવ સુખની સીમા જ્યાં હારાણચંદ્રને દેખાતી હતી ત્યાં શુભદાને એનો કંઇ લહાવો મળી શકયો ન હતો. હારાણને એ વખત પેટ ભરીને ખાવા મળતું હતું—જરૂર પડયે પત્ની પાસેથી એ ચાર આના ઉછીના મળતા હતા, ને પાછા આપવાની તો હવે ચિંતાયે નહોતી.—બજારમાં ઊંચે મ્હોંએ તે ફરતો, કોઇ હવે એની પાસે પૈસોય માંગતું નહોતું, જુગારખાનાનો ધણી એને પહેલાંની જેમ ત્યાં છૂટથી હરવા ફરવા દેતો હતો...આથી વધુ શું જોઇએ?... કંઇ પણ હવે જોઇતું હોય તો—હારાણ માનતો—સદાનંદને ઔર ચાવી ચડાવીશું તો એ પણ સહેજે મળી આવશે. એ વખતે પોતે જ ચંડૂલખાનું વેચાણ લઇ લેશે અને કાત્યાયની જેવી સ્ત્રીઓનાં અભિમાન ઉતારી દેશે! એની સામે આખા વરસનાં ખરચાપાણી અગાઉથી ફગાવી દેશે! ને કહેશે: "તું મને નથી ઓળખતી? મને તું શું સમજે છે?......અરે ગાંડી, પુરુષોના ભાગ્ય ને સ્ત્રીઓનાં ચરિત્ર તો મોટા મોટા દેવોય નથી જાણતા! તો પછી તું વળી કોણ?......અને પેલો નંદી!......એના ઘરની સામે બરાબર હું અડ્ડો ન જમાવું તો મારૂં નામ હારાણ નહિ!" આવું આવું કંઇકંઇ વિચારતો આખા બ્રાહ્મણવાડામાં ભમ્યા કરતો.

ત્યારે શુભદા? એને કંઇ એક જ વાતની પડી છે? ભગવાન જાણે છે, કે સ્વામીનું સુખ એને એકે દિવસ સાંપડયું નહોતું—એક વખત પણ મળ્યું હોય એમ એને કયારેય સાંભરતું ન હતું. એ જ સ્વામી સમક્ષ ભાણું માંડતાં એને કેટલો આનંદ થતો—કેટલી તૃપ્તિ એ અનુભવતી તે એ પોતે પણ જાણી શકતી નહિ. આનંદમાં એની આંખમાં આંસુ છલકાતાં, પણ એ જુએ કોણ? જોવાવાળું એક જણ હતું, સમજવાવાળું પણ એક જણ હતું. પણ એ તો કયારનું ય જતું રહ્યું હતું. છતાં એટલેથી જ વાત અટકતી હોત તોપણ શુભદા આ સંસારની જંજાળો પાર પાડી શકી હોત, પણ તેમ નહોતું: છલના દિવસે દિવસે મોટી થતી જતી હતી. એનો શો ઉપાય? જે મરી ખૂટયું હતું એ બચી જ ગયું માની લેવાનું; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધવના મનમાં શું છે તેનું અંશ જેટલું યે નિરૂપણ શુભદાથી ન થઇ શકયું. આજકાલ દવાનો સુયોગ સાંપડયો હતો, જેટલું બની શકે તેટલું દવાદારૂ પાછળ જોવાનું હતું; પણ એનું કંઇ પરિણામ નીપજતું દેખાતું નહોતું. શુભદા આ જોઈ કપાળ કૂટતી—લલનાને યાદ કરી વ્યાકુળ ચિત્તે રડી પડતી—એની પાસે જવાની પ્રાર્થના કરતી—ફરી પાણી ભરી આવતી—રાંધતી અને બધાંને ખવડાવતી—આમ દિવસ પછી દિવસ કપાતા હતા.

એક દિવસે બપોરે જમતી વખતે સદાનંદ શુભદા સામે જોઇ બોલ્યો :

" છલના તો હવે મોટી થઇ. "

શુભદા મ્લાન મુખે બોલી : " હા. "

" ત્યારે તો એને બહુ રખાય નહિ – સારૂં યે ન દેખાય. "

" ભગવાનની મરજી ! "

સદાનંદ આછું હસ્યો : " ભગવાન આવીને કંઇ એને પરણાવી જવાના નથી. "

શુભદા મૌન રહી.

" હરમોહન બાબુના દીકરા શારદા જોડે એનું નક્કી કરીએ તો ?"

શુભદા બરાબર સમજી શકી નહિ. તે બોલી :

" શારદા જોડે ? "

" હા. "

" એ તો કેમ બને ? "

" કેમ ના બને ? "

" એ તો કોને ખબર ! " શુભદા એકદમ હતાશ ભાવે બોલી.

પાગલ સદાનંદે એ જાણી ગયો હોય તેમ જરા આડું મોં કરી હસી લીધું અને પછી કહ્યું :

" આ વિષે મેં શારદા સાથે વાત પણ કાઢી હતી; એની તો મરજી છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભદાના વદન પર જાણે કે જિજ્ઞાસા પ્રકટી, પણ તરત જ જાણે એ અદૃશ્ય થઇ જતાં એ બોલી :

"પણ એના બાપની ? એ કબૂલ કરશે ?"

"કેમ નહિ ?"

કેમ નહિ, એ શુભદા જાણતી હતી. દીકરાની ઇચ્છા હોવા છતાં બાપાની મરજી કેમ નહોતી થતી એ પણ તે જાણતી હતી, પણ એ ખુલ્લેખુલ્લું જણાવી શકી નહિ. એક વખત એને એમ પણ થયું કે સાવ, સદાનંદને પૂછી જોઉં કે "હરમોહનને પૂછવા કોણ જશે ?" પરંતુ એ પણ એનાથી બોલાયું નહિ. માત્ર ચુપચૂપ ચિન્તાજન્ય દૃષ્ટિએ એના સામે જોઈ રહી.

પાગલ આ મૌન ભાષા કળી ગયો. એ બોલ્યો :

"ગમે તેમ, આપણે એમની પાસે કબૂલ કરાવવું પડશે, કારણ કે લગન તો થવાં જ જોઇએ."

શુભદા બીતી બીતી આશા નિરાશામાં લથડિયાં ખાતી હોય તેમ અસ્ફુટ બોલી : "કબૂલ કરશે ?"

"જરૂર, જરૂર કબૂલ કરશે."

"કેમ જાણ્યું ?"

પાગલ ફરી જરા હસ્યો. "હું તો બધુંયે જાણું છું. તમે જરાય ચિન્તા ના કરશો. હું કોઇ પણ હિસાબે એમની પાસે કબૂલ કરાવીશ."

વૃદ્ધ હરમોહન પાસે એ કેમ કબૂલ કરાવવું તે સદાનંદ સારી પેઠે જાણતો હતો, – એટલું જ નહિ પણ એ કબૂલ કરશે જ એ સુદ્ધાં જાણતો હતો.

શુભદા ત્યાં વધુ બેસી રહી શકી નહી. ઝટપટ પગલાં ઉપાડતી એ રસોડામાંથી દૂધ લાવવા ગઇ. દૂધની તપેલી હાથમાં લેતાં જ એની આંખમાંથી આંસુનું એક ટીપું એમાં સરકી પડયું. કંપિત હૃદયે એ બહાર આવી અને બોલી : "સદાનંદભાઇ ! જરા બેસો, પેલા ઓરડામાંથી બીજું દૂધ લઇ આવું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ઓરડામાં જઇ દૂધનું વાસણ લેતાં લેતાં તે એકદમ રડી પડી. આ વખતે ધ્યાન રાખી એણે આંસુનાં ટીપાં જમીન પર પડવા દીધાં. તરત આંખો લૂછી પ્યાલામાં દૂધ રેડયું. શુભદા રડતી હતી એ ખરૂં, પણ એ આંસુ દુઃખનાં નહોતાં : આનંદનાં હતાં.

સદાનંદ જમીને પોતાના ખેતર ભણી ચાલી નીકળ્યો. ત્યાં એના માણસો કામ કરતા હતા, ઢોરઢાંખર ચારો ચરી રહ્યાં હતાં. ત્યાં સદાનંદ કેટલી વાર આંટા મારવા લાગ્યો, ત્યાંના એક પીપળાના ઝાડ હેઠળ બેસી કાલી માતાનો નામોચ્ચાર કર્યો. બે–ચાર વખત ચલમમાં તંબાકુ ભરી, પછી ઊઠી હરમોહન બાબુના દિવાનખાનામાં જઇ ચઢયો.

વૃદ્ધ હરમોહન એ વખતે ઉંઘ પૂરી કરી પાન ચાવતા હતા. હુક્કાની તંબાકુ બરાબર ચેતી નહોતી—માત્ર ઝીણો ઝીણો ધુમાડો ચલમમાંથી નીકળતો હતો. વૃદ્ધ સદાનંદને જોઇ બોલી ઉઠયા:

"કેમ ? હમણાં તો તું દેખાતોયે નથી ?"

"જરા કાશીએ ગયો'તો."

"એ તો હું જાણું છું......ત્યાં તારાં ફઇ દેવલોક પામ્યાં એ પણ ખબર છે...કયારે પાછો આવ્યો ? બેસ ને !"

સદાનંદ નજદીકમાં જ બેઠો. પ્રસ્તાવનાની ઉપાધિમાં પડવાનું એને રૂચ્યું નહિ. ખોટો આડંબર એને મૂળે પસંદ જ ન હતો. એટલે બેઠક લેતાં જ એ બોલ્યો : "આપની આગળ ગોર બનીને આવ્યો છું; જરા લગનની વાત કરવી છે."

હરમોહન હસીને બોલ્યા : "કોનાં ?"

"આપના શારદાચરણનાં."

વૃદ્ધે આ વાત પર ગંભીરતા ધારણ કરી. વ્યવહારૂ માણસો સાંસારિક પ્રશ્નો ચર્ચતી વખતે હસી—ખુશીને તિલાંજલિ આપી દે છે. હરમોહન પાસે એમના દીકરાના લગ્નની વાત ઉખેળવી એટલે એમના વ્યવહારૂ ડહાપણની સીમામાં પ્રવેશવા જેવું–એમને મન એ એક ગહન ને મહદ વિષય હતો. આજ સુધી આ બાબત એમને મગજ ઘણું કસવું પડયું હતું. અનેક જંજાળો માથે લેવી પડી હતી. ગૂંચવણવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતાનો નિવેડો આણતાં જેમ મગજને કસવું પડે, તેમ અહીં પણ બુદ્ધિપૂર્વક કામ લેવામાં ન આવે તો એની પૂરી મીમાંસા ન થઇ શકે, એમ તેઓ માનતા હતા. ધોળાં જેણે ધારણ કર્યાં નથી એવું કોઈ આવી વાત લઈ આવે એમ તેમણે સ્વપ્નેય ધાર્યું નહોતું, એટલે જ અત્યારે આવા ગંભીર વિષયની છેડતી એક બચ્ચાને હાથે થતી જોઇ તેમને અજાયબી થઇ. થોડા દિવસ પર જ એમણે સાંભળ્યું હતું કે, સદાનંદનું મગજ કંઇક વધરે ચસક્યું છે, તેથી જ એ વિષે એમને હવે પૂરતો પુરાવો મળ્યો હોય એમ લાગ્યું, અને એટલે જ વિલક્ષણ રૂક્ષ ભાવે અને પૂરતા પ્રમાણમાં ગંભીર બનીને એ બોલ્યા : " કોનાં લગન ? શારદાનાં ? "

" હાજી. "

વૃદ્ધે અન્યમનસ્કભાવે અંદરના ભાગમાં આંગળી ચીંધી કહ્યું : " જો, શારદા ત્યાં હશે, એની પાસે જા. "

એમની આકૃતિ-પ્રકૃતિ દેખી એમનો કહેવાનો અર્થ સદાનંદ સમજી ગયો. એ જરા હસીને બોલ્યો : " શારદાનું મારે કંઇ કામ નથી. હું તો તમારી પાસે જ આવ્યો છું. "

" મારી પાસે ? "

" હા જી. "

" કેમ ? "

" કહ્યું ને મેં...તમારા દીકરાના લગન માટે. એનાં લગન નથી કરવાં શું ? "

" કરવાનાં છે, કેમ નહિ ? પણ તેમાં તારે શું ? "

" કેમ નહિ વળી ? ખાલી ફોકટ આવ્યો છું એમ માનો છો ? "

" એટલી બધી પડી છે તને અમારી ? "

" હા. "

" પણ તારી સાથે આ બધી વાત શી રીતે થાય ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ સમજ્યો : જગતમાં આવી જાતના લોકો સમક્ષ મોં પર હાસ્યનું જરીક જેટલુંય ચિહ્ન બતાવાય તો વ્યવહારની કંઇએ વાતો એમની સાથે ન થઈ શકે. મોં ભારેખમ બનાવ્યા વિના કોઈ લેવડદેવડ કે કંઈ એવું કહી શકે એમ આ સંપ્રદાયના લોકો જરાય માનવા તૈયાર નહોતા; એટલે સદાનંદ બની શકે તેટલી ગંભીરતા ધારણ કરી બોલ્યો : " ધણીયે થાય – નાનપણમાં જ મારા બાપુજી ગુજરી ગયા છે; ત્યારથી જ હું ઘરનું બધું સંભાળતો આવ્યો છું. સંસારની વાતો મારે જ ઉપાડવી પડે એમાં નવાઇ નથી. લગન વખતે લેવડદેવડ નક્કી કરવી પડે છે એ મારી ધ્યાન બહાર નથી; એટલે તમે જે કાંઇ કહેશો તે હું બરાબર સમજી લઇશ. એ વિષે આપ નચિંત રહેજો. "

વૃદ્ધ હરમોહનને આ પહેલી જ વાર લાગ્યું, કે આ કંઇ પાગલ નહોતો; છતાંય સહેજ ગુસ્સો બતાવી બોલ્યા : " અલબત્ત, લેવું-દેવું તો પહેલાં સમજી જ લેવાનું. "

સદાનંદ હસવું ન ખાળી શક્યો; ફરી હસીને એ બોલ્યો : " આપને મેં પહેલેથી જ કહી દીધું છે, કે આ બધું મારી સાથે જ પતાવી લ્યો તો એમાં જરાય વાંધો નહિ આવે. એટલે આપણે એ વિષે જરૂર સ્ફોટ કરી લઇએ તો સારું. "

હરમોહન કંઇક નરમ પડયા, અને બોલ્યા :

" કોની દીકરી છે? ક્યાંની છે?"

" આજ ગામની. શ્રીયુત હારાણચંદ્ર મુખોપાધ્યાયની નાની દીકરી. "

" હારાણની ? "

" હાજી. "

" એ શું આપે ? "

" આપને જે જોઇએ તે. "

વૃદ્ધ જરા વિચાર કરીને બોલ્યા : " કન્યા દેખાવે-સ્વભાવે કેવી છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આપે તો એને જોઇ જ હશે, પણ ભૂલી ગયા લાગો છો. ગમે તેમ, કન્યા કંઇ ખરાબ નથી. આપના શારદાએ એને જોઇ છે; એની સાથે પરણવાની એની નામરજીયે નથી. "

આ સાંભળી વૃદ્ધ જરા હસ્યો ને બોલ્યો : " તો તો સારું જ – અમારે કંઇ રૂપાળી વહુ નથી જોઇતી......ઘરનું કામકાજ સંભાળી લ્યે એવી હોય તો બસ. "

" એમ જ છે. "

" પણ હારાણ શું આપી શકે ? એની સ્થિતિ તો કંઇ સારી નથી ! "

" હા, સારી તો નથી, – એટલે જ એનો વિચાર કરીને તમે માગજો ને એ આપશે. "

વૃદ્ધ આ સમયે મુશ્કેલીમાં મુકાયલા દેખાયા. મનમાં ને મનમાં એમને થયું કે ઉક્ત વાત ન બોલ્યા હોત તો સારું થાત, પણ વ્યવહાર-નિપુણ વૃદ્ધે તરત બાજી ફેરવી લીધી, અને કહ્યું " એ તો કેમ કહેવાય, ભાઈ! દીકરીના લગનમાં કંઇ ખરચ કર્યા વગર ચાલે ? "

" ના ના, એ તો ખરું છે. "

હરમોહનબાબુ નિયમ મુજબ હોઠ પરના આછા સ્મિતને વિદાય આપી પથ્થરનું દિલ બનાવી બોલ્યા : " એક હજાર રોકડાથી એક પાઇ પણ ઓછી મળે તો મારા શારદાનું લગન હું કરવાનો નથી. "

સદાનંદ સહાસ્ય બોલ્યો : " ભલે, એમ તો એમ. " આ સાંભળતાં જ વૃદ્ધ પોતાની જાત પર જ ગુસ્સે થઇ ગયા–પોતાને એક મોટો ગધેડો માની લીધો, ' દોઢ હજાર કેમ બોલ્યો નહિ ' એનો અફસોસ એમને થવા લાગ્યો, પણ હવે મોંમાંથી વાત બહાર પડી ગઈ એટલે હવે તો ફરી શકાય નહિ–ગમે તેમ, એને જેટલું સુધારી લેવાય એટલું સુધારી લેવાના ઉદ્દેશથી એમણે કહ્યું : " અને કન્યાને દાગીનાય સાથે આપવા પડશે. "

" હા હા. "

" અને બીજી દાન-સામગ્રી પણ મૂકવી પડશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, એ પણ મૂકશું."

"ત્યારે તો મારે કબૂલ છે."

"તો હવે દિવસ નક્કી કરીએ."

"જરૂર–લગન તો હવે આપણા ઘર ઘર વચ્ચે જ છે, હારાણ કંઇ અમારે પારકો નથી–છતાંય રીતરિવાજ તો પાળવા જોઇએ."

સદાનંદ જરી શંકિત બન્યો ને બોલ્યો :

"રીતરિવાજ શેના ?"

"એવું તો ખાસ કંઇ નથી, પણ બધું લેખિત થાય તો સારૂં."

"ભલે ભલે, એમ જ કરશું."

"પણ કોના નામથી ?"

"મારા નામથી ભલે થાય."

"ક્યારે ?"

સદાનંદ જરા વિચારી બોલ્યો : "એકાદ માસ પછી."

વૃધ્ધે સંમતિ આપી.

પછી સદાનંદ ફરી બોલ્યો : "પણ એક વાત કરવાની છે."

"શું ભાઈ ?"

"આ લેવડ–દેવડની વાત ત્રીજું કોઇ ન જાણે–આપણે બે જ સમજીએ."

"કેમ ?"

"કારણ છે."

હરમોહન વ્યવહારૂ માણસ હતા; તરત સદાનંદના મનની વાત સમજી જઇ બોલ્યા : "છાનું દાન કરે છે ?"

સદાનંદ ચૂપ રહ્યો. એનું મોં જોઇ, એની નિઃસ્વાર્થ દયા દેખી હરમોહનને શરમ લાગી.

પણ અગાઉ જ કહ્યું તેમ તેઓ વ્યવહારૂ માણસ...એટલે આ ભાવ વધુ વાર ટક્યો નહિ. તેઓ જરા ફિક્કું હસીને બોલ્યા :

"ભાઇ, અમારી તો હવે ઉમ્મર થઇ, આંખની શરમ અમને એટલી નથી...નહિ તો હારાણની સ્થિતિ હું ક્યાં નથી જાણતો ?...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ચાલો કંઇ નહિ...તું જ્યારે આમ મૂંગે મોંએ મદદ કરે છે તો હું મૂંગો રહીને જ એ બધું સ્વીકારી લઇશ, એની તું ચિંતા કર મા."

સદાનંદે પ્રફુલ્લ વદને નમસ્કાર કરી ત્યાંથી વિદાય લીધી.

૭

શુભદાએ સાંભળ્યું, હારાણબાબુએ સાંભળ્યું, છલનાએ સુદ્ધાં સાંભળ્યું કે, એનાં લગ્ન શારદાચરણ સાથે નક્કી થયાં છે; એ વિવાહ સદાનંદે યોજ્યો છે. આ સાંભળી રાસમણિએ એવો મત પ્રગટ કર્યો કે સદાનંદ પૂર્વજન્મે શુભદાનો પુત્ર હતો. સદાનંદની સામે જ આ વાત બોલાઇ હતી તે નિરુત્તર એણે સ્વીકારી લીધી; એણે કંઇ પ્રતિવાદ ન કર્યો.

નાના પ્રકારની જંજાળોમાં પડવાથી સદાનંદને આજ દિન સુધી ફઇની માલ-મિલ્કત જોવાની ફુરસદ મળી નહોતી. એક દિવસ સમય મળતાં એણે એ વાત કાઢી. શુભદાએ સંમતિ દર્શાવી. પછી સરસામાન બાંધી કેટલાક દિવસ માટે બહારગામ જવા એ રવાના થયો.

શુભદાનો સંસાર હવે સદાનંદનો જ સંસાર બની ગયો હતો. એટલે એ વિષે કોઇ જાતનો બંદોબસ્ત કરવાનું એ ભૂલ્યો ન હતો. વળી લગ્નનો સરંજામ પણ તૈયાર રાખવા શુભદાને ખાસ કહી ગયો.

ત્યાં જઇ મૃત ફઇબાની જરજમીન જોઈ તપાસી લીધી અને પછી એક આસામી ઊભી કરી લાંબી વાટાઘાટ કર્યા વિના બધું વેચી નાખી, પંદરેક દિવસમાં હળુદપુર પાછો આવ્યો. હરમોહન સાથે બધું લખત કર્યું. દાગીના તૈયાર કરાવ્યા. જોઇતો કરતો સામાન આણ્યો. લગ્નનો દિવસ નક્કી કર્યો અને પછી શારદાચરણ પાસે વખત મેળવી મળવા ગયો. આટલા દિવસ સુધી એની સાથે નિરાંતથી વાત કરવાની એને તક જ સાંપડી નહોતી. આજે ઘણા દિવસ પછી બન્ને આપસમાં બેચાર વાતો કરવા માગતા હતા. એટલે એકમેકનો હાથ પકડી બન્ને ગંગાકિનારે એક જગ્યા જોઇ બેઠા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા પછી શારદાચરણે કહ્યું :

"સદાનંદ ! બચપણની કંઈ વાત તને યાદ છે ?"

"થોડી થોડી છે."

"તને યાદ છે કે એક જણને હું ચાહતો હતો ? રાત ને દિવસ એનું જ રટણ કર્યા કરતો હતો ? તારી આગળ મારી મોટી મોટી આશાઓ–કલ્પનાઓ માંડતો હતો ? તારી આગળ રિસાઈ રડી પડતો હતો ?......ને તું હસવામાં બધું ઉડાવી દેતો હતો અથવા તો મશ્કરીનું રૂપ આપતો હતો ? એ બધું યાદ છે ?"

"કેમ ના હોય ? કાલની જ વાત એ તો ! બહુ બહુ તો સાત આઠ વરસ થયાં હશે,......પણ મશ્કરી તો મેં કોઈ દિવસ કરી નહોતી."

"મને લાગતું'તું કે, તું મશ્કરી કરે છે...ગમે તેમ એ રહેવા દે હવે !......પણ તને યાદ છે ? જે દિવસે મારી બધી આશાઓ ધુળમાં મેળવી, અભિમાનમાં અબોલા કરી સદાને માટે એ દૂર થઈ ગઇ, તે દિવસે આખી રાત હું તારી આગળ રડયો હતો ? યાદ છે ?"

"છે..."

સદાનંદ કંઈક બેપરવા બન્યો, પણ શારદા એ તરફ લક્ષ્ય આપ્યા ના નજદીકમાં જ આંગળી ચીંધી બોલ્યો : "ત્યાં જ એણે દેહ છોડ્યો."

"સદાનંદે જાણે કે એ સાંભળ્યું નહિ—સામે સઢ તાણી ચાલી જતી હોડી તરફ જ એ જોઇ રહ્યો.

શારદાએ ફરી કહ્યું : "ત્યાં જ લલના ડૂબી મરી છે."

સદાનંદે આ વખત મોં ફેરવી પૂછ્યું : "ક્યાં ?"

"ત્યાં – એ જગ્યાએ."

"કેમ ખબર પડી ?"

"ત્યાંથી જ એની સાડી મળી આવી હતી."

સદાનંદ ઊભો થઈ બોલ્યો : "ચાલ ત્યારે આપણે એ સાડી જોઈ આવીએ."

શારદા આછું હસ્યો અને બોલ્યો : "હજુ ત્યાં જ હશે એમ માને છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે એ જગ્યા તો જોઇ આવીએ."

બન્ને પછી એ જગ્યાએ જઇ પહોંચ્યા.

સદાનંદે પાણીથી આંખો ને મોં ધોઇ નાખ્યાં અને પછી ફરી એ જગ્યાએ આવી બન્ને બેઠા.

"સદાનંદ ! મને તો બહુ પશ્ચાત્તાપ થાય છે."

"કેમ ?"

"વખતોવખત મને એમ જ થયા કરે છે કે, મેં જ એને મારી નાખી છે."

"કેમ ?"

"એક ભગવાન જ જાણે છે કે આયુષ્ય ખૂટ્યું કે નહિ ! પણ મને તો લાગે છે કે, હું એની સાથે પરણ્યો હોત તો એ કદાચ જીવતી રહી હોત."

સદાનંદે ઊંડો નિ:શ્વાસ નાખ્યો ને બોલ્યો :

"જે હવે મરી ગયું છે તે મરવાનું જ હતું-તારું શું ચાલે ?"

"એ તો છે જ, પણ એનું માન્યું હોત—એની સાથે લગ્ન કર્યાં હોત......"

સદાનંદ હસ્યો ને કહ્યું : "તો બધાં તને ન્યાય બહાર મૂકત."

"મૂકે તો ખરા જ ને !"

"તો પછી શું કરત ?"

શારદાની આંખમાં આંસુ ઉભરાયાં; એ બોલ્યો :

"શું કરે વળી ? પણ આટલો પશ્ચાત્તાપ તો ન થાત."

સદાનંદ બીજી બાજુ તરફ જોઈ બોલ્યો : "આસ્તે આસ્તે બધું ભુલાઇ જવાશે."

"અહા ! મેં એની આખરી ઇચ્છા પૂરી કરી હોત !"

"કઇ ઇચ્છા ?"

"એ [illegible]ની હતી કે એક ગરીબનું ઘર બચાવો, છગના સાથે લગ્ન કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ એની સામે જોઇને બોલ્યો : " તો શું લગ્ન સાથે નથી પરણવાનો ? "

" પરણવાનો, પણ એની ઇચ્છા ક્યાં પૂરી થઇ ? "

" કેમ નહિ ? "

" એક રીતે તો પૂરી થઇ ગણાય, પણ.....ઠીક સદાનંદ, બાપાને તેં શી રીતે મનાવ્યા ? "

સદાનંદ આછું હસીને બોલ્યો : " મેં તો કહી દીધું કે તારી ઇચ્છા છે. "

" આટલું જ ? "

" બીજું શું ત્યારે ? "

" બાપાને હું કંઈ ઓળખતો નથી ? "

સદાનંદે ફરીથી હસતાં હસતાં કહ્યું : " ત્યારે શું કામ પૂછે છે ? "

" એટલું જ જાણવા કે કેટલા પૈસા આપવાના છે. "

" એ જાણી તને કંઇ ફાયદો નથી થવાનો. "

" સદાનંદ, એ તો પાપના પૈસા ગણાય. "

" મારો તો આશીર્વાદ છે કે તમે સદા સુખી રહો. "

" વખત આવ્યે એ પાછા આપી દઇશ. "

" દેજે. " કહી સદાનંદે ઉભા થઈ જ્યાંથી લગ્નની સાડી સળી આવી હતી ત્યાંથી માટી ઉપાડી લીધી.

શારદા કંઇક આશ્ચર્ય પામી બોલ્યો : " શું કરે છે ? "

સદાનંદ એકદમ મોટેથી હસ્યો ને બોલ્યો :

" પાગલવેડા કરું છું. "

ખરી રીતે શારદાચરણને એના શબ્દોમાં અને કાર્યમાં અંતર ન દેખાયું, છતાંય એ બોલ્યો :

" મેં કહ્યું કે તું પાગલવેડા કરે છે ? "

" તું શું કામ કહે ? હું જ કહું છું ને ! "

" ના ના, પણ સાચું કહે, માટી શું કામ લીધી ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાલમાં હું શિવપૂજા કરૂં છું-ઘરમાં ગંગાજીની માટી નથી તે આ લઈ જઈશ."

શારદાચરણ ઊભો થઇ ગયો ને જોઇ રહ્યો. સદાનંદે માટીનો ગોળો બનાવ્યો અને પછી એ પાણીમાં ફગાવી દઇ હાથ મોં ધોઇ એની પાસે આવ્યો. "ચાલ હવે ઘેર જઇએ."

"પણ આ શું કર્યું તેં?"

"એ તો તેં તારી સગી આંખે જોયું છે."

"શિવપૂજા માટે માટી નથી લેવી?"

"ના, શિવપૂજા હવે નથી કરવી."

"કેમ?"

"કોઇ દિવસ કહીશ એ."

પછી ગામમાં આવી બન્ને પોતપોતાને ઘેર ગયા.

ઘરમાં આવી સદાનંદે એ રાત માટે દરવાજો વાસી દીધો.

રાતે જમવા માટે છલના, ફઇ, એમ એક પછી એક બોલાવવા આવ્યાં, પણ એણે બારણું ઉઘાડયું જ નહિ. અંદરથી જ એણે કહી દીધું કે એની તબિયત સારી નહોતી. શુભદા પણ પછી બોલાવવા આવી, પણ એ વખતે સદાનંદ ઊંઘી ગયેલો દેખાયો, ઘણી બૂમો મારીને અંતે એ જતી રહી.

બીજે દિવસે સવારે ઉઠી એ ખેતરમાં ગયો, જમવા આવ્યો, હસીને ગીત ગાવા મંડયો, નિત્યનું કામ જેમ કરતો હતો તેમ કરવા લાગ્યો; પણ કોઇનેય ખબર ન પડી કે એ દિવસે દિવસે બદલાતો જતો હતો. કાલે જેવો હતો તેવો આજે નહોતો રહ્યો.

ક્રમે આષાડ વદ એકમ આવી; છલનાનો એ લગ્નદિન. બધાના મનમાં આનંદ ઉત્સાહ હતો, પણ સદાનંદને એક ઘડીની પણ ફુરસદ નહોતી, હારાણ મુખરજીના હાંકોટાનો પાર નહોતો. ફઇબાનાં આંસુને તો કંઇ બંધ નહોતો, જે કોઇ આવતું તેને રડતાં રડતાં કહેતાં: "આવો આનંદનો અવસર છે, પણ લલના વિના નકામું–બધું સૂનું સૂનું લાગે છે." કેવળ શુભદા જ શાંત હતી, ગંભીર હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજ પડી, શરણાઇ વાગવા માંડી, લોકો ભેગાં થયાં; શુભ પળે છલનાનાં લગ્ન થયાં.

કૃપણ હરમોહનનાં આજે સૌ કોઇ વખાણ કરવા લાગ્યાં. દુશ્મનોએ પણ માની લીધું કે એમ તો એ ઘણા દયાળુ છે. મ્હોંએ કોઇ એમના ગુણ ગાય તો એ કુંઠિત ભાવે બોલતા : "શું કરીએ ભાઇ! એકનો એક દીકરો! એને ત્યાં જ પરણવું હતું; હું શું કામ આડે આવું? ને ગામમાં બીજું સારૂં ઠેકાણુંય ક્યાં છે? પાડોશીનું પણ પાછું સાચવવું તો જોઇએ ને!"

શારદાચરણ આ સાંભળી બેદરકાર રહી ભવાં ચઢાવતો.

૮

ઘણું કામ હોય ને એ મોટમોટી મુશ્કેલીઓ વટાવી પાર પડે ત્યારે આરામથી શ્વાસ લેતાં કંઈક ઠીક લાગે, પણ બે–ચાર દિવસ પછી એ રીતે આરામનો ઉપભોગ થઇ શકતો નથી. અતિ આલસ્ય–ભાવે–કંઇ પણ કામ કર્યા વિના બેસી રહેવું બેજાર થઈ પડે.

છલનાનું લગ્ન પતાવી, છાનામાના હરમોહનને રુશ્વત આપી, ખૂનના આરોપમાંથી છૂટકારો પામેલા આસામીની જેમ પથારીમાં પડ્યા પડ્યા પડખામાં ઓશીકું દબાવી, આ પડખે પેલે પડખે એમ ફરી, સદાનંદે બે દિવસ તો વિતાવ્યા. પણ પછી એને થયું કે પથારી કંઇક ગરમ બની હતી, ઓશિકું કંઇક સખ્ત બન્યું હતું; ઘરમાં કંઇક વધુ અંધારૂં થયું હતું; ઉઠીને એ આંગણામાં આવી ઊભો. એ વખતે લગભગ સાંજ પડી ગઇ હતી. ઝરમર ઝરમર વરસાદ આખો દિવસ પડ્યો હતો તે હજી અટક્યો ન હતો. નાનાં–નાનાં કાળાં વાદળાં પવનદોર્યા બે ચાર વાંસા દૂર ચાલ્યાં જતાં હતાં ખરાં, પણ પાણી વરસાવતાં અટકતાં નહોતાં–અટકશેય નહિ, એમ સદાનંદે માની લીધું. થોડી વાર પછી માથે છત્રી રાખી એ બહાર પડ્યો. કેટલીક વાર સુધી આ રસ્તે પેલે રસ્તે ફરી કપડાં ભીંજાવી, આખા પગે કાદવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરડાઇ એ હારાણના ઘરમાં જઇ પહોંચ્યો. શુભદા રસોડામાં હશે એમ માની તે એ તરફ ન ગયો. ફઇબા કદાચ કયાંક બેસવા ગયાં હશે ધારી સદાનંદે એમની પણ ભાળ ન કાઢી. પગ ધોઈ, આમતેમ જોઇ માધવ જે ઓરડામાં પડયો રહેતો ત્યાં જઇ ચડયો.

ઘણા દિવસથી આપણે માધવચંદ્રને જોયો નથી, અત્યારે એના માટે થોડું કહેવું જરૂરી છે. લલનાના ચાલી જવા પછી એ ધીમે ધીમે જાણે કે સમજુ બની ગયો છે. મોટા ઘરડા માણસની જેમ દરેક બાબતમાં એ પોતાનો મત પ્રકટ કરતો હતો, જે તે ખાવાનું માગતો નહોતો. ખોટાં ખોટાં બહાનાં કાઢતો ન હતો, મોટે ભાગે કંઇ બોલતો ય નહિ. મૌનધારી ફિલસૂફની જેમ ઓશિકાં એકઠાં કરી તેના પર લેટી રહી પડયો રહેતો. કોઇ એની પાસે આવે કે ન આવે એની પણ એને પડી નહોતી.

આજ પણ એ એમ જ પડયો હતો. સદાનંદ એની પાસે આવી ઊભો. એની સામે જોઇ માધવ બોલ્યો : "સદા દાદા, હવે તો તમે મારી પાસે આવતા ય નથી ?"

"મારે કેટલું કામ છે—તને ખબર છે ભાઇ ?"

"હવે તો બધું ખલાસ કર્યું ને ?"

"હા, બધું પતાવી તો દીધું છે."

"નાની બહેન પાછી કયારે આવશે ?"

"ત્રણ–ચાર દિવસ પછી આવશે."

"હં...જુઓ સદા દાદા, મારે તમને એક વાત કહેવાની છે— ઘણા દિવસથી કહું કહું કર્યા કરૂં છું..."

"કેમ કહી નહિ ?"

"તમે એકલા મળો ત્યારેને !"

સદાનંદ એની પાસે પથારીમાં બેઠો અને બોલ્યો :

"એકલા કેમ ?"

"તમને ખાનગીમાં કહેવાનું બહેન કહી ગયાં'તાં.

"બહેન ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મોટી બહેન—જે દિવસે મોટી બહેન જતાં રહ્યાં તે દિવસે તમે નહોતા એટલે મને કહી ગયાં'તાં કે,...તમે આવો એટલે કહેવાનું કે મોટી બહેન જતાં રહ્યાં છે."

સદાનંદ એની વધુ નિકટ આવ્યો અને એના ખભા પર હાથ મૂકી બોલ્યો : "કેમ ગઈ? કોઇ એને કંઇ બોલ્યું'તું?"

"ના રે."

"ત્યારે કેમ ગઇ?"

"હું યે જવાનો છું."

"છટ્!"

માધવ જરા હસ્યો. અને બોલ્યો : "એ તો કોઇને નથી કહેવાનું. હું ને મોટી બહેન જ જાણીએ, એ પહેલાં ગયાં છે, મારા માટે બધું નક્કી કરશે અને પછી તેડવા આવશે. ત્યાં અમે બન્ને જણાં મજેથી રહીશું."

માધવ એકદમ પ્રફુલ્લ બનીને ફરી હસ્યો, અને પછી આગળ ચલાવ્યું : "મોટી બહેન મને તેડવા આવશે."

સદાનંદ થોડીક ક્ષણો ચૂપ રહ્યો અને પછી બોલ્યો : "ક્યારે આવશે?"

"વખત થશે એટલે."

"માધવ! આ બધું તને કોણે શિખવ્યું?"

"મોટી બહેને વળી!"

"તને તેડવા આવશે એમ કહ્યુ'તું?"

"હા."

"નહિ તેડી જાય તો?"

"કેમ નહિ? જરૂર તેડી જશે."

"નહિ આવે તો તું એકલો જઇશ?"

માધવ સહેજ દુ:ખી જણાયો; જરા ફરીને બોલ્યો :

"એ તો ખબર નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ ચૂપ રહ્યો. માધવે ફરી કહ્યું : "સદા દાદા ! ત્યાં એકલા જવાય ?"

"જવાય. નહિ તો તારી મોટી બહેન કેમ જાય ?"

"તો તો હું યે જઇ શકીશ ?"

"હા"

માધવ ફરી પાછો વિચારમાં પડયો–પછી કંઈક વધુ દુઃખિત ભાવે બોલ્યો : "પણ શી રીતે જાઉં ? મારાથી તો જરા પણ ચલાતું નથી."

સદાનંદ એની સામું જોઇ જ રહ્યો. એણે આગળ ચલાવ્યું : "મોટી બહેન તો મોટાં છે. તે જાય, પણ હું કેમ ચાલી શકીશ ? મારાથી તો ઊભુંય નથી થવાતું; એટલે આધે જવાશે ?" સદાનંદની આંખમાં આંસુ આવ્યાં. અંધારામાં માધવે એ જોયાં નહિ. સદાનંદે જોયું, કે માધવના દિવસ હવે ભરાતા જાય છે. હવે થોડા દિવસમાં એનું મૃત્યુ થઇ જશે......

એના મગજમાં વિચારોનું તુફાન ઉછળ્યું. શુભદાનાં વીતકો એને સાંભર્યાં, લલનાનાં વીતકો પણ એના હૃદયમાં ઊતર્યાં......એના હૃદયમાં જાણે કે જંજાળનું જાળું પથરાઇ ગયું. પાંચ જણની જવાબદારી સ્વીકાર્યા પછી પહેલાંની પેઠે ચિન્તાશૂન્ય આનંદ એને સાંપડતો ન હતો, રામપ્રસાદી ગીતો હવે એનાથી પહેલાંની જેમ ગવાતાં નહોતાં. હવે એ આમ તેમ ઝાઝું ફરતો પણ ન હતો–પહેલાંની જેમ આનંદ પણ કરી શકતો ન હતો. પહેલાં એ સુખી હતો, હવે દુઃખી થયો છે–વિરાગી હતો, હવે સંસારી બન્યો છે. આંખનાં આંસુ લૂછી આજે એને પહેલી જ વાર થયું કે જીવ્યે કોઇને સુખ સાંપડતું નથી. જે જીવે છે તેને કષ્ટ વેઠવું પડે છે. આ સળગતા સંસારમાં જે મરે છે તે જ બચે છે.

એ રાત્રે સદાનંદે ઘણું ઘણું વિચાર્યું. જતી વખતે લલના પોતાને ભૂલી નહોતી એ હકિકત મનમાં આણી, માધવ મરવા પડયો છે એ પણ એને યાદ આવ્યું. અને શુભદા ?......એને થયું કે લલનાએ મોતને ખોળે જઇ એ પોતાનું દુઃખ શુભદાના જ અંગ પર મૂકતી ગઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધવને પણ એ રાત્રે નિરાંત નહોતી, વચમાં વચમાં એને "લલના તેડવા નહિ આવે" એમ બીક લાગ્યા કરતી. અત્યાર સુધી એ બાબત એ નચિંત હતો, કે લલના વખત થતાં તેડવા આવશે, પણ સદા દાદાએ તો કંઈ ભળતું જ કહ્યું હતું ! વળી એનામાં તો જરાય તાકાત નહોતી રહી; તો પછી એટલે દૂર પોતે કેમ જઈ શકશે ?

વિચારમાં ને વિચારમાં એણે નક્કી કર્યું કે મોટી બહેન એમ ખોટું તો ન બોલે ! વખત થશે એટલે એ જરૂર આવશે......પછી એ શાંત દિલે ઊંઘી ગયો.

૯

કેટલાય દિવસ ચાલ્યા ગયા. છલના પિયર આવી હતી. ગામની છોકરીઓ બીજી વખત વરવહુને જોવા આવી ગઇ. કેટલી ઠઠ્ઠા-કેટલી મશ્કરી ઊડી ! હરમોહન પોતે આવી બધાં સાથે મિઠાશથી બોલી-ચાલી, વેહેવાણના નમસ્કાર ઝીલી, વિદાય થયા. હારાણચંદ્રે કમ્મરે સફેદ બેસ બાંધી બ્રાહ્મણવાડાની એકેએક દુકાને થોડું થોડું બેસી સૌને મોહિત કરી મૂકયા—આમ અનેક ઘટનાઓ ઘડાઇ ગઇ.

આજે માધવચંદ્રની પીડા બહુ વધી ગઇ હતી. પથારીમાં બહુ ઊંચો નીચો થતો હતો. એની પાસે માથા આગળ, પગ પાસે, કૃષ્ણ ઠાકુરાણી, ફઇબા, છલના વગેરે બેઠાં હતાં. શુભદા ત્યાં નહોતી—એ રસોડામાં બેઠી બેઠી રાંધતી હતી અને રડતી હતી. સદાનંદ ડૉકટરને બોલાવવા ગયો હતો. હારાણચંદ્ર "હમણાં આવ્યો" કહી ત્રણ કલાકથી ગયો હતો, પણ હજુ પાછો ફર્યો ન હતો. બધાં એકબીજાનાં મોં જોતાં બેઠાં હતાં. કૃષ્ણ ઠાકુરાણી માધવના શરીર પર હાથ ફેરવી રહ્યાં હતાં. ડૉકટરની રાહ જોતાં ઘડીઓ ગણી રહ્યાં હતાં.

સાંજના સમયે ડૉકટર આવી પહોંચ્યા. છ-સાત દિવસથી એ રોજ આવતા હતા, રોજ તપાસતા હતા, પણ દર્દ ઓછું થતું ન હતું; ઊલટું એ વધતું જતું જણાતું હતું. દર્દી હવે બચશે નહિ એ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ સમજી ગયા હતા. આવવાની તેમની ઈચ્છા નહોતી, પણ સદાનંદની વિનવણીથી તેઓ આવ્યા હતા.

ત્યાં આવતાં ડૉક્ટર જેમ કરે તેમ એમણે પણ કર્યું અને પછી બહાર આવી સદાનંદને પાસે બોલાવી કહ્યું : "સદાનંદ બાબુ, આજ જરા વધુ સંભાળજો, મને લાગે છે આજ એ નહિ બચે."

સદાનંદ પણ એ જાણતો હતો.

મોડી રાતે હારાણ પાછો આવ્યો. ચોરની જેમ ઓરડાની બહાર ઊભા રહી અંદરની હકિકત બને તેટલી જાણી લીધી, અને પછી જરા કમાડ ઉઘાડી અંદર ડોકાઇને બોલ્યો :

"કેમ છે હવે ?"

કોઈ કંઇ બોલ્યું નહિ. માત્ર શુભદા બહાર આવી થાળીમાં જમવાનું પીરસી પાસે બેઠી.

"માધવને કેમ છે ?" હારાણ બોલ્યો.

"સારૂં નથી."

"સારૂં નથી ?" જરા અટકીને આગળ બોલ્યો : "મને પણ ઠીક નથી."

શું સમજીને એ આ બોલ્યો, શું ધારીને એણે પોતાની અસ્વસ્થતાનો ઉલ્લેખ કર્યો તે તો કહી શકાતું નથી. વળી એમાં સત્યાસત્યનો અંશ કેટલો હતો એ પણ સમજી શકાતું નથી; પણ એ વાત શુભદાના કાન પર ન જઇ શકી. હારાણચંદ્ર મનમાં ને મનમાં બહુ લાચાર બન્યો. પોતાની પત્ની આગળ શારીરિક અસ્વાસ્થ્યની વાત જણાવી તેની પાસેથી એકાદ સ્નેહભર્યો પ્રત્યુત્તર ન પામવો એ હારાણને કંઇક અસ્વાભાવિક લાગ્યું. પોતાનું અપમાન થયેલું એણે માન્યું. નશો કરીને એ આવ્યો હતો. એટલે સાધારણ અપમાનનો અંકુર બે-ચાર ક્ષણોમાંજ એના મગજમાં ચોતરફ઼ ઘુમી વળ્યો. ચિઢાઇને થાળી ફગાવી દેતાં એ બોલ્યો : "મારે નથી ખાવું—હું કંઇ મરી જાઉં ?"

હારાણ ત્યાંથી ઉઠી મોં ધોઇ તૈયાર પથારીમાં સૂઇ ગયો. મનમાં એણે માની લીધું, કે એની તબિયત બહુ બગડી ગઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુ શુભદા હાથ ધોઇ માધવ પાસે આવીને બેઠી. કૃષ્ણ ઠાકુરાણી એને જોઇ બોલ્યાં :

"હારાણ કયાં ગયો ?"

"એમને ઠીક નથી તે સૂઈ ગયા છે."

કૃષ્ણ ઠાકુરાણી થોડી વાર મૌન રહી ધીમેથી બોલ્યા :

"મામાં તો દયા હોય જ. પણ માણસને જરા આંખની શરમેય હોય કે નહિ ?"

રાસમણિએ આ સાંભળી હોઠ પહોળા કર્યા.

રાત વધતી ચાલી. કૃષ્ણ ઠાકુરાણીએ અનેક મરતા માણસો આગળ રાતો વિતાવી હતી—અનેક જણનાં મોત દેખ્યાં હતાં. એમને થયું : માધવનો શ્વાસોચ્છવાસ ધીમો પડયો છે.

કેટલીક ક્ષણ પછી માધવ બેઠો થઇને બોલ્યો : "માથું બહુ દુઃખે છે."

કૃષ્ણા ફૂઈ એના માથા પર હાથ ફેરવવા લાગ્યાં. જરા વાર પછી માધવ ફરી બોલ્યો : "પેટમાં બહુ કળતર થાય છે......ઊલટી થશે એમ લાગે છે......"

સૌ એકબીજાના મોં સામે જોઇ રહ્યાં—જાણે દરેક જણ દરેકના હૃદયની વાત એની આંખોમાં જોવા માગતાં હોય તેમ !

ફરી કેટલીક પળો શાન્તિમાં વીતી ગઇ. બધાં મૌનપૂર્વક મ્લાન મુખે અંતિમ પરિણામની જાણે કે રાહ જોતાં હતાં.

થોડી વાર પછી કંઇક ભારે અવાજે માધવ બોલ્યો : "તરસ લાગી છે."

ફૂઇબાએ દૂધના બદલે ગંગાજલ ધર્યું. માધવ એ ગટગટ પી ગયો અને પછી કેટલીય ક્ષણો સુધી નિઃસ્તબ્ધ પડી રહ્યો.

ધીમે ધીમે એનો શ્વાસોચ્છ્વાસ જોશથી ચાલતો દેખાયો. બધાં એ જોઇ રહ્યાં : કૃષ્ણ ઠાકુરાણી નાડીપરીક્ષા કરી જાણતાં હતાં : થોડી વાર હાથ ઝાલી રાખી સદાનંદને પાસે બોલાવી કહ્યું : "એને નીચે લઇ જઇએ તો સારું —"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ કંઇ બોલ્યો નહિ. રાસમણિએ એ સાંભળી લીધું હતું. એમનાથી રડી જવાયું.

"હવે શું જોઇ રહ્યો છે, સદાનંદ ?"

છલના રડી પડી. કૃષ્ણા ઠાકુરાણી પણ રડી પડયાં—સાથોસાથ માધવનો લગભગ અચેતન દેહ નીચે લાવવામાં આવ્યો.

બહુ વાર પછી માધવે ફરી એક વાર "આ......" કહ્યું. કૃષ્ણા ઠાકુરાણીએ ફરી વાર એને પાણી આપ્યું. માધવના શરીરમાં જાણે કે ચેતન આવ્યું. એક વાર આંખ ઉઘાડી આછું હસીને એ બોલ્યો :

"સદા...દાદા......મોટી......બહેન......આવી......"

છલના એની પાસે જ બેઠી હતી; આખી રાત એ ઊંઘી જ નહોતી. કંપી ઉઠીને તે એકદમ પોતાની બા પાસે બેઠી. રાસમણિનું અંગ રોમાંચિત થઇ ગયું.

ફરી થોડી વાર પછી માધવ અત્યંત અસ્થિર બની આમ તેમ માથું હલાવવા મંડયો. હવે એ જોરથી શ્વાસ લેતો હતો. આ જોઇ કૃષ્ણા ઠાકુરાણી રડતાં રડતાં બોલ્યાં :

"હવે કંઇ નથી રહ્યું—વખત થઇ ગયો હવે તો."

રાસમણિ એકદમ બૂમ પાડી ઉઠયાં.

"એના પરભવની તૈયારી કરો. તુલસી હેઠળ..."

બધાં એકદમ મોટેથી રડવા લાગ્યાં. હારાણની ઊંઘ ઊડી ગઇ—એણે ઊઠીને બહાર આવી જોયું તો માધવને બધાં બહાર લાવી ગયાં હતાં. એ પણ ચિત્કાર સાથે દીકરાના દેહને ખોળામાં લઇ તુલસી હેઠળ જઇ બેઠો. રડતાં રડતાં એ બોલ્યો : "બેટા !...માધુ..."

૧૦

વિચિત્ર—રોનકદાર હવેલીમાં, વિચિત્ર સોફા પર અપૂર્વ સુન્દર માલતી આખો ખંડ અજવાળતી બેઠી હતી. પાસે આરસપાણનાં સાઇડ બોર્ડ પર રૂપામઢી દીવીમાંથી પ્રકાશ પથરાતો હતો. એના અજવાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી એક પુસ્તક વાંચી રહી હતી. જે ખંડમાં માલતી બેઠી હતી એ અનેક સુશોભનોથી શણગારાયલો હતો. નીચે કિમ્મતી ગાલીચો પથરાયો હતો. દિવાલ નાનાવિધ ફૂલકવેલથી ચિતરાયેલી હતી. અનેક કિમ્મતી તસ્વીરો, તૈલચિત્રો, ઓલીઓગ્રાફ, ફોટોગ્રાફ વગેરે ત્યાં મુકાયાં હતાં. આજુબાજુ ઝાલરોથી મઢાયેલા દીવાઓ પણ હતા. એ બિલોરી કાચ પર પ્રકાશને અંગે વિવિધ રંગો પ્રકટતા હતા, બન્ને બાજુ વિશાળ અરિસા હતા ને એ પ્રકાશને પ્રતિબિંબિત કરતા આખા ખંડને ઔર દિપ્તી આપતા હતા. બાજુમાં આરસપાણનો મેજ રાખવામાં આવ્યો હતો અને એ પર શ્વેત પાષાણનો ફુવારો સ્થાપિત કર્યો હતો. ચારે બાજુ સફેદ કાળી ને પીળી માનવમૂર્તિઓ એ પ્રકાશમાં જાણે જીવંત હોય તેમ ભાસતી હતી.

આવી રાજમહેલની હવેલીમાં જીવંત સ્વર્ણપ્રતિમા સરખી માલતી એકલી બેઠી હતી. એ અનેકરૂપે શણગારાયલા પર્થિવ સૌન્દર્યમાં સહસ્રગુણ વૃદ્ધિ કરતી. આત્મવિસ્મૃત બની મુગ્ધ નયને એની શોભા નિહાળી રહે એવું ત્યાં કોઇ નહોતું; એટલે જ માલતી એકલી મનમાં વાંચી રહી હતી......ના, ના, એ વાંચી રહી નહોતી; પાનાં પર પાનાં ઉથલાવ્યે જતી હતી, પણ એક અક્ષર સુદ્ધાં એના મગજમાં ઊતરતો ન હતો. હમણાં જ એ રડી હોય એમ દેખાતું હતું, સુકાયલાં આંસુનો ડાઘ એના ગાલ પર હજુયે દેખાતો હતો. આ સુખભુવનમાં એ શા માટે રડતી હતી, એ તો ખબર નથી, પણ રડતી હતી એ નક્કી અને આંસુ ખાળવા એણે પુસ્તકોનો આશરો લીધો હતો.

માલતીના અંગ પર કશાં આભૂષણ નહોતાં—સામાન્ય વસ્ત્રો જ એણે પહેર્યાં હતાં. એ રડતી હતી, એને મન સુખ નહોતું. પુસ્તક બંધ કરી સાઇડબોર્ડ પર મૂકી દીધું, અને સોફાની બાજુ પર માથું અઢેલી પડી રહી. ફરીથી આંખમાં આંસુ ઊભરાયાં—આ વખતે એણે એને રોકવાનો પ્રયાસ કર્યો નહિ. આંસુનાં ટપકાં એક પછી એક સોફાની મખમલની ચાદર પર સરકી પડયાં. થોડી વાર પછી સુરેન્દ્રનાથ ત્યાં આવ્યા. આટલા મોટા ગાલિચા પર એમનો પગરવ ન સંભળાયો એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતીને એમના આગમનની જાણ થઇ નહિ—જેમ રડતી હતી, તેમ જ રડી રહી. સુરેન્દ્રનાથ નિસ્તબ્ધ ઊભા ઊભા જોઇ રહ્યા, કેટલીક ક્ષણ પછી જરા વધુ નજીક આવી ઊભા રહ્યા અને બોલ્યા :

"માલતી !"

માલતી ચમકી ઊઠી—એમને જોઈ એ બોલી : "આવો." સુરેન્દ્રનાથ બાજુમાં બેઠા. એના બન્ને હાથ પોતાના હાથમાં લઇ સ્નેહાર્દ્ર સ્વરે તેઓ બોલ્યા : "ફરી રડે છે ?"

માલતી બરાબર પકડાઇ ગઇ હતી, એટલે ઇચ્છા હોવા છતાં "ના" ન બોલી શકી; ચૂપ બેસી રહી.

"કેમ રડે છે ?"

માલતી કંઈ બોલી નહિ.

સુરેન્દ્રનાથ પણ કેટલીક ક્ષણ સુધી કંઈ બોલી શક્યા નહિ. પછી એના હાથ જરા વધુ ચાંપી ધીરે ધીરે બોલ્યા : "મને એટલું જ દુ:ખ છે કે હું આટઆટલું કરું છું તે છતાં તને સુખ નથી જ આપી શક્યો. હૃદયમાં હજારો કામનાઓ ઊઠતી હોવા છતાં તારૂં મન હું મેળવી શક્યો નથી."

માલતીએ ઉત્તર આપવા પ્રયાસ કર્યો, પણ એ બોલી શકી નહિ. બીજું એક કામ પણ એનાથી ન બની શક્યું. આ પહેલાં એણે મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી હતી, કે ગમે તે હો, હવે જરાય રડીશ નહિ, પણ એ અશ્રુ પર આધિપત્ય જાળવી શકી નહિ. એ જેમ સરકતા હતા તેમ જ સરકી રહ્યા.

સુરેન્દ્રનાથ બોલ્યા : "એક જણ કેમ સુખી થાય એ માણસને કેટલીક વાર સમજાતું નથી; દેવતાઓ સમજે છે કે નહિ તેય ખબર નથી. તૃપ્તિ અર્થે—સુખાર્થે આ ભવન આમ સજાવ્યું, આ દેવીની પ્રતિમા અહીં આટલા યત્ને પ્રતિષ્ઠિત કરી, પણ સુખ જેવું કંઈ મળ્યું ?......સુખની વાત છોડી દ્યો...ઊલટું દુ:ખની માત્રા જ વધુ ને વધુ ઘુંટાતી જાય છે ! જેને સુખી રાખવા આટલું બધું કર્યું તેને તો એક દિવસ પણ સુખી ન ભાળી. તને મળ્યા પછી તારા અધર પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યારેય હાસ્ય દેખ્યું નથી..." કહેતાં કહેતાં સુરેન્દ્રનાથે એના હાથ છોડી દીધા અને અત્યંત અધીરભાવે માલતીનું અશ્રુભીનું મોં હડપચીથી પકડયું અને બોલ્યા :

"માલતી, કેટલાયે દિવસ થયા, પણ તું જરાય આનંદી નથી દેખાઇ! જરાય હસીશ નહિ ?"

માલતીએ હાથ વતી આંસુ લૂછ્યાં.

"આવું તારૂં રૂપ! એ રૂપ પર હું કેટલો મુગ્ધ થયો છું તે હું તને નથી કહી શકતો. મારા મત પ્રમાણે તને શણગારવા કેટલાં આભૂષણો લાવ્યો, કેટલાં વસ્ત્રો લાવ્યો, પણ તેં તો એક ક્ષણ માટેય એ પહેર્યાં નહિ......માલતી! તને મારા પર અણગમો છે ?"

માલતી એના ખોળામાં માથું મૂકી રડવા લાગી.

સુરેન્દ્રનાથની આંખો પણ ભીની બની. પ્રેમથી એના માથા પર હાથ મૂકી તેઓ ગદ્‌ગદ્ કંઠે બોલ્યા : "તને મારા પર અણગમો છે એમ હું નથી કહેતો, પણ મારા હૈયે તને કહેવાની ઘણીયે વાતો પડી છે. મનમાં કંઇ ખોટું લગાડીશ નહિ—મનમાં છે તે બધુંય હું તને આજે કહી દઉં છું. મને લાગે છે કે તેં જે માર્ગ સ્વીકાર્યો છે તે નીચ સ્ત્રીઓ પોતાના સુખ ખાતર સ્વીકારે છે. સારાં સારાં કપડાં, આભૂષણ ને સુખ—સાહ્યબી સિવાય એમનું દિલ ક્યાંય ચોંટતું નથી, પણ તને તો એવું કશુંય નથી. તને શી રીતે સુખ મળે એ મારી સમજમાં જ નથી આવતું—બીજી સ્ત્રીઓ જેવી તું હોત તો તને ક્યારતુંય સુખ મળી ગયું હોત !"

સુરેન્દ્રનાથ આટલું બોલી કેટલીક ક્ષણ મૌન રહ્યા; પછી કંઈક ગંભીર બની આગળ બોલ્યા :

"માલતી, તારા પતિ જીવે છે કે ?"

માલતીએ ખોળામાં જ માથું હલાવી જણાવ્યું, કે તેના પતિ જીવતા નથી.

"ત્યારે કહે, હું તારી સાથે પરણું તો તું સુખી થાય ? બોલ ! કેમ બોલતી નથી ? હું તો તૈયાર છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી માલતી નીચે ઊતરી એમના પગે પડી. હાથથી એમના પગ ઝાલી એના પર પોતાનું મોં મૂકી દીધું. સુરેન્દ્રનાથે એને ઉઠાડવાનો પ્રયત્ન પણ ન કર્યો. એમને લાગ્યું, કે એમના ચરણદ્વય આંસુથી ભીંજાઈ ગયા હતા—છતાંય તેમણે એને ઉઠાડવાનો પ્રયાસ કર્યો નહિ. ઊલટું, ઊંડો શ્વાસ નાખી મૂગા જ બેસી રહ્યા.

કેટલીયે ક્ષણો વીતી ચૂકી—પછી મ્લાન ભાવે તેઓ આસ્તેથી બોલ્યા: “ભગવાન જાણે! શું થઇ રહ્યું છે! તને અંતરથી ચાહું છું કે તારા અતુલ રૂપમાં ઉન્મત્ત બની હું બેહોશ બની ગયો છું, તેની મને ખબર પડતી નથી...હું એકદમ બધું ભાન ભૂલી ગયો છું! સારૂં-નરસું સમજવાની કાંઇ તાકાત હવે મારામાં રહી નથી. તારા એક શબ્દને ખાતર હું મારો જાન પણ આપવા તૈયાર છું! ભગવાન જાણે છે, કે તારૂં મન મેળવવા હું કંઇ જૂઠું નથી બોલતો—સાચું જ કહું છું. હું તો સદંતર બધી સુધબુધ ખોઇ બેઠો છું......ગમે તેમ થવાનું હોય તે થાય, પણ તું એક વાર કહે, કે તારી સાથે લગન કરવાથી તું સુખી થઈશ, તો હું એમ જ કરીશ. જાતિ, કુલ, માન— આવડું મોટું કુટુંબ એની કશીયે ખેવના કરીશ નહિ-ને...” સુરેન્દ્રની આંખો આંસુથી ઊભરાઇ ગઈ, કંઠ રૂંધાઇ ગયો. કેટલીક ક્ષણ પછી આંસુ લૂછી નાખી અતિ ધીરે, અતિ મૃદુ સ્વરે એ બોલ્યા: “ને પછી માલતી, આપણા જેવાં માણસો માટે મેદાન ખુલ્લું જ પડયું છે......નહિ સહેવાય તો આપઘાત કરી રૌરવ નરકમાં સીધો ઉપડી જઇશ.”

માલતીથી આ સહ્યું ગયું નહિ. રડતી રડતી એ બોલી: “આવું કંઇ બોલશો નહિ. તમે મારો પ્રાણ બચાવ્યો, શરમ રાખી, દયા કરી આશરો આપ્યો. તમે ન હોત તો કોણ જાણે મારૂં શુંયે થાત?...... હું ગમે તેવી નીચ હોઇશ, હલકી હોઇશ, પણ ઉપકાર ભૂલું તેવી નથી. તમારી દયા, તમારો સ્નેહ જિંદગીભર મારાથી નહિ ભુલાય—એનું વળતર શું હું આમ કેડું?”

સુરેન્દ્રનાથ ઊંડો નિઃશ્વાસ નાખી બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વળતર છે કે કેમ એ તો ભગવાન જાણે! મને તો એમાં કશી ગમ પડતી નથી. કેટલું દુઃખ–કેટલો બળાપો આજે મહિનાથી મને થયા કરે છે તે તને શું કહું? મને તો શરમ આવે છે. આટલા દિવસમાં તો હું સ્ત્રીઓનો જાણે કે દાસ બની ગયો છું......તું ગમે તે હો, ગમે તેવી હો, હું તો અમારૂં અમારા પૂર્વજોનું ગૌરવ હણવા તૈયાર થઈ ગયો છું, હવે તો!"

માલતી પહેલાંની જેમ તૂટતા અવાજે બોલી: "હું તો આપની દાસીની દાસી થવાને પણ લાયક નથી, હું તે વળી કોણ કે મારા માટે આપને આટલું બધું સહેવું પડે? હું તો એક તણખલાને ય યોગ્ય નથી. જન્મથી હું તો દુઃખી જ છું—મારા પર આટલી દયા કોઈએ દાખવી નથી..." રડતાં રડતાં એ આગળ બોલી: "–આયુષ્ય ખૂટવાનું હોય તો ભગવાન કરે, એ અહીં જ ખૂટે તો સારૂં."

સુરેન્દ્રનાથે પ્રયત્નપૂર્વક એનો હાથ પકડીને ઊભી કરી ને પાસે બેસાડતાં બોલ્યા: "પરંતુ કોઈ પણ રીતે તને સુખ તો નથી મળતું."

માલતી સાડીનો છેડો આંખે લગાડી બોલી: "અમે તો બહુ ગરીબ છીએ."

"પણ હું કયાં ગરીબ છું? મારૂં છે તે બધું તારૂં જ છે."

"મારી વાત નથી કરતી."

"ત્યારે કોની? તારૂં તો કોઈ નથી."

"ભગવાન જાણે, અત્યારે કોઇ છે કે નહિ; પણ હું ચાલી નીકળી ત્યારે તો બધાંય હતાં."

"એ શું? નૌકા તો ડૂબી ગઇ હતી ને?"

"એ તો બધું ખોટું; એવું કશું બન્યું નહોતું."

સુરેન્દ્રનાથ વિસ્મય પામી માલતીના મોં સામે જ જોઇ રહ્યા. એક ક્ષણ એમને થયું: આ બધું છળકપટ છે કે સાચું છે? – પણ આ મોંમાં છળકપટ ન હોઇ શકે. એ આંખોમાં—એ આંસુમાં છળકપટ કે બનાવટ સંતાઇ રહે એ એમણે માન્યું જ નહિ.

થોડી વારે તેઓ બોલ્યા: "માલતી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું ?"

"બધું સાચું છે ?"

માલતી એમના મોં સામે જોઈ રહી. જોતાં જોતાં એની આંખો આંસુથી છલકાઇ ગઇ. સુરેન્દ્રનાથ કંઈક શરમાયા. પોતાને હાથે એનાં આંસુ લૂછી નાખી બોલ્યા : "પેટછૂટી વાત કર."

માલતીએ પછી ધીમેધીમે એમની જાંઘ પર માથું મૂકી જરીક રડતી જરીક સ્થિર બની કહેવા લાગી : "જનમથી દુઃખની ગોદમાં જ હું ઉછરી છું, મારે સૌ કોઇ હતું. પિતાજીએ બધું જોઇ કારવી મારાં લગન કર્યાં, પણ હું અભાગિની એક વરસમાં જ વિધવા બની ગઇ. જેમની સાથે મારાં લગન થયાં એમને મેં એકથી વધુ વાર જોયા પણ નહોતા. હું પિયર આવી, આવી ને ત્યાં જ પાંચ વરસ સુધી રહી. બાપુજી અમારા હળુદપુરથી અડધોએક ગાઉ છેટેના એક જમીનદારને ત્યાં કામ કરતા હતા. આમ તો એમને પગાર બહુ ઓછો હતો, પણ અમને કોઈ વાતનું ઝાઝું કષ્ટ નહોતું." આટલું બોલતાં એનો કંઠ રૂંધાઈ ગયો.

સુરેન્દ્રનાથ બોલ્યા : "પિયરમાં બીજું કોણ કોણ હતું ?"

"બધાંય હતાં : બા, બાપુજી, ફઇબા, અમે બે બહેનો–ને એક નાનો ભાઇ......પછી તો ચોરીના આરોપથી બાપુજીની નોકરી ગઇ. ત્યારથી એ રોજ ભીખ માગી કંઈ ને કંઈ લાવતા. કોઇ દિવસ ખાવા મળતું તો કોઇ દિવસ નહિ. મારી મા તો સતી–લક્ષ્મી છે–માગી માગી એ અમારા માટે કંઇ ને કંઇ લઇ આવતી. અમને જમાડતી ને પોતે ઉપવાસ કરતી. એક વખત તો લાગલાગટ ત્રણ દિવસ ભૂખી રહી'તી....." આ વખતે માલતી એકદમ ડૂસકે-ડૂસકે રડી પડી. કેટલીક ક્ષણો બાદ પોતાની જાતને જરા સંભાળી લઇ આગળ બોલી : "પણ મારા બાપુજીને તો આની કશી પડી જ નહોતી. કોઇ કોઇ વાર ચાર પાંચ દિવસ સુધી તો એ ઘરેય ન આવતા. મારો નાનો ભાઇ માધવ લગભગ વરસથી માંદો રહેતો હતો; દવાદારૂ વિના એ સારો થાય એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો. મને તો લાગે છે કે અત્યાર સુધી એ જીવતોય નહિ હોય –" આ સમયે સુરેન્દ્રનાથની આંખોમાં આંસુ આવી ગયાં.

એ પછી માલતીએ કૃષ્ણા ઠાકુરાણીની વાત કહી, સદાનંદની હકીકત કહી. છેલ્લે છલનાની વાત પણ સંભળાવી......ને આગળ બોલવા લાગી :

" છલના લગ્ન કરવા જેવડી થઇ, પણ અમારી ગરીબાઇને લીધે કોઇ પરણવા તૈયાર નહોતું. લગન ન થાય તો બ્રાહ્મણની જાત જાય–અમારે એ એવું જ બન્યું. બા બિચારી ખાય નહિ ને ઉંઘેય નહિ. બાપુજી તો ઘેર જ ન આવે. ફક્ત એક જ આધાર હતો–એ સદાનંદનો, પણ એ વખતે એ પણ ગામમાં ન હતા. તેમની ફઇને લઇને કાશીએ ગયા'તા.

" એમ ને એમ છ માસ તો વીતી ગયા. આડોશીપાડોશી પછી કયાં સુધી મદદ કરે ? સદા દાદા કાશી જતી વખતે પચાસ રૂપિયા આપી ગયા હતા એ પણ પછી તો ખૂટી પડયા......એ પછી શું બન્યું એ તો નથી બોલી શકતી......" માલતી ફરી રડવા લાગી. સુરેન્દ્રનાથ પણ રડી રહ્યા. કેટલીક ક્ષણ પછી આંખો લૂછી તેઓ બોલ્યા : " હવે એ વાત અહીં જ અટકાવ; પછી કો'ક વાર કહેજે."

માલતી આંખો લૂછતી બોલી : " ના ના, આજે જ બધું કહી નાખવા ઘો......આખું ગામ મને રૂપાળી ગણતું, એટલે મેં નક્કી કર્યું, કે કલકત્તે જઇ કંઇ કમાઇ આવવું. એક દિવસે રાત્રે ગંગાતીરે આવી ને મનમાં નક્કી કર્યું, કે એમ કાંઠે કાંઠે કલકત્તે જવું. કોઇની નજરેય ન પડું–ને રસ્તા માટે કોઇને પૂછવુંય ન પડે. ઘાટમાં આવી જોયું તો થોડે જ દૂર એક મોટી નૌકા સઢ ચઢાવી જતી હતી. તરતાં તો મને આવડતું'તું—એટલે છાનામાના તરી જઇ એને આધારે તણાતા જવું એવું નક્કી કર્યું. કલકત્તા બહુ દૂર નહોતું એટલું તો સાંભળ્યું'તું; પણ કેટલું દૂર છે એ ચોક્કસ ખબર નથી......એટલે લાગ્યું, કે રાત પહેલાં તો નૌકા જરૂર કલકત્તા પહોંચશે ને હુંય ત્યાંથી છૂટી પડી જઇશ......પાણીમાં ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડું તરીયે ખરી, પણ તેટલામાં તો મારી સાડી હાથપગમાં ભરાઈ ગઈ ને હું ડૂબવા જેવી થઈ ગઇ. માંડમાંડ એમાંથી છૂટી થઇ, પણ સાડી હાથમાંથી પાણીમાં ક્યાંય તણાઇ ગઇ. એટલામાં તો નૌકા નજદીક આવી ગઇ. મારા હાથપગ તો જાણે જકડાઇ ગયા જેવા થઇ ગયા ને લાગ્યું કે હવે પાછું નહિ ફરાય. એટલે તરત નૌકાનો છેડો પકડી લીધો. નૌકા તો આગળ ચાલતી જ રહી. હિમ્મત કરી મેં તો એને પકડી જ રાખી; કારણ, મને બીક લાગી કે, નહિ તો ડૂબી જઇશ. એમ હું ઘણે સુધી તણાઇ. પાછા ફરવાની વાત તો હવે રહી જ નહોતી, એટલે આખરે નક્કી કર્યું, કે સવારમાં કોઈ ને કોઇ નદીએ આવશે. એમની પાસે કંઇ કપડાં હશે તે માગી લઇશ. મને આવી સ્થિતિમાં જોઇ કોઇ પણ સ્ત્રીને દયા આવશે......પછીનું તો તમે બધું જાણો જ છો. ”

સુરેન્દ્રનાથ કેટલીયે વાર સુધી ચૂપ બેસી રહ્યા. પછી ધીમે ધીમે એને છાતી સરસી લાવતાં બોલ્યા : “ જેમને માટે તેં આટલું કર્યું તેમને માટે આટલા દિવસ સુધી કંઇયે ઉપાય ન કર્યો ? ” માલતી માથું હલાવી બોલી : “ ના. ”

“ એ તો જાણું છું–ને એટલે જ વિચાર કરું છું કે જે પોતાનું મોં ઉઘાડી આટલું બોલી યે શકતી નથી, તેનામાં એવી શી હિમ્મત આવી ગઇ, કે આટલું બધું સાહસ કરી બેઠી. ”

માલતી ચૂપ રહી.

“ મહિને એમને કેટલો ખર્ચો આવે ? ”

“ વીસેક રૂપિયા. ”

“ દર મહિને એમને પચાસ રૂપિયા મોકલાવજે. ”

“ તમે આપશો ? ”

સુરેન્દ્રનાથ હસીને બોલ્યા: “હા...વધારે જોઇએ તો વધારે આપું.” માલતીને મનમાં થયું કે આટલે દિવસે એનો જન્મ સાર્થક થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ને હું, બીજું એક કામ કરવાનું : મારી સાથે લગ્ન કરવા પડશે, કારણ કે હું ગમે તેવો નરાધમ હોઇશ તોયે તારા જેવા પવિત્ર હૃદયને હું જરાયે કલંકિત થવા નહિ દઉં."

માલતી એમની છાતીમાં જ માથું હલાવતી બોલી :

"ના ના."

"કેમ ના? તું એમ માને છે કે મારી જાત જાય?—હું તો અહીંનો જમીનદાર છું. મારી પાસે ઘણાય પૈસા છે—એ જેની પાસે હોય તેની જાત આમ સહેલાઈથી જતી નથી."

"પણ બહુ ધાંધલ થશે."

"ભલે! એ કેટલા દિવસ ટકવાનું?"

"વંશ, કુળ, માન, મર્યાદા એનું શું?"

"માલતી! એક દિવસ માટે મને એ બધું ભૂલી જવા દે! સંસારમાં આવીને ઘણું યે મેળવ્યું, પણ સુખ કયાંય ન મળ્યું. એક દિવસ તો મને સંપૂર્ણ સુખી થવા દે."

આ સાંભળી માલતી અંતરમાં જાણે કે રડી રહી, પણ એનો ત્યાં જ દબાવી દીધું. ધીમે ધીમે એ બોલી :

"આખી જીંદગી હું આપની પાસે જ વિતાવીશ."

"ભગવાન કરે ને એવું જ થાય...તું આખી જીંદગી રહે, પણ હું રહી શકીશ? તેં તો જીંદગી જોઈ નથી, પણ મેં તો જોઇ છે. મને તો ખબર છે કે મને મારો પોતાનો પણ કંઈ ભરોસો નથી. આમ પ્રેમમાં તું આખું જીવન સુખથી ગાળે, પણ એક દિવસ કદાચ, હું એ તારો પ્રેમ છિન્નવિછીન્ન કરી ભાગી યે જાઉં! કેમ કહી શકાય? માલતી! આજ વખત છે ને તું મને બાંધી લે."

માલતી બધું બરાબર સાંભળી રહી. ઘણા દિવસ પછી આજે એણે સ્થિરભાવે વિચાર કર્યો. પછી અકંપિત કંઠે એ બોલી : "બાંધી લીધા હ્યો, હવે એમાંથી છૂટકી જાવ. મારે તો આટલું જ બસ છે; વધુ બંધનની જરૂર નથી."

"તને નહિ હોય, પણ મને તો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હશે, પણ લગ્ન તો ન થાય."

"કેમ ? વિધવા સાથે ન પરણાય ?"

"વિધવા સાથે પરણાય, પણ વેશ્યા સાથે નહિ."

સુરેન્દ્રનાથનું આખુંય અંગ અચાનક કંપી ઊઠયું.

"તું વેશ્યા છે ?"

"નહિ તો ? તમે જ વિચારી જુઓ ને !"

"છટ્–એવું બોલીશ મા. તારા પર મારો કેટલો પ્રેમ છે ! તને ખબર છે ?"

"એટલે જ બોલી'તી......ન હો તો હું રાજીખુશીથી પરણુત."

"માલતી !"

"શું ?"

"ખુલ્લેખુલ્લું બધું કહીશ ?"

"હા...તમારા વિના મારા અંગને કોઈનોય સ્પર્શ થયો નથી, પણ મનથી હું એક જણને વરી ચૂકી હતી—દિલ દઈ ચૂકી હતી."

"કોને ?"

"લગ્ન કરવા મેં એમને ઘણુંયે કહ્યું."

"પછી ?"

"ન્યાતની બીકે એમણે 'ના' પાડી."

"દિલ દઈ ચૂકી હતી તો એ પાછું કેમ મેળવ્યું ?"

"જેમ અપાયું તેમ."

"મળ્યું ?"

માલતી જરા મૌન રહી બોલી : "અગાઉથી જ મેં કહી દીધું છે : હું તો વેશ્યા છું—વેશ્યાને બધું યે મળે."

"એ કોણ ? સદાનંદ ?"

"ના, ના. બીજા જ એક જણ છે."

"ત્યારે તો ખરા માણસને તું ઓળખી શકી નથી. તે સદાનંદને તારા પર પ્રેમ હતો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતીના અંગેઅંગમાં જાણે કે વીજળી પ્રસરી ગઈ. એને થયું—એ ધેલો !......એને યાદ પણ આવ્યું—એ દિવસે વરસાદ પડતો હતો ત્યારે સાંજના ઘાટ પરથી પાણી ભરી આવતી હતી... ......રસ્તામાં જ વરસાદનું ઝાપટું આવ્યું...ભિંજાઇ જતાં તાવ આવશે એ બીકે એના ઘરમાં આશરો લીધો હતો......એ પણ યાદ આવ્યું કે પહેલેથી જ એની મદદ મળી હતી...રોજ એ હાથમાં પૈસા સરકાવી જતો હતો......કાશી જવાનો એ દિવસ...ઓશિકા હેઠળ એ કેટલાય રૂપિયા મૂકી ગયો હતો...ને બીજું ઘણું ય કર્યું હતું... ......દુઃખમાં એમની પૂરી સહાનુભૂતિ હતી. નિમિષમાત્રમાં એની આંખમાંથી આંસુ ઊભરાઇ આવ્યાં. એ સરી પડે તે પહેલાં તરત એણે લૂછી નાખ્યાં. સુરેન્દ્રનાથ એ જોઇ શકયા નહિ. સોફાની પીઠ પર માથું અઢેલી એ કોઇ બીજા જ વિચારમાં દેખાતા હતા. એ બોલ્યા :

" પછી ? "

" પછી કલકત્તે જવા નીકળી. "

" પછી ? "

" તમારે આશરે આવી. "

સુરેન્દ્રનાથે પ્રશ્ન તો અન્યમનસ્ક રીતે પૂછ્યો હતો, પણ ઉત્તર સાંભળતાં જ એ એમના ખ્યાલમાં આવ્યો. ટટાર બેસીને એ બોલ્યા : " માલતી ! તું તો રતન છે ! એ ઉકરડેથી મળે તો ય ગળામાં નંખાય. "

" કોણે કહ્યું ? જે રતન એક જણ ગળે બાંધે એ કદાચ બીજો પગે રાખવા ય કબૂલ ન થાય. તમે મને ચરણે સ્થાન આપ્યું ત્યાં જ એ રતન—હું મારૂં સૌભાગ્ય માની લઇશ. "

સુરેન્દ્ર આછું હસતાં બોલ્યો : " માલતી ! હું તો માનતો હતો કે તું નાદાન છે, પણ તું તો એવી કંઈ નથી. "

માલતી પણ આછું હસી. દુઃખે—કષ્ટે પણ આજે તેના અધર પર હાસ્યની રેખા ચમકી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં એક ચાકરડીએ બહારથી આવી કહ્યું : "બાબુજી! અઘોર બાબુની ગાડી બહાર આવી છે."

સુરેન્દ્રનાથ વિસ્મિત થયા: "અઘોરબાબુ? અહીં ગાડી આવી છે?"

"એમણે કહેવડાવ્યું છે, કે બહુ જરૂરતું કામ છે." સુરેન્દ્રનાથ ઝટ ઊભા થઇ બોલ્યા : "માલતી! બેસ ત્યારે! હું જાઉં છું."

"હા...પણ અઘોરબાબુ કોણ છે?"

"પછી કહીશ."

"એમને જરા પૂછજો – ક્યાં પરણ્યા છે તે?"

"સુરેન્દ્રનાથ હસીને બોલ્યા : "કેમ? તું એમને ઓળખે છે?"

"એમ લાગે છે ખરૂં."

૧૧

જે જન્મ ધરે તે મૃત્યુ પામે જ. આકાશ ભણી પથ્થર ફેંકાય તો એ જમીન પર જ સીધો અથડાય. ખૂન કરે તે ફાંસીના માંચડે ચડે. ચોરી કરનાર કારાગૃહમાં જાય – એમ, પ્રેમ કરે તેને રડવાનું જ. બીજી બધી વસ્તુઓની પેઠે આ પણ જગતનો એક નિયમ છે, પણ આ નિયમ કોણે પ્રચલિત કર્યો હશે તેની ખબર નથી! ઇશ્વરની ઇચ્છા અનુસાર એમની આંખોમાં આપોઆપ આંસુ ઊભરાય છે. અથવા તો માનવી હોંસમાં રડી ઊઠે છે કિંવા એને રડવાની ફરજ જ પડે છે, અથવા તો ચિરપ્રસિદ્ધ આચાર ગણી એ રડી ઊઠે છે...એ તો જે પ્રેમ કરી ચૂક્યા હોય અને પછી રડી ચૂક્યા હોય તે જ ખરૂં કહી શકે. હું તો અદનો આદમી, મેં આ સ્વાદ કદી ચાખ્યો નથી. ઇચ્છા તો ઘણી છે કે પ્રેમ કરી એક વાર ખૂબ રડું, અને પ્રેમનાં રુદનની પરીક્ષા કરું—એ મિષ્ટ છે કે કટુ તે તો જાણી લઈએ! વળી એમાં બીજું એક ભયસ્થાન પણ છે. સાંભળ્યું છે કે, આ બાબતમાં રડતા માનવીની છાતી ફાટી જાય છે...એટલે હું તો કંપી ઊઠી સો કદમ પાછો હઠી જાઉં છું, અને થાય છે: આવા યુદ્ધવિગ્રહમાં આમ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝંપલાવવું સારૂં નથી. આમ નસીબ તો સારૂં નથી એટલે કોણ જાણે પરીક્ષા કરવા જાઉં ને પરિણામે મારીયે છાતી ફાટી જાય ! એટલે જ એ વાત માંડી વાળવી સારી !......પણ કુતૂહલ એવું જ રહે છે, તેથી જ્યાં જ્યાં કોઇ પ્રેમ કરી રુદન આરંભે છે ત્યાં હું છાનુંમાનું ડોકિયું કરું છું !......કંઈક શંકિત હૃદયે ને બીતાં બીતાં હું એને છાનુંમાનું જોઉં છું, કે હવે એની છાતી ફાટી જવી જોઇએ; પણ એ તો આંખો લૂછી નાખી બરાબર ટટાર બની પાછો ફરે છે ને હું પણ ધોએલા મૂળા જેવો પાછો વળું છું.

એમ તો મારી ઇચ્છા નથી, કે એમની છાતી ખરેખર ફાટી જાય, પણ એ જોવાની ઇચ્છા આ પામર હૃદયમાંથી હું હડસેલીયે શકતો નથી. આજે પણ હું માલતી પાસે એ માટે જ આવ્યો છું. જે કંઇ જોયું તે તો હું પછી કહું છું, પણ જે શીખી આવ્યો તે આ રહ્યું; પ્રેમ કરી માનવી ઈશ્વરની સામે ઊભો રહે છે. માલતીના પ્રેમનું આ અશ્રુવિસર્જન પ્રભુના પગ આગળ કમળ સરખું ચમકી ઊઠતું દેખાય છે. જે પોતાની જાતને ભૂલી, યોગ્યા યોગ્યતાની વિવેચના કર્યા વિના, બીજાના ચરણોમાં માલતીની પેઠે આત્મબલિદાન આપે, તે ખરી રીતે—અજાણતાથી પ્રભુની જ સાધના કરે છે ને એને મોક્ષ સાંપડે છે ! લોકો એને પાગલ કહે છે, હું પણ પહેલાં એમ જ માનતો હતો; પણ એ વખતે ખબર નહોતી, કે આવા પાગલ જગતને વારંવાર સાંપડતા નથી. માનવી જો આવો પાગલ બની શકે તો આ તુચ્છ જીવનમાં ઘણું કર્યું ગણાય !

સુરેન્દ્રના જવા પછી માલતી કમાડ બંધ કરી જમીન પર આડી પડી. કેટલી રડી તે હું નહિ કહું; લાગે છે, કે એ બચપણના પ્રેમ અને આ પ્રેમમાં કેટલું અંતર છે તેનો વિચાર કરતી હતી. એણે પોતાની જાતનું બલિદાન દઇ પ્રેમ કર્યો હતો; વળી એ ઉપકાર તળેય દબાઇ હતી......બળ્યું એ સુખ ! એને થયું; સુરેન્દ્રનાથ માટે પોતે હસતાંહસતાં પ્રાણ આપી શકે તેમ છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી સ્વગત જ બોલી : પ્રાણથીયે વધુ પ્યારા છો, તમે !... તમે મારા માટે કલંકિત બનો ? મારા માટે લોક કંઇ કંઇ વાતો ઉડાવશે એ તમે સહન કરશો ?......હું તો આ અજાણી...મારૂં કુળ—શીલ કોઇ જાણતું નથી...કોઇ મને ઓળખતું નથી...મને તો કંઈ શરમ નથી, પણ તમે મોટા માણસ છો. તમારી વાત—કલંકકથા સારાય ગામમાં ફેલાશે. લોકો કહેશે કે તમે વેશ્યા સાથે પરણ્યા છો. સમાજમાં તમારૂં સ્થાન નહિ રહે—નીચા ગણાશો. હૃદયમાં ભારે વેદના જાગશે...ના, ના. એવું કંઇ નહિ થવા દઉં.

માથું હલાવી એ જોરથી બોલી : ના, એ નહિ બને. આ વિવાહ કોઇ પણ રીતે નહિ થવા દઉં.

માલતી કંઇક સ્થિર બની બેઠી થઇ. આંખો લૂછી હાથ જોડી બોલી : " ભગવાન ! આ જન્મારે કેટલું પાપ કેટલો અપરાધ કર્યો છે એ તમો જાણો છો, પણ અંતિમ દિવસે મને ભૂલશો મા. આ દુનિયામાં મારે માટે સ્થાન નથી, પણ કોઇક દિવસે હું સ્વામીનો સ્નેહ ખોઇ બેસું તો એ જ દિવસે મને અહીંથી ઉપાડી જજો – પતિતા હોવા છતાંય મને આપના ચરણોમાં આશરો આપજો. "

એ આખી રાત માલતી ત્યાં જ પડી રહી. બીજે દિવસ ઊગ્યો, પણ સુરેન્દ્રનાથ આવ્યા નહિ. આખો દિવસ માલતી રાહ જોતી બેસી રહી. ઠેઠ મોડી રાતે સુરેન્દ્રબાબુ આવ્યા. તેમનું મોં કંઇક મલિન ને ક્લિષ્ટ જોઈ માલતીને કંઇક બીક લાગી.

પણ ખંડમાં પ્રવેશતાં જ તેઓ મૃદુ હસી બોલ્યા : " માલતી ! આખો દિવસ મારી રાહ જોઇ'તી ને ? "

કંઇક આનંદ અનુભવતી માલતી મૌન રહી.

" શું કરૂં ? એક દિવસ કંઇ કેસ વિના જતો નથી. જેને માલ મિલકત વધારે તેને વળી લફરાંય ઘણાં ! "

માલતી બોલી : " શું કામ કેસ કરો છો ? "

સુરેન્દ્રનાથ હસતાં બોલ્યા : " કેમ કરૂં છું ? એ તો તને પછી કહીશ; પહેલાં મારી થા, પછી બધું ય તને સમજાશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી ચૂપ રહી, અનેક વિચારોમાં ગૂંચવાઇ.

" માલતી ! એનો વિચાર કર્યો ? "

" શેનો ? "

" શેનો ? – કાલની જ વાત શું એટલામાં ભૂલી ગઇ ? "

" ભૂલી નથી, યાદ છે. "

" એ તો રહે જ ને ! પણ એનો વિચાર કરી જોયો ? "

" હા, વિચાર કરી જોયો, પણ મારાથી કોઇ પણ હિસાબે લગ્ન ન થાય. "

" ન થાય ? કેમ ? "

" એ તો મેં પહેલેથી જ કહી દીધું છે. "

" શું કહી દીધું છે, કપાળ મારૂં ! હું તો લગન કરવાનો જ. "

" હું તે નહિ થવા દઉં. મને અહીં આવ્યે એક મહિનાથી વધારે વખત થયો. એવું જ મનમાં હતું તો પછી પહેલાં જ કેમ કહ્યું નહિ ? એ તો હવે બધાં જાણે છે, કે જયાવતીની જગ્યાએ તમે એક બાઇને કલકત્તેથી લઇ આવ્યા છો. "

સુરેન્દ્રબાબુ કંઇક અન્યમનસ્ક બન્યા ને બોલ્યા :

" હું પણ એ જ વિચાર કરતો હતો...પણ એ જવા દે...હું..."

" તો તો મારે ઝેર લેવું પડશે. "

સુરેન્દ્રનાથ આછું હસતાં બોલ્યા : " એ તો પછી જોઈ લઇશું ; અત્યારે તો એકાદ અઠવાડિયામાં જ બધી તૈયારી કરી નાખીશ. "

" અઠવાડિયા સુધીમાં તો મને જોઈ પણ નહિ શકો. "

સુરેન્દ્રનાથ વિસ્મય પામતા તેની સામે કેટલીક ક્ષણ જોઈ રહ્યા અને પછી બોલ્યા :

" ક્યાં જઇશ ત્યારે ? "

" જ્યાં ઇચ્છા થાય ત્યાં. "

" આપઘાત કરીશ ? "

" આપઘાત તો નહિ કરૂં ; કારણ, મારે તો જીવવું છે. જે મારગ નક્કી કર્યો હતો એ જ માર્ગે જઇશ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તો પણ નહિ પકડાય, એમ ?"

" ના."

એનો આ ગંભીર સ્વર સાંભળી સુરેન્દ્રનાથને લાગ્યું, કે માલતી કંઇ ખોટું બોલતી નહોતી; કંઇક વિચાર કરી થોડું શુષ્ક હસતા બોલ્યા :

" તારો કંઇ વાંક નથી. સ્ત્રીઓનો તો એ ધર્મ જ છે... ઠીક... કંઇ નહિ... એમ તો એમ."

માલતીએ આ સાંભળી કંઇ જવાબ આપ્યો નહિ.

ચૂપચાપ એ તિરસ્કારને ગળી ગઈ. ઘણી વાર સુધી કોઇ કંઇ બોલ્યું નહિ. પછી સુરેન્દ્રનાથ જ બોલ્યા :

" માલતી ! દેશમાં પૈસા મોકલ્યા ?"

માલતી એ વખતે રડવા જેવી થઇ ગઇ હતી. એણે માથું હલાવી જણાવ્યું, કે નહોતા મોકલ્યા.

" કેમ ના મોકલ્યા ?"

માલતી ચૂપ રહી. આ સમયે જ સુરેન્દ્રનાથને જણાયું, કે એ રડતી હતી. તેઓ બોલ્યા :

" પૈસા નહોતા ?" "

" ના."

" કંઇયે નહોતું ?"

" ના."

" આટલા દિવસ થયા છતાં કંઇ જ નથી ?"

માલતી કશું બોલી નહિ; માત્ર રડી જ રહી.

સુરેન્દ્રનાથે નિષ્કારણ આ પ્રશ્ન પૂછ્યો હતો; કારણ, તેઓ સારી રીતે જાણતા હતા કે, એની પાસે કંઇ નથી. કેટલીક ક્ષણ પછી તેમણે માલતીનો હાથ ઝાલી એને બાજુમાં ખેંચી. પાસે બેસાડી સ્નેહાર્દ્ર સ્વરે ધીમે ધીમે બોલ્યા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આમ ભિખારીની પેઠે રહે તો હું શું કરૂં, કહે ? કંઇ સારાં કપડાંલત્તાં પહેરતી નથી; કંઇ આભૂષણુ લેતી નથી, તને શું જોઇએ છે–શું ગમે છે–એ તો કંઇ બોલતી જ નથી...તો પછી હવે હું શું કરૂં ? બોલ !"

એ પછી ખિસ્સામાંથી નોટોનું એક બંડલ કાઢી બોલ્યા : "લે, આ રાખી મૂક. એમાંથી જોઇએ તેટલા મોકલી આપ–ને પછી બાકી રહે તે ફાવે તેમાં ખર્ચજે. બીજા જોઇએ તો માગી લેજે." ને પછી આછું હસતાં બોલ્યા : "પૈસા ભેગા કરતાં શીખ."

ચાલતી ચૂપ રહી સાંભળવા લાગી.

"પાછી ભૂલતી નહિ–આજ ને આજ જરૂરથી તું પૈસા મોકલાવી દે."

"શી રીતે મોકલું ?"

"રજિસ્ટર કરી મોકલાવજે."

"મને એ ના ફાવે. તમે જ બીજા કોઈના નામથી મોકલી આપો."

"કેમ ? પકડાઈ જવાની બીક લાગે છે ?"

"હા."

"ત્યારે આપણા વકીલ અઘોરબાબુને કહી દેવું પડશે, તેઓ કલકત્તે રહે છે. તેઓ ત્યાંથી જ સીધા મોકલી આપશે."

"તો તો સારૂં જ, પણ કોઈ એમની પાસે ખબર કાઢતું આવે તો ?"

"એ તો એ પતાવી દેશે."

"ના ના. એમને ચોખ્ખું કહી દેજો, કે કોઇ પણ હિસાબે તમારૂં નામ ન દે."

"ઠીક, એમ કરશું."

૧૨

જયાવતી મૃત્યુ પામી હતી, પણ એની માતા જીવતી હતી. નારાયણપુરથી થોડેક દૂર ઉત્તરમાં આવેલા બાસપુર ગામમાં જયાવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતી હતી—એની માતા સાથે, એમનો સંસાર કેમ ચાલતો એ તો એ જ જાણે. સાંભળ્યું છે કે, ગામના બે-ચાર ખરાબ જણ એ જાણે છે. પણ આપણને એ જાણવામાં કંઇ લાભ નથી. ગમે તેમ, જવા દો એ વાત......એ પણ જાણવાની જરૂર નથી, કે નારાયણપુરના જમીનદારના ઘરમાં જયાવતીએ શી રીતે સ્થાન મેળવ્યું. એની મા પણ ત્યાં આવી રહી.

બન્ને જણે ત્યાં જ સંસાર માંડયો, પણ જયાવતીની માના નસીબ કંઇક ઊતરતાં એટલે ચાર-પાંચ મહિના થયા ન થયા ત્યાં મા-દીકરી વચ્ચે કજિયો થવા લાગ્યો.

કેટલાક દિવસ પછી એનું એવું રૂપ આવ્યું કે, બન્ને જણ રોજ કાંઇ ને કાંઇ કારણસર ઝઘડતાં, અને આ સંસારમાંથી મુક્તિ મેળવવાની પ્રભુ પાસે પ્રાર્થના કર્યા વિના પાણીનું ટીપું સરખુંયે ન લેતાં. એમ કેટલાયે દિવસો વીતી ગયા—છ મહિના એ જ સ્થિતિમાં ચાલ્યા ગયા. એ પછી જયાવતીની મા હવેલીના વસવાટની લાલસા ત્યજી દઇ પોતે છોડી દીધેલા જૂના ઘેર જતી રહી. લાગે છે કે ત્યાં જવાની એને ફરજ પાડવામાં આવી હતી; કારણ, જતી વખતે જે રીતે છાતી કૂટતી, દીકરીને અનેક કલ્યાણકામનાઓ ઇચ્છતી ગઇ તે જોતાં એ પોતાની ઇચ્છાથી હવેલી છોડતી હતી એમ લાગતું નહોતું. ત્યારથી સુરેન્દ્રબાબુએ પ્રબંધ કરી દીધો, કે એ ડોશીને કદી અહીં આવવા નહિ દેવી; પણ એવું તો બન્યું નહિ. ફરી એ આવવા લાગી, ઘરમાં પેસવા લાગી ને કોઇએ એની સામે વાંધો લીધો નહિ. બહુવિધ ગાળાગાળી, શાપશાપાની, અશ્રુપાત, છાતી કૂટવી-માથાનાં લટિયાં ખેંચવાં અને છેલ્લે નોકરના હાથે ધક્કા ખાઇ એ ડોસીને પાછા ફરવું પડયું હતું.

દર મહિને બે મહિને આવું જરૂર બન્યા જ કરતું. લાગે છે કે જયાની માને આથી કંઇ ને કંઇ ફાયદો થતો હતો, નહિ તો ફક્ત એટલા માટે આટલે દૂરથી એ આમ ત્રાસ ઉઠાવતી આવે નહિ. એના જેવા ચારિત્ર્યવાળી સ્ત્રીને બીજે કયાંકથી એ બધું મળી આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ હતું: પણ જવા દો એ વાત......એમ પણ બની શકે કે, પુત્રી પર એને બહુ હેત હતું—એટલે પુત્રી અવળે રસ્તે ચડી હોવા છતાંય એ પોતાની માયા ભૂલી શકતી નહોતી. આમ બનતું જ રહ્યું.

પછી જ્યારે એણે સાંભળ્યું, કે જયાવતી નદીમાં ડૂબી મરી છે, ત્યારે બરાડા પાડી એણે સઘળાં બાસપુરવાસીઓને પોતાના ઘર આગળ એકઠાં કરી દીધાં.

બાસપુરમાં મોટે ભાગે હલકી વર્ણ રહેતી હતી. ખેડૂતવર્ગના ડોસાઓ, પ્રૌઢાઓ, મધ્યમવયના પુરુષો, યુવતીઓ—વગેરેના પ્રેક્ષકવૃંદે એનું આંગણું ભરી દીધું. બધાં વિસ્મિતનયને મૂંગેમૂંગાં સાંભળી રહ્યાં—આખા ગામ જેવડું જયાવતીનું જહાજ પાંચસો દાસ—દાસીઓ સાથ કલકત્તામાં ડૂબી ગયું છે.

પછી જયાની માએ કહ્યું: "આંખે જોઇ આવનારી કહે છે, કે કલકત્તામાંય આવડું મોટું જહાજ નથી."

એક વૃદ્ધા પ્રત્યુત્તરમાં બોલી: "ક્યાંથી હોય, બાપ!"

એક પ્રૌઢાએ વિસ્મિત બની જિજ્ઞાસા કરી: "શું ખર્ચ થયો હશે?"

"ખર્ચો!—એની તે વળી એમને પડી હોય? કંઇ બધું લખી રાખતા હશે?"

એ ચૂપ ઊભી રહી.

જયાની માએ આગળ ચલાવ્યું:

"મોટા ગવંડર પણ જોવા આવ્યા'તા."

યુવતીવર્ગના કાન કંઇક તીવ્ર બન્યા.

"ગવંડર સા'બ પણ પછી તો રડી પડ્યા—જયા પર એમનો બધાંને બહુ વહાલ હતું." અહીં જયાની બાએ આંખો ચોળી. શ્રોતૃવર્ગમાંથી ઘણાએ પ્રાર્થના કરી: એવા કયા પુણ્યપ્રતાપે બીજા જન્મે જયાવતી જેવું સુખ મળે!"

"જયાના રૂપની તે કંઈ હદ છે! સાક્ષાત્ જાણે દુર્ગાની જ મૂર્તિ જોઇ લ્યો. ઓહો! કેવું નાક, કેવી આંખો, કેવાં વાંકાં ભવાં, કેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું અંગ......ક્યાંય ઊણપ હતી ? કેવું બધું જ ઘાટીલું !"

યુવતીઓ મૌન રહી; પણ ડોશીઓ, પ્રૌઢાઓ ને એ મધ્યવયની સ્ત્રીઓએ પણ એ વાત સ્વીકારી લીધી.

"બાબુને કંઇ ઓછો પ્યાર હતો ?—એનો પડ્યો બોલ ઝીલી લેતા...આવા રાજા જેવા આદમીની આંખમાં ઠસવું એ કંઈ ઓછી વાત છે ?"

એ પણ સૌએ કબૂલ કરી લીધું. "હવે તો મારે જીવીનેય શું કામ છે ?—બહુ નથી રહેવું હવે અહીં...મારાથી તો હવે આ નહિ સંખાય...બળ્યું આ જીવવું."

કદાચ આ બાબત કોઇને સંદેહ હશે, પણ સહાનુભૂતિ દાખવવા કોઈ ચૂક્યું નહિ.

એક જણે જિજ્ઞાસા બતાવી : "જમીનદાર બાબુનું શું થયું ?"

"એ તો એ રહ્યા—બીજા જહાજમાં હતા એટલે બચી ગયા."

"ત્યારે બન્ને જણાં શું અલગ અલગ હતાં ?"

"હાસ્તો ! લે, નહિ તો બધાં રહે કેમ ? હંગાથે કેટલા જણ આ'તા ખબર છે ?"

"એ લોકોનું શું થયું ?"

"બિચારાં બધાંય ડૂબી મૂઆં."

એમ આખી વાત અટકી.

"સાંજ પડી ગઈ," "ઘરમાં ઘણુંય કામ પડયું છે" "શું કરીએ બાઇ" "રડે કંઈ વળે !" "ત્યારે જઇએ છીએ." આમ બોલતાં એક પછી એક બધાં જતાં રહ્યાં. જયાની માએ જેમ તેમ રાંધી લઇ રાત પડતામાં તો કમાડ બંધ કરી દીધું. જ્યાંસુધી ઊંઘ આવી નહિ ત્યાંસુધી વચ્ચેવચ્ચે બૂમો પાડીને આડોશી—પાડોશીઓને એ મોટા જહાજ ને "ગવંડર"ના રડવાની વાત ફરી ફરી સંભળાવી.

બીજા દિવસે સવાર થઇ ન થઇ ત્યાં જયાની મા નારાયણપુર ભણી ઉપડી. થોડા જ વખતમાં એ ત્યાં પહોંચી ગઇ. એ રસ્તો, એ ઘાટ, એ વૃક્ષોની હારમાળા—એ બધુંય એને સુપરિચિત હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને થયું : આ રસ્તેથી જ એ પહેલાં જતી હતી ને એ રસ્તેથી જ છાતી કૂટતીકૂટતી પાછી ફરતી હતી......પણ હવે એ નથી. એની સાથે હવે કંઇ કજિયોય નહિ થાય......એમ છાતીયે નહિ કૂટવી પડે. અનેક વેદનાઓથી એનું હૃદય વ્યાકુળ બની ઉઠયું. એકદમ મોટેથી બૂમ પાડી એ શમાવતાં શમાવતાં આગળ ને આગળ ચાલવા લાગી.

જેના જેના ઘર આગળથી એ પસાર થતી તે બધાં હજાર કામ પડતાં મૂકી બારીએ ડોકિયું કરી જતાં. થોડી વારમાં જ એ સુરેન્દ્રનાથની હવેલી આગળ આવી પહોંચી. જયાનાં કેટકેટલાં સંભારણાં ત્યાં પથરાયાં હતાં!......જયાની મા વધુ ને વધુ મોટેથી છાજિયાં લેવા લાગી.

પહેલાં એ બહારના દરવાજેથી જઇ શકતી નહોતી; કારણ, સુરેન્દ્રનાથનો એવો હુકમ હતો. પણ આજે વાઘણની જેમ દોડતાં દોડતાં એણે પ્રવેશ કર્યો. એને અટકાવવાનું સાહસ દરવાનથી થયું નહિ, ઊલટું બધાં દશ કદમ બીકથી પાછાં ખસી ગયાં.

સુરેન્દ્રબાબુ એ વખતે જમી પરવારી કંઇક આડા થવાની તૈયારી કરતા હતા. ડોસીની બૂમ સાંભળતાં જ તેઓ સમજી ગયા કે, જયાની મા આવી ગઈ છે.

ડોશી એકદમ ઝંઝાની પેઠે ઉપર ચડી આવી. આવતાંની સાથે જ "જયાવતીને કયાં મૂકી આવ્યો—એને પાછી લઈ આવો" એમ બોલી એમની પાસે બેસી ગઇ.

એ પછી બીજી એક અરજી—વળી એક બીજી અરજી...... એમ એક વાત પૂરી થાય તે પહેલાં તો બીજી વાત......એમ હજારો ભિક્ષા, પ્રાર્થના, જવાબની માગણી ઈત્યાદિ નાના પ્રકારે સુરેન્દ્રનાથને એ ડોસીએ વિહ્વળ કરી મૂકયા. એ પછી છાતી કૂટી—માથાના વાળ ખેંચવા વગેરે જે જે કર્યું તે બધું સવિસ્તર વર્ણવવાની શક્તિ તો અમારામાં નથી.

અંતે જયાની માએ આમ વાત પૂરી કરી : "મારી પાસે હવે તો ઝેર ખાવાય દેદિયું નથી. તમે દયા નહિ કરો તો હું ભૂખે મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઇશ......નહિ તો અહીં જ ગળે દોરડું બાંધી જયાવતી પાસે પહોંચી જઇશ."

સુરેંદ્રબાબુ બોલ્યા : " થવાનું હતું તે થઇ ગયું. પણ તમારે શું જોઇએ તે કહો ? "

ડોશી આંખો લૂછી બોલી : " મને થોડું મળશે તોયે ચાલશે, બાબા. હું તો રાંડીરાંડ છું—મારે કયાં વસ્તાર છે તે બહુ જોઇએ ? "

" તોપણ કેટલા રૂપિયા જોઇશે ? "

" મહિને પંદર રૂપિયા મળે તો બસ. "

" ઠીક, આપશું. જીવશો ત્યાંસુધી દર મહિને મહેતાજી પાસેથી લઇ જજો. "

એ સાંભળી જયાવતીની માએ અનેક આશીર્વાદ આપ્યા. બહુ મીઠી વાતો કરી ને પછી જતી રહી. જતી વખતે એ રડતી નહોતી. ઊલટું અનેક વિચારોમાં ગુંથાયલી દેખાઇ. જયાવતી મૃત્યુ પામી હતી—માતા હોવાથી જરા દુઃખ તો થાય, પણ એને હવે કંઇક નિરાંતેય થઇ હતી.

જયાની મા સુરેન્દ્રબાબુ પાસેથી વિદાય લઇ એકદમ સીધી જતી ન રહી—જયાં દાસદાસીઓ બેસે છે ત્યાં એ ઉપસ્થિત થઇ. ઓળખીતાં દાસદાસી તો ત્યાં ઘણાં હતાં. ડોશીના દુઃખે એમાંનાં ઘણાંઓએ દુઃખ પ્રદર્શિત કર્યું. એક-બે જણ તો રડી પણ પડયાં. ડોશીએ અનેક વાતો કાઢી. સુરેન્દ્ર બાબુની દયાની વાત પર પણ પ્રકાશ નાખ્યો, પણ વાત વાતમાં જ્યારે ડોશીએ સાંભળ્યું કે, જયાવતીની જગ્યાએ કોઇ નવું આવ્યું છે અને બાબુએ એને ખૂબ આગતા-સ્વાગતથી મોટી હવેલીમાં રાખી છે, ત્યારે એ ડોસીએ કંઇ જુદું જ સ્વરૂપ ધારણ કર્યું. આંખમાંથી જાણે કે આગ ઝરવા લાગી. સ્થળકાળને ભૂલી ત્યાં જ બેઠાંબેઠાં એ મોટી હવેલીની માલિકાને ઉદ્દેશી ગાળો દેવા લાગી. રુદનનો અવાજ ક્ષણે ક્ષણે વધવા લાગ્યો. અદમ્ય ઉત્સાહે ફરી એ ડોશીએ નવી જ રીતે છાતી કૂટવા ને વાળ પિંખવા માંડયા. દાસદાસીઓ ગભરાઇ ગયાં. એને શાંત થવા ઘણાંઓએ સમજાવ્યું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને બાબુની બીક પણ બતાવી—બાબુજી પૈસા આપવા બંધ કરશે, એવી ધમકી પણ દાખવી, પરંતુ ડોશીએ ઘણી વાર લગી એમનું કશું સાંભળ્યું જ નહિ. આખરે, ઘણી સમજાવટ અને બળજબરીથી એને માંડમાંડ શાન્ત કરી.

બહાર આવી ડોશી મોટી હવેલી તરફ ચાલી. દીકરીનું દુઃખ એનામાં હવે ચારગણું ઉછળી આવ્યું હતું—એક જાતના ઝનૂને એની પાંસળી પાંસળી સળગાવી મૂકી હતી. એને થયું: પોતાની દીકરીને આ રાંડે ડૂબાવી નાખી આ જગ્યા પચાવી પાડી છે. ગર્જતી-ગર્જતી ડોશી મોટી હવેલીમાં પેઠી. સામે જે દાસી દેખાઇ તેને લાલઘૂમ આંખે જોઇ બોલી : " ક્યાં છે એ ચૂડેલ ? "

એ બિચારી નવી આવી હતી. ગભરાઈને પાછી હઠી જઈ એ બોલી ઉઠી : " ત્યાં જ વળી."

જેવો પ્રશ્ન હતો તેવો જ ઉત્તર સાંપડયો હતો. દાસીને પ્રશ્નનો અર્થ સમજાયો ન હતો—જયાની માને પણ ઉત્તરનો અર્થ સમજાયો નહિ. ફરી ડોશી એની સામે જોઈ બોલી : " ક્યાં ? "

દાસી સીધી આંગળી ચીંધી ત્યાંથી સટકી ગઇ. જયાની મા દાદર ચડીને ઉપર ગઇ—ત્યાં દરેક ખંડમાં ઘૂમી વળી, પણ કોઈ દેખાયું નહિ......પણ આ શી શોભા ! શું દોરદમામ ! શું કિમ્મતી ફર્નિચર !......એ પહેલાં સુરેન્દ્રબાબુના ઘરમાં રહી હતી. ત્યાં ઘણીયે વસ્તુઓ દેખી હતી, પણ આવું કશું જોયું નહોતું ! જેમ જેમ એ જોવા માંડી, તેમ તેમ રોષમાં ફુંફાડા મારતી કાળી નાગણની પેઠે " ફોં—ફોં " કરવા લાગી, એને થયું : આ બધુ તો જયાવતીનું હોત ! ને કોણ જાણે એ બધું પોતાનું પણ બની શકત !......એમ મનમાં તર્કવિતર્ક કરતી કરતી એક ખંડમાં આવી પહોંચી. એક યુવતીને ત્યાં બેઠેલી એણે જોઇ. એની પૂંઠ ભાળી જયાની માને લાગ્યું : હશે કોઇ ચાકરડી ! બૂમ મારીને એ બોલી :

" અલી એ ! ક્યાં છે તારી બાઇ ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્વાભાવિક કર્કશ અવાજ સાંભળી એ તરુણીએ ડોક ફેરવી. જયાની માએ જોયું કે, એનાં વસ્ત્રો તદ્દન સાદાં હતાં. અંગ પર કંઇ આભૂષણ નહોતાં. પણ એનો ચહેરો જોઇને જ એ કંઇક અચકી ગઈ.

કર્કશ કંઠસ્વર નરમ બની ગયો. એ બોલી :

" તું કોણ છે બા ? "

" હું તો અહીં જ રહું છું, બેસોને ! "

" અહીં આવે કેટલા દિવસ થયા ? "

" મહિનોએક થયો હશે. "

" તારી બાઇ કયાં છે ? એમની સંગાથે જ આવી છે ? "

યુવતી ડોક હલાવી બોલી : " એમનું કંઇ કામ છે ? "

" કામ તો ઘણુંય ખજ્યું છે. એ રાંડની તો હું ડોક જ મરડી નાખવાની છું. –" કહેતાં કહેતાં પૂર્વના ભાવ, એ રૂક્ષ મોં, એ અમાનુષી આંખનું રૂપ, – બધુંય ફરી વાર પ્રકટયું – " જાણેછ, હું કોણ છું ? હું જયાની બા – આખું ગામ મને ઓળખે છે. એ રાંડ મારી દીકરીને ભરખી ગઇ છે—આજે હું એને ભરખી જવાની—આખી ને આખી ખાઇ જવાની—ખાઇ જવાની ! "

વળી દાંત કચકચાવતાં વધુ મોટેથી બોલી " ખાઇશ ત્યારે જ જઇશ—ખાઇને જ જઈશ ..આખી ને આખી આરોગી જઈશ ત્યારે જ જંપીશ."

યુવતી રૂંધાયેલા શ્વાસે એનું અલૌકિક રૂપ જોઈ જ રહી.

" આખી ને આખી એ રાંડને ચટ કરી જઇશ." પછી છાતી કૂટતાં બોલી : " એ હલકટ—છીનાળ-ચૂડેલ!" પછી વાળ પીંખતાં પીંખતાં બોલી : " રાંડને ચીરીને ખાઇ જઈશ હવે તો ! નહિ જ છોડું ! કાલી માને ચરણે એને વધેરીશ—લોહી છાંટીશ. " પછી જમીન પર માથું પછાડવા લાગી ને ત્રાડ નાખી: "બોલ ! કયાં છે એ છીનાળ ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને ઉદ્દેશી આ બધું બોલાતું હતું એજ સામે એની બેઠી હતી. પણ જયાની માને એની ખબર નહોતી. ખબર હોત તો, લાગે છે કે જરૂર કંઇક નવાજૂની થઈ હોત.

માલતીએ પાસે આવી એનો હાથ ઝાલ્યો અને ધીરેથી કહ્યું : " જરા છાનાં રહો. "

" છાની રહું ? તું વળી કોણ બોલનારી ! મારી દીકરીને એ રાંડ ખાઈ ગઈ ને હવે હું છાની રઉં ? " (ફરી એક વાર જમીન પર માથું પછાડે છે.)

માલતીને લાગ્યું કે ત્યાં ગૂંથેલી સાદડી ન હોત તો એ ડોસી પોતાનું માથું સાજું રાખી શકી ન હોત. એ બોલી : " એ તો આજે બહાર ગયા છે. "

" અહીં નથી ? "

" ના. "

" હું તો અહીંથી એક ડગલું ય ખસવાની નથી. એ રાંડને જોઇશ—ખાઇશ ત્યારે જ જઇશ. "

માલતી આછું હસી બોલી : " જવાનું શું કામ છે ? અહીંઆં જ રહેજો ને ! મોડું થઇ ગયું છે; જમવા કરવાનું અહીં જ રાખો. "

" જમવાનું એ આવે ત્યારે જ—બધું સાથે પતાવી લઇશ. "

" હા, હા, દીકરીનો શોક છે...માને હૈયામાં શું થતું હોય છે એ હું જાણું છું. "

જયાની મા કંઇક નરમ પડીને બોલી :

" હા બેટા ! તું સમજે છે...... "

" કેમ ન સમજું ?...પણ શું થાય ? રડે કંઈ વળે ? પેટમાં કંઈ કોળિયો તો નાખવો જ જોઇએને, પેટ તો કંઈ માને નહિ. "

" સાચું છે બાઈ ! "

" એટલે જ કહું છું : અહીં જમી લ્યો. "

" એમ ?...ઠીક ત્યારે... "

" અહા ! જયાબહેન તો તમારી કેવી કેવી વાતો કરતાં'તાં ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી વાત ? હા, એ તો કહેતો ! તું એને મળી'તી ?"

"મળી'તી ?...અરે, અમે તો કેટલાય દિવસ સાથે હતાં..."

"એની સાથે હતી ?"

"હા. મારા ગામથી મને એ ઉપાડી ગયા'તા. તમારી તો શું વાતો કરે ! આખો દિવસ તમારી જ વાત કરે."

"કરેજ ને બાઇ ! ગમે તેવો તોયે મારા પેટનો ગોળો છે ને !"

"બહુ સારાં હતાં."

"એટલે જ તો નાની ઉમ્મરમાં ગુજરી ગઇ; પણ આ ચૂડેલ વચ્ચે ક્યાંથી ફૂટી ?"

"કલકત્તેથી."

"એણે બાબુ પર કંઇ કામણ–ટૂમણ કર્યું છે ?"

"એવું સાંભળ્યું છે તો ખરૂં."

"પણ આજે તો એનું બધું કામણ–ટૂમણ કાઢી નાખીશ."

"હા – હા. એ એવી જ છે – એનો બદલો બરાબર વાળજો."

"એમ જ કરવાની છું...એ કંઇ મંતર તંતર જાણે છે ?"

"મંતર તંતર ? મેં તો સાંભળ્યું છે, કે ઠેઠ કામરૂદેશથી એ ભણીગણીને આવી છે. માણસની એ સુધબુધ ભુલાવી દે છે...આ બાબુ પર એણે એવું જાદુ કર્યું છે કે ઉઠ કહેતાં ઉઠે છે, ને બેસ કહેતાં બેસે છે."

જયાની માના મોં પરથી રંગ ઉડી ગયો. શુષ્ક મુખે એ બોલી: "મંતર તંતર તો હુંયે જાણું છું."

"જાણતાં જ હશો, વળી ! એ આવશે એટલે તરત હું તમને એને બતાવી દઇશ."

"કંઇ ફુંક – બીક જાણે છે ?"

"જાણતી હશે જ સ્તો."

"ક્યારે આવવાની છે ?"

"બપોરે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયાની માએ બારી બહાર નજર નાખી. એને જણાયું કે બપોર થવાને હવે બહુ વાર નહોતી. જેમ તેમ એ બોલી: "આજે તો ઘેર બહુ કામ પડયું છે...અત્યારે તો જઈશ હવે...કાલે આવીશ."

ડોશી ઊભી થઇ.

"ના ના, જમીને જ જાવ."

"બહુ મોડું થશે–"

"કંઇ નહિ થાય."

"તો જરા જલદી પતાવ, તારૂં નામ શું બેટા?"

"માલતી."

"ઓહો...બહુ સારૂં નામ છે કંઇ!"

જયાની માએ પછી નીચે આવી ઝટ ઝટ ખાઇ લીધું. માલતીએ પાસે બેસી જોયું, કે ડોશી બરાબર જમી શકી નહોતી.

ડોશી ઊઠતાં બોલી: "બેટા, હવે હું જઇશ."

"એક વાત કહેવાની રહી ગઇ......જયા બહેન પાસેથી મેં દશ રૂપિયા ઉછીના લીધા'તા, હવે તો એઓ નથી. તો મહેરબાની કરી તમે એ ઋણમાંથી છોડાવો."

ડોશીને બરાબર સમજાયું નહિ – એ બોલી "શું કહ્યું?"

"દશ રૂપિયા તમે લઇ જાવ."

"મને દઇશ?"

"હા."

માલતીએ ઉપરથી દશ રૂપિયા લાવી એને આપ્યા. ડોશી કેટલી યે વાર સુધી માલતીના મોં સામે જોઈ રહી અને પછી ધીમેથી બોલી: "બેટા! તું તો જરૂર કોઇ મોટા ઘરની લાગે છે."

માલતી ધીમું હસી બોલી: "અમે તો બહુ ગરીબ ઘરનાં છીએ."

જયાની માની આંખમાં આંસુ આવ્યાં. એ બોલી: "ગમે તેમ તું સારા ઘરની છો......નહિ તો—આ જોને...તને સાચી વાત કહું? આ મારી જયા હતી તો પણ એણે "મા" કહી મને કોઇ દહાડો ય એકસામટા આટલા રૂપિયા આપ્યા નહોતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશીએ આંખના ખૂણા લૂછ્યા.

માલતીએ કહ્યું : " અમે તો ઘણું વેઠીએ છીએ, અમને પણ ધરમ તો છે."

" છેસ્તો ! પણ બધાં કંઇ એ જાણે છે ? "

" કંઈ નહિ હવે જવા દ્યો...કાલે આવશો ને ? "

" હા...પણ...આવીશ...આવીશ. "

" બાઇને તમારી વાત કરું ? "

" હા...ના...ના—ના. કંઇ જરૂર નથી. "

માલતી સમજી ગઇ કે, કામરૂદેશના ઇલમે જયાની માને શાંતિ આપી હોય તેમ દેખાતું નહોતું.

જયાની મા કંઈક શુષ્કભાવે બોલી : " ઠીક ત્યારે, જઉં છું. કો'ક કો'ક વાર તને મળતી જઇશ. "

" હા—આવતાં રે'જો. "

૧૩

એ વાત સાંભળતાં જ સુરેન્દ્ર બાબુ ખૂબ હસ્યા—ને બોલ્યા : " ત્યારે તો તારી સાથે ઘણી ઝઘડી, ખરું ને ? "

માલતીએ કહ્યું : " ઝઘડો શાનો ?—ઊલટું મારા પર એને તો હેત આવ્યું. "

" ત્યારે તો એની સાથે મળી ગઇ ? "

" હા. "

" પણ એને પોતાની પેટની દીકરી સાથે જરાય બનતું નહોતું—આખો દિવસ વઢ્યા જ કરે. "

" એ તો જાણું છું. "

" ક્યાંથી જાણે ? "

" એ પોતે જ પોતાના દુઃખની વાત થોડાથોડી કહી ગઇ હતી. "

દુઃખનું કારણ માલતીએ સ્પષ્ટ કર્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ગાળો તો તને બહુ ભાંડી હશે. "

માલતી હસીને બોલી : " મને તો દીધી નથી. જે ચૂડેલને તમે કલકત્તેથી લાવ્યા છો એને જ દીધી છે. "

" પણ એ ચૂડેલ તો તું જ છે. "

" હું કયાંથી ? હું કયાં કલકત્તેથી આવી છું ? "

" ગમે તેમ પણ એ તો તું જ ને. "

" મને એ ઓળખી શકી નહિ—કોઇ દાસી જ સમજી ગઇ મને."

સુરેન્દ્ર કંઇક દુ:ખી ભાવે બોલ્યો :

" હા, તને દાસી સિવાય બીજું શું સમજે ? "

" એટલે તો હું બચી ગઈ, નહિ તો મને એ આખી જ ન રહેવા દેત. "

" મારી નાખત ? "

" લાગતુ'તું તો એવું. "

" પછી ? "

" મેં કહી દીધું કે બાઇ અહીં નથી. પછી એણે કહ્યું, કે એ આવશે એટલે એ એને આખી ને આખી આરોગી જશે. "

સુરેન્દ્ર બાણુ હસવા લાગ્યા –

" પછી એણે પૂછયું કે એ ચૂડેલે તમારા પર કંઇ જાદુ–ટાણું કર્યું છે કે શું ? મેં કહ્યું કે : હા, એવું કંઇ કર્યું છે ખરૂં, નહિ તો બાબુજી ઊઠ કહેતાં ઊઠે ને બેસો કહેતાં બેસે કયાંથી ! "

" શું હું એવું કરૂં છું ? "

" ત્યારે શું ? "

" એમ !...ઠીક...જોઉં ત્યારે...હં...પછી...? "

" પછી પૂછયું, કે એ ચૂડેલને કંઇ મંતર–તંતર આવડે છે ? મેં કહ્યું કે બહુ સારું આવડે છે. કામરૂદેશથી શિખી આવી છે. એ બોલી : ' હું યે જાણું છું એમ તો ! '–પણ મને લાગે છે, એ બહુ ગભરાઇ ગઈ હતી. પાછું એણે પૂછયું : ' ફુંક–બીક જાણે છે ? ' મેં કહ્યું કે હા, જાણે છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેન્દ્ર બાબુ આ સાંભળી વળી પાછા ખૂબ હસ્યા; પછી બોલ્યા : " પછી એ નાસી ગઇ ને ! "

" હા. "

" હવે પાછી નહિ આવે ? "

" કેમ નહિ આવે ?—આવશે જ વળી ! – પણ તમારી એ ચૂડેલ પાસે નહિ જાય—આવે તો મારી પાસે જ આવે. "

" ઇચ્છા હોય તેની પાસે ભલે આવે ! પણ તું તો મારી પાસે આવ. "

માલતી નજદીક આવી એટલે સુરેન્દ્ર બાબુ એનો હાથ પકડી લઇ બોલ્યા :

" માલતી ! હવે આમ ક્યાં સુધી ચાલશે ? તારો આ વેશ તો મારાથી હવે નથી દેખ્યો જતો. "

માલતી મોં દાબીને હસી જ રહી; પછી બોલી : " આભૂષણ પહેરું તો શું મારું રૂપ વધશે ? "

" તારા રૂપને તો સીમા નથી; જેને સીમા નથી એને વધવાનું હોય ? પણ મારા સંતોષ ખાતર તો..."

" આભૂષણ પહેરવાં પડશે ? "

" હા. "

" વારુ...પણ પહેલાં કહો, આટલી જીદ કેમ કરો છો ! "

" ખોટું તો નહિ લાગે ને ? "

" બિલકુલ નહિ. "

" ત્યારે સાંભળ......તારું આ બૂચું શરીર આમ તો છે જ્યોતિઝરતું...તને સ્પર્શ કરતાં ય મને કોઇ કોઇ વાર સંકોચ થઇ જાય છે. તને જોઉં છું, ને જાણે મારા પાપનો પોટલો તારી પેઠે જ બરાબર ઝળકી ઊઠી ઊંચે ચડે છે...તને શું કહું ? તારી નજીક બેસું છું, પણ કોઇ અજાણ્યા ભયે જાણે કે હું જકડાઇ જાઉં છું...કંઇ ચેન નથી પડતું...તારી સાથે બરાબર ભળી શકતો નથી...એટલે જ— તને આભૂષણોથી લાદી દઇ કંઇક ઝાંખી કરી દેવા માગું છું. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી ચૂપચાપ પોતાનું સર્વાંગ નિરખી રહી. મોટા અરિસામાં એનું પૂરું પ્રતિબિંબ પડતું હતું ત્યાંય નજર નાખી. એને થયું : સાચે જ, એ અતિ ઉજ્જવલ, અતિ જ્યોતિર્મયી હતી...એમ પણ થયું : પહેલાનું સાત્વિક તેજ હજુય એ દેહમાં વિલસી રહ્યું હતું—પવિત્રતાની ઝાંય હજુય એ શરીર પર સહેજ—સહેજ ઢળી રહી હતી. એ રાત્રે માલતીને એ શાંત ખંડમાં કંઇક ભ્રમ થયો; એને લાગ્યું : સામે અરીસામાં એક કલંકિત દેવી ઊભી હતી અને બાજુમાં જીવનના આરાધ્ય સમી સુરેન્દ્રનાથની અકલંકિત દેવમૂર્તિ ખડી હતી.

આશ્ચર્ય—આનંદમાં માલતીએ આંખો મિંચી દીધી.

બીજે દિવસે સાંજને સમયે મોહન નટવર બની સુરેન્દ્રનાથ માલતીના મંદિરમાં પ્રવેશ્યા. ગળામાં સુગંધિત પુષ્પોની માળાઓ—એક હાથમાં ફૂલોનો તોરો, બીજા હાથમાં મખમલમાં વિંટાયલી એક નાનીશી દાબડી, અંગ પર રેશમી કપડાં, પગમાં જરીના જોડા ડૂલતાં—ડૂલતાં તેઓ માલતી સામે આવી ઊભા. પોશાક વગેરે જોઇ માલતી હસતી હસતી બોલી :

" આજે આ શું ? "

" બોલ જોઉં, શું ? "

" એ કેમ જાણું ? "

સુરેન્દ્રનાથ કૃત્રિમ ગંભીરતા ધારણ કરી બોલ્યા :

" તું પૂજા કરે છે ? "

" હા. "

" તો તો તારી પાસે ચંદન હશે...એ લઇ મારા લલાટે લગાડ. આજે મારાં લગ્ન છે. "

" કોની સાથે ? "

" પહેલાં મને સજાવ, પછી કહું. "

માલતી નીચે જઇ ચંદન ઘસીને લઇ આવી અને સુરેન્દ્રનાથના કપાળ ઉપર ચોપડી બોલી :

" હવે કહો. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હજીયે ન સમજી?"

—ને ગળામાંથી એક પછી એક બે-ત્રણ હાર માલતીને પહેરાવી દીધા. મખમલની દાબડીમાંથી અનેક જાતના રત્નાલંકારો બહાર કાઢી પહેરાવ્યા. માલતીએ આખા જન્મારામાં આવું કદી જોયું નહોતું. વિસ્મિત બની એ જોઈ રહી. સુરેન્દ્રનાથ તરત એનું મોં ચૂમી બોલ્યા: "તારી સાથે હું પરણ્યો છું—આટલા દિવસ પછી તું મારી પત્ની બની છું. હવે તારાથી ક્યાંય નહિ જવાય. જે હાર તને મેં આજે પહેરાવ્યો એ હવે તારાથી જન્મ—જન્માંતરે પણ નહિ છોડાય."

બન્નેની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. બન્ને કેટલીય ક્ષણો સુધી કશુંય બોલી શક્યાં નહિ. પછી આંસુ લૂછતાં સુરેન્દ્રનાથ બોલ્યા:

"હવે ઘેર ચાલ, તારો સંસાર હવે તું જ સંભાળી લે. મારી આશિષ છે: તું સદાય સુખી રહે."

માલતી પ્રણામ કરી ફરી એમની નજીક બેઠી. આજે એની આંખમાં આંસુનો પાર નહોતો—ઘણી વાર લૂછયાં, પણ પાછાં એ આંસુથી જ છલકાવા માંડયાં; કોઈ રીતે એ ખાળી શકાતાં નહોતાં. સુરેન્દ્રનાથની ધ્યાન બહાર એ નહોતું; તેમણે કહ્યું: "માલતી! મા—બાપ યાદ આવ્યાં?"

માલતી ડોકું હલાવી બોલી:

"હા."

"મારી જે ઈચ્છા હતી એ સામે તેં જ વાંધો ઉઠાવ્યો, પણ મને થયું કે આમ કર્યા વગર છૂટકો જ નથી...મને તો હતું કે તને હવે હું મળ્યો છુ તો તારી સાથે બધાંના દેખતાં પરણી લઉં ને ફરી એક વાર સંસારી બનું—તારાં માબાપને અહીં તેડાવું, પછી ભલે લોકો ફાવે તેમ બોલે; મને એની પરવા નથી, પણ સુખ તો મળે."

અને પછી દીર્ઘ નિઃશ્વાસ નાખી તેઓ આગળ બોલ્યા: "એ આશા હવે ઘણી છેટે જતી રહી છે...ગમે તેમ...ચાલ હવે, ઘેર આવે છે ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ક્યાં ? "

" તારે ઘેર—જ્યાં હું રહું છું. "

" તો શું આ મારૂં ઘર નથી ? "

" તો ઘેર નહિ આવે ? "

" ના. "

" મને લાગ્યું જ હતું. "

૧૪

દુ:ખના દિવસ-લંબાઈ કપાઇ તો જાય છે,-ગમે તેમ એ વીતી જાય છે, એ ખરૂં જ છે. માધવના મૃત્યુ પછી શુભદાના દિવસો પણ તેવી જ રીતે કપાતા ગયા. એ વખતે ચોમાસું હતું, આકાશમાં ઘનઘોર ઘટા છવાઇ હતી, રસ્તે જ્યાં-ત્યાં કાદવ-કીચડ હતો; અત્યારે એને બદલે શરદ ઋતુ બેસી ચૂકી હતી. આકાશમાં એ મેઘ નહોતા, એ કાદવ-કીચડ નહોતો, રસ્તે ધૂળ ઊડતી હતી—કોઇ કોઇ વાર બે-ત્રણ સફેદ વાદળાંનાં ગાભલાં ઉદ્દેશહીન ભાવે આકાશ વટાવતાં ક્યાંય જઇ રહ્યાં હતાં. એ વખતે પ્રકૃતિદેવી આખો વખત મ્લાનમુખ રહેતી, સદાય એની આંખમાં આંસુ જ વસતાં; આ સમયે એવું કંઈ નથી. કોઈ કોઇ વાર એ વદન કંઇક મલિન થતું, બે ચાર અશ્રુબિંદુ પણ આંખમાં આવતાં, પરંતુ તે એકાદ ક્ષણ માટેજ. તરત એ લૂછી નાખી એ વદન હસી ઊઠતું. ગત કાળની સ્મૃતિથી જડાયલા દુ:ખનાં શેષ ક્રંદન શું ગગનના કો ખૂણેથી ગરૂર્ કરતું કોઇ ખરી જતું ખરૂં, પણ એમાં કશી ગંભીરતા નહોતી. પરિવર્તન વિના સંસાર ન ચાલે, એ હકીકત સૌ કોઇ જાણે છે, પણ કેવળ જાણતા નથી શુભદાના દેવ. જન્મી ત્યારથી આજ લગી.........

શુભદા એનો વિચાર કરતી, અને બીજું કોઇ વિચારતું હોય તો તે સદાનંદ ચક્રવર્તી. ગામમાં પાંચ જણ જોતાં : શુભદા ઘાટ પરથી સ્નાન કરીને જાય છે, કેડમાં પાણીની ગાગર રાખી ધીમે ધીમે ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે, ઘરનું કામકાજ કરે છે, પણ એ રોજ ક્ષીણ–રોજ વિષાદમય માલમ પડે છે.

એનાથી મોટી વયની સ્ત્રીઓ કહેતી : " છોટી હવે નહિ બચે, બિચારી ! અરેરે ! "

સમાન વયની સ્ત્રીઓ બોલતી : "આવી કમનસીબી તો દુશ્મનનેય ન મળો ! બિચારી ! "

પાછળ બધાં " બિચારી ! અરેરે ! " બોલતાં, પણ એની સામે એ પ્રમાણે કહેતાં એમને શરમ આવતી. બધાંય જાણતાં હતાં : આ " બિચારી ! અરેરે..." એ શબ્દો શુભદાને શોભતા નથી. એ સિવાય બીજો કોઇ શબ્દ—જેનું અસ્તિત્વ નથી, જેનો આજ સુધી કોઇએ પ્રયોગ કર્યો નથી—કરવાનો અવકાશ સાંપડયો નથી તેવો એકાદ શબ્દ એમને મળી આવે તો એ શુભદા આગળ બોલી શકાય. એટલે કોઇ કંઇ બોલતું નહિ. શુભદા આવતાં **સૌ** કોઇ ચૂપ થઇ જતું. ગંગાના ઘાટ પર બાળકો પાણી ઉડાડતાં, તોફાન મચાવતાં, હાસ્યકલરવે વૃદ્ધાઓના શિવપૂજાના મંત્રો ભુલાવી દેતાં ને એમ અનેક ઉત્પાત કરતાં, પણ શુભદા જ્યારે મૂંગી મૂંગી ઘાટના છેલ્લે પગથિયે આવી ગાગર નીચે મૂકી, કોઈ અછૂતની પેઠે સંકોચસહ પાણીમાં ઊતરતી ત્યારે બધાંય બાળકો સમજી જતાં, કે હવે કંઇ તોફાન ન કરાય, પાણી ન ઉડાડાય, એમ ચૂપ થઇ પોતાની બાની અથવા તો કોઇ સગાંનું કપડું પકડી શાંત ઊભાં રહેતાં......એ પછી એ જતી રહેતી, પણ બાળકો પૂર્વભાવ તરત ન મેળવી શકતાં.

શુભદા હસવું ભૂલી ગઈ હતી. રડવાનો ય હવે તેને કંટાળો આવ્યો હતો. ગઇ ગુજરી સંભારી જોવામાં ય એને શરમ થતી. ઘર આખું સૂનું લાગતું હતું. છન્ના સાસરીએ ગઇ હતી, રાસમણિ તો લગભગ આખો દિવસ ઘરમાં જ રહેતી નહોતી અને હારાણ મુખરજી ?...એ તો હમણાં હમણાં કંઈક સારો બની ગયો હતો. રોજ બે વખત ઘેર આવતો, બે–ચાર આના પહેલાંની પેઠે ઉછીના લેતો અને પાછો ક્યાંક ઉપડી જતો. શુભદા આખી બપોર રસોડાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન પર એકાદ જૂનું લુગડું નાખી તેના પર પડી રહેતી. સાંજ પડતાં એ ફરી ઊઠતી, ઘાટે જતી, દીવો સળગાવી રાંધતી, સંપૂર્ણ કાળજીપૂર્વક પતિ આગળ થાળી મૂકતી, સદાનંદને જમાડતી......ફરી સવાર થતી, ફરી બપોર થતી, ફરી રાત ઊતરતી.

રોજની પેઠે આજે પણ શુભદા બપોર પછી રસોડામાં સૂતી હતી. બહારથી કોઇ પુરુષનો અવાજ સંભળાયો : “ માજી ! ”

શુભદાએ સાંભળ્યું ખરું, પણ કંઇ બોલી નહિ. એને થયું : બીજા કોઇને કોઇ બોલાવી રહ્યું છે.

વળી અવાજ આવ્યો : “ માજી ! ઘરમાં છો કે ? ”

શુભદા બહાર આવતાં બોલી : “ કોણ ? ”

“ હું ટપાલી ! તમારો કાગળ છે. ”

શુભદાને બહુ અજાયબી થઈ—એને વળી કાગળ કોણ લખે ? પાસે જઇને બોલી : “ લાવો. ”

“ એમ ના અપાય; માજી, આ રજિસ્ટર કાગળ છે—શુભદાદેવીના નામનો છે, સહી વગર એ ના મળે. ”

શુભદાને “ રજિસ્ટર ” નો અર્થ સમજાયો નહિ. એ બોલી : “ લાવ, હું જ શુભદા છું. ”

ટપાલીએ એ કાગળ બહાર કાઢ્યો અને એક બીજો કાગળ આગળ ધરીને બોલ્યો : “ આના પર સહી કરો. ”

શુભદાને લખતાં આવડતું હતું. એ બોલી : કલમ–બલમ છે ? ”

ટપાલી સહેજ એના મોં સામું જોઇ હસીને બોલ્યો :

“ કલમ હું ક્યાંથી લાવું ? ઘરમાં નથી ? ”

શુભદાએ કહ્યું : “ જોઉં, હોય તો ઠીક છે. ”

ઘરમાં ઉપર હેઠળ બધે ફર્યા પછી લલનાનો એક ભાંગ્યો–તૂટ્યો ખડિયો મળ્યો. શાહી સુકાઇ ગઈ હતી. જરા પાણી રેડી માંડ માંડ તૈયાર કરી, પણ કલમ ક્યાં ?

તરત શુભદાને માધવનું દફતર યાદ આવ્યું. ઉપરના માળમાં એક ખૂણે માધવ ને લલના અભ્યાસ કરતાં હતાં, લલના એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણાવતી. શુભદાએ ઉપર આવી જોયું તો એ જ ખૂણામાં શાહીથી ખરડાયલા કપડામાં વિંટાળાયલું એક દફતર પડયું હતું. ઘણા દિવસથી શુભદા અહીં આવી જ નહોતી—ઘણા દિવસથી અહીં ડૂકીને જોયું ય નહોતું. એ તો લલનાની જ ઓરડી હતી. લલનાના મૃત્યુ બાદ આજ એ પહેલી જ વાર ત્યાં આવી હતી. દફતર હાથમાં લઇ ધીમેથી એ ખોલ્યું. એમાં એક ફૂટેલી પાટી, એક ફાટેલી બાળપોથી, એક આંકની ચોપડી, બે બરૂની કલમ, બે ત્રણ નાની નાની સ્લેટ-પેન, જૂના પંચાંગમાંથી કાઢેલાં ચાર-પાંચ ચિત્રો વગેરે મળી આવ્યું. શુભદાની આંખમાંથી ટપ કરતું આંસુનું ટીપું સરી પડયું. એક કલમ લઇ શુભદાએ બધું હતું તેમ બાંધી દીધું; કારણ, એ જાણતી હતી, કે આ બધું માધવને જીવથીય વહાલું હતું.

નીચે આવી શુભદાએ કાગળ લઇ લીધો. ઘરમાં જઇ ખોલીને જોયું તો એમાં પચાસની એક નોટ હતી. જરૂર કંઇક ભૂલ થઇ છે—ટપાલીને હાંક મારતી એ બહાર આવી, પણ ટપાલી તો ત્યાંથી ક્યાંય જતો રહ્યો હતો. વહુ માણસ ગણાતી હોવાથી એ બૂમ પાડી શકી નહિ. નોટ હાથમાં જ રાખી અંદર આવી. એને થયું કે ટપાલી પોતેજ એની મેળે લેવા આવશે, પણ એવું કંઇ થયું નહિ. એ દિવસે ય એ આવ્યો નહિ કે બીજે દિવસે ય આવ્યો નહિ. એટલે શુભદાએ સદાનંદને એ વાત કહી. સદાનંદ એ સાંભળતાં જ બોલ્યો: " ભૂલ તો થઇ નથી ? આપણા ગામમાં તમારા નામનું કોઇ બીજું છે જ નહિ... ને વળી હારાણુ મુખરજીનું નામ પણ છે, એટલે ચોક્કસ એ તમારૂં જ છે, પણ કલકત્તામાં તમારૂં કોણ છે ? "

" કલકત્તામાં તો મારૂં કોઇ નથી ! "

બીજે દિવસે સદાનંદ પોસ્ટ ઑફિસમાં જઇ તપાસ કરી આવ્યો ને શુભદા આગળ આવી બોલ્યો : " કલકત્તેથી અઘોરનાથ બસુ નામના કોઇ વકિલે આ પૈસા મોકલાવ્યા છે. "

શુભદા વિસ્મય પામી બોલી : " એ વળી કોણ ? હું તો એ નામના કોઇ માણસને ઓળખતીય નથી. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ત્યારે ? "

" તમે જ કંઇ કરો હવે એનું. "

" સદાનંદ હસીને બોલ્યો : " હું શું કરૂં ? પૈસા તમારે ન લેવા હોય તો પાછા મોકલી દ્યો. "

" ભાઇ ! બધાં ભૂખે મરતાં'તાં એ વખતે આ પૈસા આવ્યા હોત તો પણ હું એને હાથ અડકાડત......એ આપણા નથી–આપણુને એ ન જોઈએ. "

સહેજ વિચાર કરી સદાનંદ બોલ્યો : " કલકત્તે જઈ હું બધી તપાસ કરીશ. અત્યારે તો એ લઈ લ્યો, પાછા આપવા જેવું હશે તો આપી દઈશું. "

" ના, ના; તમે જ એ રૂપિયા સાથે લઇ જાવ. આપવા જેવું હોય ન હોય એ પાછા જ આપી દ્યો, કદાચ બીજા કોઇને બદલે મારા પર મોકલ્યા હોય. "

" ઠીક. જઇશ ત્યારે બધું પતાવી દઇશ. "

" હા, એમ જ કરજો. "

૧૫

પોતાની મોટી ઑફિસમાં વકીલ બાબુ શ્રી અઘોરનાથ બસુ મહાશય બેઠા હતા. તેમની સામે જ ટેબલની બીજી બાજુએ નારાયણ-પુરના જમીનદાર સુરેન્દ્રબાબુ બિરાજ્યા હતા. ટેબલ પર મુકદ્દમાનાં કાગળિયાંનો ઢગલો પડયો હતો. કંઇક ગંભીરતાથી બન્ને જણ એ તપાસી રહ્યા હતા.

થોડીક ક્ષણો પછી સુરેન્દ્રબાબુ ડોક ઊંચી કરી બોલ્યા : " અઘોરબાબુ ! મને તો લાગે છે કે આ કેસ આપણે હારી જઇશું. "

" અત્યારે કંઇ ન કહી શકાય. "

કેમ ન કહી શકાય ? મને તો બરાબર લાગે છે, કે કેસ આપણી તરફે ગુમાં નહિ જ આવે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાઈકોર્ટથી ય ઉપર જઈ શકાય છે."

"હા, પણ એટલે સુધી જવાની મારી ઇચ્છા નથી."

"તો શું માલપુરની મિલકત જવા દેશો?"

"તો બીજો કંઈ રસ્તો છે?"

"પણ પછી આવક બહુ ઘટી જશે!"

"હા, લગભગ અડધોએક ભાગ ઓછો થશે."

અઘોરબાબુ મૌન સેવી રહ્યા. મનમાં ને મનમાં તેઓ કંઈક ગુસ્સે થયા હતા, કારણ તેઓ પણ સમજી ગયા હતા કે સુરેન્દ્રબાબુનું અનુમાન કદાચ સાચું ઠરે. આ સમયે એક ચાકર આવી બોલ્યો:

"બહાર આપને કોઈ મળવા આવ્યું છે."

"એ તો ખબર નથી, પણ કોઈ બ્રાહ્મણ પંડિત જેવો લાગે છે."

"કહી દે એને, કે હમણાં વખત નથી."

થોડી વારે એ નોકર ફરી પાછો આવી બોલ્યો: "એ જતા નથી; કહે છે, કે બહુ જરૂરી કામ છે."

અઘોરબાબુ વધુ ગુસ્સે થયા, પણ સુરેન્દ્રબાબુ તરફ જોઈ બોલ્યા: "અહીં જ બોલાવું એને?"

"હા. હા, એમાં શું છે!"

નોકરને એને તેડી લાવવા સૂચવ્યું.

થોડીક વાર પછી એક ઊંચો ગૌરવર્ણ બ્રાહ્મણ ત્યાં આવ્યો. ગળામાં યજ્ઞોપવીત, માથે લાંબી ચોટલી, પણ કપાળમાં કંઈ તિલક મળે નહિ......અડધો મેલો ખેસ શરીર પર વિંટાળ્યો હતો, પગ ઉઘાડા હતા, ઘુંટણ સુધી ધૂળ ચોંટેલી હતી. બન્ને જણ એને નિહાળી રહ્યા. અઘોરબાબુ બોલ્યા: "બેસો."

બ્રાહ્મણ નજીકમાં જ એક નાના ટેબલ પર બેઠક લઈ બોલ્યો: "વકીલબાબુ અઘોરનાથ બસુ..."

"હા, હું જ; બોલો."

"તમારું જરા કામ હતું; અહીં જ કહું?"

"હા, ખુશીથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેસમાંથી એક કાગળ કાઢી એ બોલ્યા :

" આ પૈસા શુભદાદેવીને તમે મોકલ્યા છે ? "

અઘોરબાબુ કાગળ જોઈ બોલ્યા : " હા. "

બ્રાહ્મણ વિસ્મય પામી બોલ્યો : " હળુદપુરના હારાણ મુખરજીને ત્યાં—શુભદાદેવીને ? "

" હા, એમને ત્યાં જ. "

" કેમ ? "

" ધણીનો જેવો હુકમ. "

" ધણી કોણ ? "

અઘોરબાબુ સુરેન્દ્રબાબુ ભણી સહેજ કટાક્ષ નાખી બોલ્યા : " એ જણાવવાનો હુકમ નથી. "

તો આ પૈસા લઇ લ્યો. જેને તમે મોકલ્યા છે એને એની જરૂર નથી. તમને તો એ ઓળખતાંય નથી ને તમારા ધણીને પણ નહિ જ ઓળખતાં હોય...બધું તપાસ કરી તમને એ પાછા આપવા જ મને અહીં મોકલ્યો છે. અમને તો લાગ્યું'તું કે ભૂલથી બીજા કોઈને બદલે અમારા નામ પર મોકલાયા છે. "

અઘોર બાબુ હસીને બોલ્યા : " વકીલ માણસથી તો આવી ભૂલ થાય નહિ. "

" નહિ થઇ હોય, પણ આ લઇ લ્યો. "

" એ ન બને. ધણીના હુકમ વિના મારાથી કંઇ ન થાય. "

" તો એમને પૂછી મને જણાવજો, હું પાછો આવીને આપી જઈશ. "

તે ઊઠવા લાગ્યો, પણ સુરેન્દ્રનાથે પોતે જ એને પૂછ્યું : " મહાશય, આપનું નામ ? "

" મારૂં નામ સદાનંદ ચક્રવર્તી. "

સુરેન્દ્રનાથ ચમક્યા. થોડીક ક્ષણ એને જોઇ રહ્યા પછી બોલ્યા : અહીં ક્યાં ઊતર્યા છો ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ક્યાંય નક્કી કર્યું નથી – સીધો અહીં જ આવું છું...બનતા સુધી આજે જ પાછો જઇશ."

સુરેન્દ્રનાથ અઘોરબાબુને ઉદ્દેશીને બોલ્યા :

" હવે હું જાઉં છું, રાતે પાછો આવીશ."

અને પછી સદાનંદ સામે જોઇ બોલ્યા : " આપની સાથે મારે થોડી વાત કરવી છે."

" બોલો."

" અહીં નહિ – મારું ઘર અહીં નજીક જ છે; તમને વાંધો ન હોય તો આપણે ત્યાં જઇએ. ત્યાં જ બધી વાત કરીશું."

સદાનંદને તો કંઈ વાંધો ન હતો; એ પછી બન્ને જણ ગાડીમાં આવી બેઠા. ગાડીમાં સદાનંદે કહ્યું : " મેં તમને ક્યાંય જોયા હોય એમ નથી લાગતું, પણ તમે મને ક્યાંય જોયો છે ?"

" ના, જોયો તો નથી, પણ હું તમને ઓળખું છું."

" ક્યાંથી ?"

" ઘેર તો ચાલો, ત્યાં જ બધું જણાવીશ."

થોડી વારમાં ગાડી ઘર આગળ આવી ઊભી. સુરેન્દ્રનાથ બોલ્યા : " હું પણ બ્રાહ્મણ છું. બહુ મોડું થઇ ગયું; અહીં જ જમો તો ?"

" કંઇ વાંધો નહિ."

જમ્યા પછી બન્ને દિવાનખાનામાં બેઠા.

સુરેન્દ્રબાબુ બોલ્યા : " શુભદાદેવી ઘરનાં તો ગરીબ છે, નહિ ?"

" હા, ગરીબ તો છે જ પણ......"

" સમજ્યો...કોઇનું દાન શું કામ સ્વીકારે, એમ ને ?"

" હા, કંઈક એવું ખરું, તેમાંય દાતાનું નામ જાણ્યા વિના..."

" પણ એમાં શું વાંધો ? જે દાન કરે છે એ પોતે જ જાણે છે, કે કંઈ ભૂલ થતી નથી. યોગ્ય માણસને જ એ અપાયું છે."

" પણ એ દાન કરનાર કોણ છે ?"

" સમજી લ્યો કે અઘોર બાબુ –"

" અઘોર બાબુનો શો અર્થ છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેન્દ્રબાબુ કંઇક ગૂંચવાતા બોલ્યા : " પણ...દાન કરવાનો તો સૌ કોઇને અધિકાર છે. "

" કબૂલ, પણ બધાં કંઈ ગ્રહણ કરે છે ? "

" ના કરે, ખરૂં : પણ જેને જરૂર છે એનું શું ? "

સદાનંદ આ સાંભળી કંઇક ગુસ્સે થયો અને બોલ્યો :

" શુભદાદેવી આમ ભિક્ષા વગર ચલાવી શકે એમ છે. "

" હમણાં કદાચ ચલાવતાં હશે, પણ થોડા દિવસ પર એમ ચલાવતાં હતાં ? "

" એનું આપને શું કામ ? ને એ આપે જાણ્યું ક્યાંથી ? "

" હું તો બધું યે જાણું છું. હારાણ બાબુ એક પાઇ સરખી કમાતા નથી ને વળી વ્યસનોય ઝાઝાં વળગાડયાં છે. જે પોતાનાં બૈરીછોકરાં સંભાળી શકતા નથી એનો સંસાર બીજાની સહાય વિના કંઈ ચાલે ? "

સદાનંદ કંઇક ગોટાળામાં પડયો. તત્કાળ કંઇ જવાબ ન આપી શકયો.

સુરેન્દ્ર બાબુ ફરી આગળ બોલવા લાગ્યા :

" હારાણ બાબુ હમણાં શું કરે છે ? "

" કંઇ યે નહિ. "

" સમજ્યો......ત્યારે તો આપની જ મદદથી એમનો સંસાર નભે છે. "

" ભગવાન મદદ કરે છે...હું તો ગરીબ છું. "

" છલનાનાં લગન થયાં ? "

" હા. "

" ક્યાં ? કોની સાથે ? "

" ગામમાં જ—શારદાચરણ રાય સાથે. "

" માધવને કેમ છે ? "

" એ તો બિચારો ગુજરી ગયો—ઘણા દિવસ થયા. "

" અરર......ને મોટી દીકરી ક્યાં છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદ વિસ્મય પામી બોલ્યો : " ક્યાં એટલે ? એ તો જીવતી નથી..."

" જીવતી નથી ? મરી ગઈ છે ?–શી રીતે ? "

" ગંગામાં ડૂબી મરી. "

" ક્યાંથી જાણ્યું ? શબ મળ્યું'તું ? "

" શબ તો મળ્યું નહોતું, પણ એનાં કપડાં નદીમાંથી મળી આવ્યાં હતાં......એ પરથી લાગે છે કે એણે આપઘાત કર્યો. "

" બરાબર એમ માનો છો ? એમાં જરાય સંદેહ નથી ? "

" ના. "

કેટલીક ક્ષણ બન્ને ચૂપ રહ્યા. પછી સુરેન્દ્રનાથ બોલ્યા : " ઠીક... ઘડીભર એમ માની લ્યો કે પૈસા એણે જ મોકલ્યા છે તો ? "

" કોણે ? લલનાએ ? "

" હા. "

" હા...હા...બરાબર...યાદ આવ્યું...લલના જ એનું નામ... લલના ને છલના બે બહેનો ખરૂં ને ? "

" હા. "

" ત્યારે માનો કે લલનાએ જ એ પૈસા મોકલાવ્યા છે તો ? "

" મરી ગઇ તે ? "

" હા, એ જ. નદીમાંથી એનાં કપડાં મળી આવ્યાં એટલે એ મરી ગઈ છે એમ કંઇ થતું નથી. "

સદાનંદે અતિ વિહ્વળતા અનુભવી. થોડીક વાર પછી નીચી નજરે વિચાર કરીને બોલ્યો :

" એ તો જીવતી જ નથી...જીવતી હોય તો કાગળ લખે. "

" કાગળ લખતાં એ કદાચ શરમાતી હશે તો ? "

" લલનાને હું ઓળખું છું. શરમાવા જેવું કંઇ પણ એ નાં કરે; જીવતી રહીને પોતાની જાતને એ છુપાવી ન રાખે. "

" એ ડૂબી મરી નથી, જીવે છે. એણે જ પૈસા મોકલાવ્યા છે ને દર મહિને મોકલતી રહેશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજમાં કંઇ થયું હોય તેમ તાળવું હલાવતો સદાનંદ બોલ્યો : "આપનું નામ ?"

"સુરેન્દ્રનાથ રાય."

"કયાંના ?"

"નારાયણપુરના."

"હારાણ બાબુની આટલી બધી વાત તમે કયાંથી જાણી ?"

"લલનાએ કહી."

"લલના કયાંથી કહે ?-એ તો મરી ગઇ છે !"

"મરી નથી ગઈ, સુખી છે."

"એ સ્વર્ગે ગઇ છે."

સુરેન્દ્રબાબુએ મોટેથી બૂમ પાડી :

"સદાનંદબાબુ, જરા ઊભા રહો."

"ના ના, હું જાઉં છું—"

"જરા ઊભા તો રહો, વાત કહું–"

"એ કદી મળે તો કહેજો કે સદા દાદાએ એને અનેક આશીર્વાદ કહ્યા છે–"

"એની બાને કહેજો–"

"હા, એ સ્વર્ગે પહોંચી છે."

સદાનંદ ધીમે ધીમે જતો રહ્યો; પાછો ન ફર્યો—

સુરેન્દ્રનાથ પછી ઘણી વાર લગી શાંત મૂંગેમૂંગા બેસી રહ્યા. થોડા દિવસ પહેલાં કદાચ તેઓ આ વાત પર હસ્યા હોત, પણ આજે એમની આંખમાં આંસુ આવી ગયાં. એટલામાં બહારથી એક નોકર આવી બોલ્યો : "બાબુજી, ગાડી તૈયાર કરું ?"

"હા–છટ્...માનવી આવું વિષ પણ સ્વેચ્છાથી ખાય છે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

મોડી રાત વીતી ગઇ હતી, છતાંય માલતી પોતાના ખંડમાં બેસી "સીતા-વનવાસ" વાંચી રહી હતી. ઘણું રડી હતી, ઘણી વાર આંસુ લૂછી નાખ્યાં હતાં, છતાંય આગળ ને આગળ વાંચ્યે જતી હતી. અહા ! વસ્તુ બહુ સારી લાગતી હતી, જરાય છોડવી ગમતી નહોતી.

એ સમયે બહારથી દરવાજા આગળ આવી કોઇએ મોટા—ઘેરા અવાજે બૂમ પાડી : "લલના !"

માલતી કંપી ઊઠી. હાથમાંથી "સીતા-વનવાસ" હેઠે પડી ગયો.

"લલના !"

માલતીની છાતી એકદમ ધડકવા લાગી. ક્ષીણ સ્વરે એ બોલી : "કોણ ?"

આ સાંભળી સુરેન્દ્રનાથ હસતા હસતા અંદર આવી ફરીથી બોલ્યા : "લલના !"

"તમે છો ?"

"હા, હું જ છું...પણ તું આબાદ પકડાઇ ગઇ છે. નામ છુપાવી રાખ્યું'તું કેમ ?"

"ક્યાં છુપાવ્યું છે ?"

"પાછું જૂઠું બોલે છે ?"-એના સુકા હોઠ ચૂમી એ આગળ બોલ્યા : "બધુંય જાણીને આવ્યો છું. લલના મટી હવે માલતી બની બેઠી છે, નહિ ?"

"ક્યાંથી જાણ્યું ?"

"કલકત્તામાંથી."

"કલકત્તામાં તો મને કોઇ ઓળખતું નથી."

"ત્યાં તને કોઇ ઓળખતું નથી એ સાચું, પણ જે ઓળખે છે—જાણે છે તે હળદપુરથી ત્યાં આવ્યો'તો."

"કોણ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારો સદા દાદા—પૈસા પાછા આપવા એ અઘોર બાબુ પાસે આવ્યો હતો."

"પૈસા પાછા આપવા ?"

"હા."

"સદા દાદા !"

"હા, એ જ."

માલતી ચૂપ રહી.

કેટલીક ક્ષણ પછી સુરેન્દ્રનાથ બોલ્યા : "કેમ બોલતી નથી ?"

"સદા દાદા કેમ છે ?"

"સારા છે, તારા બાપ મજામાં છે. એમની સ્થિતિય સારી છે; એટલે જ તારા પૈસા લેતા નથી. સદાનંદ બાબુએ એમની સ્થિતિ પલટાવી નાખી છે."

"મારૂં નામ લલનાએ શી રીતે જાણ્યું ?"

"સદાનંદે કહ્યું : બધાં એમ માને છે કે તેં આપઘાત કર્યો છે."

માલતીએ ઊંડો નિ:શ્વાસ નાખ્યો.

"પણ મેં એમને કહ્યું કે તું જીવે છે ને સુખી છે.

"એમ કેમ કહ્યું ?"

"તો શું ખોટું બોલું ? તું જીવતી નથી ? ને હું માનું છું, તને કંઇ દુ:ખ નથી. સુખી નથી ?"

"છું, પણ સદાનંદે એ કંઇ પૂછ્યું'તું ?"

"ના, મેં મારી મેળે જ કહ્યું......ને તારી બાને પણ એમ કહેવા કહ્યું."

"મેં પૈસા મોકલાવ્યા'તા એમ પણ કહ્યું'તું ?"

"હા."

"મારો જીવ લઈ લીધો તમે તો !...એ પાગલ આખા ગામમાં વાત કરશે. એમને મન હું મરી ગઇ હતી..શા માટે મને ફરી જીવતી કરી ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરેન્દ્રનાથ દુઃખિત ભાવે સહેજ મૃદુ હસ્યા ને પછી બોલ્યા : "જેને તમે બધાં પાગલ માનો છો, એ લગીરે પાગલ નથી ..કદાચ કોઈ દિવસ પાગલ હશે, પણ હવે એ દિવસ ક્યારનોય જતો રહ્યો છે. હળદપુરમાં એ તને ફરી જીવતી નહિ કરે...તેં તારી જાતને છુપાવી રાખી છે; તો એ તને કદિયે પ્રકટ નહિ કરે."

"કેમ જાણ્યું ?"

"જાણું છું; જ્યારે મેં એમને તું જીવતી છે એમ તારી બાને કહેવા કહ્યું, ત્યારે એમણે કહ્યું : 'લલના શરમાવવા જેવું કંઇ કરે નહિ—પોતાની જાતને કદી છુપાવે નહિ-એ જીવતી નથી, મરી જ ગઈ છે.' પછી મેં કહ્યું કે તું સુખી છે; ત્યારે એ બોલ્યા : 'એ સ્વર્ગે સંચરી છે.' મેં વળી પાછું કહ્યું: ' 'સદાનંદબાબુ, જરા ઊભા રહો.' એમણે કહ્યું : 'ના, હું જઇશ; કોઈ દિવસ એને મળો તો સદા દાદાના આશીર્વાદ કહેજો.' માલતી ! હું બરાબર સમજ્યો'તો; જે વિષ મેં પીધું છે એ જ વિષ એમણે પણ પીધું છે. મારું વિષ અમૃત બની ગયું છે; એમને એ પ્રાણઘાતક નીવડ્યું છે."

માલતી નીચી દૃષ્ટિએ સાંભળી રહી હતી. રડવાની ખૂબ ઇચ્છા થઈ આવી, પણ શરમાઇ ગઇ.

"ને તને એક સારી ખબર આપું : તારી છલનાનાં લગન થઈ ગયાં છે."

માલતી ઊંચી નજર કરી બોલી : "થઇ ગયાં છે ? ક્યાં ? કોની સાથે ?"

"ગામમાં જ-શારદાચરણ છે ને કોઈ ?-એની સાથે."

માલતી બધું સમજી ગઈ. મનમાં ને મનમાં શારદાચરણને હજારો ધન્યવાદ આપ્યા ને બોલી : "લગ્ન કરે તો એ જ કરે, મને લાગ્યું'તું જ."

"ક્યાંથી જાણ્યું ? કંઇ વાત થઇ હતી ?"

"ના, વાત તો કંઈ થઇ નહોતી, પણ મેં એમને છલનાનાં લગન કરવા વિનંતિ કરી હતી, પણ એમના પિતાજીની બીક તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન કરવા તૈયાર થયા નહોતા. પછી લાગે છે, કે હું મરી ગઇ જાણી દયા લાવી લગ્ન કર્યાં છે."

"પિતાજીની બીક શેની?"

"તેઓ બહુ લોભી છે; દીકરાનું લગ્ન કરીને કંઇ પૈસા પડાવવાનું તેમનું મન હતું."

"પછી બદલાયું ક્યાંથી? તારા બાપુજીએ તો પૈસા જરૂર કાઢ્યા નથી."

"એમ જ હશે."

માલતીએ મનમાં જ કહ્યું: "જે પ્રેમમાં તમે સપડાઇ ગયા છો, શારદાચરણના એ પ્રેમમાં એના પિતાજી પણ સપડાઈ ગયા છે." પણ એ પ્રગટ ન બોલી.

"માધવ...એનું કંઇ પૂછ્યું'તું?"

"એ—મજામાં છે."

માલતીએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો; એ રાતે એ મોડે સુધી જાગતી રહી. અનેક વિચારોમાં એ ગૂંચવાતી ગઈ......એ વિચારી રહી...સદાનંદ આવ્યા હતા......પૈસા પાછા આપવા માગતા હતા... ......હવે એમને કશી જરૂર નથી .....હું યે હવે નહિ મોકલું. પછી શારદાચરણની મૂર્તિ આવી ખડી થઇ......પહેલાં સહસ્ર ધન્યવાદ આપ્યા હતા, હવે એમને લાખલાખ ધન્યવાદ એણે મનમાં ને મનમાં જ આપ્યા. મનમાં જ એ બોલી:

"મારો વાંક ન કાઢશો, એ વખતે હું તમને બરાબર પિછાની શકી નહોતી...હવે કોઇ દિ' હું તમને નહિ મળું, પણ જીવતી રહીશ ત્યાં સુધી તમારી આ દયા જરાય ભૂલીશ નહિ, અંતરમાં હું તમને સદાય પૂજતી આવી છું ને એમ જ પૂજતી રહીશ."

માલતીએ હૃદયના અતલ ઊંડાણમાં તપાસી જોયું: શારદાની અસ્પષ્ટ છાયા હજુયે એના હૃદયમાંથી પૂરી વિલીન થઇ ગઇ નહોતી: આજે એ વધુ સ્પષ્ટ થઇ. વળી એ મનમાં જ જાણે બોલી:

"સ્વામી સમજ્યા છે, એ સદાનંદ...પણ એ છે શારદાચરણ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

આ તરફ સદાનંદ પાછો વળ્યો. આખાય રસ્તામાં એ અન્યમનસ્ક ભાવે ચાલ્યો જતો હતો. રસ્તામાં કોઈએ બૂમ પાડી :

" દાદા ઠાકુર ! અહીં કયાંથી ? "

દાદા ઠાકુર ડોક હલાવી બોલ્યા : " હં...હં... "

" કયાં ગયા હતા ? "

સદાનંદ ઊભો રહી એની સામે જોતાં બોલ્યો :

" ઘેર જાઉં છું. "

એટલામાં પૃછનારનો બળદ બાજુના એક મોલભર્યા ખેતરમાં ઘૂસી ગયો એ જોતાં જ એ આદમી એને કંઇ કંઇ ગાળો સંભળાવતો એની પાછળ દોડયો.

સદાનંદ પણ તરત પોતાને રસ્તે પડ્યો. પેલો બળદ પાછો લાવી મનમાં જ બબડ્યો.

" પાગલને આજ કંઇ ઠીક નથી લાગતું...પણ આમ તો સારો માણસ છે. "

રામુ મામા કંદેર્પને ત્યાં ઉંબરામાં જ બેસી હુક્કો ગગડાવી રહ્યા હતા. ઘૂંટણ સુધી ખરડાયલા સદાનંદના પગ જોઇ એ બરાડતા બોલ્યા : " એ સદાનંદ ! અલ્યા કયાં હતો ? ચાર-પાંચ દહાડાથી દેખાતો જ નથી ! "

સદાનંદ ફર્યા વગર આંગળી ચીંધી બોલ્યો : " એ તરફ... "

" કયાં ? બામણવાડામાં ? "

" હં - હં. "

" આટલા દા'ડા ? "

" હં. " – ઝટઝટ એ ચાલવા લાગ્યો.

રામુ મામા કંઈક વિરક્ત થતાં બોલ્યા : " હત્તારીની ! સાલો શું કહે છે, કંઇ સમજાતું જ નથી. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાનંદે એ સાંભળ્યું નહિ; સાંભળીયે શકે તેમ નહોતું. સીધો એ શુભદા પાસે આવી પહોંચ્યો. નોટ એની આગળ મૂકીને બોલ્યો :

" કંઈ ખબર મળતી નથી – "

શુભદા બોલી : " ત્યારે તમને ફોગટ આંટો થયો. "

સદાનંદ ચૂપ રહ્યો.

શુભદા ફરી બોલી : " તો હવે આનું શું કરશું ? "

" મરજી હોય તે...જોઇએ તો વહેંચી દ્યો...નહિ તો રાખી મૂકો. જ્યારે કંઇ ખબર પડે ત્યારે પાછા આપી દેજો. "

શુભદાએ આખરે કંઈ ન સૂઝવાથી એક પેટીમાં એ મૂકી દીધી.

સદાનંદે પછી પૂછ્યું : " હારાણુ કાકા ક્યાં ગયા છે ? "

શુભદા મેડી તરફ હાથ કરી બોલી : " સૂઈ ગયા છે. "

" ગયા'તા, આ ઘડીએ જ પાછા આવ્યા છે. "

એ દિવસે સાંજના ધોધમાર વરસાદ પડ્યો. વહેલા વહેલા શુભદાએ રસોઈ કરી લીધી. હારાણબાબુ જમી પરવારી બોલ્યા : " થોડા પૈસા આપ તો. "

" આજે હવે ક્યાંય ન જાવ. બહુ વાદળાં દેખાય છે; જબરૂં તુફાન થશે એમ લાગે છે. "

" તો શું થયું ? ભલેને થાય ! "

" ખાલી તકલીફ શું કામ લો છો ? "

" અરે, તકલીફ શેની ?...મારે તો ઘણું કામ છે—જવું જ પડે તેમ છે. "

કામ શું હતું એ તો શુભદા જાણતી હતી, છતાંય બોલી : " આજ એકાદશી છે; બાઇજીને ઠીક નથી, કંઇ ભાન હોય એમ નથી લાગતું. "

પણ હારાણે એ વાત પર કંઈ ધ્યાન ન આપ્યું. કમ્મરે પૈસા ચડાવી, માથે છત્રી મૂકી, ફાટલા તૂટલા જોડા હાથમાં લઇ, ધોતિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચું ખોસી, વરસાદ વચ્ચે ચાલવા માંડ્યું. શુભદા દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલી : " કુટેવ પડી છે. "

એણે અનુમાન બરાબર કર્યું હતું. રાતનો પહેલો પ્રહર થયો ન થયો ત્યાં જોરથી વરસાદ પડવા લાગ્યો. હમણાં હમણાં રોજ રાતે શુભદાને ઝીણો ઝીણો તાવ આવતો, પણ એ વાત બીજા કોઇને તો શું પરંતુ પોતાની જાતનેય જાણવા દેતી નહોતી. રાતે જ્યારે ઠંડી આવી તાવ ભરાતો, ત્યારે જ એને કંઇ ખબર પડતી.

વરસાદની શેરો સાથે એને ઠંડી લાગવા માંડી. હાથમાં જે આવ્યું તે જ ઓઢી લીધું. બહુ મોડે માંડ માંડ એની આંખ મળી. વરસાદ હજુ અટક્યો નહોતો, પણ કંઇક ધીમો પડ્યો હતો. થાક્યાપાક્યા શરીરે, કંઈક ઝોકામાં એને લાગ્યું કે જીર્ણ દરવાજો ખોલવાનો કોઇ પ્રયત્ન કરતું હતું; પછી ખટ કરતો દરવાજો ઊઘડી ગયો. ઘરમાં દીવો બળતો હતો. આંખો ઉઘાડી એણે જોયું તો કોઇ એક જણ અંદર પેઠો હતો. એના હાથમાં મોટી લાકડી હતી. આખુંય મોઢું ને અંગ મેંશથી જાણે લીંપાયેલું હતું ને એના પર ચૂનાનાં ટીપકાં મૂક્યાં હતાં. શુભદા કંપી ઊઠી—એનાથી બૂમ પડાઈ ગઇ : " કોણ ?—"

" ચૂપ ! "

એ ભારેખમ અવાજથી ડરની મારી શુભદાએ આંખો બંધ કરી દીધી.

એ આદમી એ પછી બે—ત્રણ વાર લાકડીનો " ઠક ઠક " અવાજ કરી એની પથારી પાસે આવી બોલ્યો : " પેટીની ચાવી લાવ—"

અવાજ બહુ ભારે હતો. કોઇ એ સાંભળે તો સમજી જાય કે પોતાનો અવાજ છુપાવવા કોઇ આમ મોટે અવાજે બોલી રહ્યું છે.

શુભદા કંઇ બોલી નહિ.

ફરી એ માણસે એ જ રીતે લાકડીનો અવાજ કરી કહ્યું : " ચાવી લાવ, નહિ તો મરી ગઇ સમજી લેજે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુભદા ઊભી થઇ, ઓશિકા હેઠળથી ચાવીનો ઝૂડો લઇ એની સામે ફગાવ્યો ને ધીમેથી બોલી :

"મોટા પટારામાં જમણી બાજુએ એક નાની પેટી પડી છે એમાં પચાસની નોટ છે, એ જ લઇ જા—ડાબી બાજુએ વિશ્વેશ્વરનો પ્રસાદ છે. એને હાથ પણ અડાડતો નહિ."

જે શાંત ભાવે એ આ બધું બોલી એ પરથી લાગતું હતું, કે એ જરાપણ ગભરાઇ નહોતી.

મેંશ ને ચુના ચોપડેલા ચહેરાવાળા આદમીએ ચાવી લઇ પટારો ઉઘાડયો, ડાબી બાજુએ હાથ પણ અડાડયો. જમણી બાજુની પેટીમાંથી નોટ લઇ કમ્મરે ચડાવી દીધી.

શુભદાના કહેવા પ્રમાણે એણે જે સહજતાથી પટારો ઉઘાડયો ને બરાબર જમણી બાજુમાંથી નાની પેટી લીધી, તે પરથી એમ સ્પષ્ટ થતું હતું કે એ સઘળી વાતથી સંપૂર્ણ પરિચિત હતો.

એ જતો હતો તે વખતે શુભદા દીર્ઘ નિઃશ્વાસ નાખી હળવેથી બોલી : "નોટ પર નામ છે, નંબર છે, જરા સાવચેત રહીને છુટી કરાવજો."

સમાપ્ત

ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

31 JAN 1968

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી સાહસ કથાઓ તથા નવી

બાલ વાતો : બાલ ગીતો

પટેલ પટલાણી રમણુલાલ સોની	૩–૦	મહાકવિ કાલીદાસની બાલવાતો	૨–૮
જાદુઈ ચક્કી ,,	૩–૦	બુદ્ધિનો બાદશાહ	૨–૪
બાટલીનો બૂચ ,,	૩–૦	ચતુર સુજાણ	૧–૮
ખેલાડી ,,	૩–૦	બીરબલની ચિત્રમય બાલવાતો	૩–૦
કુમાર કથાઓ ,,	૩–૦	બલૂન પ્રવાસ (જુલેવર્ન)	૩–૦
બરફનું રણ ,,	૨–૦	જય ગુજરાત	૧–૪
ફીલુ યાને વીંટીની શોધમાં ,,	૨–૦	બુદ્ધિ વિલાસ	૫–૦
		વિક્રમની વાતો	૪–૮
ચાણક્ય ,,	૨–૦	મામાનું ઘર કેટલે ?	૨–૦
ઉપનિષદ કથામંગળ ,,	૧–૦	ફતુભા ફાંકડાના પરાક્રમો	૧–૮
ભાગવત કથામંગળ ,,	૧–૪	પાયલ બાજે	૦–૭
તુલસીદાસ ,,	૦–૬	અમારાં ગીત	૦–૬
રામદાસ ,,	૦–૮	રાસ કોકીલા	૦–૭

★

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar